# જિન શાસન સહુને સુખકારી

(સમ્યક્ત્વ કૌમુદી ગ્રંથનું ભાષાંતર)

મુનિશ્રી દર્શનવલ્લભવિજયજી



# જિન શાસન સહુને સુખકારી

(સમ્યક્ત્વ કૌમુદી ગ્રન્થનું ભાષાંતર)

પ્રેરક :

ધર્મચક્ર તપ પ્રભાવક પૂ. ગણિવર્યશ્રી
જગવલ્લભવિજયજી મ. સા.

અનુવાદક :

મુનિ શ્રી દર્શન વલ્લભ વિજયજી મ. સા.

પ્રકાશક :

ધર્મચક્ર પ્રભાવક ટ્રસ્ટ - નાસીક

## : ગ્રંથ સહાયક :

૧. શ્રી ચિંતામણી પાર્શ્વનાથ શ્વે. પૂ.મૂ. જૈ. સંઘ. નવસારી
૨. શ્રી સંગમનેર શ્વે. મૂ. પૂ. સંઘ — સંગમનેર
૩. સાંડેરાવ જૈન ટ્રસ્ટ ભૂવન — પાલીતાણા
૪. શ્વેતાંબર જૈન સંઘ- — તલેગ ાંવ—(ડાભાડે)
૫. શ્રી આદિનાથ સોસાયટી જૈન સંઘ — પૂના
૬. વિશ્વણીતા મંડળ — પૂના

સંવત : ૨૦૪૬

પ્રથમ આવૃત્તિ

પ્રત : ૧૦૦૮ (ઇ. સ. ૧૯૯૦)

મુદ્રણ : ભરતભાઇ સી. શાહ
મહાવીર પ્રીન્ટર્સ–નરોડા
ફોન નં : ૮૧૦૨૨૮–૪૧૭૨૩૮

# તુમ ચરણે ધરૂ છું

જે ગુરૂકૃપારૂપ પદ્મદ્રહમાંથી પ્રગટ થયેલી આ ભાષાંતર ગંગામાં સ્નાન કરીને અનાદિકાલીન એવાં મિથ્યાત્વ મોહનીયનાં કચરાને દૂર કરી અને હું જિનશાસન પ્રત્યેની અવિહડ શ્રદ્ધારૂપ સદ્દર્શનને પ્રાયઃ સ્પર્શી શક્યો છું આત્મસુખનાં આંશિક આસ્વાદને માનવામાં સફળ થયો છું. અને સંપૂર્ણ આત્મસ્વરૂપને પ્રગટ કરવાની તમન્નાવાળો થયો છું.

તે મારા પરમોપકારી, પ્રાતઃસ્મરણીય, જ્ઞાનગરિમ અને ગુણગંભીર વ્યક્તિત્ત્વનાં સ્વામી, સંઘહિતચિંતક, આત્મલક્ષી સંયમ સાધનાની દૃઢતાપૂર્વક પરોપકારમાં સતત પ્રયત્નશીલ, પરમ શાસન પ્રભાવક, ઐતિહાસિક સંઘનાં પ્રેરક, સ્વનામ ગુણધારી, આબાલ વૃદ્ધ વત્સલ, પ્રભાવક પ્રવચનકાર, ધર્મચક્રતપ પ્રભાવક પ. પૂ. દાદા ગુરૂદેવશ્રી જગવલ્લભવિજયજી મણિવરશ્રીનાં પુનિત ચરણકમળમાં

સાહિત્ય ક્ષેત્રની આ મારી પ્રથમ કૃતિને ભાવપૂર્વક સમર્પિત કરીને ઉપકારીની ઋણ સ્મૃતિ દ્વારા યત્કિંચિત કૃતાર્થતા અનુભવું છું.

ગુરૂપાદપદ્મભૃંગ
મુનિ દર્શન વલ્લભવિજય

# ભુલ્યા ન ભુલાય

❁ જેઓ શ્રીનાં પુનિત નામસ્મરણથી આત્માં વિકારોનાં વમળોમાંથી ઉગરી જાય છે તે બ્રહ્મચર્ય સમ્રાટ સ્વ. આ દેવ શ્રી વિજય પ્રેમ-સૂરીશ્વરજી મહારાજા.

❁ બુઝર્ગ વયે અને પરમોચ્ચ સ્થાને બિરાજમાન થવાં છતાંય અપ્રમત્ત-પણે શુદ્ધ સંયમ જીવનને જીવતાં અનેક જીવોને વૈરાગ્ય પમાડતાં જિન ભક્તિગુણ સુંદર ગચ્છાધિપતિ આ. દેવ શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા.

❁ જેઓશ્રીનું સદા પ્રસન્ન મુખડું જોઈ દીર્ઘ વિષાદ પણ દૂર થઈ જાય તે પ્રસન્નરસવારિધિ પૂ. આ. દેવ ધર્મજિતસૂરીશ્વરજી મહારાજા.

❁ જેઓશ્રીનાં વાત્સલ્યમય સાન્નિધ્યથી અને વૈરાગ્ય ભરપૂર વાંચના-ઓથી, હું સંયમ જીવનમાં આગેકુચ કરી રહ્યો છું. તે મારા પરમોપકારી ધર્મચક્ર તપ પ્રભાવક પૂ. દાદા ગુરૂદેવશ્રી જગવલ્લભ વિજયજી મ. સા.

❁ જેઓશ્રીની પુનિત પ્રેરણા અને વાત્સલ્યસભર સહકારથી હું સંયમ જીવનને પામી શકયો છે. તે મારા ઉપકારી વૈયાવચ્ચ તત્પર પૂ.

❁ ગુરૂજી. (શ્રી. ચારિત્ર વલ્લભવિજયજી મ. સા.)

❁ સુંદર અને શીઘ્ર મુદ્રણ સહકાર આપનાર મહાવીર પ્રિન્ટર્સ અમદાવાદ નાં માલિક ભરતભાઇ ચિમનલાલ શાહ.

❁ પુસ્તક પ્રકાશન કાર્યમાં આર્થિક સહકાર આપનાર શ્રી સંઘો તથા ટ્રસ્ટ.

મુદ્રણ સહકાર<br>
શ્વે. મૂ. પૂ. જૈન સંઘ સંગમનેર<br>
સાંડેરાવ ભુવન જૈન ટ્રસ્ટ પાલિતાણા<br>
ચિંતામણી પાર્શ્વનાથ શ્વે. મૂ. પૂ. જૈન સંઘ મધુમતી (નવસારી)

# પ્રસ્તાવના

હિરાની પરિક્ષા કરવા માટે જુવેરીજ બનવું પડે છે કોલસાના વખારમાં બેસનારો હિરાની પરિક્ષા કરવા માટે પાત્ર ગણાતો નથી. તેમજ હિરાની પરિક્ષા કરનારને ઉંઘનું ઝોકું આવેલુ ચાલતુ નથી કદાચ હિરાને બદલે હાથમાં પત્થર આવી જાય છે જે પત્થરની કિંમત કોઈ નથી. ધર્મ સમજયા હોવા છતાં, ધર્મ કરતા હોવા છતા, ખુબ ખુબ મહેનત કરતા હોવા છતા ધર્મી મર્મ ભુલી જાય છે અને ધર્મ કરતા હોવા છતા તે મજુરી થઈ જાય છે, તેનો લાભ પણ તાત્કાલીક અથવા ભવિષ્યમાં ઘણોજ અલ્પ મળે છે જે માનવ ધર્મનો મર્મ જાણે છે તે ધર્મ આંખબંધ કરીને કરતો નથી પણ એમ વિચાર કરે છે કે મારે શરૂઆત કયાંથી કરવાની છે અને હું છેડે તો પહોંચીશ કે નહીં. જે માનવ ધર્મનું મર્મ જાણે છે તે બુદ્ધીના ભરોસે રેહતો નથી પણ શ્રદ્ધામાં ડુબકી મારે છે અને શ્રદ્ધામય બની વિશિષ્ઠ લક્ષણને ધારણ કરે છે. એ લક્ષણ છે સમકિત ! આ સમકીત છે શું ? એને આત્મસાત કેવી રીતે કરી શકાય ? તેનો માર્ગ શું છે ? તેનો વિચાર કર્યો છે 'સમ્યક્ત્વ કૌમુદી ગ્રંથમાં

સામાન્ય રીતે બાલજીવો માટે ગ્રંથ વાચવો અને સમજવો વધુ સુલભ થાય તે માટેનું માર્ગદર્શન ભાષાંતર રુપમાં કરવાનો અતિ સુંદર પ્રયત્ન કર્યો છે. મુનિ ભગવંત પ. પૂ. દર્શનવલ્લભ વિજયજી માહારાજ સાહેબે આ નાનકડા ગ્રંથમાં આ ગ્રંથ વાંચ્યા પછી ઘણી ઘણી સમજણતો મળે છે. અને તેમા મૂળ ગ્રંથ 'સમ્યક્ત્વ કૌમુદી' નું ગૌરવ પણ થાય છે.

અંતે આ ગ્રંથનું વાચન મનન ચિંતન કરવાથી આપણા અંતર મિથ્યાત્વના અંધારા અવશ્ય દુર થઇ સમકિતનો દિપક અંતરમાં પ્રગટી શકે છે.

સમસ્ત માનવ જાતને સુખ જોઇએ છે અને દરેક તે માટે પ્રયત્ન પણ કરતો હોય છે છતાં પણ નાનકડા એવા પ્રતિકુલ સંજોગોથી માનવ દુઃખી થાય છે. તેનું કારણ જ એ છે કે માનવને સુખ તો જોઇએ છે પણ સુખનો, સાચા સુખનો, જે સુખ કદીએ દુઃખમાં પરિવર્તન ન પામે આ સુખનો માર્ગ માલેમ નથી. જે સાચુ છે, તે અનંત જ્ઞાનના ધણી એવા કેવલી ભગવંતોએ શબ્દમાં, વચનમાં ગુંથ્યું છે. તેજ શબ્દ અને વાણી ઉતારવાનો પ્રયત્ન મુનિ ભગવંતે આ ગ્રંથમાં કર્યો છે. અને તેથી જ 'જીન શાસન સહુને સુખકારી' આ નામ પણ સાર્થક થયું છે.

મહેંદ્ર પાનાચંદ શાહ (વકીલ)
પુના–પોષ વદ ૧૦ કલીકુંડ

# ઉરનાં બોલ

'જ્ઞાનામૃત ભોજન' જ્ઞાન સાધનાં એ ખરેખરજ અમૃતના ભોજન રૂપ છે. જેના સેવનથી કયારેય મોત ન આવે તેનું નામ અમૃત.

જ્ઞાનસાધનાં એક અનેરા આનંદને આપતી હોય છે.

વાંદરા જેવા મનને નિયંત્રણમાં રાખવાં જ્ઞાન એ સાંકળ સમાન છે.

આ વાતને લક્ષમાં રાખી ભવોદધિ તારક પૂ. ગુરૂદેવશ્રી જગવલ્લભ વિજયજી ગણિવરશ્રીનાં પુનિત સાંનિધ્યમાં સમ્યક્ત્વ-કૌમુદી ગ્રંથનુ વાંચન શરૂ કર્યું. જેમાં પૂ. જિનહર્ષવિજયજી ગણિવરશ્રીએ સંસ્કૃત ભાષામાં સરળ છતાં અલંકારિક રીતે કથા સહિત સમ્યક્ત્વ અંગેની વિસ્તૃત માહિતી આપી કથારસિક છતાં તત્ત્વ રસિક જીવોને માટે એક અપૂર્વ રસ થાળ પીરસ્યો છે.

આ ગ્રંથની દરેક વાતોનું વાંચન મનન કરતાં એકેક નવી સંવેદના અને જિનવચન પ્રત્યેની અપૂર્વ શ્રદ્ધા અંતરમાં દૃઢ થતી જાય છે.

આ સ્વાનુભવને પામીને બાળ-જીવો પણ આ વાતોને જાણી અને સમકીતને પામી શકે એ આશયને સાથે રાખીને મુખ્યત્ત્વે મારા અંતરમાં ગ્રંથ વાંચનથી પ્રગટ થયેલો સમકીત દીપક વધુ પ્રકાશમાન બને તે માટે આ ગ્રંથનું સરળ ગુજરાતી ભાષામાં રૂપાંતર કરવાની એક બાળ ચેષ્ટા મેં કરી છે.

મારા જીવનનો આ પ્રથમ પ્રયાસ હોઇ ઘણી ક્ષતિઓ સંભવિત છે છતાં પણ સુજ્ઞજનો તેને સુધારી લેશે તેવી આશા છે.

આ પુસ્તકનાં વાંચન દ્વારા એકાદ આત્મા પણ મિથ્યાંધકારને દૂર કરી સમકીતના પ્રકાશને પામી નિજના ભવભ્રમણને ટુંકાવી શકે તો મારો આ પ્રયત્ન સફળ થશે.

અંતે આ ગ્રંથના ભાષાંતરમાં જિનાજ્ઞા વિરૂદ્ધ અથવા તો મુળ કર્તાનાં ભાવને કયાંય વિરોધાભાસ થયો હોય તો તેનું ત્રિવિધે-ત્રિવિધે મિચ્છામિદુક્કડં યાચું છું.

ગુરૂપદ રજરજ
મુનિ દર્શન વલ્લભવિજય
પોષ વદ-૧૦ કલીકુંડ

# અનુક્રમણિકા


| | |
|---|---|
| સમર્પણ | |
| બે બોલ | |
| સમકીત મહિમા જાણીએ રે લોલ | ૧ |
| જિનપૂજા સ્વરૂપ મહિમા | ૮ |
| * બીજો પ્રસ્તાવ | |
| કૌમુદી મહોત્સવ | ૧૭ |
| રાજા–વાજા ને વાંદરા | ૨૩ |
| ઘરડાં ગાડા વાળે | ૨૮ |
| કૃતઘ્ન કદી સુખી ન થાય | ૩૨ |
| હિંમતે મર્દા તો મદદે ખુદા | ૩૫ |
| મોહ ! પાપનું ધામ | ૪૫ |
| સત્તા સામે શાણપણ નકામું | ૪૬ |
| દુર્જન સંગ પરિહરો રે | ૪૮ |
| કાળ દુર્જય છે | ૫૦ |
| પાપ પિંપળે ચઢીને પોકારે છે | ૫૨ |
| * તૃતીય પ્રસ્તાવ | ૫૫ |
| રસનાની લાલચે રે ! | ૫૮ |
| રામ રાખે તેને કોણ ચાખે | ૭૦ |
| * ચતુર્થ પ્રસ્તાવ | |
| વીશ સ્થાનક તપ વિશ્વમાં મોટો | ૮૫ |
| ચમત્કાર ત્યાં નમસ્કાર | ૧૦૭ |
| સિદ્ધચક્ર ધ્યાવો રે ભાવિકા | ૧૨૩ |
| * પાંચમો પ્રસ્તાવ | |
| પ્રભુ નામની ઔષધિ | ૧૩૦ |
| શીયલ સમું વ્રત કો નહીં. | ૧૫૦ |
| * છઠો પ્રસ્તાવ | |
| જિન પૂજા દુઃખ હરણી | ૧૫૯ |
| * સાતમો પ્રસ્તાવ | |
| વ્હો પડિમા અગિયાર | ૧૭૫ |

॥ ॐ હ્રીં શ્રીં અર્હં નમઃ ॥

શાશ્વત આનંદની પ્રાપ્તિનાં જ્ઞાનોદયથી શોભતાં ત્રણ જગતના સ્વામી પરમાત્મા શ્રી યુગાદિ જિનેશ્વરને નમસ્કાર હો.

ત્રણે જગતનાં લોકોની રક્ષા માટે જે એક સદા જાગ્રત છે એવા સર્વજ્ઞ શ્રી વીર વિભુ અદ્‌ભુત એવી આંતર અને બાહ્ય શત્રુના વિજયની લક્ષ્મી આપો.

જેઓનાં ચરણકમળમાં શિવલક્ષ્મી રૂપી રાજહંસી નિત્ય રમે છે, એવાં સર્વજ્ઞોમાં શ્રેષ્ઠ શ્રી ઋષભાદિ તીર્થંકરો કલ્યાણને માટે થાઓ. ૩

જેઓ સર્વ જીવોની કરૂણાના આવાસરૂપ છે, જેઓની ભક્તિ કલ્પવૃક્ષની જેમ સર્વ સંપત્તિને આપનાર છે તે ગુરૂજનો જય પામે છે.

જીવોને મોક્ષ પમાડનાર જીનેશ્વર દેવ, ગુરૂ-સાધુ અને તેઓએ બતાવેલ ધર્મ એ રત્નત્રયી જય પામો.

ભવસમુદ્રમાં રત્નદ્વીપની ઉપમાવાળા મનુષ્ય જીવનને પામીને સુજ્ઞ જીવોએ ઇચ્છિતની સિદ્ધિ માટે ધર્મચિંતામણી ગ્રહણ કરવું જોઈએ. કારણ કે-

ક્રોડો ભવે પણ દુષ્પ્રાપ્ય એવી નરભવાદિ સામગ્રીને પામીને ભવ સમુદ્રમાં યાનપાત્ર સમા ધર્મને વિષે સદા પ્રયત્ન કરવો જોઇએ.

સર્વ આપત્તિનાં વાદળોને વિખેરવા માટે ધર્મ સૂર્ય સમાન મનાયેલો છે વળી વિશ્વમાં ઇચ્છિત સુખની પરંપરાનાં દાનમાં તે કલ્પવૃક્ષ સમાન છે.

જેઓ સમુદ્રને ખોબા પ્રમાણ કરી પી ગયા તે ઘટસંભવ મહર્ષિ [અગસ્ત્ય ઋષિ ઘટમાંથી ઉત્પન્ન થયા છે તેવી અન્ય જનોની માન્યતા છે.] તે પણ પાપરૂપી સમુદ્રના શોષણને માટે ધર્મને જ પૂચ્છે છે.

જે રાજાઓ પૃથ્વીને ઋણમુક્ત કરવામાં સમર્થ છે તેઓ પણ ધર્મરાજાના આશ્રયથી જ કર્મઋણમાંથી મુક્ત થયેલા છે.

તે ધર્મ સર્વથી અને દેશથી એમ બે રીતે જિનેશ્વરોએ કહેલો છે. એમાં પ્રથમ સંયમીઓને ઇષ્ટ છે અને બીજો ગૃહસ્થોને ઈષ્ટ છે.

વૃક્ષોને માટે જેમ કંદ અને મણીઓને માટે રોહણાચલ પર્વત છે તે રીતે બે પ્રકારનાં ધર્મનાં મૂળ તરીકે સમ્યગ્ દર્શન મનાયું છે.

અનંતા પુદ્ગલ પરાવર્ત સુધી ભવસમુદ્રમાં ભમતાં ભમતાં આઠે કર્મોની સ્થિતિને અંતઃ કોટાકોટી સાગરોપમ પ્રમાણ કરીને—અર્ધ-પુદ્ગલ પરાવર્ત ભવસ્થિતિ બાકી રહે છતે ગ્રંથિભેદ કરે છતે જીવ સમ્યક્ત્વને પામે છે.

મોહનીયની જ્યારે એક કોટાકોટી સ્થિતિને બાકી રહેતા (ઓગણ સીત્તેર (૬૯) કોટાકોટી નાશ કરીને, બાકી રહેલ ૧ કોટા કોટી પણ થોડી ક્ષીણ થયે છતે) જીવ અપૂર્વ [વીર્યોલ્લાસ] કરણથી ગ્રંથીને ભેદે છે. સહજ કઠિન એવી ગ્રન્થિ ભેદાયે છતે ત્યાં વીર્યોલ્લાસનાં અતિરેકથી નિશ્ચિતપણે મુક્તિ દાયક સમ્યક્ત્વનો લાભ થાય છે. (અને) સ્થિર એવાં જેનાથી જીવ જેમ અગ્નિ ઈંધનને બાળે તેમ બાકી રહેલી ક્લિષ્ટ એવી કર્મ સ્થિતિને મોક્ષની પ્રાપ્તિ સુધીમાં બાળી નાંખે છે, નિધિની જેમ જેની [સમ્યક્ત્વની] પ્રાપ્તિ થયે છતે [બાકી રહેલ મોહમાંથી] પલ્યોપમ પૃથક્ત્વ મોહનીય ક્ષય થતાં પ્રાણી સર્વ સુખકર એવાં દેશવિરતિને પામે છે. મોક્ષલક્ષ્મીના સાક્ષીરૂપ અનેક ગુણોથી યુક્ત એવું તે ક્ષાયિકાદિ અનેક ભેદોએ કહેવાયું છે. તેથી ભવ્યજીવોને જાણકારીના હેતુથી ગ્રંથોને અનુસાર હું આ સમ્યક્ત્વ કૌમુદીને કહું છું.

જેના ઉદ્યોતને માટે બે સૂર્ય અને બે ચંદ્ર સતત જાગ્રત છે. એવો સંપત્તિથી ભરેલો જંબુદ્વીપ નામનો દ્વીપ છે. ત્યાં તીર્થંકરોની જન્મભૂમિ પણાથી ખ્યાતિ પામેલું ભરતક્ષેત્ર ઈંદ્રપુરીની (સ્વર્ગ) જેમ લક્ષ્મીવાળું છે.

તેમાં વિદ્યાની ક્રીડાથી અદ્ભુત, પૃથ્વી ઉપર મુગટપણાને ધારણ કરતો ગૌડ નામનો દેશ છે. ત્યાં સુંદર પ્રાસાદોથી શોભતું પૃથ્વી ઉપર સ્વસ્તિક આકારે પાટલીપુત્ર નગર છે. જેની અંદર જિન પ્રાસાદોની હારમાળાઓ શોભી રહી છે તો બહાર પુષ્કળ જળસંપત્તિ વાળી ઉંચા મોજાવાળી ગંગા નામે નદી છે. ધર્મનાં સ્થાનરૂપ આવું પુણ્ય પુર જેના સ્થાનમાં છે તે પાડલ વૃક્ષનો જીવ એકાવતારી કેમ ન હોય? (અર્થાત્ હોય).

ત્યાં પોતાની સંપત્તિથી જેણે ઇંદ્રને દાસ સ્વરૂપ કર્યો છે વળી જે જૈન ધર્મરૂપી સમુદ્રને માટે ચંદ્રમા સમાન છે. કૃતજ્ઞોમાં શ્રેષ્ઠ અખંડિત શાસનવાળો ત્રણ ખંડ ભરતની પૃથ્વીને ભોગવતો અને જેના વડે શત્રુઓ ત્રાસ પમાડાયેલા છે એવો સંપ્રતિ રાજા ત્યાં હતો. જેણે અવ્યક્તપણે પળાયેલા સામાયિક વડે અર્ધ ભરતનું સ્વામીપણું મેળવ્યું. જિનધર્મનાં અવ્યકત સામાયિકનો પણ મહિમા શું કહું? કે જેના વડે સંપ્રતિ રાજા અર્ધ ભરતનો સ્વામી થયો.

રાજ્ય કરતો એવો તે એક વાર ઉજ્જયિની નગરી ગયો, કોઇ પણ રાજા પોતાના દેશમાં કયારેકજ રહે છે.

તે સમયે શ્રી સંઘ ઘણા ભક્તિપૂર્વક શ્રી જીવંત સ્વામીની પ્રતિમાનો રથયાત્રા મહોત્સવ કરતો હતો.

ત્યાં વિવિધ પૂજાઓ અને સર્વાલંકારોથી સુશોભિત જિનબિંબ ભદ્રપીઠ ઉપર રહેલું છે. ઉપર ધારણ કરાતાં ત્રણ છત્રથી વિશેષ, બન્ને બાજુ ધારણ કર્યા છે ચામરો જેમણે એવાં રાજપુત્રોથી શોભાયમાન, નગરજનો વડે દિવ્ય વાજિંત્રોના ધ્વનિ કરાતું અને સર્વશ્રેયની વૃદ્ધિ માટે પગલે પગલે પૂજાતું, કીર્તિપાત્રોમાં અને વિશેષે કરીને દીનજનોને વિષે અદ્ભુત દાન આપતાં આનંદિત અંતઃકરણવાળા પુરજનોથી યુક્ત, તેમજ રાજા, અમાત્ય, ગણાધીશ આદિ મુખ્ય પુરૂષોવડે સર્વજ્ઞ શાસનનાં ઉદ્યોતને કરતો ઉત્સવ નિર્મિત કરાયેલો છે. એવું જગતના જીવોના

મનોરથની પૂર્તિ માટે કલ્પવૃક્ષ સમા. મહારથમાં....બેસાડીને અગરૂ કપૂર ધૂપનાં ધૂમાડાથી સુગંધી ભવનોને વિષે અનેક સુંદરીઓના સમૂહથી ગવાતાં સ્થિતિવાળું, તે જિનબિંબ સર્વ શાંતિ માટે રાજા, મંત્રી આદિનાં ઘરોને વિષે ભમાવાય છે.

રથ વહન કરનાર બળદનાં યુગલ વડે, પ્રેરાયેલો તે રથ જતાં જતાં પૂર્વ પુણ્યના અનુભાવથી સ્વયં જેના ઘરમાં જાય છે. તે દિવસે પોતાને ધન્ય માનતાં પ્રાણી વડે ત્યાં જ સ્થપાઇને વિવિધ પૂજાઓથી ભક્તિપૂર્વક પૂજાય છે. વળી ફળ, તાંબૂલ, વસ્ત્રો, ચંદન અને ભોજનો વડે શ્રી શ્રમણ સંઘની પણ અધિક ભક્તિ કરાય છે. શુદ્ધ વસ્ત્રાદિ વડે વિશેષ રીતે ગુરૂઓ પૂજાય છે; કારણકે ગુરૂની અર્ચનાનો યોગ મનુષ્ય જન્મમાં જ પ્રાપ્ત થાય છે. આસ્તિકોને (સાધર્મિક) વિષે મુક્તિદાયક એવું વાત્સલ્ય કરાય છે અને ઘરને ઉચિત રીતે દીનાદિને વિષે પણ ધન અપાય છે.

તે અવસરે ત્યાં યુગમાં ઉત્તમ એવા દશ પૂર્વમાં ધુરંધર એવા શ્રીમદ્ આર્યસુહસ્તિસૂરિ મહારાજા પધાર્યા. શ્રીસંઘ વડે આમંત્રિત કરાયેલા તેઓ રથયાત્રામાં અગ્રેસર થયા કારણ કે ગુરૂ જ સન્માર્ગના દર્શક હોય છે.

હવે તે રથ રાજમહેલના આંગણે આવ્યે છતે વાતાયન (ગેલેરી) માં રહેલો રાજા દૂરથી ગુરૂને જોઇને વિચારે છે. આ મુનિગણના અધિપતિ મારા મનરૂપી સમુદ્રને માટે ચંદ્રમા સમા મેં ક્યાંક જોયા હોય એવું લાગે છે. પરંતુ હું તે યાદ કરતો નથી આ રીતે વિચારીને તે રાજા મૂર્છાથી ભૂમિ ઉપર પડયો. હા ! આ શું ? એમ બોલતાં બધો પરિવાર ભેગો થયો.

વિંઝણાઓથી વિંઝાતો ચંદન દ્રવોથી સિંચાતો એવો તે રાજા પૂર્વભવની જાતિને યાદ કરી જલ્દીથી ઉભો થયો. જાતિ સ્મૃતિથી પૂર્વ-જન્મના ગુરૂને જાણીને ત્યારે આનંદથી યુક્ત તે રાજા વેગથી વાંદવાને માટે આવ્યો. રથ ઉપર રહેલા અરિહંતની પ્રતિમાને આનંદથી

નમસ્કાર કરીને પાંચે અંગથી જમીનને જેણે સ્પર્શ કર્યો છે એવો તે વળી ગુરૂને નમ્યો.

પછી પોતાના હાથની અંજલી કરીને રાજા બોલ્યો કે હે પ્રભો! હું કોણ છું? હમણાં આપ મને જાણો છો કે નહીં? ૪૮

આચાર્ય પણ બોલ્યા હે રાજન્! ત્રણ ખંડના અધિપતિ એવા તને પ્રકાશમાન સૂર્યની જેમ કોણ કોણ નથી જાણતું! ગુરૂના ગુણોની ઉન્નતિની જેમ જે તમારા માહાત્મ્યથી હમણાં વિશ્વમાં ઉચ્ચ એવી ન્યાયધર્મની સ્થિતિ વિદ્યમાન છે.

હે પ્રભો! હું આ ભવની ઓળખાણ પૂછતો નથી, પરંતુ પૂર્વ-ભવનું સ્વરૂપ આપની પાસેથી જાણવા ઉત્સુક છું.

રાજાએ આમ કહ્યે છતે શ્રુતના ઉપયોગથી જાણીને ગુરૂ બોલ્યા. હે મહારાજ! તું હરિદ્રશિરોમણિ હતો. અમારી પાસે અવ્યક્ત સામાયિક વ્રતને પામીને તે પુણ્યના પ્રભાવથી તું સંપ્રતિ રાજા થયો છે. પછી ગુરૂએ રાજાનું સર્વ પૂર્વભવનું ચરિત્ર બોધિને માટે લોકોની સમક્ષ કહ્યું.

પૂર્વ ભવનું સ્વરૂપ સાંભળીને વિશ્વાસ ઉત્પન્ન થયો છે જેને એવા તે રાજાએ ત્યારે ગુરૂને આ રીતે વિનંતી કરી, હે પ્રભો! હવે તમે મારા રાજ્યનો સ્વીકાર કરો, તેથી હું પણ કંઇક ઋણમુક્ત બનું. પૂર્વે નિર્હેતુક ઉપકાર કરનાર જીવોના કરોડમાં ભાગે પણ પાછળથી ઉપકાર કરનારો આવતો નથી. જે પ્રથમ ઉપકાર કરે તે ધન્ય છે, જે કરેલા ઉપકારને માને છે તે પણ ધન્ય છે અને જે પ્રત્યુપકાર કરે છે તે ધન્ય છે આ ત્રણેય પુરૂષોમાં ઉત્તમ છે.

આચાર્ય પણ બોલ્યા, હે રાજન્! હે કૃતજ્ઞ શિરોમણિ! પાપ વ્યાપારથી મુકાયેલા અમે રાજ્ય સંપત્તિને શું કરીયે?

ત્યારે રાજાનું ઔદાર્ય અને ગુરૂનું નિઃસંગપણું બન્ને પણ પરમ સીમાને પામ્યું.

પછી ગુરૂ બોલ્યા, હે રાજન્! તું સમ્યગ્ધર્મને પામીને ભરત

ચક્રીની જેમ જિનશાસનનો પ્રભાવક થા. પછી ધર્મને જાણવાની ઇચ્છા જાણીને રાજાની આગળ ગુરૂએ મોહનો નાશ કરતી ધર્મદેશના આપી.

તે આ રીતે :– આ ભવચક્રમાં ફરતાં પ્રાણી વડે અકામ નિર્જરાના યોગથી કર્મની ઘણી સ્થિતિનો નાશ કરીને અંતઃકોટા કોટી સ્થિતિ કરીને સમસ્ત સુખના સાગર સમો જિનેંદ્રોએ કહેલો ધર્મ ચિંતામણી રત્નની જેમ પ્રાયઃ કર્મની લઘુતાથી પમાય છે. સમ્યગ્ ભાવથી આરાધેલ ધર્મરૂપી કલ્પવૃક્ષ સજ્જન પુરૂષોને માટે આલોક અને પરલોકની સંપત્તિની પ્રાપ્તિમાં કારણભૂત બને છે. તે ધર્મરત્નનો મહિમા કંઈ રીતે માપી શકાય ? જે એક લીલામાત્રથી પ્રાણીઓને ભોગસુખો અને મુક્તિસુખો આપે છે.

તે ધર્મવૃક્ષનું મુળ અને સંસાર સમુદ્રના કિનારા તરીકે અરિહંત પરમાત્માઓએ તત્ત્વની શ્રદ્ધાના લક્ષણવાળું સમ્યક્ત્વ કહ્યું છે. સર્વ દોષોથી મુકાયેલુ સમ્યક્ત્વ એ ધર્મનું મુળ છે. તે વળી વિશુદ્ધ દેવાદિની શ્રદ્ધાનો પરિણામ છે સમ્યક્ત્વરૂપી રત્ન વગર સર્વે પણ વ્રતો તેજ ક્ષણે નાશ પામે છે. જેમ નાયક વિનાની સેના નાશ પામે તેમ. અનુકુળ વાયુ વિનાના કૃષિકર્મની જેમ તેનાથી (સમ્યક્ત્વ) રહિત ક્રિયાયોગો પ્રાયઃ અલ્પ ફલદાયી બને છે. ધ્યાન દુઃખનું નિદાન થાય છે. તપનું ફળ માત્ર સંતાપ થાય છે. સ્વાધ્યાય પણ વન્ધ્ય એટલે નિષ્ફળ બને છે. સારા બુદ્ધિવાળાઓના તે અભિગ્રહો કુગ્રહો બને છે. દાન અને શીલની તુલના પણ અશ્લીલ બને છે. તીર્થાદિ યાત્રા પણ નિરર્થક બને છે. સમ્યક્ત્વથી રહિત બીજુ જે કંઈ પણ છે તે બધુ નિરર્થક છે. આનાથી ઉત્કૃષ્ટ બીજી વસ્તુ ત્રણે જગતમાં પણ નથી. રત્ન, રાજ્યાદિના લાભ કરતાં પણ આનો લાભ અધિક મનાયો છે. કારણ કે સમ્યક્ત્વ રત્નથી અધિક કોઈ બીજું રત્ન નથી. સમ્યક્ત્વ મિત્રથી અધિક બીજો કોઈ મિત્ર નથી. સમ્યક્ત્વ બંધુથી ચઢીયાતો અન્ય કોઇ બંધુ નથી. સમ્યક્ત્વ લાભથી અધિક કોઈ લાભ નથી.

સંસાર સાગર પ્રાણીઓને માટે ત્યાં સુધી જ દુઃસ્તર છે કે ત્યાં સુધી જ જીવોને તીવ્ર દુઃખોનો ઉદય છે જયાં સુધી તે બોધી (સમ્યક્ત્વ) પામ્યો નથી. તિર્યંચ અને નરક ગતિનાં દ્વાર માટે સમ્યક્ત્વ એ રોધક છે, તો મોક્ષ-મનુષ્ય અને સ્વર્ગના સુખો માટે ચાવી રૂપ છે. સર્વજ્ઞ અને સર્વ દોષોથી રહિત એ જ મારા દેવ હો, વળી, જ્ઞાન-દર્શન ચારિત્રથી શોભતાં મારા ગુરૂ હો અને અરિહંતે ભાખેલ ક્ષમાદિ દસ પ્રકારનો ધર્મ તે મારો ધર્મ હો, આ રીતનો જે પરિણામ તે સમ્યક્ત્વ કહેવાય છે.

મિથ્યાત્વ મોહનીયનાં ક્ષયાદિથી અનેક રીતે આ પ્રમાણેનો પરિણામ પ્રાણીઓને પુણ્યોદયથી થાય છે કારણ કે કર્મના ક્ષય ઉપશમ આદિ ભેદથી જિનેશ્વર ભગવંતો પ્રથમ ક્ષાયોપશમિક પછી વળી ઔપશમિક અને ક્ષાયિક એવા ભેદોને કહે છે. જેઓએ પોતાની ઇન્દ્રિયોને વશ કરી છે, જે સર્વ જીવો પ્રત્યે દયાભાવવાલા છે, જે દ્રવ્યાદિ ભાવોનાં સુજાણ છે, ગુણાનુરાગી છે, ઉચિત કાર્યોમાં રત છે, દેવગુરૂનાં ભક્ત છે, શંકાદિ દોષથી રહિત છે, સતત પ્રશાંત છે, સર્વજ્ઞ શાસનની ઉન્નતિમાં સતત સાવધાન છે, સંવેગના રંગથી યુક્ત છે, અને ચતુર આશયવાળા છે તે જીવો શિવ સુખના બીજ સમા સમ્યક્ત્વને પુણ્યના વશથી પામીને ઉત્તમતમ એવા તેઓ જ ખરેખર પાલન કરે છે. જેઓ અતિશુદ્ધ પરિણામથી યુક્ત ચિત્તવાળાં છે, શંકાદિ દોષથી રહિત છે, વિષયોથી પરાઙ્મુખ છે અને જે જિનેંદ્રોએ કહ્યું છે તેજ સાચું છે એવું માને છે તેના અંતરમાં અનુપમ એવું બોધિ હોય છે.

અહીં વચ્ચે કૃતજ્ઞશિરોમણિ સંપ્રતિ રાજાએ હાથ જોડીને ગુરૂને આ રીતે વિનંતી કરી, હે પ્રભો ! સુરાસુરોના સમૂહને ક્ષોભ પમાડતું, પ્રશંસાપાત્ર વ્યક્તોઓને માટે પણ પ્રશંસનીય છે એવું આ સમ્યક્ત્વ પૂર્વે કોણે પાળ્યું હતું ? સમ્યક્ત્વપાલનથી કોણે વિશ્વમાં અતિશયવાળી બંને લોકને ઉદયમાન કરતી ફળ સંપત્તીને મેળવી હતી.

આ રીતે રાજાની વાત સાંભળીને ક્ષીરાશ્રવાદિ લબ્ધિના સાગર આચાર્ય ભગવંત બોલ્યા, હે રાજન્ ! સમકીતને પામ્યા વિના કોઇ પણ પ્રાણીઓ મોક્ષમાં ગયાં નથી. જતાં નથી અને જશો પણ નહી. વિરતિથી ભ્રષ્ટ થયેલો જીવ ક્યારેક મોક્ષને પામી શકે છે, પરંતુ સમ્યગ્ દર્શનથી ભ્રષ્ટ થયેલ તે સંયમને પાળતો હોવાં છતાં પણ મુક્તિ પામી શકતો નથી. ચારિત્રથી ભષ્ટ થયેલાએ સુખકર એવું દર્શન ગ્રહણ કરવું. કારણ કે ચારિત્રથી ભ્રષ્ટ થયેલાં સિદ્ધ થાય છે, દર્શનથી ભ્રષ્ટ થયેલાં સિદ્ધ થતાં નથી. જે કાંઈ પ્રશંસનીય સંપત્તિઓ કે જે કોઇ અદ્ભુત પદને જીવો મેળવે છે તે બધુ સમ્યક્ત્વનું જ ફળ છે. તો પણ હે રાજા સમકિતનાં ફળને સ્પષ્ટ કરતું વિશ્વમાં અદ્ભુત એવું અર્હદ્દાસ શ્રેષ્ઠીનું દૃષ્ટાંત તું સાંભળ.

આ ભરત ક્ષેત્રમાં સ્વર્ગ જેવી શોભાવાળો અત્યંત સંપત્તિમાન અને ઈંદ્રનાં નંદનવન જેવો મગધ નામનો દેશ છે. ત્યાં સર્વ સંપત્તિના ધામસ્વરૂપ અને જગદ્ગુરૂનાં ચરણકમળનાં રજથી પવિત્ર એવું રાજગૃહ નામનું નગર છે.

નિર્હેતુક ઉપકારિતાને ધારણ કરતાં, વિવેકમાં કલહંસપણાને ધારણ કરતાં, લીલામાત્રથી યોગને ભજતાં અને અસત્યપ્રિયતાને નહી ભજતાં એવાં ત્યાંના મહાન આશયવાળા લોકો સ્યાદ્વાદરૂપી રાજાની આજ્ઞાને ક્યારેય છોડતાં નથી.

જ્યાં સુપાત્ર દાનનાં સૌભાગ્યને સાક્ષાત્ બતાવતો શાલિભદ્ર સદા દૈવી સુખોને ભોગવતો હતો. પ્રિય આલાપવાળી આઠ પ્રિયાઓને યૌવનમાં પણ મુકીને જ્યાંનો ધની ધન્ય નવ બ્રહ્મગુપ્તિને ધારણ કરતો મુનિ ધન્ય બન્યો હતો, જેણીનાં ગુણો વડે ત્રણે જગતનું શિખર શોભાયમાન છે એવી સતીઓમાં શ્રેષ્ઠ સુલસા સતી જ્યાં થઇ હતી.

ત્યાં નામની જેમ ગુણ ઋદ્ધિવાળો શ્રેણિક નામનો રાજા શુદ્ધ સમ્યગ્ દર્શનરૂપી સુવર્ણ વર્ણિકા માટે કસોટીના પથ્થર સમો હતો.

શ્રી વીરનાં ચરણકમળની રજથી તિલક કરેલો સુંદર કાંતિવાળો અને શત્રુઓને જેણે ત્રાસ પમાડયાં છે, એવો તે હતો. જે ભારતની પૃથ્વી ઉપર (આગામી) ઉત્સર્પિણી કાળમાં સુવર્ણ કાંતિવાળો પ્રથમ તીર્થંકર પદ્મનાભ નામે થશે.

જાણે દેવી પૃથ્વી ઉપર આવી હોય તેવી પ્રશંસનીય ગુણોથી યુક્ત ઉત્કૃષ્ટ સતી અને પ્રેમને ધારણ કરતી ચિલ્લણાદેવી નામની પ્રિયા છે. હંસ જેમ માનસસરોવરનો આશ્રય કરે છે તે રીતે તેણીનું માનસ દેવગુરૂની પ્રગટ ભક્તિનો આશ્રય કરે છે.

તેના રાજયની ધુરાને ધારણ કરતો સાક્ષાત્ બૃહસ્પતિ જેવો પવિત્ર એવો અભયકુમાર નામે સચિવ હતો. ઉભયટંક પ્રતિક્રમણ કરતો લોકોની સર્વ આપત્તિઓને દૂર કરનાર જિનપૂજામાં ત્રિકાળ રત પરમાર્હત્, પ્રાયઃ સર્વ પર્વોને વિષે પૌષધ કરતો તે અસ્થિ મજ્જા જૈન (જેનું રોમે રોમ જૈનત્વથી વાસિત છે) એવી સર્વ શ્રેષ્ઠ ખ્યાતિને પામ્યો.

તે જ નગરમાં ધનવાન, જિનધર્મનો પ્રભાવક ઘોર અંધકારરૂપી મિથ્યાત્વને દૂર કરવામાં સૂર્ય સમાન, પોતાની ભુજાથી ઉત્પન્ન કરેલ અનેક કોટિ દ્રવ્યના વ્યયથી ઉજ્જવલ, સમ્યગ્દૃષ્ટિઓમાં પ્રખ્યાત એવો અર્હદ્દાસ શ્રેષ્ઠી હતો.

મિત્રશ્રી, ચંદ્રશ્રી, વિષ્ણુશ્રી, નાગશ્રી, પદ્મલતા સ્વર્ણલતા, વિદ્યુલ્લતા અને કુંદલતા એવાં પ્રસિદ્ધ નામોવાળી જાણે મૂર્તિમાન આઠ સિદ્ધિઓ જેવી તેની આઠ પત્નીઓ હતી.

એમાંની પ્રથમ સાત પત્નીઓ સમ્યગ્દર્શન મહારંગરૂપી રંગમંડપમાં નાટિકા સમી હતી તો વળી કુંદલતા મિથ્યાત્વથી મોહિત હતી. અતિચાર રહિતપણે અને ગૃહાચારને પાળતો ગુણોને શોભાવતો તે (શ્રેષ્ઠી)તેણીઓની સાથે સુખને ભોગવતો સંપત્તિનાં ફળને મેળવે છે.

પુણ્યથી પ્રાપ્ત થયેલો આ મનુષ્યભવ કેટલાકને વિષે આકડાના વૃક્ષની જેમ તો કેટલાકને વિષે વિષવૃક્ષની જેમ (નિષ્ફળ) થાય છે તો

કેટલાકને વિષે કલ્પવૃક્ષની જેમ સફળ થાય છે. કેટલાકની લક્ષ્મી બાળક જેવી તો કેટલાકની જાતિ પ્રભા જેવી કેટલાકની કદલી (કેળાં) જેવી તો કેટલાકની આમ્રવૃક્ષવાળી બને છે

કારણ કે કેટલીક લક્ષ્મી બાલકની જેમ પૃથ્વીમાં ગયેલ મૂળને છેદનારી થાય છે વળી કેટલીક દ્રવ્યનાં ઉપાર્જનથી પુષ્પિત થવાં છતાંય જાતિપ્રભાની જેમ નિષ્ફળ થાય છે. કેટલીક લક્ષ્મી ભોગમાં કામ લાગતી એવી સત્પુણ્યનાં બીજથી રહિત હોય છે. સર્વાંગસુંદર એવા રસાલ લતિકા એટલે આમ્રવૃક્ષ જેવી કોઇકની જ થાય છે.

સર્વ દેવોનાં સમૂહનાં મસ્તકની શિખાથી જેઓનાં ચરણ પૂજાયાં છે એવાં ત્રણે જગતનાં જીવોને ઇચ્છિત આપવામાં કલ્પવૃક્ષ સમાં અંતિમ તીર્થપતિ સર્વજ્ઞ, મહર્ષિનાં સમૂહથી આશ્રિત કરાયેલાં એવાં (પ્રભુ વીર) વૈભારગિરિ પર્વત ઉપર સમવસર્યા

આકાશમાં દુંદુભીનાં ગંભીર અને મધુર ધ્વનિ સાંભળીને પરસ્પર વિરોધી પ્રાણિઓનો સંગમ જોઇને ત્યારે ઉદ્યાનપાલકે મનની અંદર વિચાર્યું આ લોકોત્તર એવું કાંઈક મને હમણાં ખુશ કરે છે. આ રીતે ચિંતા યુક્ત એવો તે જેટલામાં આગળ જાય છે તેટલામાં વિસ્મયયુક્ત મનવાળો તે આ રીતે જુવે છે.

ત્રિભુવનની અદ્ભુત રાજ્ય લીલાનું સુચક એવાં ત્રણ છત્રો, ધવલ અને ચંચલ ચામરોની શ્રેણી, વિવિધ વર્ણની પતાકાથી સમૃદ્ધ એવો ઇંદ્ર ધ્વજ અને રજત-હેમ મણીમય ત્રણ ગઢ, સ્ફટિકરત્નમય અને પાદપીઠ યુક્ત એવું સિંહાસન, સુર અને અસુરોનાં વિવિધ વિમાનોની હારમાળા, જલ્દીથી વિશ્વના તાપને જેણે દૂર કર્યો છે એવું ચૈત્યવૃક્ષ, વળી તંદ્રારહિત અને ચંદ્ર જેવા વદનવાળી દેવીઓ, સર્વ ઋતુઓમાં ઉત્પન્ન થતાં ફળ ફુલોથી યુક્ત વૃક્ષોનાં સમૂહવાળો બગીચો, અનંતપદ (મોક્ષ) ઉપર આરોહણ કરવાં માટે જાણે નિસરણી હોય તેવી વિશેષ વિભાગોથી યુક્ત સોપાન પદ્ધતિ અને ત્રણે લોકમાં ઉત્તમ તેમજ પવિત્ર ચારિત્રવાળાં ઇંદ્રોના સમૂહથી વંદાતા છે. અજોડ મહો-

દયવાળી સંપત્તિથી શોભતાં અને જગતને પવિત્ર કરતાં દેવાધિદેવ શ્રી વર્ધમાન સ્વામીને જોયાં.

વળી તે વિચારે છે કે પરસ્પર વિરોધી આ પ્રાણિઓનો સંગમ જે દેખાયો તેનું કારણ આ મહાત્માનો પ્રભાવ છે

કારણ કે હરણી સિંહનાં બચ્ચાને સ્વપુત્રની બુદ્ધિથી સ્પર્શ કરે છે. તો ગાય વાઘનાં બચ્ચાને પણ સ્પર્શે છે, બિલાડી હંસબાળને તો વાત્સલ્યને વશ મોરલી ભુજંગને સ્પર્શે છે. જેઓનો મોહ ક્ષીણ થયો છે, જેઓએ કલુષતાને પ્રશાંત કરી છે અને જેઓ એકમાત્ર સમતાને ધારણ કરે છે એવા જિનેશ્વરનો આશ્રય કરીને જેઓનો મદ ગળાઇ ગયો છે એવા પ્રાણીઓ જન્મજાત વૈરને પણ ત્યાગે છે.

તેથી હવે હૃદયને આનંદકારી એવું જિનેંદ્રનું આગમન આદિ મનુષ્યોનાં ઇંદ્ર (શ્રેણિક મહારાજા)ને નિવેદન કરીને કૃતકૃત્ય બનું. ૨૧

પછી ફળ અને પુષ્પને હાથમાં ધારણ કર્યા છે જેણે એવા તે સુજ્ઞ વન પાલકે જઇને રાજાને જિનનું આગમન વિગેરે કહ્યું. કર્ણને માટે અમૃતની ધારા સમાન શ્રેષ્ઠ એવું તેનું વચન સાંભળીને મુગટ સિવાયનાં બધાં અલંકારો રાજાએ તેને ભેટ આપ્યાં

ચતુરંગ સેનાથી (યુક્ત) જાણે પૃથ્વીને સાંકડી કરતો હોય તે રીતે તે રાજા આદરથી પ્રભુને વાદવાં ગયો.

બખ્તરથી યુક્ત શરીરવાળાં, વિવિધ શસ્ત્રોથી યુક્ત હાથવાળાં અને પ્રભુની પ્રાપ્તિથી આનંદ વાળાં સૈનિકો પ્રથમ ચાલ્યાં. પર્વત જેવા, પંચવર્ણ પતાકાઓથી યુક્ત, શોભાયમાન, શત્રુઓને જેઓએ ખંડિત કર્યા છે એવાં સુંદર આકૃતિવાળાં હાથીઓ ચાલ્યા. ત્યારબાદ (ક્રમશઃ) વેગથી ઉદ્ધત થયેલાં અને સ્વચ્છન્દ એવાં હેષારવનાં પ્રતિશબ્દોથી આકાશ–પાતાલને એક કરતાં એવાં ઘોડાઓ ચાલ્યાં, પોતાનાં ચક્રનાં ચિત્કારોથી દિશાઓનાં છેડાને જાણે બોલાવતાં હોય એવા જય લક્ષ્મીનાં મનોરથ સમાં રથો ચાલ્યાં.

વીરવંદન માટે ઉત્સુક એવી ચેલ્લણા આદિ મહારાણી સુખપૂર્વક પાલખીમાં બેસેલી એવી ચાલી.

વિવિધ વાજિંત્રોનાં અવાજોથી અને બંદિજનોનાં જયજયારવોથી કર્ણમાં પડેલું કાંઈ પણ સંભળાતું નથી

આનંદથી જેનાં રોમાંચરૂપી કંચુક ઉભા થયાં છે એવો ચતુરોમાં અગ્રેસર અર્હદ્દાસ શ્રેષ્ઠી પણ સર્વ ઋદ્ધિથી જિનેશ્વરને વાંદવાને માટે આવ્યો.

હવે શ્રેણિક મહારાજા ભવ્ય એવાં ભક્તોનાં ભયને દૂર કરતાં શ્રી જિનેશ્વરને પ્રદક્ષિણા કરીને સ્તવે છે.

હે ત્રિભુવનનાં અધિપતિ! હે સદ્ધર્મ બાંધવ! રાજાધિરાજોથી પૂજ્ય એવાં તમારા ચરણકમળનાં વંદનની વિધિથી આજે મારી મનુષ્ય જન્મનાં ઉદયરૂપી લક્ષ્મી સફળ થઈ છે. દેવ! નવાં નવાં અદ્ભૂત ભાવોથી તારા ચરણકમળની સેવાની ઇચ્છાવાળાં જીવોજ આ પૃથ્વી ઉપર ધન્ય છે. તે સિવાયનાં બાકીનાં જીવો સુવર્ણની કાંતિ સમાં દેહ ભારવાળાં હોય તો પણ હું તેમને પૃથ્વી ઉપર ભારરૂપ માનું છું.

આ રીતે જગન્નાથની સ્તુતિ કરીને સૂર્ય જેવી કાંતિવાળાં શ્રેણિક મહારાજાએ યથાયોગ્ય સ્થાનને સુશોભિત કર્યું. અર્હદ્દાસાદિ શ્રેષ્ઠિઓ સુંદર ભાવવાળા આનંદ આપતાં જિનવરને નમીને યથાયોગ્ય ક્રમે બેઠાં. કર્ણને માટે અમૃતની નીક સમાન પાંત્રીસ ગુણોથી યુક્ત વાણીથી વીર પ્રભુએ આ રીતે ધર્મદેશના આપી.

અસાર એવાં આ સંસારમાં મરૂભૂમીમાં કલ્પવૃક્ષની જેમ ઘણા ભાગ્યથી પ્રાણીઓ વડે આ ધર્મ પમાય છે. તેની ઉત્પત્તિનાં પૃથ્વીતલ રૂપે મનુષ્યભવ છે અને તેનાં વૃક્ષને વધારનાર બીજ તરીકે બુધ જનો એ બોધિ (સમ્યક્ત્વ) માનેલું છે. સુસાધુગુરુનો સંગમ એ પ્રાયઃ અનુકુળ પવન સમાન છે. અને અંતરનો નિર્મલ વિવેક એ વિશાલ ક્યારા સમાન છે, ઉન્નતિનાં કારણરૂપ છે શુદ્ધ સમ્યગ્ દર્શન તેનું મુખ છે અને તત્ત્વાતત્ત્વનો વિચાર સુંદર થડ સમાન છે. દાન-શીલ-તપ-ભાવ એ મુખ્ય શાખાઓ છે તો સમતા, મૃદુતા વગેરે પ્રશાખાઓ વિદ્વાનોએ કહેલી છે. મનુષ્યોની સર્વે ક્રિયાઓ કમળ જેવાં ઉલ્લસિત પાંદડાઓ સમાન

છે અને ગણી ન શકાય તેટલાં મનુષ્ય અને દેવોનાં સુખરૂપ તેનાં પુષ્પો છે. શુકલ ધ્યાન એ ઉલ્લસિત ઋતુ છે અને સિદ્ધિસુખ તેનું ફળ છે તેનાં રસનો સ્વાદ પ્રાપ્ત થયે છતે કયારેય કલેશનો લેશ પણ પ્રાપ્ત થતો નથી.

ભાગ્યયોગે આવાં પ્રકારનો કલ્પવૃક્ષ પ્રાપ્ત થયે છતે પાણીનાં પ્રવાહ વિનાં તે ક્ષણે ક્ષણે ક્ષીણ થાય છે. જિનેંદ્રની અર્ચના એ પાણીનાં પ્રવાહ સ્વરૂપ કહી છે. તેથી પ્રાણીઓએ તેણે યત્નપૂર્વક વિચારવી. –(આચરવી) જે પુરૂષો અલ્પકાળમાં મોક્ષનાં ફળને ઇચ્છે છે તેણે પ્રયત્નપૂર્વક ત્રિકાળ જિનપૂજા કરવી.

જે તથા પ્રકારનાં દોષોથી રહિત જિનવરને ત્રિકાળ પૂજે છે, તે ત્રીજા ભવે અથવા સાત–આઠ ભવે સિદ્ધ થાય છે. આ પૂજા થોડી પણ વિવેકપૂર્વક કરે છતે કાળે મેઘવૃષ્ટિની જેમ લોકોને મહાનફળને માટે થાય છે. કાળે મેઘવૃષ્ટિથી જેમ પ્રશંસનીય સંપત્તિઓની જેમ એક વખત પણ કરેલી જિનપૂજા લોકોનાં સકલ સંપત્તિઓને જન્મ આપે છે. ક્રૂર કર્મોરૂપી વૃક્ષોથા યુક્ત બગીચાને સમૂલ નાશ કરવામાં સમર્થ એવી પૂજા, જ જગતનાં ઐશ્વર્યનો હેતુ છે અને ભવસમુદ્રનો સેતુ છે. વધારે શું ? તે તે ફલનાં ભારની પ્રાપ્તિ કરાવવામાં પ્રગટ સામર્થ્ય-વાળી પૂજા સુજ્ઞજનોએ આઠ પ્રકારની કહી છે. પુષ્પથી પૂજ્યપણું, જલથી નિર્મલતા, ધૂપનાં ધુમાડાથી શત્રુ સમૂહનો નાશ, દીપથી અંધ-કારનો નાશ, ઘીંથી સ્નિગ્ધતા (કોમળતાં), અક્ષતથી કલ્યાણ તો વસ્ત્રથી સુગંધિતા અને ફળથી રૂપીપણું આમ મનુષ્યોને જિનવરની અષ્ટપ્રકારી પૂજાથી ઉચિત ફળની પ્રાપ્તિ થાય છે.

સંક્ષેપથી જિનપૂજા દ્રવ્ય અને ભાવ બે પ્રકારે છે. દ્રવ્યથી તેનાં અનેક ભેદો છે તો ભાવથી તેનાં અનંતા ભેદો છે. આદ્ય (દ્રવ્ય) પૂજાનું ઉત્કૃષ્ટ ફળ અચ્યુત (૧૨ માં) દેવલોકની પ્રાપ્તિ છે અને ભાવપૂજાનું ઉત્કૃષ્ટ ફળ અંતમુર્હૂતમાં મોક્ષપ્રાપ્તિ છે.

ઉત્કૃષ્ટ દ્રવ્યસ્તવને આરાધનારો અચ્યુત સુધી જાય છે અને ભાવ સ્તવથી અંતમુર્હૂતમાં નિર્વાણને પામે છે.

આ રીતે અરિહંતનું વચન સાંભળીને અને મનમાં ઇચ્છા કરીને અનેક લોકોએ દેવપૂજા વ્રતને સ્વીકાર્યું વીરવિભુની અમૃતસમી વાણી સાંભળીને જેનાં શરીરનાં રોમાંચ ખડા થયાં છે. જે કૃત્યનો જાણકાર છે. જે નિષ્ઠાવાનોમાં અગ્રેસર અને વિદ્વાનોમાં શ્રેષ્ઠ છે. એવા અર્હદ્દાસ શ્રેષ્ઠી અંજલી જોડીને ભક્તિથી પ્રણામ કરીને આ રીતે બોલ્યાં.

હે ત્રિલોકનાથ! મારે વિશુદ્ધ ભક્તિથી ત્રિકાળ જિનની પૂજા, અને ચૌદશાદિ મુખ્ય પર્વદિને નગરનાં સર્વે જિનની પૂજા કરવી. ચૌદશ વાર્ષિકાદિ મુખ્ય પર્વતિથિઓએ સ્વકુટુંબનાં સભ્યોથી પરિવરેલાં મારે શુદ્ધ બુદ્ધિથી મહોત્સવોપૂર્વક સ્નાત્ર અભિષેક કરવો. સર્વે ચૈત્યોમાં નમસ્કાર વિધિ કરીને સ્વગૃહચૈત્યમાં વિધિપૂર્વક પૂજા કરીને રાત્રે-સંગીતને કરવું. આપની કૃપાથી સદાને માટે મારે આ રીતે હો.

(ત્યારે) તું સ્થિર ચિત્તવાળો થા એવી તીર્થંકરે, પ્રશંસા કરી.

મગધપતિએ જિનેશ્વરને વિધિથી પ્રણામ કરીને મસ્તકે બે હાથથી શિખા કરીને આ વિનંતી કરી. હે પ્રભો! ધર્મનું સર્વસ્વ, સર્વોત્કૃષ્ટ સુખને આપનાર સમ્યક્ત્વનું સ્વરૂપ સંક્ષેપથી મને કહો.

રાજાવડે વિનંતી કરાયેલાં દેવાનંદાપુત્ર ભગવાન ઇંદ્રાદિ પર્ષદાને ઉદ્દેશીને બોલ્યાં

ઐશ્વર્યયુક્ત એવાં સર્વે પણ જિનેશ્વરોએ ધર્મનાં પ્રથમ સાધન તરીકે સમ્યગ્-દર્શન કહ્યું છે, તે વળી અનેક પ્રકારે છે. ૬૪

૧-૨-૩-૪-૫-૧૦ પ્રકારે સમ્યક્ત્વ છે તેમાં એક પ્રકારે તત્ત્વ-રૂપી, બે પ્રકારે નિસર્ગ-અને ઉપદેશથી, ક્ષાયિક-ક્ષાયોપશમિક-ઉપશમ એમ ત્રણ પ્રકારે જાણવું એમાં સાસ્વાદન જોડતાં ૪ પ્રકારે અને વેદક યુક્ત પાંચ પ્રકારે.

અભિગ્રહિકાદિ ભેદે જે મિથ્યાત્વ પાંચ પ્રકારે મનાયું છે તે અધર્મમાં ધર્મબુદ્ધિ આદિ ૧૦ ભેદોવડે મનાયું છે. સમ્યક્ત્વમાં શુદ્ધિને ઇચ્છતાં સુજ્ઞ જનવડે સંસારનાં મૂળ સ્વરૂપ આ (મિથ્યાત્વ) ત્રિવિધે ત્રિવિધે ત્યાગવું જોઇએ.

ભવવૃદ્ધિ કરનારૂ તે મિથ્યાત્વ સર્વથા ત્યાગવું જોઇએ. દુઃખરૂપી વૃક્ષનાં બીજ સ્વરૂપ તે વળી શાસ્ત્રોમાં અનેક ભેદે છે.

પ્રશ્ન :- કેટલા પ્રકારે મિથ્યાત્વ કહ્યું છે ? ઉ૦ હે ગૌતમ ! ૧૦ પ્રકારે. તે આ પ્રમાણે (૧-અધર્મે ધર્મબુદ્ધિ (૨) ધર્મે અધર્મ બુદ્ધિ (૩) ઉન્માર્ગમાં માર્ગબુદ્ધિ, (૪) માર્ગમાં ઉન્માર્ગ બુદ્ધિ, (૫) અજીવમાં જીવસંજ્ઞા, (૬) જીવમાં અજીવસંજ્ઞા (૭) સાધુમાં અસાધુ બુદ્ધિ (૮) અસાધુમાં સાધુ બુદ્ધિ (૯) સૂત્રમાં અસૂત્ર સંજ્ઞા (૧૦) અસૂત્રમાં સૂત્ર સંજ્ઞા અથવા (૧) અભિગ્રહિક (૨) અનભિગ્રહિક (૩) અભિનિવેશિક (૪) સાંશયિક (૫) અનાભોગિક મિથ્યાત્વ પાંચ પ્રકારે છે.

સમ્યક્ત્વથી યુક્ત એવા'જ દેવપૂજા, દાન-શીલ, આદિ (ધર્મો) જીવોને ખરા ફલદાયી બને છે. કહ્યું છે કે

દાન-શીલ-તપ-તીર્થયાત્રા-શ્રેષ્ઠદયા-સુશ્રાવક પણું અને વ્રતધારીપણું સમ્યક્ત્વમૂલક હોય તો મહાફલવાળુ થાય છે.

નિઃશંકપણું આદિ આઠ આચારોથી પવિત્ર જેનું અંતઃકરણ છે. તે જ સજ્જનોને માટે સમકીતીઓમાં પ્રસિદ્ધ થાય છે જેમ જેમ અરિહંતોને વિષે ભક્તિ અને સદ્‌ગુરૂઓની ઉપાસના વધે છે. તેમ તેમ સમકીતની નિર્મળતાં પણ વધે છે. જેનું સમકીત પાંચ અતિચારોનાં ત્યાગથી શુદ્ધ છે તેને ભવે ભવે વધતો એવો સુખનો સંગમ થાય છે. ચક્રિપદ, ઈંદ્રપદ, મહારાજપદ અને જિનપદ પામીને ક્રમે કરીને તે શિવસુખનો ભાગી બને છે.

ત્યારે તત્ત્વને દર્શાવવાં માટે દીપિકા સમાન એવી અરિહંતની દેશનાં સાંભળીને મિથ્યાત્વરૂપી અંધકારના નાશથી શુદ્ધ હૃદયવાળાં બની ક્ષપક શ્રેણિ ઉપર આરૂઢ થયેલાં શ્રેણિક મહારાજાએ દર્શન સપ્તકનો ક્ષય કરીને ક્ષાયિક સમ્યક્ત્વને પ્રાપ્ત કર્યું"

અર્હદ્દાસે પણ દીપકસમાં સમ્યક્ત્વને નિર્મળ કરીને પરમાત્માને આ રીતે વિનંતી કરી. હે નાથ ! ઔપશમિકાદિ સમ્યક્ત્વનાં વિભાગોને કહેવાની મારી ઉપર કૃપા કરો, ત્યારે જિનવર તેની આગળ બોલ્યાં

પ્રદેશથી મિથ્યાત્વનાં દલિકોનાં અવેદન રૂપથી નિર્મળ જળ જેવું ઔપશમિક સમ્યક્ત્વ થાય છે. હે શ્રેષ્ઠિન્ ! તે (મિથ્યાત્વ)નાં પ્રદેશોની અનુભૂતિથી કિંચિત્ કલુષિત પાણી જેવું ક્ષાયોપશમિક સદ્દર્શન કહ્યું છે. ત્રણે પ્રકારનાં મિથ્યાત્વનાં પુંજના ક્ષયથી સર્વથા શુદ્ધ જલ જેવું ક્ષાયિક સમ્યક્ત્વ કહ્યું છે. સમ્યક્ત્વથી પડતો હોય અને હજી મિથ્યાત્વને પામ્યો ન હોય તેવાં જીવોને વમન કરાતાં અન્નનાં સ્વાદ જેવું સાસ્વાદન સમ્યક્ત્વ હોય છે. સમ્યક્ત્વ મોહનીયનાં દળિયાનાં ઉત્કૃષ્ટ વેદન (અનુભવ)થી વેદક સમ્યક્ત્વ કહ્યું છે. બીજા જીવોને પ્રકાશ આપવાથી દીપક સમ્યક્ત્વ મનાયું છે.

સાસ્વાદન અને ઔપશમિક સમ્યક્ત્વ પ્રાણીઓને (ભવચક્રમાં) પાંચ વાર પ્રાપ્ત થાય છે (એક ભવમાં વધુમાં વધુ બે વાર) અને ક્ષાયોપશમિક સમ્યક્ત્વ અસંખ્યવાર પ્રાપ્ત થાય છે. ટી. એક ભવમાં ક્ષાયોપશમિક સમ્યક્ત્વ સહસ્ર પૃથક્ત્વ (૨ થી ૯ હજાર) વાર પ્રાપ્ત થઈ શકે છે. ક્ષાયિક અને વેદક સમ્યક્ત્વ ભવચક્રમાં એક વાર જ પમાય છે. અંતિમ બે સિવાયનાં બાકીનાં બધાં પ્રતિપાતી છે.

ક્ષાયોપશમિક સમ્યક્ત્વ અને ઔપશમિક સમ્યક્ત્વનો ભેદ જણાવું છું. ઉપશમ સમ્યક્ત્વવાળો પ્રદેશથી પણ મિથ્યાત્વને અનુભવતો નથી. ક્ષયોપશમ સમકિતી ડહોળાયેલ પાણી જેવો છે, તો ઉપશમ સમ્યક્ત્વ વાળો શાંત પાણી જેવો છે અને ક્ષાયિક સમકીતી નર્મળ પાણી જેવો છે. મિશ્ર સમ્યક્ત્વ ઉત્કૃષ્ટ કે જઘન્યથી અંતર્મુહૂર્ત કાળનું છે. ઔપશમિક સમ્યક્ત્વ પાંચવાર અને ક્ષાયોપશમિક સમ્યક્ત્વ અસંખ્યવાર મળે છે.

આ રીતે સાંભળીને શ્રેષ્ઠીએ અરિહંતની સામે હું જિન અને જિનમત સિવાય અન્યને નમીશ નહી- (એવો અભિગ્રહ લીધો.) પછી શ્રેણિક રાજાદિ પ્રભુને પ્રણામ કરીને શાસન પ્રભાવનામાં તત્પર એવાં આનંદપૂર્વક પોતાના ઘરે ગયાં. જેઓએ સર્વ કર્મ શત્રુઓને ત્રાસ પમાડયાં

છે. એવાં ચરમ તીર્થપતિ પૃથ્વીને પવિત્ર કરતાં સૂર્યની જેમ પ્રકાશ કરતાં અન્યત્ર દેશમાં શુભ પ્રદેશમાં વિહાર કરી ગયા.

ભક્તિથી ત્રિકાળ જિનપૂજાને કરતા ઉભયટંક આવશ્યક કરતાં તત્ત્વાતત્ત્વનાં વિચારના જાણુથી યુક્ત હૃદયવાલા સુપાત્ર દાનમાં તત્પર એવા ઘરે આવેલા અર્હદ્દાસ શ્રેષ્ઠીએ રાજાથી પણુ અધિક સંપત્તિથી ઘણુા ઉત્સવો વડે અરિહંતના શાસનને ઉપમાતીત એવી મહાનતાને પમાડી.

**પ્રથમ પ્રસ્તાવ સંપૂર્ણ**

卐

# બીજો પ્રસ્તાવ

તે મગધ દેશને વિષે રાજાના આદેશથી સમસ્ત જનતાને આનંદ-કારી પ્રખ્યાત એવો કૌમુદી ઉત્સવ થયો. સિંહસ્થ વર્ષની જેમ બાર વર્ષ પછી લોકોમાં આ (પ્રસંગ) વૃત્તિ હતી. તેથી તેની વ્યવસ્થા દુઃખે કરીને ઓળંગાય તેવી થઇ. તે (ઉત્સવ) પ્રાણીઓની પીડાની શાંતિ માટે. કાર્તિક મહિનાના અથવા તો વસંત ઋતુના (ફાગણુ માસના) ચોમાસાના દિવસે (સુદ ૧૪) થાય છે.

તે મહોત્સવમાં કસુંબાથી રંગેલ બે વસ્ત્રથી યુક્ત એવી સર્વે પણુ સ્ત્રીઓ સૌભાગ્યના ગુણુથી ઉત્કૃષ્ટ એવી અનેક ભોગોના અંગથી સુશોભિત શોભાવાળી થઇ. શ્રેષ્ઠ શ્રૃંગારના રસથી ઉદ્ધત અને મન-ગમતાં ભોજનને આરોગતી (સ્ત્રીઓ) વનના મધ્યમાં જઇને કુલદેવતાઓની પૂજા કરે છે અને સખીઓ સાથે ગીતો ગાય છે. સુંદર એવી વિવિધ ક્રીડાઓને કરે છે, હર્ષથી નૃત્યના કૃત્યને કરે છે. કૌતુક યુક્ત મનવાળી પરસ્પર શ્રેષ્ઠ એવાં પુષ્કળ દાનોને આપે છે.

દેશમાં જો આ પૂજ્યની પૂજા ન હોય તો લોકોમાં જલ્દીથી

વિરોધ ઉભો થાય છે. કારણ કે પૂજ્યની પૂજાનો વિરોધ અહીં પ્રાણિઓના મંગળને હણે છે.

એક વખત રાજાએ કૌમુદી મહોત્સવના હેતુથી સર્વત્ર પટહદ્વારા આ રીતે ઉદ્‌ઘોષણા કરાવી. હે નગરજનો ! આનંદયુક્ત અને ઉત્સાહ યુક્ત એવાં તમો મહોત્સવપૂર્વક કૌમુદી ઉત્સવ કરો. સુંદર કર્યું છે શરીર જેણીઓએ એવી દેવીઓની શોભાને પરાભવ કરતાં વેષને ધારણ કરતી સર્વે સુંદરીઓના સમૂહો વેગથી ઉદ્યાનમાં જઇને જલ્દીથી હૃદયને આનંદ આપતાં નૈવેદ્યાદિ ભેટણાઓથી દેવીના ચરણોની સેવા કરીને પીડાઓનો અંતકરનાર વિવિધ ગીત નૃત્યાદિ ક્રીડાઓને કરતાં રાત દિવસ ઇચ્છાપૂર્વક નિશ્ચિંતપણે ત્યાં રહો. કલા જાણકાર સર્વે પણ પુરૂષોએ નગરમાં રહીને જ કલાયુક્ત ક્રીડાઓને કરવી અન્યથા તે રાજ દંડનો ભાગી બનશે. રાજાજ્ઞાનો ભંગ, ગુરૂઓનું માનખંડન અને બ્રાહ્મણોની વૃત્તિ છેદ આ ત્રણે શસ્ત્ર રહિત વધ કહેવાય છે.

આ રીતે ઉદ્‌ઘોષણાને સાંભળીને આનંદીત થયેલી સ્ત્રીઓ વનમાં જવા માટે આ રીતે સામગ્રી (તૈયાર) કરવા લાગી.

હે બાલે ! જમીનમાંથી દુર્વાને જલ્દીથી થાળીમાં સ્થાપ, હે ચંદને ! દેવપૂજા યોગ્ય ચંદનને તૈયાર કર. હે કલ્યાણિ ! કુટુંબીઓના કલ્યાણ માટે દેવીઓને ખુશ કરતાં મધ અને દહીંને તૈયાર કર. હે સખી ! તું સારા એવાં ફુલોને લાવ. હે વિદગ્ધે ! તું મસ્તકની શિખાને ચંદ્રની જેમ સુંદર કર. હે વિદુરે ! સૂર્ય જેવાં લાલ સિંદુરને તું લાવ જેથી સ્ત્રીઓને પ્રિય એવી વાળની શોભા હું કરૂં. બીજા કાર્યને છોડી દઇને હે સખી ! તું કસ્તુરીનું મર્દન કર જેથી હું ગાલ ઉપર ચિત્ર રચનાને કરું. હે કુસલે ! તું સુંદર એવા માથના અંબોડાને તૈયાર કર જેથી હું તેને જલ્દીથી વિવિધ ફુલોથી સુશોભિત કરૂં. મનોહર એવા પાણીથી તું કુંકુમને ઘોળ જેથી આનંદયુક્ત એવી હું મારા અંગને રંગમય કરૂં. હે કોમલાંગી ! તું મને જલ્દી દિવ્ય વસ્ત્રો આપ. હે શતપત્ર કમલાક્ષી ! (કમલ જેવા આંખવાળી સ્ત્રી) તું

જલ્દીથી પાદુકાને ધારણ કર. હે સ્ત્રી ! તું જલ્દીથી કાજળને પાણીથી પલાળ. હે બાલે ! આંખને અંજન માટે તું સળીનો ટુકડો તૈયાર કર. હે ચતુરા ! તું વળી અદ્ભુત એવા કસ્તુરીના વિસ્તારને મુક. હે સાનંદા ! તું રોમાંચિત કેમ થતી નથી ? હે ગાંડી ! તું નકામી ઢીલી કેમ પડી છે ? હે કપૂરિ ! હે લીલાવતી ! તું જલ્દીથી લીલામાત્રમાં ઘણા કપૂરના રસથી ભરેલું તાંબુલ (સ્વાદિષ્ટ મુખવાસ) લઈને આવ.

આ રીતે પરસ્પર વાતચીતથી સર્વ સામગ્રીને કરી વનમાં જતી સ્ત્રીઓનાં સમૂહને જોઇને અધ્યાત્મધર્મ બુદ્ધિવાળા અર્હદ્દાસ શ્રેષ્ઠીએ આ રીતે વિચાર્યું કે કુટુંબ સહિત જિનપૂજા મારે કંઇ રીતે થશે. જ્યારે દેવો પણ સ્નાત્ર મહોત્સવ કરે છે, એવું ચાતુર્માસિક પર્વ આજે છે. વિવેકી એવા મારે આજે સર્વ આદરપૂર્વક જિનપૂજા કરવી એવો અભિગ્રહ મેં જિનેશ્વરની પાસે જ ગ્રહણ કર્યો છે. ૨૬–૨૯

રાજાજ્ઞાથી કૌમુદી ઉત્સવની ઈચ્છાથી મારી સર્વે પણ પત્નીઓ પોતાના પરિવાર સાથે જંગલમાં જાય છે. ચાંદની વિનાનો ચંદ્ર કે વિજળી વિનાનો મેઘ જેમ શોભતો નથી, તેમ લોકમાં સ્ત્રી વિનાનો પુરૂષ શોભતો નથી. એ રીતે અંતરમાં વિચારીને ઉત્પન્ન બુદ્ધિવાળો તે શેઠ વિવિધ રત્નોથી યુક્ત સુવર્ણ સ્થાલને હાથમાં લઇને, સુભટોથી યુક્ત એવા રાજમહેલમાં ગયો અને ભેટણાના થાળને આગળ મુકીને રાજાને નમ્યો, ત્યારે આનંદયુક્ત રાજાએ કહ્યું કે હે શ્રેષ્ઠિન્ ! આપના આગમનનું કારણ મને કહો.

ત્યારે નમતી કાયાવાળો નિર્મળ વદન કમળવાળો એવો શ્રેષ્ઠી પોતાના બંને હાથ મસ્તકે જોડી આ રીતે બોલ્યો. હે રાજન્ ! આજે સર્વ પાપોનું નાશક એવું ચોમાસી પર્વ છે. જ્યાં દેવતાઓ પણ નંદીશ્વર દ્વીપમાં યાત્રા કરે છે. મેં પણ પૂર્વે પ્રભુ વીરની પાસે નગરીના સર્વ જિન મંદિરોના વિધિપૂર્વક પૂજનનો અભિગ્રહ ગ્રહણ કરેલો છે. તેમજ વિશ્વબંધુ સમા સાધુઓને આ દિવસે પોતાના સર્વે

કુટુંબીઓ સાથે વંદના કરવાનો અભિગ્રહ લીધો છે. વળી રાત્રીના સમયે સહુ સાથે ચૈત્યમાં જગદ્ગુરુની પૂજા કરીને ગીત નૃત્યાદિ કૃત્ય કરવાનો અભિગ્રહ છે. (મારે છે) હે વિભુ! આ મારૂં કાર્ય છે.

હમણાં કૌમુદી ઉત્સવ નિમિત્તે લોકોને વિષે આપનો આદેશ છે. આમ હોતે છતે હે રાજન્! મારા વ્રતનો જરા પણ ભંગ ન થાય અને જેમ હું આપનો આજ્ઞાપાલક થાઉં, તેવું હે આર્હત્ શિરોમણિ! આપ અવશ્ય ફરમાવો.

આ રીતે સાંભળીને સકળ લોકને માટે કલ્પવૃક્ષ સમા, ઘણા આનંદના પૂરથી વિકસિત શરીરવાળા અને પુલકિત રોમાંચવાળા શ્રેણિક મહારાજાએ ચિત્તમાં આ રીતે વિચાર્યું. વિશ્વ વિસ્મયકર અને મહા મોહકર એવા મહોત્સવને છોડીને આ મહાત્મા સર્વજ્ઞના ધર્મને વિષે આ રીતે બુદ્ધિ ધારણ કરે છે. સુંદર આચારથી શોભતા જિનપૂજામાં ઉદ્યત ચિત્તવાળા આ પુણ્યાત્મા વડે મારો સમગ્ર દેશ–નગર–અને ઘર પવિત્ર થયું છે. જો આ રીતના ઘણા લોકો મારા નગરમાં થાય તો આ રાજ્ય સફળ બને.

પછી રાજાએ શ્રેષ્ઠીને પ્રગટ રીતે કહ્યું, હે શ્રેષ્ઠિન્! તું ધન્ય છે. કૃતકૃત્ય છે, તારોજ જન્મ (સફળ છે) પ્રશંસનીય છે કે જે તું આ રીતે વિશ્વ પ્રમાદકર ઉત્સવનો સમૂહ હોતે છતે ધર્મ કરણીમાં કુશળ છે. ધરતી ઉપર પ્રમાદ પરવશ પ્રાણી સાંસારિક મહોત્સવ થયે છતે પ્રાયઃ ધર્મપરાઙ્મુખ બને છે. જીવોને વ્રત ક્રિયા અને નિયમની ધીરતા ત્યાં સુધી જ છે જ્યાં સુધી તેને સંસારનું કાર્ય આવતું નથી.

મારા સમગ્ર રાજ્યમાં તારાથી જ મહાનતા છે. તેથી તું શંકા રહિત પણે સર્વ સામગ્રીથી જિન પૂજાને કર. વળી હે મહાભાગ! તારી સાથે ઘરમાં રહેલી તારી પત્નીઓ પણ જિન પૂજા મહોત્સવને ભલે કરે. તારા સુકૃતની અનુમોદનાથી મને પણ પુણ્ય મળશે. કર્તા

અને કર્તાને સહાય કરનાર (ઉપલક્ષણથી તેની અનુમોદના કરનાર) આ બંનેને શાસ્ત્રમાં સમાન ફળ કહ્યું છે. ૫૦–૫૨

આ રીતે કહીને રાજાએ તેનો મણિનો થાળ તેને પાછો આપ્યો; મહાપુરૂષો ધર્મકાર્યને માટે ભેટણાનો સ્વીકાર કરતાં નથી. પછી વિશેષ ભેટણું આપીને રાજાએ સન્માનપૂર્વક શ્રેષ્ઠીને જલ્દીથી વિદાય આપી.

પછી શ્રેષ્ઠીએ ઘરે આવીને વન તરફ જવાની ઈચ્છાવાળી પોતાની સર્વે પત્નીઓને નિવારીને જિનપૂજાની ઇચ્છાથી સ્નાનાદિક ક્રિયાને કરેલાં એવા તેણે સ્વપરિવાર સાથે સર્વજનને આશ્ચર્યકારક એવો સ્નાત્ર મહોત્સવ કર્યો.

ત્યાં કેટલાક શ્રાવકોએ દુઃખનો તિરસ્કાર કરતી એવી નાટયવિધિ કરી. કેટલાકે અમૃત મધુર એવી ગીતકલાને કરી. કેટલાકે ત્યાં પરમાત્માની સન્મુખ વિવિધ વાદ્યો વગાડયાં અને કેટલાકે ભાવથી બિંબની અષ્ટપ્રકારી પૂજા કરી. ચતુર એવા કેટલાકે કેસરના દ્રવથી છાંટણા કર્યા. કેટલાકે પ્રગટ રીતે અખંડ અક્ષતથી મંગલ કર્યા. કપૂર–અગરધૂપના ધુમાડાની લહરીઓથી વ્યાપ્ત આકાશ મંડળવાળા જિનભવનમાં સ્નાત્રોત્સવ કર્યો. પછી પરિપાટીથી (ક્રમે કરીને) સર્વે ચૈત્યોને વિષે જિનબિંબોની હારમાળાને વિધિથી પૂજતાં તેણે દિવસને સફળ કર્યો.

સુગંધી દ્રવ્યોથી પોતાને સુશોભિત કરતાં, જાણકારોમાં અગ્રેસર ઈંદ્ર જેવી ભક્તિવાળા તેણે રાત્રિના સમયે વિશેષ વિધિથી સ્વગૃહચૈત્યમાં પૂજા કરીને ગીતપૂજા માટે આનંદથી વાદ્યોને વગાડયાં. શુદ્ધ ભાવવાળી અને પતિવ્રતા એવી શ્રેષ્ઠીની આઠે પત્નીઓએ દૈવી ગીત નૃત્યાદિ કર્યા.

હવે તે સમયે કૌમુદી ઉત્સવથી આનંદમગ્ન એવી નગરની સર્વ સ્ત્રીઓ ઉદ્યાનમાં સ્વૈરપણે ક્રીડા કરે છે. તે અવસરે નિદ્રા દૂર થયેલ રાજાએ પ્રતિહારી દ્વારા મંત્રીને બોલાવરાવીને ક્રીડાની ઇચ્છાવાળો તે બોલ્યો. હે મંત્રીરાજ ! જે લીલાવનમાં વિલાસ કરતી એવી સ્ત્રીઓ

ક્રીડા કરી રહી છે, તે વનમાં હમણાં આપણે જઇએ.. સ્વૈરપણે આનંદથી લીલા કરતી સ્ત્રીઓના સમૂહો ક્ષણમાત્રમાં યોગિજનોના ચિત્તને પણ આકર્ષે છે. કહ્યું છે કે–

**સારા વચનથી ગીતથી અને યુવતીઓની લીલાથી જેનું મન ભેદાતું નથી તે ‘કાં તો યોગી છે અથવા પશુ છે,**

રાજાનું કહેલું વચન કાનથી સાંભળી નીતિનો જાણ અને સચિવોનો અધિપતિ નિર્ભય એવો અભયકુમાર આ રીતે બોલ્યો. હે પ્રભો! ક્રીડામગ્ન એવી સ્ત્રીઓવાળા વનમાં હમણાં જવાથી વિવિધ નગરજનો સાથે દુઃખે કરીને સહી શકાય એવો વિરોધ થશે. જે રીતે બળવાન એવો દાવાનલ વનના વિનાશને માટે થાય છે તેમ બહુજન સાથેનો વિરોધ રાજ્યના નાશને માટે થાય છે.

**ઘણાઓની સાથે વિરોધ ન કરવો કારણ કે મહાજન એ દુર્જય છે. ફુંફાડા મારતા એવા સાપને કીડીઓ ખાઈ જાય છે.**

મંત્રીએ કહેલાં વચનો સાંભળીને અત્યંત અભિમાની એવા મગધપતિ અવજ્ઞાપૂર્વક આ રીતે બોલ્યા. સર્વે પણ શત્રુઓના લાખોના સમૂહને મૂળથી ઉખેડી નાખવાથી મહાપ્રતાપવાળો સમૃદ્ધ અને ક્રોધિત એવો મારા જેવો રાજા હોતે છતે રાંકડા એવા તેઓ શું કરવા સમર્થ છે.

આ રીતે રાજાની વાત સાંભળીને મંત્રી શ્રેષ્ઠે આ રીતે ન્યાય માર્ગને પ્રકાશન કરતી વાણી કહી. હે પૃથ્વીનાથ! પ્રત્યેક અસમર્થ એવા પણ પ્રાણીઓને સમુદાયથી તૃણની જેમ સામર્થ્ય પ્રાપ્ત થાય છે.

**ઘણા પણ અસમર્થોનો સમુદાય દુર્જય છે, તૃણથી જ બનેલી દોરી નાગપાશ બની જાય છે.** જ્યારે રાજાઓનું દુર્ભાગ્ય ઉદયમાં આવે છે ત્યારે સમુદાયની સાથે તેનો વિરોધ થાય છે–હે ધરાપતિ મહાજનના વિરોધથી વિનાશ થાય છે તે અર્થમાં તમે સુયોધન રાજાનું દૃષ્ટાંત સાંભળો. તે આ રીતે

ભરતક્ષેત્રમાં હસ્તિનાપુર નગરમાં પ્રજાપાલનમાં કુશલ એવો સુયોધન નામે રાજા હતો. લક્ષ્મી જેવી રૂપસંપત્તિને ધારણ કરતી કમળ જેવા મુખવાળી અંતઃપુરમાં પ્રસિદ્ધ પ્રાણથી પણ પ્રિય એવી કમળા નામે તેની પત્ની હતી. સૌભાગ્યવાન એવો ગુણપાલ નામે તેમનો પુત્ર હતો. નાનો હોવા છતાં પણ તેજસ્વીપણાથી તે રત્નની જેમ પ્રશંસનીય હતો.

સ્વતંત્ર રીતે રાજકાર્યને કરતો બલિ બન્ધનમાં નિષ્ણાત અને (પત્ની) સત્યભામાથી યુક્ત એવો પુરૂષોત્તમ નામે શ્રેષ્ઠ મંત્રી હતો. સારા આચારવાળો ઘણા ઉદયવાળો, શાંતિકર્મમાં તત્પર અને રાજાનો હિતકર એવો કપિલ નામે પુરોહિત હતો. પ્રચંડ એવા સ્ફુરાયમાન બલવાલો યમદણ્ડ નામે કોટવાલ હતો, જેનાથી ત્રાસ પમાડાયેલા ચોરોનો અવાજ ફક્ત શાસ્ત્રોમાં હતો. (એટલે તેના બળે ત્યાં કયાંય પણ ચોરનો ઉપદ્રવ ન હતો.) ઘણાં પુણ્યવાળો એવો તે રાજા ઘણા ન્યાયથી યુકત સુખ ભરપૂર એક છત્રી સામ્રાજ્યને કરતો થયો.

એકદા સભામંડપને શોભાવતાં રાજાને ગુપ્તચરોએ આવીને આ રીતે કહ્યું. હે દેવ ! મત્ત હાથી જેમ જંગલને ઉપદ્રવ કરે તેમ પુણ્યના સ્થાનરૂપ આપના દેશને શત્રુ રાજા ઉપદ્રવ કરે છે. હે વિભો ! સુખ સાગરમાં મગ્ન એવા આપ દેશભંગ અને પ્રજાની પીડાને ગણકારતા નથી તે કયારેય યોગ્ય નથી. દેહથી–ઘરથી–રૂપથી કે લીલાથી નહી પણ કેવળ પ્રજાના રક્ષણથી જ રાજા શોભે છે. ભાગીદારની જેમ પ્રજા પાસેથી ધન લઇને નિર્લજ્જ એવો જે સુખે સૂવે છે, સુખે ખાય છે અને લીલાથી સુખ પૂર્વક રમે છે એવો તેજથી રહિત જે રાજા દેશના ભંગને અને પ્રજાના ધ્વંસને જુવે છે તેના માટે રૌરવથી અધિક બીજુ કોઈ સ્થાન નથી.

ચરપુરૂષોની વાત સાંભળીને મદથી ઉદ્ધત એવો રાજા બોલ્યો પ્રમાદ નિદ્રાથી ઘેરાયેલો પરાક્રમવાળો હું જ્યાં સુધી રહું છું ત્યાં સુધી જ હરણ જેવા શત્રુઓ સ્વૈરપણે ચરે છે. પણ જાગેલા સિંહની

જેમ હું ક્રોધિત થયે છતે કોણ ? (સ્વૈરપણે ચરી શકે.) કહ્યું છે કે ત્યાં સુધી જ હરણીયાં સ્વચ્છંદ રીતે સંચાર કરે છે જ્યાં સુધી નિદ્રાથી બંધ આંખોવાળો સિંહ ગુફાનો આશ્રય કરે છે. જાગેલા કેશની લટાના ભારવાળા બહાર નિકળતાં તેનો અવાજ કર્ણ ગોચર થયે છતે હત બુદ્ધિવાળા બનેલા તેઓ ચારે દિશાઓમાં દૂર ભાગી જાય છે. આમ કહીને તેણે તેઓને ભેટ દાન આપ્યું (અને) પ્રચંડ સંગ્રામમમાં નિષ્ણાત એવાં સુભટોને કહ્યું.

બંને પક્ષથી વિશુદ્ધ અને ગુણવાન એવા હે વીરો ! તમારા માટે હમણાં જયલક્ષ્મીને વરવાનો સમય છે. આ માટે જ ચરણે આવેલા તમને રાજ્યલક્ષ્મીના પુષ્કળ વ્યય દ્વારા કપટ રહિત એવા મેં આગળ વધાર્યા છે. જે જે વસ્તુ દેખાય તે તે વસ્તુ લઇને લક્ષ્મીનાં નિધિ સમા સંગ્રામ વિધિને માટે તમો પ્રયત્નથી સજ્જ બનો. રાજાની સાથે ભોગો ભોગવીને જે સૈનિક સંગ્રામ સમયે પાછો હટે છે, તે સ્વર્ગમાં ગયેલ પોતાના સાત પૂર્વજોને નીચે પાડે છે. પાણીથી ઘબરાયેલાં બ્રાહ્મણો અને રણથી ઘબરાયેલા ક્ષત્રિયો તે પાપથી હું-લેપાઈ છું તેથી જયદ્રથને હણો નહી. આ રીતે યુદ્ધ કાર્યમાં વીરોને ઉત્સાહિત કરીને રાજાએ શત્રુને જીતવાની ઇચ્છાથી સર્વ સામગ્રી કરાવી.

રાજાનાં આવાસમાં શાંતિક કર્મને કરતાં પુરોહિતોએ દિવ્ય અસ્ત્ર, હાથી, ઘોડા આદિનાં પૂજાનો ઉત્સવ કર્યો. વીરોવડે વિઘ્નશાંતિને માટે પાત્રદાન અપાય છે અને વિવિધ વિધિઓથી દેવતાનું પૂજન કરાય છે. બધા વડે ગુરૂઓ પૂજાય છે અને મોટાઓને માન અપાય છે અને સુવર્ણદાનથી બંદીજનો, ચારણો અને માંગનારાઓને ખૂશ કરાય છે. સ્વર્ણકોટીનાં દાનથી પણ નમાનતી પોતાની પત્નીઓને ચરણોનાં પ્રણામથીજ સુભટો સાંત્વન આપે છે. રાજાએ વૈરીઓ સાથે યુદ્ધ માટે એક અયુત (૧૦હજાર) હાથીઓ અને ૭ અયુત (૭૦હજાર) ઘોડાઓ તૈયાર કરાવ્યાં.

આ રીતે યુદ્ધને માટે સામગ્રી તૈયાર કરાવીને જવાની ઇચ્છાવાળા રાજાએ દુર્ગપાલને બોલાવીને આ રીતે કહ્યું. હે ભદ્ર ! તારે પ્રયત્નપૂર્વક જનપાલન કરવું. વળી સાવધાનપણે કિલ્લાની રક્ષાની વિધિમાં તત્પર રહેવું. જ્યાં સુધી હુ જયલક્ષ્મીને હસ્તગત કરીને ઘરે આવું, ત્યાં સુધી બીજા શ્રેષ્ઠ એવાં રાજકાર્યો અને અન્ય કાર્યો તારે કરવાં. આ રીતે દુર્ગપાલને કહીને ચતુરંગ સેનાથી યુક્ત રાજા જયયાત્રા માટે નગરીમાંથી ચાલ્યો. તે દિનથી માંડીને પ્રયત્નપૂર્વક રક્ષણ કરતાં તેણે સર્વ પ્રજાને આનંદ આપ્યો અને સુખી કર્યા. શ્રેષ્ઠીઓ અને નગરજનો સાથે સુંદર વર્તાવ કરી તેણે રાજપુત્રાદિ સર્વેને વશ કર્યા.

હવે સન્મતિવાળો જેમ મિથ્યાત્વને દૂર કરીને સદ્દર્શનને પામે છે. તે રીતે શત્રુઓનાં સમૂહને દૂર કરીને તેનાં દેશ ઉપર પોતાની આજ્ઞાને સ્થાપીને જય લક્ષ્મીનાં સંગમથી ઉજ્જવલ એવો તે રાજા કેટલાક દિવસો બાદ સ્થાને સ્થાને કરાતાં ઉત્સવવાળાં નગરને વિષે પાછો આવ્યો ત્યારે આનંદિત એવાં સર્વે નગરજનો વિવિધ ભેટણાઓ લઇને રાજાની સામે આવ્યાં. ભેટણાઓને આગળ ધરીને વિનયી એવાં તેઓએ આપત્તિને દૂર કરતાં એવાં રાજાનાં ચરણમાં વંદન કર્યા.

આનંદથી સન્માન આપીને ત લોકોને રાજાએ પૂછ્યું કે હે મહાજનો ! તમે બધાં કુશળ છો ને ? તેઓ બોલ્યાં હે સ્વામિન્ ! ન્યાયસાગર એવાં દુર્ગપાલની કૃપાથી હમણાં અમો સહુ અત્યંત સુખી છીયે.

આ વચન સાંભળીને રાજાએ ચિત્તમાં વિચાર્યું કે શું આ લોકો બોલવામાં ભુલ્યાં કે મને (સાંભળવામાં) વિપર્યાસ થયો છે. તાંબુલ અપાવીને થોડીવાર પછી રાજાવડે ફરીથી પુછાયેલાં તે નગરજનો તે જ રીતે બોલ્યા. પછી રાખથી ઢંકાયેલ અગ્નિની જેમ અંદરથી ક્રોધિત પણ બહારથી તાપને ન બતાવતાં તે રાજાએ મહાજનને વિદાય કર્યા અને વાદિંત્રોનાં અવાજોથી દિશાઓને ભરી દેતાં વાદ્યો સાથે લહેરાતી ધજાઓથી અદ્ભુત એવી રાજધાનીને શોભાવી

ત્યારથી માંડીને રાજાનાં મનમાં આ રીતે ચિંતા થઇ અરે! આણે સર્વ નગરજનોને સ્વવશ કર્યા છે. તેથી આનિશ્ચિત દુષ્ટ અભિપ્રાયવાળો રાજદ્રોહી છે. રાજાઓ ગુણથી અધિક એવાં સેવકનો દ્રોહ કરે છે (નિગ્રહ કરે છે). તેથી આને કોઇક ઉપાયથી મારે નિગ્રહ કરવો જોઈએ. નહીતર મારી રાજ્ય લક્ષ્મીનો મૂળથી નાશ થશે

**બિલાડીને અર્પણ કરેલ દૂધનાં પૂરની જેમ નોકરનાં હાથમાં રાજ્યનાં ભારને સોંપીને સ્વૈરપણે વિચરતાં જે રાજાઓ સુવે છે તે મૂઢ બુદ્ધિવાળાં છે.**

આ રીતે વિચારતો છળની ઈચ્છાથી તે રાજા લાંબા કાળ સુધી રહ્યો. પણ ક્યારે પણ કોઇની આગળ તેનાં સ્વરૂપને કહ્યુ નહી. ઇંગિત આકારનાં જાણવામાં કુશળ એવા પુરાધ્યક્ષે તે જાણીને ક્યારેક આ રીતે વિચાર્યુ. અરે! જન્મથી માંડીને હુ શ્રેષ્ઠ એવા રાજકાર્યોને કરૂ છું તો પણ આ રાજા દુષ્ટતાને મુકતો જ નથી. આ જગતમાં સારા એવાં અનેક કાર્યોથી ખુશ કરાયેલાં પણ રાજાઓ યમની જેમ ક્યારેય ખુશ થતાં નથી. સૌજન્યને કરતા નથી.

**કાગડામાં પવિત્રતાં, જુગારીમાં સત્યુ સર્પમાં ક્ષમા, સ્રીઓમાં કામની ઉપશાંતિ નપુંસકમાં ધીરતાં, દારૂડિયામાં તત્વચિંતા અને રાજામાં મિત્રપણું કોઇએ જોયું અથવા સાંભળ્યું છે?**

આ રીતે કેટલોક કાળ ગયે છતે રાજાએ પ્રધાન અને પુરોહિતને બોલાવીને પોતાનો અભિપ્રાય નિવેદિત કર્યો. દૈવયોગથી તેઓએ પણ તે જ રીતે માન્ય કર્યુ. કારણ કે દુનિયામાં પણ પુરાતન એવી એક કહેવત સંભળાય છે.

**તે રીતની બુદ્ધિ થાય છે. સહાયો પણ તે રીતનો થાય છે અને વ્યવસાયો પણ તે રીતે જ થાય છે. જે રીતની ભવિતવ્યતા હોય.**

એક વખત ભેગા થયેલાં તે ત્રણે સાથે કોઇક ઉપાય વિચારોને રાત્રિનાં સમયે ભંડારમાં ખાતર પાડયું. કોશમાં રહેલી સારી એવી

વસ્તુઓને જે ઘરમાં સ્થાપીને પાછાં જતાં તેઓ વડે પાપ કર્મનાં ઉદયથી રાજાની પાદુકાઓ, મંત્રીની મુદ્રા (અંગુઠી) અને પુરોહિતની જનોઇ ત્યાં ભુલાઇ

હવે કપટનાં એક માત્ર આવાસરૂપ રોષવાળાં રાજાએ દુર્ગપાલને બોલાવીને આ રીતે કહ્યું હે દુષ્ટ ! મારી કૃપાથી દુર્ગપાલપદની લક્ષ્મીને પામીને તું લોકમાં રક્ષા કરે છે પણ રાજકુલમાં (રક્ષા) કરતો નથી. આજે કોઈકે મારા ઘરમાંથી સંપત્તિના સારભૂત એવી પ્રશંસનીય વસ્તુઓ મારા ઘરમાંથી ગ્રહણ કરી છે (ચોરી છે) જો જલ્દીથી ચોર સાથે તે વસ્તુઓ તું સમર્પિત નહિ કરે તો ચોરની જેમ હું તારો પરાભવ કરીશ.

આમ રાજાજ્ઞાને પામીને ખાત્ર જોવાનાં હેતુથી કેટલાક લોકોની સાથે જતાં યમદણ્ડે ભાગ્ય યોગે ખાત્રનાં મુખ પાસે રાજા મંત્રી આદિની પાદુકા મુદ્રા વગેરે દેખી. તે વસ્તુઓને લઇને ચોર પણે રાજાદિને જાણીને ચિંતાથી ચંચલચિત્તવાળાં તેણે ઘણો ખેદ કર્યો. ૩૪થી૩૯

અરે જો પ્રધાનાદિની સાથે ન્યાયમાર્ગના નિધિ સમો રાજા સ્વયં નિજગૃહને લુંટે ! મહાપુરૂષોની આવી ચેષ્ટા પ્રાયઃ ભાગ્યનાં વિપર્યાસથી થાય છે. તેથી અહીં કંઇક મોટુ નિમિત્ત વિચારવું જોઇએ. જયાં રાજા સ્વયં ચોર હોય અને સચિવાદિ સહાયક હોય તો મારે આની વાત કોની સમક્ષ કહેવી.

પછી કોલાહલ સાંભળીને બધુ જ મહાજન તે જ ક્ષણે રાજમહેલનાં આંગણે આવ્યું. વિનયથી નમ્ર એવાં તેઓને ક્રોધથી લાલ મુખવાળાં રાજાએ સમગ્ર વૃત્તાંત કહ્યો. રાજાના આદેશથી ખાત્રસ્થાનને જોઈને વિસ્મિત થયેલાં મહાજને રાજાને નમસ્કાર કરીને આ રીતે વિનંતી કરી.

હે રાજન્ ! આસુરી ભાવને ત્યાગીને ચોરને જોવા માટે દુર્ગપાલને તમે સાત દિવસની મુદત આપો. સાત દિવસમાં જો સર્વવસ્તુઓ અને ચોરને ન આપે, તો કાર્યાકાર્યની વિચારણાથી તમારે

તેને દંડ કરવો. મહામહેનતે રાજાએ તેઓએ કહેલું સ્વીકાર્યું. આ રીતે સંધી કરીને રાજાને નમીને તે દુર્ગપાલની સાથે સર્વે નગરજનો પોતાનાં ઘેર ગયાં,

અહી દુર્ગપાલે પણ યુક્તિથી રાજપુત્ર–મંત્રીપુત્ર આદિ સર્વને ચોરીનો સમગ્ર વૃત્તાંત કહ્યો. તેઓ બોલ્યાં તું ગભરાઈશ નહી. રાજા હોય કે કોઈપણ હોય સત્યપક્ષનાં સ્થાપક એવા અમે યોગ્ય જ કરશું. કારણ કે ન્યાયનિષ્ઠ અને ગુણોથી શ્રેષ્ઠ એવાં તમે હોતે છતે નગરમાં ક્યારે પણ ચોરનો ઉપદ્રવ થયો નથી. હમણાં તો રાજાનાં કપટથી રાજભંડારના ચોર તરીકે તારો પ્રચાર થયો છે. તેથી સારી રીતે ગુણદોષને વિચારીને રાજાની આગળ અમો પણ ન્યાયમાર્ગને કહીશું.

તે વચનામૃતોનાં પાનથી ખુશ થતો આ દુર્ગપાલ બોલ્યો કે તમારી કૃપાથી મારૂ બધું સારૂં થશે પછી સર્વ જાણતો હોવાં છતાં પણ ધુર્તવૃત્તિને ધારણ કરતો નગરાધ્યક્ષ ચોરને જોતો નગરમાં ફર્યો.

## ઘરડાં ગાડાં વાળે

હવે પ્રથમ દિવસે સવારે યમદણ્ડ રાજસભામાં આવીને જ્યારે રાજાને નમ્યો તેટલામાં રાજા બોલ્યો. અરે ! અરે ! દુષ્ટમતિ તેં ક્યાંય ક્રૂર એવાં ચોરને જોયો ? ત્યારે કોપિત એવાં રાજાને નમીને તેણે આ રીતે જણાવ્યું.

હે સ્વામી ! નગરમાં સર્વત્ર મેં ચોરને જોયો પણ શુદ્ધ ધર્મ પ્રણેતાની જેમ તે ક્યાંય પણ દેખાયો નહી.

પછી રાજા બોલ્યો કે સેવક કહેવાતા એવાં તને નિરર્થક આટલો કાલ વિલંબ કેમ થયો ? તે પણ બોલ્યો, હે મહાદેવ ! રસ્તામાં કથાકાર વડે કહેવાતી કર્ણપ્રિય એવી કથા મે સાંભળી તેથી હે રાજન્ !

મને આટલી વાર લાગી, કારણ કે સર્વ રસોમાં કથા રસ અધિક કહ્યો છે. ત્યારે હસતો એવો રાજા બોલ્યો કે જેથી તું પોતાનું પણ મોત ભૂલી ગયો, તે કથાને વ્યથા મુક્ત બની હમણાં તું મને કહે. રાજાનાં આદેશને પામી ખુશ થયેલો તે જનપ્રિય એવી કથાને કહેવા લાગ્યો.

પૃથ્વીનાં એક ભાગમાં સર્વ મોટા જીવોને ઉપકારક એવાં નિવાસસ્થાન જેવું ઉદ્વેગ રહિત એવું જંગલ છે. જેમાં રહેલાં વૃક્ષો વિશ્વનાં સર્વ જીવોને ઇચ્છિત એવાં ફળની સંપત્તિથી પોતાની કુલીનતાને કૃતાર્થ કરે છે. ગ્રામીણ આચારમાં તત્પર હોય તે રીતે વિવિધ પ્રકારનાં પક્ષીઓનાં સમૂહો ત્યાં સ્વૈરપણે ખાય છે, પીવે છે અને વિલાસ કરે છે.

શાંત પ્રકૃતિને ધારણ કરતાં, પાણીમાં ડુબતાં એવાં તાપસો [પોતાનાં] નમ્ર આચારને પ્રાયઃ ક્યારેય મુકતાં નથી. વિનયર્થી ઉજ્જવલ એવાં તે મુનિઓ જીવો પ્રત્યેનાં વાત્સલ્યથી તાપની તૃષાને દૂર કરનાર ધર્મોપદેશરૂપી અમૃતની નીકને પાળે છે.

ત્યાં શ્રમને દૂર કરતું પવિત્ર પાણીથી ભરેલું રાજહંસની શ્રેણીથી શોભતું સરોવર છે. જેની નજીક વેલડીઓ છે અને ઉંચુ હોવાં છતાં ઘણાં ફળની સંપત્તિથી નમેલું વિશાલ એવું સાલવૃક્ષ છે. થોડુંક નમાવતાંની સાથે પૃથ્વી ઉપર ઘણાં ફળને આપતાં તે વૃક્ષને પમાય તો તેને ઉત્તમોની સાથે જ સરખાવાય.

તેની ઉપર પુત્ર પત્ની આદિ પરિવારથી ઉત્કૃષ્ટ ચિત્તવાળાં સેંકડો રાજહંસો ઘર કરીને રહ્યાં હતાં. પરાગથી આનંદિત ચિત્તવાળાં કવિઓને વિશે પ્રસિદ્ધ કાંતિવાલાં વિવેકી તરીકે જેઓ પ્રસિદ્ધ થયાં છે તેઓ સારી ગતિવાળાં કેમ ન થાય.

એકદા એક વૃદ્ધ એવાં રાજહંસે વૃક્ષનાં મુખમાંથી ઉત્પન્ન થતાં વેલડીનાં નવાં અંકુરાને જોઇને હિતની ઇચ્છાથી યુવાન હંસોનાં સમુહને કહ્યું; ભવિષ્યની દીર્ઘદૃષ્ટિ એજ વૃદ્ધોનું વૃદ્ધપણું છે. હે વત્સો ! તમારા માટે ઘણાં દુઃખોના કારણભૂત. આ લતાનો અંકુરો જે સુખેથી સાધ્ય છે, તેને જલ્દીથી દૂર કરો. નહીતર તમારા બધાં માટે

દુઃખનું કારણ થશે; વેરિ, વ્યાધિ અને અંકુરાને નક્કી પ્રથમથી જ ઉખેડવાં.

એ સાંભળીને મૂર્ખ એવો નાનાં હંસોનો સમૂહ બોલ્યો, અરે ! વૃદ્ધ એવાં પણ આપ હજુ સુધી મોતથી ગભરાઓ છો. હે વૃદ્ધ ! અમે નિરર્થક ભય શું કામ કરીએ ? કોણ જાણે છે કે ભવિષ્યમાં વળી શું થશે ?

આ રીતે તેઓનું વચન સાંભળીને વૃદ્ધ હંસે વિચાર્યું, અરે યૌવનનાં ઉન્માદથી છકેલાં અભિમાની એવાં આ મહામુર્ખો-ગુણકારી એવાં પણ મારા હિતોપદેશને સાંભળતાં નથી અને નકામો ગુસ્સો કરે છે.

**નાક કપાયેલાને શુદ્ધ અરિસો બતાવવાની જેમ સન્માર્ગનો ઉપદેશ તાત્કાલિક ક્રોધને માટે થાય છે.**

આ રીતે કહીને ફળ પામ્યા પછી વિશ્વાસ થશે, એ રીતે વિચારતાં વૃદ્ધ હંસે મૌન ધારણ કર્યું અને તે (બીજા) કોઇ વૃક્ષ ઉપર રહ્યો.

પક્ષિઓનાં સર્વથાં ક્ષીણ થયેલા ભાગ્યથી કાલાંતરે વધેલો તે અંકુરો વૃક્ષ ઉપર ચઢયો. એકદા વેલડીનાં વિસ્તારનાં આલંબને ચઢેલાં અધમ એવાં કોઇ શિકારીએ ત્યાં જાળ પાથરી. પૃથ્વી ઉપર સર્વત્ર સ્વૈરપણે વિચરતાં તે રાજહંસો સાંજે વિશ્રામ માટે ફરી તેજ વૃક્ષ ઉપર આવ્યાં. વિવેકહીન ચિત્તવાળા જીવો જે રીતે સ્ત્રીઓના અંગોમાં પડે તે રીતે માયાજાળને ન જાણતાં તેઓ ક્ષણવારમાં તે જાળમાં પડયા.

પાશની વિવશતાથી ધ્રૂજતાં તે બીજા વૃક્ષ ઉપર રહેલા વૃદ્ધ હંસનાયકે કહ્યું. હે પુત્રો ! પહેલાં મે તમને સુખકારી ઉપદેશ કર્યો હતો. હવે બુધ્ધિભ્રષ્ટ એવાં તમને મોત આવ્યું છે.

**બુદ્ધિ શ્રેષ્ઠ છે વિદ્યા નહી. વિદ્યા કરતાંય બુદ્ધિ ઉત્તમ છે. બુદ્ધિહીન જીવો સિંહ કરનારની જેમ નાશ પામે છે. (સંજીવની વિદ્યાથી હાડકામાંથી સિંહ પેદા કરનારની જેમ)**

પોતાનાં કાર્યનો શોક કરતાં તેઓ ગદ્‌ગદતાપૂર્વક આ રીતે બોલ્યાં, હે તાત ! પ્રસન્ન થઇને અમને જીવવાનો ઉપાય આપો. જાણકારોમાં શ્રેષ્ઠ અને દયાવાળો એવો તે વૃદ્ધ બોલ્યો હે પુત્ર ! પ્રયોજન નષ્ટ થયે છતે ઉપાય દુર્લભ છે.

**અજ્ઞાનતાથી, પ્રમાદથી અથવા ઉપેક્ષાથી કાર્ય નાશ થયે છતે, પુરૂષોનો સર્વ પ્રયાસ નિષ્ફળ છે પાણી નિકળી ગયાં પછી બંધ બાંધવાનો શું અર્થ ?**

તો પણ ભ્રષ્ટ સાંધાવાળા તમે મડદાની જેમ પડી રહો નહીતર તે શિકારી તમારી ડોક મરડી નાંખશે. તેઓએ તે રીતે કર્યું-(કારણ કે મુર્ખાઓ પાછળથી માને છે)

સવારે તેઓને ગ્રહણ કરવાની ઇચ્છાવાળો તે શિકારી ત્યાં આવ્યો. ચેષ્ટારહિત એવાં રાજહંસોનાં સમૂહને જોઇને તેઓને મરેલાં માનીને મૂઢ એવાં તેણે તેઓને વૃક્ષ નીચે મુકયાં ક્રમે કરીને જ્યારે સર્વેને તેણે પૃથ્વી ઉપર મુકયાં, તેટલામાં વૃદ્ધનાં કહેવાથી તેઓ ચારે બાજુ ઉડી ગયાં. નિષ્ફળ આરંભવાળો શિકારી પછી પોતાનાં ઘરે ગયો, પાપીઓ પ્રાયઃ અપૂર્ણ મનોરથ વાળાં થાય છે.

આનંદથી મધુર ધ્વનિને કરતાં તે પક્ષીઓ પણ વૃદ્ધ હંસનાં ચરણકમળમાં પ્રણામ કરીને આ રીતે બોલ્યાં, હે વિભો ! આપની કૃપામૃતધારાનાં અભિષેકથી અમો વિશ્વવલ્લભ એવાં જીવિતને પામ્યા.

અરે ! પ્રારંભમાં કડવાશથી યુક્ત એવાં વૃદ્ધનાં ઉપદેશનો પરિણામ મહૌષધિનાં રસની જેમ શીતલ હોય છે. જે પ્રાણીઓ સ્વાદિષ્ટ અને અત્યંત શીતલ એવાં વૃદ્ધનાં ઉપદેશામૃતને પીવે છે, તે ચંદ્રગુપ્ત રાજાની જેમ રાજ્ય, જીવિત, સમૃદ્ધિ વગેરે સુખોને મેળવે છે.

**ગુણથી શોભતાં સુજ્ઞ જનોએ વૃદ્ધ પુરૂષોના વાકયને સદા કરવું વનમાં બંધાયેલાં અને વૃદ્ધનાં વાકયથી મુકાયેલાં હંસોને તું જો.**

પછી સ્વાતંત્ર્યનાં આનંદને પામેલો રાજહંસોનો સમૂહ વૃદ્ધનાં આદેશની બાબતમાં આ રીતે બોલ્યો. જે વૃક્ષને વિષે લાંબા કાળ સુધી ઉપદ્રવરહિતપણે રહ્યો તેના જ મુખમાંથી વેલડી ઉગી, શરણુંમાંથી જ ભય આવ્યો.

મુળથી જ કાર્યનો નાશ થયો એ રીતે દુર્ગપાલે પોતાનો અભિપ્રાય જણાવ્યાં છતાં રાજાએ તે જાણ્યો નહી. આ રીતે કથાનક કહીને તે પોતાનાં ઘેર ગયો, તે જ વિચારવાળો રાજા પણ અંતઃપુરમાં ગયો.

## કૃતઘ્ન કદી સુખી ન થાય.

બીજે દિવસે કલ્યાણકાંક્ષી દેવપૂજા-દયા-દાન-પરમેષ્ઠિ ધ્યાનાદિ યથાયોગ્ય પ્રાતઃક્રિયા કરીને અનેક અલંકારોના સમૂહથી શોભતાં સુંદર દેહવાળા રાજાએ સભાને શોભાવી. સર્વે રાજવર્ગે પોતાના ઇચ્છિતની સિધ્ધિ માટે દેવતાની જેમ રાજાને પણ નમસ્કારથી ખુશ કર્યો.

થોડી વાર પછી નાવિક સમુદ્રને નમે તે રીતે દુર્ગપાલોનો પ્રમુખ રાજાને નમ્યો. રાજાએ, અરે! તેં ચોર જોયો કે નહી એમ પુછતાં તે બોલ્યો, જોવા છતાં પણ મેં (ચોરને) ક્યાંય જોયો નહી.

રાજાએ પુછ્યું તને મોડું કેમ થયું ? તે બોલ્યો, મેં કુંભારે કહેલી કથા સાંભળી, રાજાએ કહ્યું, દુઃખદ અંતવાળા મરણના સંકટને ભુલાવનાર એવી કથા તું હમણાં મને કહે.

આ રીતે રાજા પાસેથી આદેશને પામીને સભાજનોને ઉત્સાહિત કરતાં દુર્ગપાલે કથાને કહી. તે આ રીતે

આ નગરમાં જ વિવિધ જ્ઞાનથી યુક્ત પાલ્હણ નામે કુંભાર છે. રાજાઓ અને મુનિઓ વડે પણ પ્રજાપતિપણાથી સર્વાશ્રમનો પોષક એવો તે ઉચ્ચ જાતિ કરતાં પણ પ્રશંસનીય કેમ ન ગણાય ?

તે કુંભાર નગરની નજીક રહેલી એક જ માટીની ખાણમાંથી વ્યાપાર માટે ન્યાયપૂર્વક માટી લાવીને સુંદર આકારના વાસણોને

કરતો નિરંતર વિવિધ કરિયાણાઓ વડે મધુર ભાષી પણે તે વેચે છે.

એકદા સમતાસાગર ઉત્કૃષ્ટ જ્ઞાની અને ક્રિયાતત્પર એવા કોઈક સાધુ નિવાસની ઈચ્છાથી સાંજના સમયે તેના ઘરે આવ્યા. વિનયથી નમસ્કાર કરીને સેવા કરતાં શુભ ભાવવાલા કુંભારે તેમને પુણ્ય-પાપનું સ્વરૂપ પુછ્યું.

કરૂણાસાગર મહર્ષિએ તેને કહ્યું કે હે ભદ્ર! તારી આ જીજ્ઞાસા તારા નિકટ મોક્ષગામીપણાને સુચવે છે. જ્ઞાન-કષ્ટ-આદિ અનુષ્ઠાનોમાં તત્પર (પણ) વિચારથી જડ બુધ્ધિવાલા જીવો ધર્મને નામે અધર્મ કરે છે.

**કહયું છે કે લોકો ધર્મને માટે કલેશ કરે છે પણ કાળુ, લીલું ધોળુ-લાલ એમ કંઈ રીતે ધર્મનું સ્વરૂપ છે તેની પરીક્ષા કરતા નથી.**

(ધર્મની બાબતમાં સહુ જુદી જુદી માન્યતાવાળા હોય છે.)

કેટલાક વેદને પ્રમાણ માને છે. કેટલાક ઇશ્વર કર્તૃત્વવાદ માને છે. કેટલાકને સ્નાનમાં ધર્મેચ્છા છે, તો કેટલાક જાતિવાદના મદવાળા છે. કેટલાક પાપનાશ માટે યજ્ઞને માને છે, તો જેઓનું જ્ઞાન નાશ પામ્યું છે એવા જડ લોકોને વિષે પંચલિંગ છે. વધમાં ધર્મ, પાણી તીર્થ, ગાય નમસ્કરણીય, ગુરુ ગૃહસ્થી, દેવ અગ્નિ અને બ્રાહ્મણ, જેઓમાં આ પાત્રરૂપ છે તેઓની સાથે સંબંધ કેવો હોય! અહિંસાથી થનારો ધર્મ હિંસાથી કંઈ રીતે થાય? પાણીમાં ઉત્પન્ન થતાં કમળો (જેમ) અગ્નિથી ન થાય. વેદમંત્રોથી હોમાયેલા જીવો જો સ્વર્ગમાં જાય છે, તો જેમને સ્વર્ગ ઈષ્ટ છે એવા ઇષ્ટ પિતાદિ વડે જ યજ્ઞ કરો. નિર્જીવ નાગોને નમે છે અને નિર્દય એવા આ જીવતા નાગોને હણે છે. તો કેટલાક વનદાહમાં પુણ્ય માને છે. બાળ જીવોની વાત રહેવા દો, પણ વિવિધ શાસ્ત્રોના જ્ઞાતાઓ પણ ત્યાં ઉન્મત્તની જેમ વિચાર રહિત ચેષ્ટાવાલા દેખાય છે. ત્યાં ઉદુંબર, ઉદુખલ આદિ

વૃક્ષો દેવની જેમ પૂજાય છે અને પ્રથમ રોટલાનાં દાન માટે કાગડાની પાત્રતા મનાય છે. જેઓ પરવશપણે ફરી ફરી સ્ત્રીની કુક્ષીમાં જન્મે છે. તેવા દેવો પાસેથી આ મુર્ખાઓ ભવના અંતરૂપ મોક્ષ પદને ઇચ્છે છે. જેઓમાં પત્ની, ધન, ધાન્ય, આદિ વિષેનો પરિગ્રહ છે તેઓ ગુરૂ થઈને ઘણાઓને ભયથી તારવામાં પ્રયત્ન કરે છે.

**ધૂર્તોવડે રસ્તા ઉપર ચઢાવાયેલો અંધ તેનાં સ્વરૂપને ન જાણતો છતાં પણ તે રસ્તે જાય છે, તે રીતે છતી આંખવાળો જો વિચાર રહિતપણે તે રીતે વર્તે તો તેમાં ખરેખર દૈવનો'જ દોષ છે.**

અધર્મ, અલ્પ ધર્મ, ઘણો ધર્મ અને થોડું પાપવાળા તેમજ શુધ્ધ ધર્મ યુકત એમ ચાર રીતે ધર્માનુષ્ઠાનો મનાયેલાં છે. સર્વે પણ ધર્મવાદીઓને વિષે અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય. અને અપરિગ્રહ એ પાંચ પવિત્ર છે. આ પાંચ પદનું આચરણ યતિઓને સર્વથા હોય છે તો ગૃહસ્થોને દેશથી એવો આ ધર્મ સર્વ સુખને આપનાર છે. ઇત્યાદિ દેશનાં સાંભળીને તત્ત્વજ્ઞ એવો તે પાપભીરૂપણાથી સર્વ ક્રૂર આરંભનો ત્યાગી એવો શ્રાવક થયો.

એકદા તે'જ ખાણમાં ખોદતાં પુણ્યનાં અનુભાવથી સુખના કારણ ભૂત એવું નિધાન આ કુંભાર પામ્યો. તેનાં બળથી તે ધનિક થયો. અને જ્ઞાતિમાં ગૌરવને પામ્યો. વળી દીનોને વિષે યથાયોગ્ય દાન આપ્યું

વિવિધ દેશમાંથી આવેલાં જીવોને રહેવાં યોગ્ય કૈલાસ પર્વત જેવું નવું મંદિર (ઘર) તેણે બનાવ્યું. તે રીતે લોકોને વિસ્મિત કરતાં મોટાં ઉત્સવપૂર્વક પુત્ર-પૌત્રાદિ સંતતીને ક્રમે કરીને પરણાવ્યા. પછી આ રાજકૃપાથી શિલ્પી સમૂહનાં આગેવાન પદને પામ્યો. કારણ કે ધર્મ એ સર્વાર્થનું સાધક છે. ૩૩ થી૩૫

**કારણ કે ; જેની પાસે ધન છે તે મનુષ્ય કુલીન છે. પંડિત છે, શાસ્ત્રજ્ઞ છે, ગુણીયલ છે, તે જ વકતા છે, તે જ દર્શનીય છે સર્વે ગુણો સોનાને આશ્રયે છે.**

પરંતુ કુળક્રમથી આવેલાં શિલ્પીકાર્યને તે મૂકતો નથી ઉત્તમ પુરૂષો પ્રાયઃ કુળ પરંપરાથી આવેલાં કાર્યમાં તત્પર હોય છે. ૩૬

એકવાર સામગ્રી તૈયાર કરીને તે માટી લાવવાં માટે તે જ ખાણમાં ગયો હતો. સન્માનનીય માતાની જેમ સર્વ સુખની જનની સમી તે ખાણને જેટલામાં કોદાળીથી ખણે છે. તેટલામાં મારા વડે આટલી વૃદ્ધિને પામવાં છતાં દુષ્ટ બુદ્ધિવાળો આ કૃતઘ્નની જેમ હજુ સુધી પણ મને ખોદે છે એ હેતુથી વિકૃત આકારવાળો એવો તે ખાણનો કિનારો જલ્દીથી તેની ઉપર પડયો. સ્વામીદ્રોહી અને કૃતઘ્ન શું કયાંય પણ સુખી થાય છે ? તેથી જલ્દીથી તેની કેડ તે રીતે ભાગી કે તે સારો (બળવાન) હોવા છતાં પણ લાકડી વિનાં ઉઠવાં માટે અસમર્થ થયો તેથી મહાસંકટમાં પડેલાં તે કુંભારે સર્વ લોકોની સાક્ષીએ આ રીતે એક ગાથા કહી.

**જેનાથી હું ભિક્ષા અને બલી આપું છું, જેથી હું આત્માને પોષું છું તેણે જ મારી કમર ભાગી, શરણમાંથી જ ભય જાગ્યો** ૩૭ થી ૪૩

આ રીતે તેણે (યમદણ્ડે) પોતાનો જ અભિપ્રાય જણાવ્યો પણ ઈર્ષ્યાળુ રાજાએ તેનો વિચાર ન કર્યો. એ રીતે સર્વ સભાજનોને ખુશ કરી રાજાને પ્રણામ કરી તે પોતાનાં ઘરે ગયો.

રાજાએ પણ ક્ષણવાર સભામાં સચિવાદિની સાથે રાજકાર્યોને વિચારીને મહેલનો આશ્રય કર્યો.

## હિંમતે મર્દા તો મદદે ખુદા

ત્રીજા દિવસે પણ સભામાં બેસેલાં દુષ્ટ ચિત્તવાળા રાજાવડે પુછાયેલાં તેણે (યમદણ્ડે) આ રીતે કથા કહી

આ ભરત ક્ષેત્રમાં જ પૃથ્વીરૂપી વધુનાં તિલકરૂપ, સર્વ કલ્યાણોથી યુક્ત પાંચાલ નામે દેશ છે

ત્યાં સ્વર્ગને પૃથ્વી ઉપર કંડારવામાં કલમ સમું લોકોને આનંદનાં ધામસ્વરૂપ અને પૃથ્વીરૂપી કમળનાં મધ્યભાગરૂપ વરશક્તિપુર નામે નગર છે.

ત્યાં દયાળું લોકોને વિષે શોભારૂપ એવો સુધર્મ રાજા દેવોના સમૂહમાં ઇંદ્રની જેમ અગ્રેસર થયો. યુધ્ધમાં શ્રેષ્ઠ અને ક્ષમા (પૃથ્વી) ના ભારને વહન કરવામાં શ્રેષ્ઠ એવો તે રાજા જૈન સાધુની જેમ ધર્મી જનોમાં મુખ્ય થયો. સદ્દર્શનરૂપી પરાગથી પવિત્ર એવાં જેનાં ચિત્તમાં જિનધર્મરૂપી હંસ સદા લીલા કરે છે. તે પુણ્યાત્માએ અરિહંતની પૂજા–દયા–દાન–તીર્થયાત્રાદિ યોગ્ય ગૌરવથી જિનશાસનનું ગૌરવ વધાર્યું.

દેવીની જેમ દીવ્ય કાંતિવાળી, અને જિનમતરૂપી કમળને વિષે હંસી સમી સતી એવી જીનમતી નામે તેની પત્ની હતી. બાહ્ય અલંકારોથી યુક્ત હોવાં છતાં પાત્રદાન, ગૃહાચારમાં ચતુરતાં, પતિ પ્રત્યેનો ભક્તિ ભાવ આદિ અંતર અલંકારોને પણ તેણીએ ધારણ કર્યા.

સર્વજ્ઞ ધર્મરૂપી વૃક્ષને કાપી નાંખવાની ચેષ્ટાવાળો ચાર્વાક મતથી વાસિત એવો તેનો જયદેવ નામે મંત્રી હતો. જે મિથ્યાત્વનાં ઉદયથી મૂઢ એવો દેવ–ગુરૂ–ધર્મ અને સ્વર્ગ–સિદ્ધિ આદિનાં સુખને કોઈ પણ રીતે માનતો નથી. પરંતુ મગસેલીયા પત્થર જેવો તે રાજાનાં સંગથી બહારથી આનંદ ધારણ કરે છે.

ધર્મના નયની જેમ રાત દિવસ રાજ્ય પાળતાં તેને એકવાર વિનયાવનત ચરપુરૂષોએ આવીને કહ્યું. હે વિભો ! ગુફામાં રહેતાં કેશરીની જેમ મહાપલ્લીમાં વસતો અને પરાક્રમરૂપી લક્ષ્મીથી મહાબલની ખ્યાતિને પામેલો ચરક નામે લુંટારો છે. સ્વર્ગનાં ટુકડાની ઉપમાવાળા આપણા દેશમાં હમણાં, ક્રૂર દષ્ટિનાં બળથી ઉત્કટ થયેલાં મંદગ્રહની જેમ તે ઉપદ્રવને કરે છે.

આ સાંભળીને ઘણાં ગર્વથી યુક્ત રાજા સિંહની જેમ ગર્જના કરતો બોલ્યો કે ત્યા સુધી પ્રચંડ ભુજા બળવાળા શ્રેષ્ઠ હાથીની જેમ તે પોતાનાં અભિમાનથી મારી જાતને ઘબરાવતો ગર્જનાં કરે છે. કે જ્યાં સુધી સર્વ શત્રુઓનું દમન કરનારો હું આળસનિદ્રાથી મુક્ત થયેલો ચતુરંગ સેના સાથે સામે ગયો નથી.

મહોન્મત્ત એવાં હાથીઓ ત્યાં સુધી જ વનમાં ગર્જના કરે છે, જ્યાં સુધી કોપથી મલાયમાન પુંછડાવાળો સિંહ આવતો નથી.

પછી ઇચ્છિત દાનથી ચરપુરૂષોને ખુશ કરીને રણસામગ્રી માટે સેનાનીને આદેશ કરતા રાજાએ પોતાનાં ચિત્તમાં વિચાર્યું.

જે રાજા પોતાનાં દેશમાં લોકની પીડાની ઉપેક્ષા કરે છે. તે પાપાત્મા મરીને માછીમાર કરતાં પણ અધમ ગતિમાં જાય છે. જીવતો હોવાં છતાં પોતાની સીમાને શત્રુઓ આક્રમણ કરે છે તે રાજા પોતાને ક્ષત્રિયોમાં કંઇ રીતે ગણાવી શકે? ઉપદ્રવથી પ્રજાનું રક્ષણ કરવું એ જ રાજાનો તપ છે. જપ છે અને શ્રેષ્ઠ વ્રત છે. આ રીતે વિચારીને ચતુરંગ બળથી બળવાન એવો તે. જિનેશ્વરની અષ્ટપ્રકારી પૂજા કરીને ગુરૂજનો અને નગરજનોનો સત્કાર કરીને જયંત તેજવાળો એવો જય યાત્રા માટે ચાલ્યો.

જયયાત્રા માટે જતાં ગંગાનદીનાં પૂરની જેમ ઠેર ઠેર સેનાઓ-વડે તેનું સૈન્ય વધ્યું. સેનાનીની આજ્ઞાને ન માનતાં જયશ્રીનાં લંપટ એવાં સૈનિકોએ રસ્તામાં જતાં વડીલ પુરૂષોને પણ ઓળંગી દીધા. શરીરની શાંતિ માટે કેટલાકે અમૃત જેવું મીઠું નાળિયેરનું પાણી પીધું તો બીજાઓએ દ્રાક્ષનો રસ પીધો. કેટલાકે દેહના ઉન્માદના એકમાત્ર કારણરૂપ એવો તાડવૃક્ષનો રસ પીધો. તો બીજાઓએ રસ્તામાં સુલભ એવો ખજૂરનો રસ પીધો. ક્રમે કરીને પોતાના દેશની સીમાને પામીને રાજાએ સેનાને વિશ્રામાદિ માટે છાવણી કરાવી.

જો તમે તમારી જાતને સુભટ માનો છો તો કાલે સવારે રણાં-ગણમાં આવીને તમારૂં મુખ (પરાક્રમ) બતાવજો, દિવસ ઉગે છતે મને ત્યાં આવેલો તું જાણજે, એ રીતે રાજાએ શત્રુરાજાને નિવેદન કરા-વ્યું. જયલક્ષ્મીને વરવાં માટે ઉત્સુક ચિત્તવાળાં તે બંને રાજાઓએ રાત્રીમાં જ યુદ્ધને માટે સામગ્રી તૈયાર કરીને ઇન્દ્ર અને ઉપેન્દ્રની જેમ શ્રેષ્ઠ હાથી ઉપર આરૂઢ થયેલા, બંને બાજુ વિંઝાતા ચામર-વાળાં, લટકતાં કુંડલથી શોભતાં નવા દિવ્ય છત્રોવડે સૂર્યનાં તાપને

દૂર કરતાં ૩૬ તેજસ્વી આયુધોથી સહજ માત્રમાં શ્રમને ઉતારતાં, યાચકોનાં સમૂહને વિષે હું હું પૂર્વક દાન આપતાં, શસ્ત્રની અધિષ્ઠાત્રી દેવીનું પોતાનાં મનમાં સ્મરણ કરતાં. સુવર્ણસમી દેહકાંતિવાળાં, કોપનાં ભારથી ઉત્કૃટ આકારવાળાં, ચતુરંગ સેનાથી યુક્ત એવાં તેઓએ શ્રેષ્ઠ પુરૂષોનાં સમૂહનાં સંહારરૂપી પ્રલયની ઉપમાવાળું સમગ્ર પૃથ્વીતલને ધ્રુજાવતું એવું યુદ્ધ કર્યું.

અંધકારને વિસ્તારતાં રાત્રીને વિષે જ મોહિની વિદ્યાથી સમગ્ર શત્રુનાં બળને વિહ્વલ બનાવીને ક્રૌંચ પક્ષીની જેમ ઉદ્ધત એવાં તે ચરટને સુધર્મ રાજાએ હાથી ઉપરથી રણભૂમિ ઉપર પાડયો.

દુષ્ટનાં અનુશાસનથી ખુશ થયેલી તે પ્રદેશની અધિષ્ઠાયિકા દેવીએ રાજાનાં મસ્તક ઉપર પુષ્પવૃષ્ટિ કરી. ત્યારે ખુશ થયેલાં સૈનિકોએ જયજયારવ કર્યો અને દુંદુભિઓનાં અવાજોએ વિશ્વને કોલાહલમય કર્યું.

હવે પ્રધાનશિવદેવે ઘણાં ભેટણાં સાથે વિનયથી નમ્રતાને બતાવતાં મહાબળ (ચરટ) રાજાના પુત્ર બળદેવને આગળ કરીને (સુધર્મ) રાજાનાં ચરણે આવીને પૃથ્વી ઉપર મસ્તક લગાડીને અને પ્રણામ કરીને પ્રશંસાનાં વચનોથી પોતાનાં સ્વામિને મુક્ત કરાવ્યો, રાજાઓને સંકટ સમયે પ્રધાનનું જ બળ હોય છે.

પછી તેનાં ઘરનું સર્વસ્વ લઇને પૃથ્વીને વિષે સૂર્ય જેવો તે રાજા દેશનાં લોકોને આનંદ પમાડતો પોતાનાં નગર પાસે આવ્યો. હર્ષપૂર્વક ભેટણાઓ સાથે સામે આવેલાં નગરજનોની સાથે જેટલામાં તે નગર પ્રવેશ કરે છે, તેટલામાં અચાનક ઉત્પાતની સૂચક એવી તે કિલ્લાની એક શેરી (પાળી) જલ્દીથી પડી. તે રીતની તેણીને જોઇને શરીરનાં અભાવથી (મોતથી) શંકિત એવો તે રાજા તે દિવસે નગરની બહાર જ રહ્યો અને તે જ ક્ષણે તે નવી કરાવી, દેવોને જેમ મનથી (કાર્યસિદ્ધિ) થાય છે. તે રીતે રાજાઓનું ઇચ્છિત વચનમાત્રથી થાય છે.

બીજે દિવસે પ્રવેશ સમયે ફરી તે પડી, રાજાએ જલ્દીથી તે નવી કરાવી. વિવિધ ઉપાયોથી પ્રયત્નપૂર્વક કરાયેલી પણ ત્રીજા દિવસે જયારે તે'જ રીતં નીચે પડી ત્યારે બહાર રહીને'જ રાજાએ સચિવાદિને પુછયું કે હમણાં આ કંઇ રીતે સ્થિર થાય ?

પરસ્પર વિચારણા કરીને તેઓએ રાજાને કહ્યું, હે દેવ ! દીવ્ય દૃષ્ટિવાળાં નિપુણ એવાં નિમિત્તિઆએ કહ્યું છે કે પુરાધિષ્ઠાયિકા દેવી તમારા પ્રત્યેનાં કોપથી બલિની ઇચ્છાથી રોજે આ પાડે છે. હે રાજન્! જો એક મનુષ્યનો બલી આ દેવીને અપાય તો આ શેરી સ્થિર થાય.

આ રીતનું વચન સાંભળીને રાજાએ મનમાં વિચાર્યું, અરે ! પાપી એવાં આ લોકોની મૂઢતાં છે. અરિહંતનાં વચનરૂપી દીપકથી જેઓનાં અંતરનો અંધકાર દૂર થયો નથી તે પુરૂષો પંડિત હોવાં છતાં પણ પ્રાયઃ બહિર્મુખ થાય છે. સત્ય માર્ગનાં અજાણ મિથ્યાત્વનાં અંધકારથી યુક્ત એવા નિર્વિવેકી જીવો દારૂડિયાની જેમ વર્તન કરે છે.

પછી કૃપારૂપી અમૃતથી યુક્ત એવો તે રાજા બોલ્યો કે ગર (ઝેર)ની જેમ આ નગરથી મારે કોઇ કામ નથી. કે જેનાં માટે દુર્ગતિદાયક પ્રાણિ હિંસા કરાય; તેવાં સોનાથી શું કે જેનાથી કાન છેદાઇ જાય છે.

કોઢ સુવર્ણનું દાન આપવાં છતાં નરકપાતી એવાં એક જીવનાં વધથી ઉત્પન્ન થયેલાં પાપથી પણ જીવોની શુદ્ધિ થતી નથી. કહ્યું છે કે

**મેરૂપર્વત જેટલું સુવર્ણદાન કરે, ક્રોડો ધનની રાશિઓ આપે તો પણ એક જીવનાં વધથી થયેલું પાપ છુટતું નથી.**

સર્વ વર્ણોનાં લોકોથી પરિવરેલો એવો હું હમણાં જ્યાં રહેલો છું. ત્યાં વિવિધ પ્રકારનાં આવાસોથી શોભતું નગર થશે. અન્ય પણ

જે બુદ્ધિમાન પોતાનાં આત્મહિતને ઇચ્છે છે. તેણે મન-વચન-કાયાથી જીવરક્ષાં કરવી જોઈએ. કહ્યું છે કે

**શાશ્વત જીવન બળ અને આરોગ્યને ઇચ્છતાં રાજાએ પોતે હિંસા ન કરવી જોઈએ અને કરતાને અટકાવવું જોઈએ.**

કરાતી હિંસા જો સુખને માટે થાય તો વિષનાં રસનો સ્વાદ જીવનને આપે.

**જે પ્રાણી વધથી સુખને ઈચ્છે છે તે અગ્નિમાંથી કમળયુકત વનને સૂર્યનાં અસ્તથી દિવસને, સર્પના મુખમાંથી અમૃતને, કાલકુટ ઝેરથી જીવિતને, અજીર્ણથી નિરોગિતાં અને ઝઘડાથી સજ્જનતાને ઈચ્છે છે.**

દયાધર્મનાં પ્રભાવે મનુષ્યોને નિશ્ચિતપણે આરોગ્ય-રૂપ-બલ-ઐશ્વર્ય આદિ સંપત્તિઓ થાય છે. જીવહિંસા વિરતિનું જે વ્રત મેં દ્વિવિધ ત્રિવિધે પૂર્વે ગ્રહણ કર્યું છે તેનું હું પ્રાણાંતે પણ ખંડન કરીશ નહી, વ્રતનો ભંગ ઘોર એવી નરકની પીડાઓને'જ આપે છે. નીચ પુરૂષોની જેમ શ્રેષ્ઠ પુરૂષો પણ જો આપત્તિમાં વ્રત ભંગ કરશે તો તેનો પ્રગટ એવો શું ભેદ રહેશે ?

આ રીતે રાજાના વ્રતની દૃઢતાં જાણીને સચિવાદિએ નગરજનોને બોલાવીને કહ્યું કે જો કોઇ જીવનાં લોહીનાં દાનથી રાજા દેવીને બલી આપે તો આ પૂર્વદ્વારની શેરી સ્થિર થશે અને નૈવેદ્યાદિ કાર્ય થશે અન્યથા સર્વ નિરર્થક છે. કદાગ્રહથી ગ્રહિત એવો આ રાજા સ્વયં હિંસા કરતાં નથી અને તે માટે અનુમતિ પણ આપતો નથી. જ્યાં હું ત્યાં નગર એ રીતે બોલતાં દૃઢ આગ્રહવાલાં તેઓ છાવણીનાં સ્થાનમાં નવા નગરને કરવાં ઇચ્છે છે. આ રીતે જાણીને સર્વકાર્યોનાં ધુરંધર એવાં તમો યુક્તિથી રાજાને જણાવીને જે યોગ્ય લાગે તે કરો.

તેઓએ રાજાને પ્રણામ કરીને વિનંતી કરી, હે સ્વામિન્ ! ઘણાં જીવો માટે એક જીવનો વધ વિદ્વાનોએ માનેલો છે. કહ્યુ છે કે :—

**કુળને માટે એકને ત્યાગવો, ગામને માટે કુળ છોડવું, દેશને માટે ગામ છોડવું. અને આત્મા માટે સમગ્ર પૃથ્વીનો ત્યાગ કરવો.**

જો તમને જીવદયાની અદ્ભુત એવી વિરતિ છે તો આ નગર માટે અમે બધું કરીશું.

રાજા બોલ્યો પ્રજાવડે જે કાંઈ શુભ કે અશુભ કરાય છે. તેનો છઠ્ઠો ભાગ રાજાવડે નિઃસંશયપણે પમાય છે.

**જેમ શુભ કર્મ કરનારાઓનો પુણ્યનાં છઠ્ઠા ભાગનો ભાગી સારા આચારવાળો રાજા થાય છે. તે રીતે’જ પાપાદિ કુકર્મ કરનારાઓના પાપનાં છઠ્ઠા ભાગનો ભાગી ખરાબ આચારવાળો રાજા થાય છે.**

ફરીથી પ્રજાજનો બોલ્યાં. સર્વ પણ પાપનો ભાગ અમારો થાઓ અને હે રાજા ! તમને કેવળ પુણ્યનો ભાગ હો.

આ રીતે કાર્યમાં એકમાત્ર પરાયણ એવાં પ્રજાજનોની વાત સાંભળી શુભકર્મમાં જ શ્રેષ્ઠ બુદ્ધિવાળા રાજાએ ઘણીવાર સુધી ચિત્તને વિચારયુક્ત કર્યું, આરોગ્ય, ઇન્દ્રિયબળ, શરીરસ્વાસ્થ્ય, સૌભાગ્ય, દીર્ઘાયુષ્ય, સર્વાધિપત્ય આ જીવદયારૂપી વેલડીનાં ફૂલોને, જગતનાં એકમાત્ર નાથ સમા જિનવરોએ કહ્યાં છે. તો પણ જિનવચનથી રહિત, અનેક ગુરૂનાં વચનથી મોહિત ચિત્તવાળાં લોકો ઘણા દુઃખોનાં કારણભૂત અને નિંદનીય એવી પણ હિંસાને મંગળને માટે કરે છે અને ચિત્તને પાપિષ્ઠ બનાવે છે.

આ રીતે વિચારતાં રાજા જ્યારે મૌન રહ્યો ત્યારે નિષેધ ન કરાયેલું નક્કી સ્વીકારેલું હોય છે એ બુદ્ધિથી તે કાર્યને કરવાની ઇચ્છાવાલાં લોકોએ દ્રવ્ય ઉઘરાવવાનું કર્યું, પ્રાયઃ સર્વે જીવો પાપકર્મને માટે પ્રયત્ન કરે છે. તે દ્રવ્યથી આભુષણોથી યુક્ત સર્વાંગસુંદર એવાં સુવર્ણ પુરૂષને નિર્માણ કરીને ગાડા ઉપર મુકીને નગરમાં સર્વત્ર ફરતાં કપટી એવાં તે લોકોએ ઉદ્ઘોષણા કરી કે જે પોતાનાં પુત્રને આપે, તેને રાજાવડે લક્ષધન સાથે આ સુવર્ણ પુરૂષ અપાશે.

હવે નગરમાં અત્યંત દરિદ્ર એવો નિર્દય અને મુર્ખ, શિરામણિ વરદેવ નામો બ્રાહ્મણ છે. તેની ક્રૂર આચારમાં તત્પર એવી રૂદ્રદત્તા નામે પ્રિયા છે. વિનયનાં આધારસમાં તેનાં સાત પુત્રો છે.

ત્યારે તે ઘોષણું સાંભળીને લોભાન્ધ ચિત્તવાળા તેણે પોતાની પત્નીને કહ્યું કે હે ગૃહેશ્વરિ ! નાનાં પુત્ર ઇન્દ્રદત્તને આપી દ્રવ્ય સહિત આ સુવર્ણ પુરૂષને ગ્રહણ કરીયે. હે પત્ની ! હમણાં આપણને ઘરમાં ઘણાં પુત્રો છે અને બીજા પણ અન્ય પુત્રો થશે. વળી સર્વાર્થનું સાધક એવું ધન ઘરમાં નથી. ધનરહિત ગૃહસ્થો પુત્રયુક્ત હોવાં છતાં પણ શોભતાં નથી. હે પ્રિયે ! વિશ્વમાં અદ્ભુત એવાં ધનનાં મહાત્મ્યને તું જો, જેનાં પ્રભાવે નિંદ્યવ્યક્તિ પણ વંદનીય બને છે. ધનનાં લોભથી માતાએ પણ તે વાત સ્વીકારી, અરે ! સંસારની નિરસતાં ! (ત્યાં) સર્વને સ્વાર્થ જ પ્રિય છે.

વરદેવે પટહ ધરીને નગરજનોને આ રીતે કહ્યું, આ બધું તમે મને આપો જેથી હું મારો પુત્ર તમને આપું. ત્યારે નગરજનો બોલ્યાં કે તાશવડે જો રાજા સમક્ષ ડોક મરડવામાં આવે તો તને આ બધું આપીયે. લોભગ્રસ્ત એવાં તેણે તે સ્વીકાર્યું, માતાએ પણ અનુમતિ આપી. સંસારના આ કુકર્મને ધિક્કાર હો !

માતા-પિતાનું તે ચરિત્ર જાણીને ઇંદ્રદત્ત વિચારે છે, અરે ! અસાર સંસારની નિરસતાં શું કહેવી ! ઇંદ્રજાલ જેવા ( વિનશ્વર ) માતા-પિતા પુત્ર આદિને વિષે ભોળા જીવો મહા આપત્તિનાં કારણરૂપ સ્નેહને કરે છે. સંસારમાં પ્રાયઃ સર્વ જનોને સ્વાર્થ જ પ્રિય છે. પોતાના કાર્યનાં અભાવે સ્વજનો શત્રુ જેવાં થાય છે. અથવા તો ભુખ્યા જીવોનો આ'જ રીતનો સ્વભાવ હોય છે કે અનાર્ય જેવાં કાર્યમાં પણ તેનું મન જલ્દીથી લાગે છે.

ધનલોભથી આ રીતે ચિંતાયુક્ત અંતરવાળા પુત્રને આપીને વરદેવ બ્રાહ્મણે બધું ધન ગ્રહણ કર્યું. કહ્યું છે કે

**દુઃખો સ્નેહમૂલક છે. વ્યાધિઓ રસમૂલક છે અને પાપો લોભ મૂલક છે, ત્રણે ત્યાગીને તું સુખી થા.**

પછી સુંદર વસ્ત્ર તાંબુલ અને આભૂષણોથી વિભૂષિત એવાં બાલકને નગરજનો રાજા પાસે લઈ આવ્યાં. અલંકારયુક્ત, સુંદર આકારવાળો અને પ્રસન્ન મુખવાળા તેને જોઇને બધાની સમક્ષ રાજાએ તેને આ રીતે પુછ્યું. 'હે ભદ્ર! હે બ્રાહ્મણ પુત્ર! તું શા માટે હસે છે? શું નાનો હોવાં છતાં પણ તને મરણનો ભય નથી. (ત્યારે) વિસ્મિત વદનવાળા ઇંદ્રદત્તે રાજાને કહ્યું, હે રાજન્! અવશ્ય થનારા મૃત્યુનાં ડરથી શું?

પિતાથી ત્રાસ પામેલો પુત્ર માતાને શરણે જાય, માતાથી ઉદ્વેગ પામેલો પુત્ર પિતાનાં આશ્રયે જાય, બંનેથી પીડાયેલો જીવવાની ઇચ્છાવાળો રાજાનાં શરણે જાય. તેનાથી પરાભવ પામેલો મહાજનની પાસે સ્થાન માગે, પણ રાજાદિ સર્વે પણ સમાન આચારવાળાં થાય પછી મારાં જેવાં અનાથોને કોનું શરણું મળે? કહ્યું કે કે

**જો માતા વિષ આપે, પિતા પુત્રને વેચે, રાજા સર્વસ્વ હરણ કરે છે ત્યાં શું વેદના (કરવી)?**

આથી'જ હે રાજન્! સર્વનાં ઉપકારને માટે હમણાં મને ધીરતાથી મરણરૂપી લક્ષ્મીનું શરણું હો, હે નેતા! શું તમે ત્રણે લોકમાં ચૂડામણિ એવાં શ્રી જીમૂત રાજાનું સર્વાદ્ભુત એવું ચરિત્ર સાંભળ્યું નથી! જેણે કલ્પવૃક્ષ જેવી પ્રસન્નતાથી સર્વસંપત્તિનાં દાન દ્વારા સમગ્ર વિશ્વનાં દારિદ્રયને દૂર કર્યું, અને શંખચૂડ નામના સાપની ગરૂડથી રક્ષા માટે પોતાની પ્રિયા અને પ્રાણોને પણ ત્યાગી દીધાં.

મારાવડે પણ હમણાં રાજા સહિત સર્વ લોકોનાં ઉપકારને માટે પ્રાણાર્પણ કરાય છે તેથી અત્યારે મારૂં પણ અંતર આનંદ યુક્ત છે. કલિકાળમાં પુણ્યયોગે'જ આવો યોગ માનવ પામે છે.

આ રીતે નિર્મળ ચિત્તવાળાં તેના વચનામૃતનું પાન કરીને કૃપારૂપી કલ્પવલ્લીથી યુક્ત રાજા બોલ્યો કે મારે તે શેરીથી કે તે નગરથી પણ કોઈ કામ નથી કે જેના માટે આ રીતનું દુઃખદાયક પાપ કરવું પડે. હું પવિત્ર એવાં આ પૃથ્વીપીઠ ઉપર નવું નગર કરાવીશ પરંતુ સર્વજ્ઞ-

વચનનો જાણુ એવો હું નિશ્ચિતપણે પ્રાણીવધ કરીશ નહી. સત્ય તત્ત્વનાં પ્રકાશક જિનવચનને જાણવાં છતાં જે પ્રાણી કુમાર્ગે જાય છે તે ખરેખર તો આંધળો'જ છે.

ધર્મમાં દૃઢ એવાં રાજાને અને સત્ત્વશાલી બ્રાહ્મણ પુત્રને જોઇને આનંદિત થયેલી નગરદેવતાં પ્રત્યક્ષ થઈ. દિવ્યરૂપવાળી, તે દેવી સભા-સમક્ષ બોલી, હે રાજન્! તું ધન્ય છે અને તારા વડે આ વિશ્વ સનાથ છે. જીવરક્ષા વ્રતની સ્થિતિમાં જેની આવી દૃઢ બુદ્ધિ સુર–અસુર અને મનુષ્યોને પણ ક્ષોભ પમાડનારી છે, તે'જ મહાત્માઓ છે. તત્ત્વા-તત્ત્વનાં જાણકાર હોવાં છતાં પણ સત્ત્વહીન પ્રાણીઓ અલ્પ પણ કાર્યમાં વ્રતભંગને માટે તૈયાર થાય છે. સમ્યગ્‌જ્ઞાન અને ક્રિયા જેણે પ્રાણથી પણ અધિક માની છે તે કોને માટે પ્રશંસનીય ન થાય? જેમ પુણ્યાઢય રાજા થયો તેમ.

હે ઇંદ્રદત્ત! સત્ત્વવાનોમાં અગ્રેસર એવાં તને ઇંદ્રો પણ નમસ્કાર કરે છે, તો મારા જેવી તો શું? આ રીતે પ્રશંસા પૂર્વક તે બન્ને ઉપર દેવીએ વિશ્વવિસ્મયકારી એવી દૈવી પુષ્પોની વૃષ્ટિ કરી અને તે'જ ક્ષણે તે દેવીએ વિશ્વવિસ્મયકારક એવી સુવર્ણની નવી શેરી (પાળી) કરી.

પછી જનસમૂહને આનંદકારી રાજાએ ફરકતી ધજાઓથી શોભતા નગરમાં પ્રવેશ કર્યો. ઇંદ્રદત્ત પણ સત્ત્વથી સર્વત્ર માનનીય થયો, જે પરોપકારમાં તત્પર હોય તે મહોદયને પામે છે

ક્રમે કરીને શત્રુને જેણે ત્રાસ પમાડયાં છે એવાં પરાક્રમી પુત્રને રાજ્ય આપીને (તે રાજાએ) દેવોથી પણ દુર્વાહ્ય એવી સંયમધુરાને ધારણ કરી. પછી ૧૭ પ્રકારનાં સંયમને આરાધીને તે રાજા માહેંદ્ર (૪થા) દેવલોકે દેવ થયો.

આ રીતે બોધથી વિમુખ રાજાને આશય સૂચિત કરતો નગરરક્ષક નમસ્કાર કરીને ઘરે ગયો. અનેક રાજકાર્યોને વરેલો રાજા પણ યોગાનંદને પામેલાં યોગીની જેમ, અંતઃપુરને પામીને આનંદને પામ્યો.

## મોહ ! પાપનું ધામ

ફરી ચોથે દિવસે પણ રાજાવડે પુછાયેલાં દક્ષ એવાં તેણે આ રીતે કથાનક કહ્યું

વૃક્ષોનાં સમૂહથી યુક્ત અને ચારે બાજુથી પાણીથી ભરપૂર સરોવરથી યુક્ત એવાં એક જંગલમાં સ્વાદિષ્ટ તૃણ અને પાણી પીને ગુજરાન ચલાવતાં, ઘણાં બચ્ચાઓથી યુક્ત એવાં હરણ–હરણી છે. યૂથની સાથે સદા અટવીમાં ભટકતી તે હરિણી ઈચ્છામુજબ ઉંઘે છે અને ઇચ્છામુજબ પતિની સાથે ક્રીડા કરે છે.

હવે તે જંગલની નજીક રહેલ ક્ષિતિમણ્ડનપુરમાં સાર્થકનામવાળો શત્રુમર્દન રાજા હતો. તેણે ઘણી રાણીઓથી જન્મ પામેલાં વિનયી એવા સુબાહુ આદિ પ્રિય એવાં ઘણાં પુત્રો હતા.

એકદા કોઈકે તે જંગલમાંથી સુંદર કાંતિવાળું એક (હરણનું) બચ્ચુ લાવીને આનંદને માટે એક પુત્રને આપ્યું. તે રાજપુત્રે હરણનાં બચ્ચાને ડોક, શિંગડા, પગ વિગેરે ભાગોમાં રત્ન સુવર્ણથી નિર્મિત અલંકરોથી સુશોભિત કર્યું. પછી કુતુહલથી રમતને કરતો તે રાજપુત્ર તેની સાથે રમતો મહેલમાં સર્વત્ર ફરે છે. વિવિધ ક્રીડાઓવડે લીલાપૂર્વક તે હરણનાં બચ્ચા સાથે રમતાં તેને જોઈને બીજા પણ (રાજ) પુત્રો હરણની ઈચ્છાવાલાં થયાં.

કલાયુક્ત એવો પણ ચંદ્રમાં ક્રીડાને માટે જેને ધારણ કરે છે– અને પોતાનાં લાંછનવડે જેણે શાંતિનાથ પ્રભુએ ધારણ કર્યો છે. જે સ્રીઓનાં નેત્રકમળનાં સૌભાગ્યને પામ્યું છે તે સારઙ્ગ (હરણ) કુરંગવાળું હોવાં છતાં કોને આનંદ ન કરે ?

ત્યારે રોતાં એવાં તે પુત્રોએ રાજાને કહ્યું. હે પિતાજી આનંદકારી એવું હરણિયું અમને આપો. રાજાએ પણ સર્વે શિકારીઓને બોલાવીને પુછયું કે વિવિધધરૂપવાળાં હરણિયાઓ કયાં અરણ્યમાં છે ? તેમાંથી કોકે કહ્યું હે નાથ ! જીર્ણ નામનાં વનમાં મોટા અને વિવિધ હરણિયાઓનાં ટોળાઓ છે, તે સાંભળીને રાજા પોતે શિકારીનો વેષ ધારણ કરીને હરણને ગ્રહણ કરવાની ઈચ્છાથી જંગલમાં ગયો. વિષમ

એવાં તે વનને જોઈને હરણ ગ્રહણ કરવાની ઇચ્છાવાળાં રાજાએ આ રીતે ધર્મથી વિરૂદ્ધ બુદ્ધિ કરી.

ચારે બાજુનાં સરોવરોની પાળીઓ તોડીને તે વનને પાણીથી ભરી દીધું વળી ઉદ્યાનની ચારે બાજું ખાડાં ખોદાવ્યાં અને દુષ્ટ લોકો દ્વારા ત્યાં જીર્ણ પાંદડાઓથી અગ્નિ પ્રગટાવ્યો. તેમજ જીવનની આશાનો નાશ કરનાર જાળો બાંધી ધર્મની બાધા કરતાં વિવિધ શસ્ત્રોથી યુક્ત શિકારીઓને ત્યાં સ્થાપ્યાં. આમ કરીને અનેક મૃગબચ્ચાઓને પકડીને પોતાનાં પુત્રોને આપ્યાં. **કારણ મોહ એ પાપનું સ્થાન છે.**

આમ જોઈને વિવેકી એવાં કોક પંડિતે લોકોનાં બોધ માટે ત્યારે આ રીતે કહ્યું. ચારે બાજુ દોરડાઓની જાળોથી ભૂમિને, ઝેરથી પાણીને અને અગ્નિથી વનનાં અંદરના ભાગને બાળી નાંખ્યું છે. પગલે પગલે બાણયુક્તશિકારીઓ અનુસરે છે ત્યારે પુત્રયુક્ત હરિણી કયાં દેશનો આશ્રય કરે. જયાં રાજા સ્વયં ક્રૂર દષ્ટિવાળો અને ક્રોધી થાય ત્યાં સેવકો સાથે લોકોને પગલે(૨) પીડા થાય.

આ રીતે કહેલી કથાના ભાવને ન સમજતાં રાજાને પ્રણામ કરીને નગરાધ્યક્ષ પોતાનાં ઘરે ગયો. આત્મા જેમ પરમાનંદને પામે તેમ કામકાજ પતાવીને રાજસભાથી મુક્ત થયેલો રાજા અંતઃપુરને પામ્યો.

## સત્તા સામે શાણપણ નકામું

પાંચમે દિવસે પણ રાજાવડે પુછાયેલાં તેજસ્વી વદનવાળા તેણે આ રીતે કથાને કહી.

ગૌડ દેશની પૃથ્વીરૂપ સ્ત્રીનાં કપાલનાં તિલકરૂપ પાટલીપુત્ર નગરમાં પૃથ્વી ઉપર કલ્પવૃક્ષ જેવો વસ્તુપાલ નામે રાજા થયો. જેનું વગર પ્રાર્થનાએ અર્થીઓને વિષે સતત કરાતું દાન જોઇને આ- અમારાથી અધિક છે એમ શરમથી જાણે કલ્પવૃક્ષો મરૂભૂમિમાં જતાં રહ્યાં.

સરસ્વતીનાં અંતરનાં ભૂષણરૂપ અને વિદ્વાન જનોમાં અગ્રેસર એવો ભારતીભૂષણ નામનો તેનો મંત્રી પૃથ્વી ઉપર પ્રસિદ્ધ હતો.

બુદ્ધિમાન એવો તે રાજા સતતપણે બુદ્ધિથી કવીન્દ્રની જેમ મહાર્થવાળાં નવાં નવાં કાવ્યોને કરતો[૨] વિવિધ દેશોથી આવેલાં વિદ્વાનો

પાસે તેનો અર્થ કરાવે છે અને ખુશ થયેલો તે પ્રમાણથી અધિક દાનને આપે છે. સર્વથા સત્કાર કરાયેલ (વિશ્વને શોભાવતાં વિવિધ પંડિતોવડે આ રાજા સર્વત્ર પ્રસિદ્ધ થયો.

તે રીતે વિદ્યા, લક્ષ્મી અને દાન આ ત્રણ ગુણોથી હીન માણસ પણ મહાનતાને પામે છે. તો પછી રાજા તો શું ? આત્માનું ભૂષણ વિદ્યા છે. દેહનું ભૂષણ લક્ષ્મી છે. દાનનુ ભૂષણ ઉદારતાં છે તો શીલ એ સર્વનું ભૂષણ છે.

એક વખત સભામાં વિદ્વદ્ગોષ્ઠી વખતે બુદ્ધિનાં જોરે મંત્રીએ રાજાનાં કાવ્યને ઘણી વાર દૂષિત કર્યું. રાજાએ પણ સ્વબુધ્ધિથી કાવ્યના દોષનો પરિહાર કર્યો, તો મંત્રીએ તેને સ્થાને સ્થાને વિશેષ દુષિત કર્યું. આ રીતે વિદ્યાનાં મદથી છકેલાં તે બંનેને લાંબા કાળ સુધી ગુણ–દોષની વિચારણાથી દુઃખદાયક એવો વિવાદ થયો.

પછી ક્રોધિત રાજાએ તે મંત્રીના બંને હાથ દૃઢ રીતે બંધાવીને (તેને) રાત્રીનાં સમયે ગંગાનદીનાં પાણીનાં પૂરમાં નંખાવ્યો પરંતુ પૂર્વ પૂણ્યયોગે તે સ્થળ ઉપર પડયો, કારણ ધર્મજ જીવોને સર્વત્ર સહાયક છે. ત્યાં રહેલાં મંત્રીએ વિચાર્યું કે કવિ કવિને સહન કરતો નથી એ કહેવતને રાજાએ સત્ય કરી. દુષ્ટ–સજ્જનને, કામી-વિરતિધરને, સ્વાભાવિક જાગૃતિ વાળાને–ચોર, ધર્મીને, પાપી, શૂરવીરને કાયર અને કવિ–કવિને કોપ કરે છે (ઈર્ષ્યા કરે છે)

હવે ઉપરથી થતી મહામેઘની વૃષ્ટિથી ઉદ્ભવેલ, દુઃખ કરીને અટકાવી શકાય એવું પાણીનું પુર અચાનક ત્યાં આવ્યું. તે પાણીનાં પૂરથી ભિંજાતાં મંત્રીએ જલ્દી હૃદયને આનંદ આપતું પ્રાકૃત પદ્ય આ રીતે કહ્યું જેનાથી બીજો વૃદ્ધિ પામે છે, અને જેનાથી વૃક્ષો તૃપ્ત થાય છે તેની અંદર હું મરીશ આતો શરણમાંથી ભય થયો. આ ગાથાના પ્રભાવે મંત્રીથી આશ્રિત કિનારાને છોડી નદી નીચા રસ્તે જવા લાગી.

ત્યારે નીચાં રસ્તેથી વહેતાં પાણીનાં પ્રવાહને જોઇને સ્થિર મન-વાળો તે વિસ્મયપૂર્વક આ રીતે બોલ્યો.

**નામને અનુરૂપ શીતલતાં ગુણ તારો'જ સહજ સ્વચ્છતા તારી'જ છે શું કહીએ, જેનાં સંગમાં બીજી પણ અશુચિઓ પવિત્રતાને પામે છે. આથી. અધિક તારી શું સ્તુતિ કરૂં? તું પ્રાણીઓનું જીવન છે. હે પાણી! તું જો નીચ માર્ગે જઈશ તો તને રોકવાને કોણ સમર્થ છે?....**

આ રીતે પાણીની સ્તુતિ કરતાં મંત્રિરાજને. તેનાં પુણ્યથી ખેંચાયેલ નદીની અધિષ્ઠાત્રી દેવીએ. ક્ષણમાં'જ નદીની બહાર મુકયો. ત્યાં મુકાયેલ કોઇક ગુપ્તચરે દેવતાએ કરેલું મંત્રીનું સર્વ સ્વરૂપ રાજાને જણાવ્યું ત્યારે રાજાએ વિચાર્યું કે મેં આ ખોટુ કર્યું. આશ્રિતને વિષે ગુણ-દોષની વિચારણા યોગ્ય નથી.

**ક્ષય પામનારો, સ્વભાવથી વક્ર શરીરવાળો. જડાત્મા, રાત્રીને કરનારો અને સર્વત્ર (સૂર્ય)નાં સંકટ (અસ્ત) સમયે આનંદિત થનારો એવો પણ ચંદ્ર હોવા છતાં ભગવાને તેને માથે ધારણ કર્યો છે, કારણ મહાપુરૂષો આશ્રિતને વિષે ગુણદોષને વિચારતા નથી.**

પછી પ્રસન્ન થયેલાં રાજાએ મંત્રીને બોલાવીને સત્કારીને બહુ-માનપૂર્વક પૂર્વનાં પદે સ્થાપ્યો.... નરમ વચનોથી પણ રાજાને કોપ ન કરાવવો એ રીતે વિચારતો મંત્રી રાજકાર્યમાં તત્પર થયો. ક્રમે કરીને અવસર પામીને રાજ્યનાં ભારની ધુરાને નિજ પુત્ર ઉપર સ્થાપીને મંત્રી સ્વયં મહાન જૈન મુનિ થયો. દુર્લભ એવી ધર્મસામગ્રીને પામીને અવસરે આત્મહિત કંઈ પણ જો ન કરે તેને વિવેકી કેમ માનવો?

આ રીતે વિદ્વાનોની સભામાં કથા સાંભળતાં હે રાજન્! મારો સમય પસાર થયો. કારણ શ્રોત્રેંદ્રિય દુર્જય છે.

આ રીતે કહેવાયાં છતાં રહસ્યથી પરાઙ્મુખ રાજાને પ્રણામ કરીને દુર્ગપાલ ઘરે ગયો. પછી દેશની ચિંતાને ત્યાગીને રાજાએ સાધુ જેમ સમાધિનો આશ્રય કરે તે રીતે સ્વગૃહનો આશ્રય કર્યો

## દૂર્જન સંગ પરિહરો રે ।

હવે છટ્ઠા દિવસે રાજાવડે પુછાયેલ દુર્ગપાલે સભાજનોને કૌતુક કરનારૂં એવું કથાનક પૂર્વની જેમ કહ્યું.

કુરૂદેશની પૃથ્વીની શોભારૂપ, પંડિતોને પ્રિય અને શુભ્રકમળોની હારમાળાઓથી શોભતું રમ્ય એવું નાગપુર નામે નગર છે.

ત્યાં શત્રુઓનાં સમૂહને ત્રાસ પમાડનાર અને સજ્જનોનાં આનંદને પૂરનાર અર્જુન જેવો પરાક્રમી સુભદ્ર નામે રાજા હતો.

તેનાં ચિત્તનાં આનંદને માટે ક્રીડાઓ કરતાં અને ચપળતાંથી પવનને પણ જીતતાં એવાં ઘણા વાંદરાઓ હતાં. સ્ત્રીઓની આંખોની પાંપણો જેવી ચપળતાથી આકૃષ્ટ થયેલો તેઓની સાથે રમતો કુબુદ્ધિવાળો રાજા સ્વહિતને ભુલી ગયો. રાજકૃપાને પામેલા હોવાથી નગરમાં ઉપદ્રવને કરતાં તેઓને કોઈ પીડા કરતું નથી.

રાજાએ અંતઃપુરની ક્રીડા માટે ચમ્પક, અશોક, કમળ, નારંગી, કેળાનાં વૃક્ષોથી યુક્ત વળી તમાલ, તાલ, હરતાલ અને વિશાલ એવાં સાલ વૃક્ષોથી સુશોભિત ભદ્રશાલ વનની ઉપમાવાળું એક નવું વન બનાવ્યું. હંસીઓથી યુક્ત હંસની જેમ આનંદી એવો તે રાજા પોતાનાં અંતઃપુરની સાથે સતત તે લીલા કરે છે.

એકદા ત્યાં મદિરા પાનના મદથી ઉદ્ધત થયેલાં કેટલાક વાંદરાઓ કયાંયથી આવીને વૃક્ષોને તોડવાનું કરે છે. સર્વત્ર આનંદપૂર્વક તે વનની લક્ષ્મીને ઉપદ્રવ કરતાં તે વાંદરાઓ વનપાલકોનો જરા પણ ભય રાખતાં નથી. વાંદરાઓની દુષ્ટ પ્રવૃત્તિથી ઉજ્જડ થયેલાં તે વનને જોઈને દુઃખી થયેલા વનપાલકોએ રાજાને જણાવ્યું, તેથી યમની જેમ ગુસ્સે થયેલાં રાજાએ તે વનની રક્ષા માટે પોતાનાં ક્રીડાનાં વાનરોને મોકલ્યાં. સરખા આચારવાળાં અને જાતિવાળાં લાંબા કાળે મળેલાં હોવાથી અત્યંત આનંદને પામેલાં ઘણા તોફાનને કરતાં તે વાંદરાઓ પણ તાડની દારૂ પીઈને તે જ રીતે વર્તે છે. કૃતઘ્નની જેમ તે રાજાનાં ઉપકારને ભૂલી ગયાં.

રાજકૃપાને પામેલાં હોવાથી અન્યાય કરતાં પણ તેઓને કાંઈ પણ કરવાં માટે વનવાસીઓ સમર્થ થયાં નહી, અથવા તો રાજા કે રાજમાન્ય વ્યક્તિ જ જયારે અન્યાય તત્પર બને છે, ત્યાં સામાન્ય લોકો તેનો નિષેધ કઇ રીતે કરી શકે ? ત્યારે આ રીતે વાંદરાઓની

પ્રવૃત્તિ જોઇને કોઇ ઉદ્યાનપાલકે આ રીતે ગાથાને કહી. "નિર્વિવેક મનથી જે રાજા પોતે જ હિતને વિચારતો નથી ત્યારે બીજાને તત્ત્વનો ઉપદેશ આપનાર ડાહ્યો માણસ (પણ) ત્યાં શું કરે ?

બગીચાની રક્ષા માટે વાંદરાઓ, દારૂની રક્ષા માટે રાક્ષસો, અને બોકડાની રક્ષા માટે પારધીઓ હોય તો ખરેખર તે કાર્ય મુળથી જ નાશ પામ્યું છે.

સ્વાભાવિક વિવેક એ પ્રથમ નિર્મળ ચક્ષુ છે અને તેઓની વિવેકીની સાથે જ સંગતિ તે બીજી આંખ છે. પૃથ્વી ઉપર જેની પાસે આ બે નથી તે તત્વથી અંધ છે, તે તે ઉન્માર્ગે ચાલે તેમાં શું અપરાધ છે ?

ફૂલવાલાં વૃક્ષોથી યુક્ત વન ક્યાં ? અને વાંદરાઓથી તેનું રક્ષણ ક્યાં ? (પણ) વિચાર રહિત પણે બોલતાં રાજાને કોણ અટકાવે ?

આ રીતે કથાનાં બહાને રાજાને ચોર પણે સ્થાપીને યમદણ્ડ પણ સ્વગૃહે ગયો. છત્રીસ શ્રેષ્ઠ ગુણોથી યુક્ત ગુરૂની જેમ તે રાજા પણ પોતાની રાણીઓની પાસે દીપવાં લાગ્યો.

## કામ દુર્જય છે.

સાતમે દિવસે પણ રાજાવડે તે જ રીતે પુછાયેલાં વિચક્ષણ એવાં તેણે શ્રેષ્ઠ રસની વાવડી સમાન કથાને કહી.

અવંતી દેશનાં મધ્યભાગમાં તેનાં કટિમેખલાં સમી, દુષ્ટોથી રહિત અને પોતાની સંપત્તિથી સ્વર્ગને જીતતી એવી ઉજ્જયિની નામે નગરી હતી.

ત્યાં અત્યંત ધનવાન અને સર્વત્ર પ્રસરતી કીર્તિવાળો તેમજ શુભ કાર્યોથી પવિત્ર એવો યશોભદ્ર નામે સાર્થવાહ થયો. સમ્યગ્દર્શનથી પવિત્ર આત્માવાળો તે સપ્તક્ષેત્રમાં ધનનો વ્યય કરનાર અને સદા સ્વદારા સંતોષીપણાથી તે જગતમાં ઉત્તમ એવો થયો.

પુણ્યરૂપી લાવણ્યની વાવડી સમી સતીઓમાં શ્રેષ્ઠ એવી યશોદા અને યશોમતી નામે તેની બે પત્નીઓ હતી

ગૃહસ્થિતિને સંભાળતી ધનશ્રી નામની તેની માતા ધર્મતત્ત્વથી પરાઙ્મુખ અને પાપનાં ધામ રૂપ હતી. વ્યવહારથી દેવપૂજા કરતી.

વિધવાં હોવાં છતાં પણ શબ્દાદિ વિષયોનાં ભોગોની ઈચ્છાવાળી હતી.

રેશમી વસ્ત્રો, મુખવાસ, નાટક જોવું, શૃંગાર રસથી યુક્ત ગીતો સાંભળવાં, દુધ-દહીનું ભોજન કરવું, કપૂર દેવપૂષ્પાદિનું ચાખવું, વરને જોવું, સિંદુર, કાજળ, લાખનો રસ, કુંકુમ આદિથી વિભૂષા કરવી. સેંથો પૂરવું દ્યુતક્રીડા, જલક્રીડાં, મજાકનાં વચનો, ઘણાં અલંકારોથી શોભા, પુષ્પનાં દડા આદિનું વેચાણ, એકલાં ફરવું, બીજાને ઘરે જવું, છુપી રીતે પુરૂષો સાથે મળવું, ઘરાંગણે રમવું, પલંગ-શય્યાદિમાં સુવું, આ બધુ યૌવનમાં ઉન્માદનાં કારણ હોવાથી કારણ વગર ક્યારે કુલીન વિધવા સ્ત્રીઓને કલ્પતું નથી.

એકવાર વ્યવસાય માટે દુર દેશાંતર જવાની ઈચ્છાવાલા સાર્થ-વાહે વિવિધ કરિયાણાઓ ભેગા કર્યા. સાંજે વાળુ કરવાની ઈચ્છાથી રાત્રી પડવાની બીકેથી ઉત્સુક એવો તે એકલો જ ઘરે આવ્યો. (ત્યારે) અશોક વાટિકામાં વૃક્ષનાં થડ ઉપર સ્ફટીક જેવી ઉજ્જવલ સાડી નિજ માતાની પડી હતી તે દેખી.

શું માતા અહીં ભુલી ગઈ છે અથવા કોઇએ આ ચોરી લીધી છે એ રીતે જેટલામાં વિચાર મગ્ન છે તેટલામાં જલ્દીથી તે જુવે છે રાગનાં આવેગવાળી અને લજ્જારહિત એવી નિજમાતાને કોક વૃદ્ધ પુરૂષની સાથે જોઈ.

પછી પુણ્યસંપત્તિનાં ધામરૂપ આ (શ્રેષ્ઠી) ચિંતવે છે, અરે ! કામદેવનું શાસન દુઃખે કરીને આક્રમી શકાય એવું છે. જે આ યૌવ-નથી દૂર ગયેલી અને ઘડપણથી યુક્ત તપસ્વિની છતાં વિષયોથી વિહ્-વલ થયેલી જાણે અંગમાં ભૂત પ્રવેશ્યું હોય તેમ દેખાય છે. કામદેવના બાણથી વિડંબણા પામેલાં ભિખારીથી માંડી રાજા સુધી સર્વે પણ લોકો વિકલતાને ધારણ કરે છે.

શું કમલ જેવાં આંખવાલી સ્ત્રીઓ ન હતી ? કે જેથી ઈન્દ્રે અહિલ્યા નામની તાપસીને ભોગવી અથવાં હૃદયરૂપી કુટીરમાં કામનો અગ્નિ પ્રજ્વલિત થયે છતે કોઈ પંડિત પણ ઉચિત કે અનુચિતને જાણે છે ? સર્વ ગ્રહોને ઉદ્દગમસ્થાન અને સર્વ દોષોનું પ્રાપ્તિસ્થાન

એવો મહાગ્રહ જે છે તે દુષ્ટાત્મા એવો કામગ્રહ છે જેનાથી સમગ્ર વિશ્વ પરાભૂત થયું છે

ઘરનાં આધાર તરીકે મનાયેલી ઘરડી એવી પણ સાસું જ્યાં દુરાચારી દેખાય છે. ત્યાં વધુઓની શું વાત ?

એરંડના આડ નીચે માતાનાં પગલાં દેખ્યા તેથી વેલડી મૂળથી નાશ પામી છે. (માટે) વહુઓ તમને જેમ ફાવે તેમ કરો.

આ રીતે જાણીને વધતાં વૈરાગ્યનાં રંગવાલા સાર્થપતિએ પોતાની ન્યાયાર્જિત લક્ષ્મીને સુપાત્રમાં ખર્ચીને બંને પત્નીઓની સાથે જિનચંદ્ર ગુરૂની પાસે સર્વ સુખની સખી સમી ભગવતી દીક્ષા ગ્રહણ કરી

તપસ્યાને કરતાં, પાંચ મહાવ્રતની ધુરાને પાલતાં, ત્રણ ગુપ્તિથી પવિત્ર રાતદિવસ સમિતીમાં પ્રયત્નવાલાં સ્વાત્માની જેમ છ જીવનિકાયનું પાલન કરતાં, અભ્યાસમાં વિચક્ષણ, બેતાલીસ દોષથી રહિત શુધ્ધ આહારનો આશ્રય કરતાં, ત્રણ દંડથી રહિત, સારી રીતે ચારે કષાયને જીતતાં, નવવાડયુક્ત શીલને ચંદ્રની જેમ નિર્મલ પણે પાલતાં, સમતા, રૂપી અમૃતકુંડમાં સ્નાન કરતાં તેઓએ પરિષહોને સહન કર્યા અને તે મુનિ કેવળજ્ઞાન પામીને પરમપદને પામ્યાં.

હે રાજન્ ! આ રીતે સાર્થવાહની કથા સાંભળતાં રસનાં આવેગવાળાં મને ઘણો સમય ગયો

આ રીતે આશયને સૂચિત કરતું કથાનક પુરલોકોની સમક્ષ પ્રકાશિત કરીને તે યમદંડ સ્વગૃહે ગયો. દેશ આદિની ચિંતાથી ઘણો કાળ પસાર કરીને, મધ્યમ જીવ સંવેગને પામે તે રીતે રાજા પોતાના મહેલે પહોંચ્યો.

## પાપ પિંપળે ચઢીને પોકોરે છે.

હવે આઠમે દિવસે દેવપૂજાદિ યથાયોગ્ય પ્રાતઃકૃત્ય કરીને અનેક રાજાઓ, સામંતો, પ્રધાનો, શ્રેષ્ઠીઓ આદિથી સત્કાર કરાયેલો, ક્રોધાગ્નિથી બળતા રાજાએ પરાક્રમી કૃષ્ણની જેમ સિંહાસનને શોભાવ્યું

યમદંડને બોલાવીને ન્યાયમાર્ગને ત્યાગીને અભિમાનથી અક્કડ

એવો તે રાજા નગરજનોની સમક્ષ આ રીતે બોલ્યો. અરે દુષ્ટ ? અરે દુરાચારી ! પાપનાં પૂર સમો નગરની લક્ષ્મીને ચોરતો એવો ચોર તેં ક્યાંક જોયો છે ?

ત્યારે પ્રસન્ન મુખવાળો દુર્ગપાળ બોલ્યો કે હે સ્વામિન્ ! સ્પષ્ટ રીતે જોવાં છતાં પણ મેં તે (ચોરને) ક્યાંય જોયો નહી.

ત્યારે અત્યંત ક્રોધથી લાલ આંખવાળો રાજા સર્વ નગરજનોને ઉદ્દેશીને આ રીતે બોલ્યો. હે લોકો ! મારા આદેશને અવગણતાં આ યમદણ્ડે સાત દિવસ સુધી ચાતુરી કરી અને ધૂર્તવૃત્તિથી પસાર કર્યા. ચોરની સાથે રાજયની વસ્તુઓને આ ન આપે તો હું આનો નિગ્રહ કરીશ.

આ રીતે રાજાનું ઠગાઈ ભર્યું વચન સાંભળીને યમદણ્ડે તરતજ ચોર ચિહ્નોને લાવીને બતાવ્યાં. રાજાની પાદુકાઓ, મંત્રીની મુદ્રા અને પુરોહિતની જનોઈ આ ચોર ચિહ્નોને હે રાજા ! તું ખુશીથી જો, એમ મનમાં વિચાર્યું.

સમક્ષ રહેલી તે વસ્તુઓને જોઈને ત્યારે રાજાદિ (ત્રણે) મ્લાન મુખવાળાં અને અધિક સંશયયુક્ત મનવાળાં થયાં.

પહેલા પણ વાતથી જાણ એવાં રાજપુત્ર, મંત્રીપુત્ર, સામંત, શ્રેષ્ઠી આદિ લોકોએ આ રીતે વિચાર્યું કે આ ચિહ્નોથી મ્લાન મુખવાળાં થયેલાં રાજા, મંત્રી અને પુરોહિત જ ક્રૂર કર્મને એક માત્ર કરતાં ચોરો છે. જ્યાં રાજા પોતે જ મંત્રી અને પુરોહિત સાથે ચોર થાય છે. ત્યાં લોકોને જલ્દીથી જંગલનું શરણુ થાય છે. પ્રાયઃ બાળવૃત્તિવાળા રાજાઓ સારી રીતે ન્યાય પાળતાં અને પ્રસિદ્ધિ પામતાં નોકર વર્ગની ઈર્ષ્યા કરે છે.

ત્યાં મહાજને પરસ્પર વિચાર કર્યો, આ દુરાચારીઓ આપણા ભવિષ્યમાં કુશળતાં માટે નથી. કોઈપણ રીતે દુષ્ટ આશયવાળાં આમને દૂર કરીને મહાશયવાળાં તેમનાં પુત્રોને તેમનાં સ્થાને સ્થાપવા.

લુચ્ચા મિત્રને, અસતી પત્નીને, કુળધ્વંસી પુત્રને, મુર્ખ મંત્રીને,

ઉતાવળાં રાજાને, પ્રમાદી વૈદ્યને, રાગી દેવને, વિષયી ગુરૂને, દયાહીન ધર્મને ઘણાં મોહવશપણુંથી જે ત્યાગંતો નથી તે સ્વકલ્યાણથી ત્યજાય છે.

આ રીતે વિચારીને તેઓએ રાજાને વિનંતી કરી, હે રાજન્ ! આ તમારી ચોરની વસ્તુઓ છે. આથી અમારો આશય નિષ્ફળ થયો છે. એમ વિચારીને ત્યારે રાજાદિ યમદંડને દંડ કરવાં સમર્થ ન થયા. ન્યાય જેનો મિત્ર થાય અને નમરજનો પક્ષપાતી થાય તો રાજા પણ તેથી ઘબરાય છે તો સામાન્ય તો શું ?

પછી કપટથી ક્રમે કરીને તેઓને તિરસ્કાર કરીને મહાજને તેમનાં સ્થાને તેમનાં પુત્રોને સ્થાપ્યાં. સર્વલોકનાં વિરોધથી પોતાનાં પદનાં સ્થાનેથી ભ્રષ્ટ થયેલાં તેઓ ઘણાં અપમાનને પામ્યાં, કારણ ઘણાનો વિરોધ હિતને માટે થતો નથી.

તેથી હે રાજા ! કોઈ પણ બુદ્ધિમાન સાથે અને વિશેષ કરીને ઘણા લોકોની સાથે વિરોધ ન કરવો. તેથી નીતિનાં જાણકાર લોકોએ કહ્યું છે તે જેવાં તેવાં પણ પ્રાણીને પરાભવનો ભાગી કરીને બુદ્ધિરૂપી ચક્ષુથી તેની ઉપેક્ષા ન કરવી જેવાં તેવાં પણ માણસનો પરાભવ કરવો નહી જેમકે ઉપેક્ષા કરાયેલ નાનકડાં ટિટ્ટિભે પણ સમુદ્રને વ્યાકુળ કર્યો

પછી સુયોધન રાજાએ તે દેશનાં વિભાગને ત્યાગીને મંત્રી અને પુરોહિતની સાથે દેશ દેશાંતરમાં ભમતાં શુદ્ધ ધર્મનાં પ્રકાશક એવા ધર્મઘોષ ગુરૂને પામીને સંવેગ અને નિર્વેદને પામેલાં તેઓએ ચારિત્રનો સ્વીકાર કર્યો.

પુણ્યવાનોને પ્રાયઃ 'બે' જ સ્થિતિ થાય છે. સામ્રાજ્ય લક્ષ્મીનો ભોગ અથવા ચારિત્ર સંપત્તિનો ભોગ.

એ રીતે વિરોધનાં ફળને પ્રકાશિત કરતું પૃથ્વી ઉપર પ્રસિદ્ધ એવું સુયોધન રાજાનું ચરિત્ર સાંભળીને ત્યારે રાજા શ્રેણિક અદ્ભુત હર્ષવાળો થયો.

## બીજો પ્રસ્તાવ સંપૂર્ણ

## તૃતીય પ્રસ્તાવ

પછી સજ્જનોને માટે કલ્પવૃક્ષ સમાન તે રાજા (શ્રેણિક) પોતાના અંતઃકરણની સ્થિરતાં માટે એક લગનથી દેવગુરૂનાં ધ્યાનને કરતો હતો. છતાં. પણ ચંચળ નિશાનની જેમ તે રાજાનું ચિત્ત જરા પણ સ્થિર થતું નથી. માલધારી પણું સરળ છે, કષ્ટોનું સેવન સરળ છે પણ મનની સ્થિરતાં એ જીવોને માટે અત્યંત દુષ્કર છે.

ફરી કૌતુકના આવેગથી ચંચળ ચિત્તવાળાં મગધપતિએ મંત્રી શ્રેષ્ઠ અભયકુમારને કહ્યું. હે મહામતિ ! હમણાં તેં જે કહ્યું તે યોગ્ય છે, કે હાથીને માટે રાજા ઉંદરોવડે ત્રાસ પમાડાયો હમણાં ઉદ્યાનમાં જવાથી લોકો સાથે વિરોધ થાય અને વિરોધ થતાં લક્ષ્મીનો નાશ અને કર્મનો બંધ થાય. પરંતુ કૌતુકથી આક્રાંત ચંચળતાવાળું મારૂં ચિત્ત નગરીમાં રહેલ લોકોને જોવાં ઇચ્છે છે.

સુજ્ઞ જનોએ ગમે તે રીતે રાજાનું ચિત્ત વશ કરવું એમ વિચારીને એમ જ હો એમ મંત્રીએ કહ્યું. પછી અંજન પ્રયોગથી અદૃશ્ય થઈને વિવિધ આશ્ચર્યો જોતાં ઘણી રીતે વાતોને સાંભળતાં બજારાદિના માર્ગોમાં, યજ્ઞશાળા, દેવકુલ આદિમાં તે રાજા અને મંત્રી રાત્રિસમયે નગરીમાં ફર્યા.

રાજાએ કોઈક પુરૂષની છાયાને જોઇ, પ્રયત્નપૂર્વક જોવાં છતાં પણ ક્યાંય તે (વ્યક્તિ) નું રૂપ જોયું નહી. ત્યારે રાજા સચિવને કહે કે આ એકત્ર થયેલો અત્યંત ચલાયમાન એવો અંધકાર પૃથ્વીપર કેમ દેખાય છે ? ત્યારે પ્રધાન બોલ્યો હે સ્વામિન્ ! સિદ્ધઅંજનની કળાથી શોભતો, ચોરીનાં કાર્યથી પ્રસિદ્ધ, અદૃશ્ય શરીરવાળો આ લોહખુર નામનો ચોર રાત્રિનાં સમયે ન્યાયનિષ્ઠ એવાં ધનિકોને અને જુગારનાં અડ્ડાઓને લુંટે છે. વિવિધ રૂપપરાવર્તિની વિદ્યાથી ગર્વયુક્ત ચિત્તવાળાં આનો પ્રતિકાર કરવાને કોઈપણ સમર્થ નથી આ કોનાં ઘરમાં જાય છે એ જાણવાં માટે આંની સાથે જઇએ એમ રાજા બોલ્યો અને મંત્રીયુક્ત એવો તે ચોરને અનુસરતો વિવિધ આશ્ચર્યને જોવાની

ઈચ્છાથી નગરમાં ફર્યો. ક્રૂર કર્મોનાં સાગર સમો આ ચોર જતાં જતાં ક્રમે કરીને અર્હદ્દાસ નામનાં શ્રેષ્ઠીનાં ઘરે પહોંચ્યો

હવે અહીં રાજા જેવો સંપત્તિમાન અને શ્રેષ્ઠિઓમાં અગ્રેસર અને આઠ ઉપવાસ જેણે કર્યા છે એવો અર્હદ્દાસ શ્રેષ્ઠી પોતાની પત્નીઓને આ રીતે કહે છે. આજે અલંકારયુક્ત અને ઉછળતાં આનંદવાળી સર્વે પણ સ્ત્રીઓ રાજાનાં આદેશથી કૌમુદી ઉત્સવનાં હેતુથી ઉદ્યાનમાં ગયેલી છે. દિવસે શ્રેણિક રાજાને વિનંતી કરીને જિનસ્નામાદિ ઉત્સવને માટે તમોને ઘરમાં રાખી છે. જો લૌકિક ઉત્સવનાં કાર્યમાં તમારૂચિત્ત ઉત્સુક હોય તો હમણાં તમે વનમાં જાઓ. કપટ રહિત શુદ્ધ ધર્મનાં ધ્યાનને આધીન મનવાળો હું રાત્રીમાં દ્રવ્ય પૂજા કરીને ભાવપૂજા કરીશ

એ રીતે પતિનું વચન સાંભળીને વિનયથી નમેલી તે સ્ત્રીઓ બોલી, હે સ્વામી ! આજે અમને આઠ ઉપવાસ થયાં છે- ઉપવાસના દિવસે પાપોથી પાછા હઠવું અને સજ્જનો સાથે સહવાસ કરવું એ જ પવિત્ર જીવોને યોગ્ય છે. તેથી મહોત્સવ માટે વનમાં જવું તે અમારે યોગ્ય નથી [માટે]આર્યપુત્ર [પતિ] ની સાથે અમે પણ બંને પ્રકારની પૂજા કરશું.

[અર્હદ્દાસ પત્નીઓને કહે છે] વિશ્વની અંદર સૂર્યની પ્રભા જેવું જિન વચન જે જાણતો નથી તેનું જ મન સંસાર કાર્યમાં જોડાય છે. ઐહિક સુખોને આપનારા પર્વો તો ઘણા પામી શકાય છે પરંતુ ઉભય લોકનાં સુખોને આપનાર જિન ભક્તિ એ દુર્લભ છે. નિશ્ચિત પણે તત્ત્વજ્ઞ એવી તમો ખૂબ ખૂબ ધન્યવાદને પાત્ર છો. જે તમારૂં મન મોટા ઉત્સવને છોડીને દઢ ધર્મવાળું છે. લોકના પ્રવાહથી, પવનથી ઉડતાં રૂ ની જેમ બુદ્ધિમાન એવી પણ સ્ત્રીઓનું મન પ્રાયઃ ચંચળ દેખાયું છે ઊંચા પ્રાસાદના શિખર ઉપર વાંસ ઉપર બાંધેલી અને સ્વભાવથી જ અનેક ગુણોથી નિર્મળ એવી પતાકા પવનથી કંપે છે.

આ રીતે કહીને પવિત્ર થઈ ને ઘણા ભાવથી ભાવિત એવો તે પત્નીઓ સાથે સ્વગૃહમંદિરમાં આવ્યો. શ્રદ્ધા સમૃદ્ધ એવા તેણે વિધિ

પૂર્વક પરમાત્માની દ્રવ્ય પૂજા કરીને પ્રિય ધર્મવાળી પત્નીઓ સાથે પ્રભુની ભાવપૂજા માટે આ રીતે સ્તુતિ કહી.

જગતનાં જીવોનાં આનંદરૂપી કંદને પલ્લવિત કરવામાં મેઘ સમા યોગીજનોના હૃદયકમળમાં વિલાસ કરતાં એક માત્ર રાજહંસ સમા [હે પ્રભો !] તમો જય પામો. સર્વ અતિશયોથી યુક્ત, સર્વ ઈચ્છિત ફળને આપતાં, સર્વજ્ઞ, સર્વ દર્શી અને સર્વાત્મા એવાં હે પ્રભો ! તમો જય પામો. ઈચ્છા વડે સ્તવાયેલાં હે દેવ ! અમૃત પાનથી રોગો જેમ નાશ પામે છે તેમ તમારા નામની સ્તવનાથી જ ભવપીડાઓ નાશ પામે છે. દેવ ! જેને તારૂં દર્શન બે રીતે દ્રવ્ય-ભાવથી સારૂ થાય છે કર્યું છે તેને પગલે પગલે ત્રણે લોકમાં ઉત્કૃષ્ટ એવી સંપત્તિ પ્રાપ્ત થાય છે. શિવરૂપી લક્ષ્મીથી સનાથ આ રીતે સ્તવાયેલાં હે નાથ ! તમે કૃપા કરો અને મને શિવ લક્ષ્મીનું દાન કરો.

આ રીતે ભુવનાધીશની સ્તવનાં કરીને પ્રિયાઓથી પ્રેરાયેલ સારી બુધ્ધિવાળાં અને કલુષતા રહિત એવાં તેણે સંગીત વિધિને કરી.

સમસ્ત ત્રિલોકમાં અદ્‌ભુત એવી તેની પૂજાની પ્રવૃત્તિ જોઈને ચોરની પાછળ આવેલો મંત્રી યુક્ત રાજા આ રીતે વિચારે છે. ગૃહસ્થોમાં પ્રથમ એવો આ જ પૃથ્વી ઉપર પ્રશંસનીય છે કે જેના અંતરમાં આ રીતની જિનભક્તિ જાગે છે.

જિનમાં ભક્તિ, જિનવચનમાં શ્રદ્ધા, ધર્મ કરણીમાં દૃઢતાં, ગુણોમાં રાગ, દાનમાં તીવ્રરૂચિ, અને વિનય કોઇ પુણ્યપુરૂષને જ થાય છે !

સિદ્ધિવધૂની દૂતી સમી ભાવપૂજા કરીને અટકેલાં જગતમાં ઉત્તમ એવાં શ્રેષ્ઠીને પ્રિયાઓએ કહ્યું હે સ્વામિન્ ! દેવોથી પણ અક્ષોભ્ય અને મેરૂ પર્વત જેવું નિશ્ચલ એવું સમ્યક્ત્વ આપનાં અંતરમાં કંઈ રીતે થયું. ત્યારે શ્રેષ્ઠીએ તેણીઓની સમક્ષ સત્યાર્થથી યુક્ત એવી સમકિતરૂપી પથની દીપિકા સમી વાણી વિસ્તારી

પૂર્વે આ જ નગરમાં શત્રુઓથી અપરાજિત એવો કમલ જેવાં નેત્રોવાળો પ્રસેનજિત નામે રાજા થયો જેણે લોકમાં દાનોથી ઇંદ્રને, ધર્મથી ધર્માત્મજ (યુધિષ્ઠર) ને ન્યાયથી રામને યાદ કરાવ્યાં

જેનો પુત્ર પવિત્ર લક્ષ્મીવાળો અને જેણે પ્રજાને ખુશ કરી છે એવો શ્રેણિક હમણાં ઘણાં પુણ્યવાળાં અદ્ભુત એવાં સામ્રાજ્યને ભોગવે છે. જે રાજા વડે પિતાની જેમ, પળાતી પ્રજા પૃથ્વી ઉપર ક્યાંય પણ પરાભવનાં તાપને પામતી નથી. જેની સામે લોકો ઇન્દ્રને પણ તણખલાની જેમ ગણે છે. અને મુનિઓ પણ તેવા પ્રકારના સમકિતની સ્પૃહા કરે છે.

(વળી) અહીં શ્રેષ્ઠીઓમાં અગ્રેસર, રાજ માન્ય લક્ષ્મીનાં ધામ રૂપ જગતનાં જીવો પ્રત્યે દયાવાળાં અને સજ્જન એવા જિનદત્ત નામે શ્રેષ્ઠી હતાં જેણે પોતાનાં આવાસની નજીક ભવસાગર તરવા માટે નાવડી સમાન સહસ્રકુટ નામનું ચૈત્ય કર્યું, ઘરમાં રહેનારો ઘણાં પરોપકારને માટે અરિહંતનાં માર્ગમાં રહેલાં એવાં જેમનો હું પુત્ર થયો

જે સદાચારી પુરૂષે પોતાનાં હાથે પોતાને રમ્ય એવું જિનાલય મોક્ષને માટે કરાવ્યું તેણે મનુષ્ય અને દેવોથી પૂજિત એવું તીર્થંકર નામ કર્મ ઉપાર્જ્યું છે. જન્મફળ મેળવ્યું છે, જિન મતને કર્યું છે. અને કુળને ઉજ્જવલ કર્યું છે.

પ્રસેનજિત રાજા સુખપૂર્વક રાજ્ય કરતાં હતાં, ત્યારે અહીં કેશી દેવ નામનાં આચાર્ય પધાર્યા. દેવોથી નમાયેલાં તેમણે નમવાને માટે આનંદી એવો અંતઃપુરથી યુક્ત રાજા જિનદત્તની સાથે ગયો, નમીને તેઓ પૃથ્વી પીઠ ઉપર યથા યોગ્ય સ્થાને બેઠાં પછી મમતા રહિત એવાં ગુરૂએ સમ્યગ્ ધર્મનું પ્રકાશન કર્યું.

સંસારમાં ૮૪ લાખ યોનિમાં ઘણો કાળથી ભમતા જીવને નિધાન મળે તે રીતે મનુષ્ય જીવનને પામે છે. ત્યાં પણ સમકીતથી શુદ્ધ સાધુ અને શ્રાવકોનાં વ્રતોથી યુક્ત ધર્મ મહર્ષિઓએ દુર્લભ કહ્યો

બંને પ્રકારનાં ધર્મનું દ્વાર સમકીતની દૃષ્ટિ કહેવાય છે તે તૃણ વાહ્નિની આઠ રીતે મનાયેલી છે. તૃણ, ગોમય. કાષ્ઠાગ્નિકણ દીપ પ્રભા, રત્ન તારા, સૂર્ય અને ચંદ્ર જેવી આઠ રીતે સમકતની દૃષ્ટિ છે. ૫૬થી ૫૯

આમ છુપી રીતે રાજાનાં ભાજનમાં જમતાં ભોજનમાં લુબ્ધ એવાં તેનાં કેટલાક દીવસે ગયાં. સર્વશક્તિથી ખાતાં હોવાં છતાં પણ દુર્બલ અને નિસ્તેજ રાજાને જોઈને ગુપ્તસ્થાનમાં મંત્રીએ આ રીતે કહ્યું, હે સ્વામિન્! શાથી તમારો દેહ દિવસે દિવસે વધુને વધુ કૃશ અને જીર્ણ પાંદડા જેવાં તેજને ધારણ કરતો દેખાય છે? તેથી શું તમને કોઈ રોગ કે મોટી ચિંતા પીડે છે? શું ભોજનનું અજીર્ણ છે? શું ભૂખ લાગતી નથી?

ત્યારે પવિત્ર ચિત્તવાળા પ્રધાનને રાજાએ કહ્યું મને કોઈ ચિંતા નથી કે શરીરમાં હમણાં કોઈ રોગ નથી પરંતુ હે મંત્રિન્! કૃશ થવાનું મારૂ જે કારણ છે જીભેથી કહેવામાં મને શરમ આવે છે'

મંત્રીએ કહ્યું હે રાજન્! દેહકાર્યમાં લજ્જા ધારણ કરવી તે યોગ્ય નથી. સર્વે પણ જીવોને વિષે શરીરનો ધર્મ સમાન હોય છે તેથી તેનાં સ્વરૂપને કહેવામાં શા માટે લજ્જા કરવી. દેહ વિનાં ધર્મી પ્રાણી સર્વ સુખને મેળવતો નથી.

આ રીતે સાંભળીને ત્યારે રાજા કે જો એમ છે તો સાંભળ કે ઘણાં ખોરાકથી પણ પ્રાયઃ મારી ભૂખ પૂરી થતી નથી. જેવાં તેવાં પણ ખોરાકથી ઘણાં દિવસો જાય છે પણ માની પુરૂષો યાચનાં કરતાં નથી.

પછી ભોજનમાં શક્તિ અને રાજાની અતૃપ્તિ જાણીને વિસ્મય-યુક્ત ચિત્તવાળાં તેણે આ રીતે વિચાર્યું. વિદ્યા-ઔષધ કે સિદ્ધાંજનથી અદૃશ્ય શરીરવાળો કોક દુષ્ટ શિરોમણિ, રાજા સાથે ખાતો જણાય છે. ગમે તે ઉપાયે મારે આને શોધવો કારણ કે સંકટમાં રાજા વડે મંત્રીનુંજ બળ દેખાય છે. સંકટમાં પડેલ રાજાને જે જલ્દીથી ઉગારે છે તે'જ કલ્પક જેવી બુદ્ધિવાળાં મંત્રીઓ પ્રશંસનીય છે પોતાનાં પોષણ માટે અધમ મંત્રીઓ રાજાને સંકટમગ્ન ઈચ્છે છે. જયારે ઉત્તમો સુખમાં ઈચ્છે છે.

ત્યારે ચોરને જોવાની ઈચ્છાથી વિવિધ ઉપાયોને કરતાં મંત્રીએ ભોજનગૃહની ભૂમિને ધૂળથી યુક્ત કરી. તેનાં દ્વારે કઠોર આશયવાલા દ્વાર બંધ કરવાની વિધિમાં પ્રથમથી સંકેત કરાયેલાં પોતાનાં માણસો સ્થાપ્યાં તે દિવસે તે ચોરનાં લક્ષણોને જોતો મંત્રી પણ છુપી રીતે ભોજનગૃહમાં રહ્યો.

સ્નાન કરી જિનપૂજા કરીને પવિત્ર થયેલો તે રાજા જેટલામાં ભોજનગૃહમાં આવ્યો તેટલામાં રસગૃધ્ધ એવો તે ચોર ત્યાં આવ્યો. રજમાં પડેલાં તેનાં પગલાં જોઇને મંત્રીએ તેને ઓળખ્યો. પૂર્વે સંકેત કરેલાં સેવકોદ્વારા દરવાજા બંધ કરાવ્યાં અને ભીનાં ઈંધન ઔષધી આદિનાં સમૂહનાં વિસ્તારથી આંખનાં પાણીનાં પૂરને (પ્રગટ) કરવામાં સફળ અને દુસ્સહ ધૂમાડો ઘરમાં કરાવ્યો. તેનાં બળથી બળતાં આંખમાંથી અદ્ભુત એવું અંજન પડી ગયું અને તે ચોર પ્રગટ થયો. ક્ષણમાં જ અતિ પાપી એવો તે ચોરને ઓળખીને ક્રોધથી લાલ મોઢા-વાલો રાજા બોલ્યો. અરે દુષ્ટ ! દુરાચારી ! ચોર ! મલિન ! તારાથી ત્રાસ પામેલાં અમે ખલાસ થઈ ગયાં. આ રીતે કહીને ક્રોધી રાજાએ કોટવાલને તે ચોરને શૂલી ઉપર આરોપિત કરવાનો આદેશ કર્યો.

રાજાની ઉપજીવિકાથી દુષ્ટ ચિત્તવાળાં તેણે પણ અનેક રીતે મારતાં મારતાં વધ ભૂમિએ લઈ જઇને તે ચોરને શૂલી ઉપર આરો-પિત કર્યો. પોતાનાં કર્મથી પચાતો અને તીવ્ર દુઃખરૂપી અગ્નિથી સંતપ્ત કાયાવાળાં તે ચોરે પણ આ રીતે ચિંતવ્યું. અરે ! આ કર્મનો વિપાક, અરે ! દુઃખની પરંપરા, અરે ! પાપથી ભારે એવા મને અહીં જ ફળ મળ્યું. એક વાર પણ કરેલું પાપ બીજની જેમ જીવને ભવોભવ ક્રોડો દુઃખોથી પરંપરાના ફળને આપનારૂં થાય છે.

ઘણા પીડાના ત્રાસથી આ રીતે ચિંતવતાં તેને સુર્યના તાપથી અત્યંત તૃષ્ણા લાગી. પાસેથી જતાં લોકો પાસે તે વારંવાર પાણી માંગે પણ રાજભયથી કોઇ પણ તેણે પાણી આપતું નથી ત્યારે

શિષ્ટજનોમાં અગ્રેસર સર્વજીવો પ્રત્યે અને દુઃખીઓને વિષે અધિક દયાળું એવા જિનદત્ત શ્રેષ્ઠી ત્યાં આવ્યા તેને જોઇને તરસ્યા એવા આ ચોરે પાણી માગ્યું ત્યારે શ્રેષ્ઠીએ આ રીતે વિચાર્યું.

સર્વે ધર્મોમાં જિન ધર્મ શ્રેષ્ઠ મનાયો છે. ધર્મમાં પણ જીવ દયા શ્રેષ્ઠ છે. અને તે દુઃખી સ્થિતિમાં રહેલ જીવોને વિષે ખાસ મુખ્ય છે દુઃખીને જોઈને જેનું ચિત્ત દયાર્દ્ર થતું નથી તેના અંતરમાં જિન ધર્મનો અંશ પણ રહ્યો નથી. તે'જ મનુષ્યો ધન્ય:છે અને દેવોને માન્ય છે જેઓ બીજા જીવોનાં દુઃખો દુર કરવામાં તત્પર છે.

શૂરવીરો હજારો છે, વિદ્વાનો અનેક છે, કુબેરને પણ પરાસ્ત કરતાં ધનવાનો પણ પૃથ્વી ઉપર ઘણાં છે. પરંતુ અન્યને દુઃખી જોઇને અથવા સાંભળીને તદ્રૂપ [દુઃખી] થાય છે તેવા સત્પુરૂષો જગતમાં પાંચ; છ જ છે.

મધુર શબ્દો વડે તે શ્રેષ્ઠીએ ચોરને કહ્યું કે હું જ્યાં સુધી મારા ઘરેથી પાણી લઇને તને આપું ત્યાં સુધી અનેક ભવનાં તાપનો નાશ કરવામાં અમૃત સમાં આ નવકાર મંત્રને તું આરોગ (સ્મરણ કર) ક્રોડો કષ્ટોનો નાશક અને સર્વ સુખકર એવો આ નવકાર અંતસમયે પુણ્યશાળીઓ વડે'જ પમાય છે.

તે ચોર પણ બોલ્યો હે ભાઈ ! દુઃખ નિવારક એવો તે મંત્ર મને આપ. ત્યારે શ્રેષ્ઠીએ તેને પરમેષ્ઠિ મંત્ર આપ્યો. અમૃતપાન સમા તે નમસ્કારને પામીને તે ચોર દૈવી લક્ષ્મીના વિલેપન (ઉપભોગ) ની ઉપમાવાળા મહાનંદને પામ્યો.

પછી શ્રેષ્ઠી જલ્દીથી જેટલામાં આવ્યો તેટલામાં આ ચોર તે મંત્રના ધ્યાને મરીને દેવગતિને પામ્યો. તે અવસ્થાવાળા તેને જોઇને હૃદયમાં વ્યથિત થયેલા જિનદત્તે વિચાર્યું કે દીનની દયાના દાનથી ઉદ્ભવ થતું પુણ્ય મને ના મળ્યું. પુણ્યપાત્રનાં ઉપભોગ માટે અને દીનજનોની પીડાની શાંતિ માટે દુધ, અન્ન આદિ વસ્તુઓ કોક ધન્ય પુરૂષની જ કામ લાગે છે. પછી તેની સદ્દગતિને જાણવાની ઇચ્છાવાળાં શ્રેષ્ઠીએ તેનું શરીર જોઇને લક્ષણોથી આ દેવ થયો છે. એમ જાણ્યું.

ચોરનાં સ્વજન સંબંધીને જાણવામાં તત્પર પુરૂષોએ શ્રેષ્ઠીનું સ્વરૂપ જોઇને રાજાને જણાવ્યું. તે સાંભળીને ક્રોધથી લાલ મુખવાલા રાજાએ કોટવાલને બોલાવીને કહ્યું, હે ભદ્ર ! મારા નામની મુદ્રા આપીને દુષ્ટતમ આશયવાળા શેઠને મયૂર બંધ થી બાંધીને ઘરે લાવ. નિર્દય વચનો બોલતાં તે કોટવાલે પણ શ્રેષ્ઠીના ઘરે જઇને શ્રેષ્ઠીરાજને બોલાવીને રાજસભામાં આવ્યો. તેની સાથે રાજમહેલે આવતાં સમાધિ મગ્ન શ્રેષ્ઠીએ બંને લોકના દુઃખને નાશ કરનારૂં આ રીતે ધર્મ ધ્યાન કર્યું.

ચોત્રીશ અતિશયોથી યુક્ત મોતી જેવા ઉજ્જવલ (કાંતિવાલા) વિશ્વનું રક્ષણ કરતાં મસ્તકે રહેલાં સર્વ અરિહંતોનું મને શરણું હો ! અનંત સુખને પામેલાં, વિદ્રુમ (રત્નો) ની છાયા જેવી મૂર્તિ છે જેમની, ને વિશ્વની લક્ષ્મીને વશ કરવામાં કારણભૂત સિદ્ધોનું મને શરણું હો. પંચાચાર પાલનમાં નિષ્ણાત સુવર્ણ કાંતિવાલાં અંગની રક્ષા કરેલાં અને કામદેવને જેમણે જીતી લીધો છે તેવા આચાર્યોનું મને શરણું હો. અંગ ઉપાંગાદિ સિદ્ધાંતોના અધ્યાપનમાં તત્પર ચિત્ત વાલા નીલ કાંતિવાલા ઉપાધ્યાયો મારા પાપોદયને દૂર કરો. મહાવ્રતો-ના ધારક, ધીર સાવદ્ય વ્યાપારનાં ત્યાગી, વાદળા [શ્યામવર્ણ] જેવી કાંતિવાલા સાધુઓ મને એ રીતે સિદ્ધિને માટે થાઓ.

આ રીતે ધ્યાનામૃતનાં સ્વાદથી આનંદી એવાં શ્રેષ્ઠીને ક્રોધથી ધ્રુજતાં શરીરવાળા રાજાએ ત્યારે કહ્યું અરે દુષ્ટ ! ખરાબ આશયવાળા ! સદાચારી કહેવાતો એવો તું ચોરની સાથે વાતો કરે છે. જે છુપી રીતે પણ ચોરની સાથે વાત કરે છે તેને સજ્જનોએ ચોર અને રાજાવડે નિગ્રહ કરવાં યોગ્ય માન્યો છે, આ ચોરે જે દ્રવ્ય ચોર્યું છે તે જો તું નહીં આપે તો તને પણ હું નિશ્ચિતપણે ચોરની જેમ દંડીશ.

જિનદત્ત બોલ્યો હે દેવ ! મેં તેની સાથે ધર્મની જ વાત કરી છે. પરંતુ મારો કંઇ પણ સંબંધ નથી. ક્રોધથી, તેનું કહેલું ન માનતાં

દુષ્ટ બુદ્ધિવાલા રાજાએ તેના વધ માટે દાનવો જેવાં ક્રૂર લોકોને આદેશ કર્યો.

સેવકોમાં કૃત્યાકૃત્યનો યોગ્ય વિચાર (હોતો) નથી. જેટલામાં તેઓ તે રીતે કરવાં તૈયાર થયાં તેટલામાં ઘોર અંધકારથી આકાશ-મંડળ વ્યાપ્ત થયું અને બ્રહ્માંડ ફાટયું હોય તેવાં અવાજો થયા. આકાશમાં પડતાં રેતીના પૂરથી વ્યાકુળ કરાયેલા રાજા પ્રધાનાદિ સર્વે સભાજનો મૂર્છિત જેવાં થયાં. હાથી, ઘોડા આદિ સેના પદે પદે કંપી ઉઠી અને આ શું થયું ? એ રીતે સર્વે નગરજનો શંકા કરે છે.

પછી ભયભીત રાજાએ મંત્રીને પુછયું આ નગરમાં કલ્પાંતકાલ જેવું આ શું થયું ? કોપિત થયેલો કોઈ પણ દેવ, દાનવ, યક્ષ અથવા રાક્ષસ આ રીતે પુરનો ઉપદ્રવ કરે છે, તેથી (હે મંત્રીશ્વર !) જલ્દીથી એ રીતે કરો, કે જેથી નગરીમાં શાન્તિ થાય. (કારણ કે) વિષમ કાર્ય આવી પડતાં મંત્રીઓ જ સમર્થ થાય છે.

પ્રધાન પણ પવિત્ર થઇને ઘણી પુષ્પમાલાઓને હાથમાં ગ્રહણ કરીને ઉભો થઇને સર્વત્ર ધૂપને પ્રજ્જવાલીને બોલ્યો, જે કોઇ પણ દેવે અહીં દુષ્ટતાને કરી છે તેણે પ્રગટ થઇને પોતાની ઇચ્છા કહેવી

તેટલામાં દિવ્ય આભૂષણોથી શોભતો અને સાક્ષાત્ પરબ્રહ્મની જ્યોતિને વિસ્તારતો હોય એવો કોક દેવ પ્રગટ થયો, તેથી તે રાજાદિ સર્વે હાથ જોડીને સન્મુખ ઊભા રહ્યાં. તેઓની ભક્તિ જોઇને શાંત થયેલો દેવ આ રીતે બોલ્યો.

આ પુણ્યવાન અને સદા પુણ્યકાર્યોથી શોભતા નિરપરાધ એવાં સદાચારી મારા ગુરુની મારા જીવતે છતે તમે આશાતના કરો છો; તેથી તેનું ફળ તમને આપવાને હું દેવલોકથી અહીં આવ્યો છું, પોતાના ગુરુની પીડા જોઇને જે શક્તિશાળી હોવા છતાં ઠંડો પડે છે તે ભવાંતરમાં હજારો પરાભવોને પામે છે.

ક્રોધિત રાજાવડે શૂળી ઉપર ચઢાવાયેલો તે રૂપ્યખૂર ચોર હું મરીને દેવ થયો છું. મૃતાવસ્થાને પામેલા અને પાણી માંગતા મને કરૂણાનાં

પૂરથી યુક્ત ચિત્તવાળા શ્રેષ્ઠીએ શિવલક્ષ્મીનાં સાક્ષીરૂપ પરમેષ્ઠિ નમસ્કાર આપ્યો. તેના પ્રભાવે હું પ્રથમ દેવલોકે દેવ થયો છું.

હવે જે કોઈ આ મહાત્માને સંતાપ કરશે તે દૈવી પ્રભાવથી તરત'જ ભસ્મીભૂત થઇ જશે. આ રીતે બોલતાં દેવને પરિવાર યુક્ત રાજાએ સારી એવી વિનય વૃત્તિથી જલદીથી શાંત કર્યો અને જિનદત્ત શ્રાવકને બોલાવીને, સત્કાર કરીને, સ્વકૃત દુષ્કૃતને ખમાવ્યું.

પછી દેવમાયાને સંકેલીને, તે સજ્જનને સત્કારીને, ઘણાં મહોત્સવોથી ધર્મોન્નતિને કરતાં તે દેવે મારા પિતાને હાથીના ખભે બેસાડીને, શ્વેત છત્રથી શોભતાં, અપ્સરાઓના સમુહોવડે ચામરોથી વિંઝાતા, વિવિધ વાજિંત્રોના નાદથી આકાશમંડળને ગજવતાં અને નાચતી દેવાંગનાઓથી આકર્ષાયેલા પુરજનોની સાથે તેમજ રાજા, અમાત્ય, કોટવાલ, નગરજનોથી પરિવરેલાં જગતને માટે હિતકારી એવા મારા પિતાને ઘર આંગણે રત્નવૃષ્ટિ કરીને ભક્તિથી નમસ્કાર કરીને તે દેવ નિજસ્થાને ગયો.

શ્રેષ્ઠીની વાત સાંભળીને છૂપી રીતે રહેલા ચોરે વિચાર્યું. અરે ! મને પણ કુળ ક્રમથી આવેલી ચોર વૃત્તિ થઈ છે.

દેવલીલા અને શ્રેષ્ઠીના ઉપકારીપણાને સાંભળીને તે વખતે રાજા અને મંત્રીએ અંતરમાં વિચાર્યું. અરે ! પુણ્યનાં સમૂહથી સંપત્તિઓના નિધિ જેવો ધર્મીજનોનો સંયોગ જ્યારે પ્રાપ્ત થાય છે ત્યારે શું શું નથી પમાતું ? સદાને માટે આનંદરુપી સુખમાં મગ્ન એવા દેવો પણ ગુણીજનોના સંગને સદા ઇચ્છે છે. કારણ ક્રૂર કર્મોથી નરકમાં જવા યોગ્ય આ ચોર, શ્રેષ્ઠિના સંપર્કથી દૈવી લક્ષ્મીને પામ્યો.

બુદ્ધિની જડતાને દૂર કરે છે, વાણીમાં સત્યને છાંટે છે, મનમાં ઉન્નતિ થાય છે, પાપને દૂર કરે છે, ચિત્તને પ્રકાશિત કરે છે સર્વે દિશાઓમાં કીર્તિને ફેલાવે છે, કહે કે સત્સંગતિ પુરુષોને શું શું નથી કરતી ?

વિશેષથી આ દેવ પણ કૃતજ્ઞજનોમાં શોભારૂપ છે, જે શ્રેષ્ઠીના ઉપકારને ભૂલ્યો નહીં.

બાલ્ય વયમાં પીધેલા અલ્પ પણ પાણીનાં સ્મરણ કરતાં માથે

ભારને ધારણ કરતાં નાળિયેરો જીવનનાં અંત સુધી મનુષ્યોને અમૃત જેવું પાણી આપે છે, સજ્જન પુરુષો ઉપકારને ભૂલતા નથી.

અર્હદ્દાસ શ્રેષ્ઠી આગળ કહે છે :– હવે રાત્રી દૂર થવાથી ગુણોનાં ઉદયને પામેલાં રાજા પ્રસેનજિતે પ્રત્યક્ષ મારા પિતાને ઘરે આવીને આ રીતે સ્તુતિ કરી. હે શ્રેષ્ઠી ! આ પૃથ્વી પીઠ ઉપર ધન્ય જનોમાં તું જ શ્રેષ્ઠ છે કે જે તારી મતિ જીવોનાં ઉપકારને માટે રમે છે. કહ્યું છે કે.

જેઓ સ્વાર્થનો ત્યાગ કરીને પણ પરાર્થ કરનારાં છે, તેઓ સજ્જનો છે. જેઓ સ્વાર્થ અને પરાર્થ કરવામાં તત્પર છે તે મધ્યમ છે. જે સ્વાર્થથી પરહિતને હણે છે તેઓ નરરાક્ષસો છે. અને જેઓ નિરર્થક પરહિતને હણે છે તેઓ કોણ છે ? તે હું જાણતો નથી.

અથવા ઉન્નત ચિત્તવાળા જીવો આ રીતના સ્વભાવવાળા હોય છે. જે બીજાની દયાની ઇચ્છાથી પોતાનાં દુઃખને પણ સુખ રૂપ માને છે

જીવોને હિત કરનાર સજ્જનો અન્યને માટે શું શું નથી કરતાં ? પૃથ્વીને ઓળંગે છે, સમુદ્રમાં પ્રવેશે છે અને પાણીના ભારને વહન કરે છે.

શ્રાવકોમાં મુખ્ય એવાં તારાથી જ આ નગર પવિત્ર છે. જીવોને તારો સંગ પુણ્યના અનુભાવથી'જ થાય છે. જીનશાસન, સજ્જનો સાથે સંગ, સુગુરુની સેવા અને કાળે સુપાત્રદાન પરમપુણ્યથી પ્રાપ્ત થાય છે.

ત્યારે મસ્તક નમાવતા શ્રેષ્ઠીએ રાજાને કહ્યું હે દેવ ! ધર્મનાં પ્રભાવે શું શું કલ્યાણ નથી થતું ? સર્પ સુવર્ણમાળા થાય છે તો તલવાર ફુલમાળા બને છે, વિષ પણ ઔષધ બને છે, શત્રુ પણ પ્રેમ ધારણ કરે છે અને દેવો પણ પ્રસન્ન મનવાળા થાય છે; અથવા તો વધુ શું કહેવું ? જેનો ધર્મ છે તેને તો આકાશ પણ રત્નોથી વરસે (તેના પર આકાશમાંથી રત્નોનો વરસાદ વરસે છે.)

તેટલામાં પ્રીતિમાન વનપાલકે બંને હાથથી અંજલિ જોડીને નમસ્કાર કરીને રાજાને આ રીતે કહ્યું. હે દેવ ! ધ્યાનથી જેઓએ

શત્રુઓનો નાશ કર્યો છે, શુદ્ધાચારવાળા શ્રેષ્ઠ સાધુઓથી પરિવરેલા શાસ્ત્રજ્ઞામાં પ્રખ્યાત અને જનાનંદી એવા મુનિચંદ્ર નામનાં આચાર્ય હમણા સર્વર્તુક નામના ઉદ્યાનમાં પધાર્યા છે.

તે સાંભળીને પરમાનંદને પામેલાં રાજાએ પોતાને ઉચિત અને સેવકની ઇચ્છાથી અધિક દાન આપ્યું. પછી મંત્રી અને શ્રેષ્ઠી સાથે ત્યાં જઇને પાંચ અભિગમને સાચવીને રાજાએ ભક્તિથી વિધિપૂર્વક ગુરુને વાંદ્યા. જિન પૂજા, ગુરુવંદન અને તીર્થયાત્રા જો ભાવથી કરવામાં આવે તો તે સર્વ પાપોનો નાશ કરે છે મુનિચંદ્ર ગુરુએ ભવતાપની શાંતિ માટે માર્ગદાયક એવી અમૃતસમી વાણીથી તેઓને ઉપદેશ આપ્યો.

ન્યગ્રોધ વૃક્ષે પુષ્પ દુર્લભ છે. સ્વાતિ નક્ષત્રનું પાણી દુર્લભ છે. મનુષ્ય જન્મ દુર્લભ છે. અને જિનશાસન દુર્લભ છે. કલ્પવૃક્ષ, પારસ, મણિ અને દક્ષિણા વર્ત શંખની જેમ હે ભવ્ય જીવો ! ત્યાં પણ આંતરિક તત્ત્વ શ્રદ્ધા વિશેષ દુર્લભ છે. બંને પ્રકારના ધર્મનું મૂળ અને ભવસાગરના કિનારા રૂપ આ સમકિત જિનવરોએ નિસર્ગ ઉપદેશાદિ ૧૦ ભેદોમાં કહ્યું છે.

નિસર્ગરુચિ, ઉપદેશ રુચિ, આજ્ઞારુચિ, સૂત્ર રુચિ, બીજ રુચિ, અભિગમરુચિ, વિસ્તારરુચિ, ક્રિયારુચિ, સંક્ષેપરુચિ, અને ધર્મરુચિ (એ ૧૦ પ્રકારે છે.)

જિનેંદ્રોએ કહેલાં તત્ત્વોને જે સ્વભાવથી સ્વીકારે છે. તે નિસર્ગરૂચિ સમ્યકૃત્વ કહ્યું છે, તેની પ્રાપ્તિ આ રીતે કહેવાય છે. પર્વત ઉપરથી આવતી નદીમાં રહેલા ગોળ પથ્થર (જેમ પરસ્પર અથડાવાથી અને પાણીના ધોધથી ગોળાકાર બને છે) ના ન્યાયે જીવ કર્મોની સ્થિતિને અંતઃકોટા કોટી કરીને યથાપ્રવૃત્તિ કરણથી ગ્રંથીની નજીક પહોંચે છે. રાગ દ્વેષનો દુર્ભેદ્ય [તીવ્ર] પરિણામ તે ગ્રંથી કહેવાય છે ગ્રંથિદેશને પામીને રાગ દ્વેષને વશ થયેલા કેટલાક ફરી કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે છે. તો જેઓને મહાવીર્ય ઉત્પન્ન થયું છે. તેવા કેટલાક અપૂર્વકરણ કરે છતે દુઃખે કરીને ઓળંગી શકાય એવી ગ્રંથીને ક્ષણમાં

ભેદે છે. પછી અંતરકરણ અને અનિવૃત્તિકરણ કરવા, આગળ ભોગવવાના મિથ્યાત્વનો નાશ કરીને, જે અંતર્મુહૂર્ત કાળના સમકિતને પામે છે તે નિસર્ગ રૂચિ એટલે કે સ્વાભાવિક સમ્યક્ત્વ કહેવાય છે.

ગુરુનાં ઉપદેશને પામીને નિર્મળ એવા ધર્મ માર્ગની જે બુદ્ધિમાન માણસ શ્રદ્ધા કરે છે. તેને ઉપદેશ રુચિ મનાય છે, રાગ દ્વેષ અને મોહના ક્ષયથી આજ્ઞાના બળ વડે જે નવતત્ત્વને માને છે. તે આજ્ઞારુચિ કહેવાય છે. અંગ અને ઉપાંગમાં રહેલ સૂત્રોને ભણતાં જે સમ્યક્ત્વને પામે છે તે સૂત્રરુચિ સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે. જેને એક પદથી પ્રાપ્ત થયેલ શ્રદ્ધા અનેક પદોમાં પ્રસરે છે તે બીજરુચિ કહેવાય છે. જે મહાત્મા વડે અર્થથી સર્વશ્રુત જણાયું છે તેને જિનવરોએ અભિગમરુચિ કહી છે. નય, ભેદ પ્રમાણો વડે જે છ દ્રવ્યોનું પ્રરૂપણ કરવાને સારી રીતે જાણે છે તે વિસ્તાર રૂચિ સમકિતી કહેવાય છે. જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ-વિનય-ગુપ્તિ આદિ ક્રિયાઓમાં જેનું મન છે તે ક્રિયારુચિ મનાયો છે. જે કુદૃષ્ટિઓને વિષે આગ્રહરહિત છે. અને અંતરમાં મને જિનવચન પ્રમાણ એવું માનતો તે સંક્ષેપરુચિ કહેવાય છે. જે શ્રુત અને ચારિત્ર લક્ષણવાળા બે પ્રકારના ધર્મની શ્રધ્ધા કરે છે અને ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય આદિની શ્રદ્ધા કરે છે. તે ધર્મરુચિ સમ્યગ્દૃષ્ટિ છે.

આમાં દોષરહિત એવા એક પણ ભેદને જે ધારણ કરે છે તે સમ્યગ્દૃષ્ટિ જીવ સિદ્ધિ સુખને પામે છે. જે સર્વસુખોની પરંપરાથી યુક્ત રાજ્યને ધૂળની જેમ ત્યાગીને સમ્યક્ત્વ સહિત અદ્ભૂત એવાં જ્ઞાન અને ક્રિયાથી યુક્ત, વિવિધ અભિગ્રહોથી શોભતી સંયમની ધુરાને બાળકની જેમ ધારણ કરે છે તે જીવ ત્રણે લોકને ઇચ્છનીય એવા મોક્ષના સુખને તે ક્ષણમાં જ પામે છે,

આ રીતે દેશના સાંભળીને આગેવાન એવા મંત્રી શ્રેષ્ઠી આદિએ ભવસમુદ્રમાં નાવડી સમાન સંયમનો સ્વીકાર કર્યો, કેટલાકે ૧૨ વ્રતને. કેટલાકે સમકિતને તો કેટલાકે ભદ્રક ભાવને સ્વીકાર્યો. સર્વ જીવોને

વિષે દયાળુ પ્રસેનજિત રાજાએ વિશ્વાનંદ કારી સંપત્તિને ધારણ કરતાં શ્રેણિકને રાજયાસન ઉપર બેસાડી સર્વ કામોથી વિરક્ત અને સંયમ-ધર્મના રાગવાળો તે રાજા શ્રાવક ધર્મને સાધીને વૈમાનિક દેવ થયો.

તે અવસરે ચક્રવર્તિ સમાન કાંતિવાલા શ્રેણિકે જિનશાસનની પ્રભાવના કરી. મેં પણ પૂર્વે નગરમાં પ્રત્યક્ષ પણે આ જોઇને પહેલાં ગુરુની પાસે શુદ્ધ સમકિતને સ્વીકાર્યું",

એ રીતે પતિએ કહેલું સાંભળીને આનંદિત થયેલી તે પત્નીઓ બોલી. હે સ્વામિન્ ! તમે કહેલું આ સત્ય અમને રુચે છે. કારણ શાશ્વત લક્ષ્મીને આપનાર અરિહંતના ધર્મરૂપી પગના અણુઓ પ્રાયઃ ચિંતામણી રત્નની જેમ સર્વ ઇચ્છિત ફળને આપનારા થાય છે.

ત્યારે કુંદલતા બોલી કે તમે કહેલાં 'દશ હાથવાળી હરડે' જેવા આ જૂઠને હું માનતી નથી. માયાવી લોકો બીજાને મોહ પમાડવાનાં હેતુથી યુક્તિ પૂર્વક તે રીતે કહે છે કે જેથી લોકો તેને સાચું માને ધર્મથી'જ સુખ છે તે તમારાં લોકોની ભ્રમણા છે, કારણ ધર્મી જનો સ્થાને-સ્થાને દુઃખી જણાય છે. તો રાત દિવસ પાપ કરનારા પણ કેટલાક હાથી ઉપર બેસનારા અને છ ખંડ પૃથ્વીથી શોભતાં રાજયને કરનારા દેખાય છે.

કુંદલતાએ કહેલું સાંભળીને રાજા શ્રેણિકે પ્રધાન અભયકુમારને કહ્યું, અરે, ! આ સ્ત્રીનાં અંતરમાં કેવી દુષ્ટતા રહી છે. મેં અનુભવેલું નગરજનોએ જોયેલું અને પતિએ સ્વયં કીધેલું આ કેમ માનતી નથી ? જે દુષ્ટ બુદ્ધિવાળો બીજાએ કહેલા ધર્મ તત્ત્વને પણ માનતો નથી તેને જિનવરોએ અભવ્ય અથવા દૂર ભવ્ય કહ્યો છે. પ્રભાતે સર્વજનોની સમક્ષ હું આ સ્ત્રીનો નિગ્રહ કરીશ જેથી કોઇ અન્ય જિન ધર્મનો તિરસ્કાર કરનાર ન થાય.

મંત્રી બોલ્યા. હે મહારાજ ! આ રીતના ઘણા લોકો નગરમાં છે, આપ કેટલાનો નિગ્રહ કરી શકશો ? આ પૃથ્વી તલ ઉપર એવું કોઈ કુળ નથી, એવું કોઈ ઘર નથી. એવો કોઈ વંશ નથી કે જેમાં

મિથ્યાત્વથી મૂઢ એવો એક પણ જીવ ન હોય. મિથ્યાત્વરૂપી મગરમચ્છોથી ભરપૂર એવાં આ સંસાર સાગરમાં, હે સ્વામિન્ ! સમક્તિરૂપ રત્ન કોક પુણ્યવાન મનુષ્ય વડે જ પમાય છે.

તે સાંભળીને ચોરે પણ વિચાર્યું કે મારા પિતાનું જેવું હતું તેવું સ્વરૂપ આ સ્ત્રી કેમ સ્વીકારતી નથી. જે પોતાનાં પ્રિયપતિએ કહેલ સત્યને સ્વીકારતી નથી તે આ સ્ત્રી નક્કી હીનજનોમાં અગ્રેસર છે. કુલીન સ્ત્રીઓ ધર્મજ્ઞ એવા પતિનાં કહ્યા પ્રમાણે જ કરે છે. શ્રેષ્ઠ રત્નોમાંથી જ તેજ પૂંજ ઉત્પન્ન થાય છે. પતિને વિષે ભક્તિ, ગૃહાચારમાં કુશળતાં, પૂજ્યની પૂજા, વિનય, અને અતિથિસત્કાર આ સ્ત્રીઓનો શણગાર છે.

ત્યારે ધર્મના જાણકાર શ્રેષ્ઠીએ કુંદલતાને કહ્યું, હે ભોળી ! તું સત્ય તત્ત્વને જાણતી જ નથી. જેઓનાં અંતરમાં નિષ્પાપ એવું જિનવચન પ્રકાશમાન નથી. તે મૂઢમતિવાળા જીવો જ જેમ તેમ વર્તે છે. કરેલાં પુણ્ય–પાપનું ફળ કોઇને આ લોકમાં કોઇને પરલોકમાં, તો કોઇને બંને લોકમાં મળે છે.

હે ભદ્રે ! પુણ્ય પુણ્યાનુબંધી અને પાપાનુબંધી (એમ બે રીતે) થાય છે. પહેલુ સમ્યગ્ જ્ઞાન ક્રિયાથી તો બીજું અજ્ઞાન કષ્ટથી થાય છે. પુણ્યાનુબંધી શ્રેષ્ઠ એવા સુખને પામીને ફરી પુણ્યકાર્યમાં તત્પર બનીને અધિક કલ્યાણને પામે છે. પૂર્વનાં પાપાનુબંધી પુણ્યોદયથી અહીં થોડુંક સુખ પામેલાં, સેંકડો પાપો કરીને ભવોભવ દુઃખી થાય છે. પુણ્યથીજ સુખ છે. અને પાપથીજ દુઃખ છે. વળી તે બંનેનાં નાશથી મોક્ષ છે તે તું નિશ્ચિત જાણ તેથી હે પ્રિયે ! નાસ્તિકતાના ભાવને છોડીને અને આસ્તિકતાને ધારણ કરીને જગતમાં અદ્ભુત એવા સર્વજ્ઞના ધર્મના મહિમાને તું સ્વીકાર.

આમ હિતકારી એવી ધર્મની શિખામણ આપવા છતાં મિથ્યાત્વથી મોહિત એવા તેણીનાં મનમાં તે જરાપણ ન ટકી.

ફરી શ્રેષ્ઠી બોલ્યાં કે હમણાં મેં તમારી સમક્ષ મારી સમ્યગ્દર્શનની સ્થિરતાનું કારણ કહ્યું. હવે પત્નીઓ (તમે) પોતાની સર્વથા

સમ્યક્ત્વની સ્થિરતા કરનારી જયરૂપી લક્ષ્મીની કારણભૂત હકીકત માંડીને મારી સમક્ષ કહો.

પતિનો આદેશ પામીને પ્રસન્ન મુખવાળી અને દાંતની કાંતિથી પૃથ્વીને ઉજ્જવલ કરતી તેણીએ (મિત્રશ્રીએ) આ રીતે વૃત્તાંતનો પ્રારંભ કર્યો.

## રામ રાખે તેને કોણ ચાખે

પૃથ્વી ઉપર સર્વત્ર પ્રખ્યાત, આનંદથી ભરપૂર અને સ્વર્ગને જીતતી એવી અવંતિ દેશમાં રહેલી ઉજ્જયિની નગરી છે. અત્રેના શાસ્ત્રનિષ્ણાત શ્રીમંતો અનાદિ કાળથી ચાલ્યા આવતા લક્ષ્મી અને સરસ્વતીનાં વૈરભાવને દૂર કરનારા છે.

શત્રુઓને જેણે ત્રાસ પમાડયાં છે અને જે વિશ્વાનંદકારી રૂપ જેવો સુરસુંદર નામે ત્યાં રાજા છે. જે પુણ્યાત્મા સર્વે કલાઓ અને સંપત્તિઓનાં પ્રિયમેલક પણાને પામ્યો.

પૃથ્વી તલને વિષે આનંદી ચંપકમાલાની જેમ શીલરૂપી સુગંધથી યુક્ત એવી તેની કનકમાલા નામે રાણી હતી.

ત્યાં જ રાજકૃપાપાત્ર અને સમ્યગ્ દૃષ્ટિઓમાં અગ્રેસર શ્રેષ્ઠીઓનો નાયક એવો વૃષભ શ્રેષ્ઠી હતો. સુપાત્રમાં ત્યાગ, ગુણપ્રીતિ વગેરે પાંચ ગુણોથી શોભતો એવો તે પૃથ્વી ઉપર પ્રસિદ્ધ થયો.

સુપાત્રમાં ત્યાગી, ગુણાનુરાગી, પરિજનો સાથે ભોગી, શાસ્ત્રજ્ઞ અને રણમાં શૂરવીર એ પુરૂષનાં પાંચ લક્ષણ છે.

જ્ઞાતિઓમાં શ્રેષ્ઠ અને સાક્ષાત્ દેહધારી લક્ષ્મી જેવી જિનદત્તા નામની તેની પત્ની પતિને વિષે અનુકૂળ એવી હતી. સદાચારી એવી તેની સાથે સુખરૂપી સરોવરમાં વિવેકી રાજહંસની જેમ શ્રેષ્ઠીએ લાંબા કાળ સુધી લીલાને કરી.

અનુકૂળ, સદા તુષ્ટ, કાર્યમાં દક્ષ, સદાચારી અને વિચક્ષણ આ પાંચે ગુણોથી યુક્ત એવી સ્ત્રી એ શ્રી (લક્ષ્મી) છે એમાં કોઇ શંકા નથી.

એકદા જેઓએ તાપને દૂર કર્યા છે, એવાં જંગમ પુણ્યનાં સંગમ સમા કોઇક ચારણ શ્રમણ તેણીનાં ઘરે આવ્યાં. વિવિધ તપો

તપતા (કરતાં) એવા ચારણ શ્રમણનાં આગમનથી, સૂર્યથી જેમ કમલિની વિકસિત થાય છે. તે રીતે (જિનદત્તા) વિકસિત થઈ.... ભક્તિરાગથી પુલકિત થયેલાં રોમાંચરૂપી વસ્ત્રને ધારણ કરતી તેણીએ કામદેવને જેઓએ મથી નાંખ્યો છે એવાં મુનિવરને વિધિપૂર્વક નમન કર્યા. તેણીએ આપેલા આસને બેસીને આશીર્વાદ આપી મુનિએ સમતામૃતથી યુક્ત વાણી વડે ત્યાં સદ્ધર્મનો ઉપદેશ આપ્યો.

(આ અસાર સંસારમાં, મરુભૂમિમાં કલ્પવૃક્ષની જેમ ધન્ય જીવો વડે ઇચ્છિતની સિદ્ધિ માટે સર્વજ્ઞ ધર્મ પમાય છે. તે ધર્મ સર્વવિરતિ અને દેશવિરતિ એમ બે પ્રકારે મનાયો છે. તત્ત્વની શ્રદ્ધારૂપ સમ્યગ્ દર્શન તેનું પ્રવેશ દ્વાર કહેવાય છે. હે ભદ્રે ! મહર્ષિઓએ તેનાં સડસઠ (૬૭) ભેદો કહ્યા છે, સમ્યક્ત્વ વ્રતની શુદ્ધિ માટે નિપુણ આત્માએ તે જાણવા જોઇએ, તે આ રીતે.

શાસનમાં તેનાં પ્રાણ રૂપ પરમાર્થ સંસ્તવ આદિ ૪ પ્રકારની શ્રદ્ધા સાધુઓએ કહી છે. જિનાગમની શુશ્રુષા ધર્મસાધનોમાં અનુરાગ અને દેવ-ગુરુની વૈયાવચ્ચ એ તેનાં ત્રણ (૩) લિંગ છે.

પરમાર્થ સંસ્તવ કરવો, આગમ પ્રજ્ઞ મુનિજનોની સેવા કરવી અને જેઓએ સમકિત વમ્યું છે અને કુદૃષ્ટિઓના સંગનો ત્યાગ કરવો તે ચાર સદ્દલક્ષણો છે....આગમ વચન જાણવામાં અને ધર્મસાધનામાં પરમ અનુરાગ તેમજ જિન અને ગુરુનાં વૈયાવચ્ચનો નિયમ એ સમ્યક્ત્વનાં ત્રણ લિંગ છે.

હે ભદ્રે ! સમ્યક્ત્વની શુદ્ધિને ઇચ્છતાં સમકિતીઓએ અરિહંત સિદ્ધ, પ્રતિમાદિને વિષે ૧૦ પ્રકારનો વિનય કરવો જોઇએ.

અરિહંત. સિદ્ધ, ચૈત્ય, શ્રુત, ધર્મ, સાધુવર્ગ, આચાર્ય, ઉપાધ્યાય
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮

પ્રવચન અને દર્શનમાં વિનય કરવો,
૯ ૧૦

સમ્યગ્- દર્શનરૂપી માણિક્યને નિર્મળ કરવામાં કારણ ભૂત મન વચન કાયાની શુદ્ધિ એમ ત્રણ પ્રકારની શુદ્ધિ કહી છે.

ત્યાં સમકિતને નિર્મળ કરતી મન–વચન–કાયાની શુદ્ધિ છે. મન-શુદ્ધિ જિન અને જિનમત સિવાયના સર્વ લોકને અસાર માને છે. તીર્થંકરની ચરણ સેવાથી મારું જે કામ સાધ્ય થયું નથી તે માટે હું અન્ય દેવને પ્રાર્થના કરીશ નહીં એમ કહેવું તે વચન શુદ્ધિ છે. છેદાતો, ભેદાતો, પિલાતો કે બળાતો પણ હું જિન સિવાય અન્ય દેવને નમીશ નહી. તે કાયશુદ્ધિ છે

તે સમકિતીઓએ શંકા (જિનવચનમાં,) આકાંક્ષા અન્ય દેવની વિચિકિત્સા (ધર્મફળ વિષેશંકા,) મિથ્યાત્વીઓની પ્રશંસા અને તેઓનો સંગ પ્રયત્નપૂર્વક ત્યાગવો. જે વાદિ નૈમિત્તિકાદિ આઠ પ્રભાવકો કહ્યાં છે એટલે તે સમ્યક્ત્વનાં પ્રકાશનાં હેતુથી તેઓને વિષે સદા ભક્તિ કરવી. સમતાં, સંવેગ (મોક્ષની તાલાવેલી). નિર્વેદ (સંસાર પ્રત્યે વૈરાગ્ય) (સર્વ જીવો પ્રત્યે) દયાભાવ અને આસ્તિકતા (તત્ત્વ શ્રદ્ધા) આ (પાંચ) લક્ષણો વડે અંતરમાં રહેલું સમકિત બહાર ઓળખાય છે. જિનમતમાં સ્થિરતા, જિનમતની પ્રભાવના, જિનમતમાં કુશલતા, ભક્તિ અને શક્તિ મુજબ તીર્થયાત્રા આ (પાંચ) સમકિતનાં ભૂષણ છે. અન્યતીર્થિક દેવાદિના વંદનાદિના ત્યાગથી સમકિત શુદ્ધિકારક છ પ્રકારની જયણાં કરવી.

પરતીર્થિકોને તેઓના દેવોને અને તેઓએ ગ્રહણ કરેલા ચૈત્યો પ્રત્યે પણ જે છ પ્રકારનો વ્યવહાર ન કરાય તે છ પ્રકારની જયણા જાણવી.

રાજગણાદિ જે છ પ્રકારનાં આગાર, અપવાદ, સ્વલ્પ સત્ત્વવાલાને કહ્યા છે તેનાં નામથી સમકિતનો ભંગ થતો નથી.

વ્રત ભંગની રક્ષા કરતા છ આગાર એટલે અપવાદ છે :–રાજાભિયોગ, ગણાભિયોગ, બલાભિયોગ, સુરાભિયોગ, ગુરુનિગ્રહ અને આજિવિકાનો ઉપાય.

સદ્ધર્મ મંદિરનું દ્વાર આદિ છ ભાવના રસોથી વિચારવામાં આવતું સમ્યગ્–દર્શન મોક્ષસુખ આપનારું થાય છે.

સમ્યક્ત્વ એ ચરણધર્મનું મૂળ છે, દ્વાર છે, પાયો છે, નિધિ છે, આધાર છે અને પાત્ર છે (એમ ભાવવુ) એવી ભાવના કરવી.

આ જીવ શાશ્વત છે, પુણ્ય-પાપનો કર્તા અને ભોક્તા છે. કર્મના ક્ષયથી નિર્વાણ છે અને તે જિનેશ્વરોએ કહેલો માર્ગ છે. આ છ સ્થાન છે. આ છ સ્થાન વિષેની સાચી શ્રદ્ધાપૂર્વકની આસ્થા સમકિતને શુદ્ધ કરે છે જેમ અનાજનાં ફોતરાનો અગ્નિ સોનાને શુદ્ધ કરે તેમ

આમ ૬૭ ભેદોથી યુકત એવું સમકિત જેણે મેળવ્યું છે તેનો મનુષ્ય જન્મ સફળ છે અને જીવિત કૃતાર્થ છે. જેમ જ્ઞાનનાં ઉપયોગ વિનાનો મુનિ દ્રવ્ય મુનિ પણાને પામે છે તેમ સમકિત વિનાની ચારિત્ર આરાધના દ્રવ્યરૂપતાને પામે છે. જેનાં અંતરમાં સમ્યક્ત્વ વિષે દઢતા છે તે જીવને સુરાસુર નરેંદ્રોની સંપત્તિથી યુક્ત પદની પ્રાપ્તિ થાય છે સમ્યકત્વનાં સર્વાંગીણ મહિમાને કહેવા માટે તો હે ભદ્રે ! કેવળ તે જ સમર્થ છે જેને કેવળજ્ઞાન છે.)

આ રીતની દેશના સાંભળી ત્યારે જિનદત્તાએ મહર્ષિની પાસે ત્રણે શુદ્ધિથી સમકિતનો સ્વીકાર કર્યો. કયારેય પ્રાણાન્તે પણ તારે આ સમકિત ન ત્યાગવું આમ શિખામણ આપી મુનિ વિહાર કરી ગયા; કારણ ચિંતામણિ રત્ન કોઇનાય હાથમાં ચિરકાળ સુધી રહેતું નથી.

ભિખારી કલ્પવૃક્ષને પામીને જે આનંદ પામે છે તેમ સદ્દર્શનને પામીને પરમાનંદને ધારણ કરતી તેણીએ આદરપૂર્વક પાલન કર્યું વારંવાર વિચારીને પ્રભાવના કરતા તેણીએ સુલસા મહાસતીની જેમ સમકિતને નિર્મળ કર્યું

જેમ તારાઓથી યુક્ત પણ ચંદ્ર વિના રાત્રિ શોભતી નથી તેમ ગુણ સમૃદ્ધ એવી પણ તે પુત્ર વિના શોભતી નથી. પુત્ર પ્રાપ્તિનાં દુઃખરૂપી મહાસાગરમાં સતત્ ડુબેલી તેણીને રાત્રિમાં જરાય નિદ્રા આવતી નથી.

એકદા અવસર પામીને પતિને નમન કરી તેણીએ કહ્યું: "હે સ્વામિન્! સુપુત્રક્ષ થી' જ ઘર શોભે છે. કહ્યું છે કે

હાથી મદથી, સરોવર કમળોથી, રાત્રિ પૂર્ણચંદ્રથી વાણી વ્યાકરણથી મંદિરો નિત્યોત્સવથી. કુલ સત્પુત્રોથી નગર રાજાથી અને ત્રણે લોક ધાર્મિક પુરુષોથી શોભે છે

મારાં કર્મનાં દોષથી હું તમારાં માટે સંતાન ફળની યોગ્યતાને મારામાં જોતી નથી સંતાન પ્રાપ્તિ માટે મેં આ પહેલાં ઘણાં ઉપાયો કર્યા પણ તે બધાં કુપાત્રને આપેલાં દાનની જેમ સર્વે નિષ્ફળ ગયા (થયા) છે. સારા એવા બોધિના સ્વાદથી આનંદિત અંતઃકરણવાળી અને ભવસ્થિતિની જાણકાર એવી હું હમણાં વિષયોથી વિરક્ત થઈ ગઈ છું. તેથી હે નાથ! હવે આપને કોઈક યોગ્ય કન્યા સાથે પાણિગ્રહણ કરવા માટે મારી તમને અનુમતિ છે. જેણીનાં કલ્પવલ્લીની જેમ અર્થિતને આપનાર પુત્રફલને પામીને નિશ્ચિંત મનવાળા થઈ તમે સતત પણે શુભ કાર્ય કરો.

ત્યારે આ સાંભળીને પોતાના કિરણોથી સરોવરને કમળયુક્ત બનાવતાં સૂર્યની જેમ પોતાની ઉજ્જવલ એવી દંતપંક્તિથી પત્નીને ખુશ કરતા ઋષભ શ્રેષ્ઠીએ કહ્યું "હે ભદ્રે! યૌવનના આરંભમાં લગ્ન મહોત્સવ યોગ્ય છે. પણ ગળિયા બળદના ગળામાં રત્નમાલા શોભે ?

ત્યારે પત્નીએ ફરી કહ્યું કે, સંસારના ભારથી ખિન્ન થયેલા ગૃહસ્થને પુત્રનો સંગમ એ રાત દિવસ વિશ્રામનું સ્થાન છે.

સંસારમાં થાકેલા જીવોને માટે ત્રણ પ્રકારનાં વિશ્રામ ધામ છે પુત્રયુક્ત પણું, કવિપણું અને સજ્જનોની સંગતિ...

વિવેકથી નિર્મળ આત્માવાલા તે શ્રેષ્ઠીએ પત્નીને કહ્યું કે યુક્તિ યુક્ત એવું તેં જે કહ્યું તે બધું હું જાણું છું (પરંતુ) સ્ત્રીની વિડંબણારૂપ અને વધ્ય જીવની શોભાની જેમ વૃદ્ધ પણામાં પરણવાની ક્રિયા યોગ્ય નથી. વય વીતી ગયેલા મનુષ્યને વિશેષે કરીને સારી રીતે કર્મોનો નાશ કરવામાં સમર્થન એવો વિવિધ ધર્મનો ઉદ્યમ સર્વથા શોભાકારી છે. વૃદ્ધત્વમાં વિષયોની વ્યાકુળતા પુરુષોને માટે હાસ્યાસ્પદ છે. સર્વશાસ્ત્રોમાં અને વિશેષ કરીને તે જિનશાસનમાં વિરૂદ્ધ છે.

રોગમાં પણ અંગવિભૂષા કરવી, શોકમાં પણ લોક વ્યવહાર કરવો, દરિદ્રપણે ઘર માંડવું, અને વયવીત્યા પછી પણ સ્ત્રી સેવન કરવું આ બધું પરસ્પર વિરુદ્ધ એવું જાણવા છતાં પણ જેના વડે લોકો દ્વારા આ કરાવાય છે તે વિશ્વજયી મોહમલ્લ વિજય પામે છે.

જિનદત્તા બોલી હે દેવ! રાગનાં આવેગથી જયારે કામ વિષયને સેવાય ત્યારે તે પૃથ્વી ઉપર હાસ્યાસ્પદ બને છે. સંતાનને માટે પાણિ ગ્રહણ કરે છતે સંતાન થતાં સર્વત્ર ધર્મ કુલાદિની શોભા અને વૃદ્ધિ થાય છે.

તે સમયે તેઓનાં પુણ્યથી પ્રેરાયેલો કોક નિમિત્તજ્ઞ તેઓના ઘરે આવ્યો ઔચિત્યમાં તત્પર એવી શેઠાણીએ ષડ્રસ ભોજનથી તેને વિશેષ ખુશ કરીને પૂછયું કે હે મહામતિ! આ શ્રેષ્ઠીને ધનવાન એવો પુત્ર થશે કે નહીં એ કૃપા કરીને મને કહો.

ત્યારે નિમિત્તજ્ઞે તેને કહ્યું, હે ભદ્રે! નવી પત્નીને અવશ્યપણે કલ્યાણકારી એવો શ્રેષ્ઠ હાથી જેવો પુત્ર થશે.

પછી તે વચન સાંભળીને અત્યંત પ્રસન્ન મુખવાલી તેણીએ શ્રેષ્ઠીને પરાણે લગ્નનો સ્વીકાર કરાવ્યો. ઇચ્છિત અર્થના દાનથી નિમિત્તિયાને ખુશ કરીને પછી તેને જલદીથી વિસર્જિત કર્યો, કારણ દાન એ જ (શ્રેષ્ઠ) રસ છે.

હવે અહીં રહેતો, ગુણીજનોને માનનીય અને સદાચાર પરાયણ એવો જિનદેવ નામે શ્રેષ્ઠી હતો. પૃથ્વી ઉપર સાક્ષાત્ રતિ જેવી બંધુશ્રી નામની તેની પત્ની હતી. તેમની કનકશ્રી નામની કંચનવરણી કાયાવાળી પુત્રી થઈ.

એકદા તેઓના ઘરે જઇને જિનદત્તાએ તેણીની માંગણી કરી, ત્યારે તેઓ બોલ્યા કે તું હોતે છતે આને કંઈ રીતે અપાય. સ્ત્રીઓને દરિદ્રની સાથે સંયોગ અથવા તો કુમારીપણું શ્રેષ્ઠ છે, પણ શોકયો સાથેનો સહવાસ સારો નથી. ધર્મજ્ઞ અને કુલીન શોકયપણાથી યુકત સ્ત્રી થોડાં પણ કાર્યમા બીજાને માટે દ્રોહ કરનાર થાય છે.

ત્યારે નમ્રતા સાથે જિનદત્તાએ તેઓને કહ્યું કે, દેવપૂજાદિ અવસરે અને ભોજનાવસર સિવાય ક્યારેય પણ મારે પતિ પાસે આવવું નહીં. વિરક્તીથી પણ પતિને વિષે સદ્ધર્મનાં ગૌરવ સ્વરૂપ આ કરવું પૂર્વે મેં ઘણાં ભોગો ભોગવ્યાં છે અને શરીરનું સુખ અનુભવ્યું છે. તેમજ ગૃહકાર્યો પણ કર્યા છે અને આ રીતે મારું યૌવન વય ગયું છે. હવે જિને કહેલ ધર્મ જ કરવો મારે યોગ્ય છે, એ માટે દેવગુરૂની આજ્ઞા એ જ મારી મર્યાદા રહેશે.

આ રીતે વિશ્વાસ પડવાથી તેઓએ પોતાની પુત્રી આપી અને ઉત્સવપૂર્વક શ્રેષ્ઠી સાથે વિધિપૂર્વક પરણાવી. પાંચે અંગનાં સુખોમાં નિમગ્ન હેમશ્રીનાં ઘરકાર્યથી નિશ્ચિંતપણે કેટલાક દિવસો ગયાં. તેણીનાં મનને અનુકૂળ કરતી ભવતૃષ્ણાથી રહિત ચિત્તવાળી અને સદ્ધર્મથી ભાવિત જિનદત્તાએ સુખને મેળવ્યું.

સર્વસંગના પરિત્યાગથી શ્રેષ્ઠ સુખ નથી અને તૃષ્ણાનાં પ્રપંચથી બીજુ કોઇ ઘોર નરક નથી.

ક્રમે કરીને હેમશ્રી ગર્ભવતી થઇ અને ઉત્સવોની હારમાળાથી સર્વ ઘરને જાગ્રત કર્યું. જે રીતે પ્રશંસનીય ભાવયુક્ત તેણીનો ગર્ભ વધે છે. તે જ રીતે શ્રેષ્ઠીનાં હૃદયમાં આનંદ ઉછળે છે. શ્રેષ્ઠી રોજે સર્વાર્થનું સાધક એવું સુપાત્ર દાન આપે છે. અને દીન જનોને સુખકારી ભોજન આપે છે. ત્યારે આનંદયુક્ત એવી હેમશ્રી કોઇનાં ચરણની સેવા, નણંદનું બહુમાન, બંદિજનોને છોડાવવા, સંઘવાત્સલ્ય, જિન બિંબોની પૂજા, જિનમંદિરોમાં દિવાઓ રોજે કરે છે.

આ રીતે પુણ્ય પ્રભાવથી તેણીએ પુત્રરત્નને જન્મ આપ્યો અને શ્રેષ્ઠીએ ઘરમાં ઉત્સવો કરાવ્યા. સ્વજનોએ પ્રેમથી રાખેલ સાર્થક એવા પુણ્યસાર નામથી યાચકોને પ્રિયપણે તે પૃથ્વી ઉપર પ્રસિદ્ધ થયો. શ્રેષ્ઠી ધર્મકાર્યોથી જેમ ધર્મીઓમાં શ્રેષ્ઠ હતો તેમ દુ:ખને દૂર કરતા તે પુત્રથી, તે પુત્રવાળાઓમાં શ્રેષ્ઠ થયો.

હવે ભવસ્થિતિનો જાણકાર ઋષભ શ્રેષ્ઠી વિષયોથી વિરક્ત થયો

અને મોક્ષની તીવ્ર ઇચ્છાવાળો તે મુનિ પ્રાયઃ ચર્યા કરવા લાગ્યો. કપટ રહિત બુદ્ધિથી સાધર્મિકપણે પતિને માનતી જિનદત્તાએ પણ પતિનું પુનિત સાનિધ્ય કર્યું.

શોકયપણાથી તેણીની પ્રત્યે ઈર્ષ્યા કરતી હેમશ્રી પિતાના ઘરે ગઈ ત્યારે પ્રેમપૂર્વક માતાએ પૂછયું. હે ભદ્રે ! પતિનાં ઘરમાં મનની તુષ્ટિ કરનાર એવું સર્વાંગીણ સુખ તને સતતપણે છે કે નહિ ?

સાંજનાં કમલિની જેવી મ્લાનમુખવાલી હેમશ્રીએ થોડીવાર રોઇને દુઃખી એવી તે બોલી. હે વિદુષી ! શોકયની સાથે પૂર્વે ભોગ ભોગવેલ પતિ વિષે તેં પોતે જ મને તેને આપીને, સમાધિનાં સુખસંયોગને કેમ પૂછે છે ? વૈષયિક સુખ તો દૂર રહ્યું પણ તેનાં વડે ધર્મનાં કપટથી આકૃષ્ટ ચિત્તવાલા આ [પતિ] મારી સાથે પ્રેમનાં બે શબ્દો પણ બોલતા નથી. તે પહેલી પત્ની સાથે જિનચૈત્યોમાં દેવપૂજાદિનાં બહાને જઇને સ્વૈર પણે ક્રીડા કરતાં રહે છે. પ્રતિક્રમણાદિના નામે નિર્જન ગૃહમાં જઇને પરસ્પર નેત્રથી જોવાનાં સુખરૂપ સ્વાદને માને છે. દાસીની જેમ સર્વે ઘર કાર્યોને હું એકલી કરૂં છું અને થાકેલાં શરીરવાલી હું રાત્રે નિદ્રા પામું છું. શોકયપણાનું જે દુઃખ મારા મનમાં છે તે મુખેથી કહેવા માટે કેવળી જ સમર્થ થાય.

પુત્રીએ કહેલું સાંભળીને બંધુશ્રીએ વિચાર્યું, અરે કપટ યુક્ત ચિત્તવાળાઓની કેવી દુષ્ટતા ! જે જેમાં અનુરક્ત હોય તે ત્યાંજ લીલા કરે છે. વળી કામાંધ ચિત્તવાલા ઉચિત-અનુચિતને જાણતા નથી. રતિ જેવા રૂપવાળી આ મારી પુત્રીને ત્યાગીને વળિયોથી ભેદાયેલ શરીરવાળી તણીને તે જડ કેમ ઇચ્છે છે ?

શું કમળ જેવાં નેત્રોવાળી દેવીઓ ન હતી કે જેથી ઈંદ્રે પણ અહિલ્યા તાપસીને સેવી. અથવા તો હૃદયરૂપી તૃણકુટિરમાં કામાગ્નિ પ્રજ્જવલિત થયે છતે ઉચિત-અનુચિતને કોઈ પંડિત પણ જાણે છે ?

હવે માતા બોલી હે પુત્રી ! તું જલદીથી દુઃખને ત્યાગ, રોગની જાણ થયે છતે તેનો પ્રતિકાર કરવો સરળ બને છે. નદીથી વૃક્ષની જેમ

મનનાં દુઃખને સમૂળથી ઉખેડીને હું કોઇપણ રીતે તારું સુખ કરીશ. આ રીતે આશ્વાસન આપીને બંધુશ્રીએ તેણીને પોતાનાં ઘરે રાખી અને પોતે જિનદત્તાનાં દ્રોહનો ઉપાય વિચાર્યો.

એકદા ત્યાં વિવિધ આશ્ચર્યોના ધામરૂપ અને વિશ્વાકર્ષક શક્તિયુક્ત એવો સિદ્ધેશ્વર નામનો યોગી આવ્યો. બંધુશ્રીએ તેને દેવતાઓને પણ આનંદકારી એવાં અમૃત જેવાં અન્નપાનોવડે આરાધ્યો.

એકદા ભક્તિથી તુષ્ટ થયેલા કાપાલિકે તેણીને કહ્યું હે ભદ્રે ! તું તારા અંતરનું ઇચ્છિત એવું કંઈક મારી પાસેથી માગ ત્યારે હર્ષપૂર્વક તે બોલી, હે પ્રભો ! જો તમે ખુશ હો તો મારી પુત્રીની શોક્ય જિનદત્તાને જલદી મારી નાખો.

મિષ્ટાન્નપાનથી લોભાંધ એવા તે પાપીએ તે પાપને સ્વીકાર્યું. ધર્મ કે અધર્મના માર્ગની વિચારણા મિથ્યાત્વીઓને ક્યાંથી ? દર્શનને પામીને પણ જિનવચનના અજાણ મિથ્યાત્વ મોહિત ચિત્તવાલા આ લિંગીઓ કુકર્મોમાં રમે છે.

તે કાપાલિકે કાર્યની સિદ્ધિ માટે વિદ્યાધિષ્ઠાયિકા પિંગલા નામની દેવીને વિધિપૂર્વક યાદ કરીને મોકલી. યોગીથી પ્રેરાયેલી તે દેવી પણ જિનદત્તા પાસે આવી અને જિનપૂજાના પ્રભાવે પ્રશાંત ચિત્તવાળી થયેલી દેવીએ પાછી આવીને ધ્યાન નિશ્ચલ યોગીને કહ્યું કે સૂર્યનાં મંડલમાં રહેલાને અંધકારની પીડા થતી નથી. હે ભદ્ર ! આ સુંદર આચારવાલી, સુશીલ, જિન ભક્તિમાં, તત્પર, સત્યવાદી અને પતિ ભક્તિવાળી સજ્જનોને પણ વંદનીય છે. તેથી આને દુઃખી કરવાને માટે આ પૃથ્વી ઉપર કોઈ દેવ કે દાનવ પણ સમર્થ નથી તો પછી મારા જેવી તો શું ? હમણાં તે સંકટ નિવારક એવી અષ્ટપ્રકારી જિન પૂજાને જિનમંદિરમાં ભક્તિપૂર્વક કરી રહી છે.

વિધિપૂર્વક કરેલી જગદ્ગુરૂની પૂજાથી સંકટો દૂર જ જતાં રહે છે અને સંપત્તિનાં પદને નજીક કરે છે અને અંતર આનંદથી ઉલ્લા-

સિત થાય છે

યોગી બોલ્યો, સાત સમુદ્રોને શોષવામાં અને સર્વ પર્વતોને ચૂરી નાંખવામાં તારી શક્તિ છે એવું પહેલાં મને ગુરુએ કહેલું છે. તેથી સેવકને વિષે વત્સલ એવી હે મહાદેવિ ! કૃપા કરો અને હમણાં ત્યાં જઇને જલદીથી મારું કાર્ય કરો.

યોગીથી પ્રેરાયેલી દેવી ફરી ત્યાં ગઈ અને પાછી આવીને ક્રોધિત ચિત્તવાળી તેણીએ પાખંડી જેવા તે યોગીને કહ્યું. સતીઓમાં શ્રેષ્ઠ એવી તેણી સામે જોવા માટે પણ હું સમર્થ નથી તેથી મને બીજું કાર્ય કહે. નહીતર તારું મોત આવ્યું (સમજ) અવિધિથી આરાધેલો ધર્મ-મંત્ર-અને ચેટક દેવતા ખરાબ વ્યક્તિએ ગ્રહણ કરેલ શાસ્ત્રની જેમ તે જ ક્ષણે સાધકને હણે છે.

બંનેમાં જે દુષ્ટ હોય તેણીને તું માર અને મારી ઉપર કૃપા કર, આ રીતે યોગીવડે કહેવાયેલી દેવીએ જઇને હેમશ્રીને મારી પ્રભાતે તેણીને તે રીતે જોઇને દુ:ખના ભારથી પીડાયેલી બંધુશ્રીએ રાજા પાસે જઇને આ રીતે વિનંતી કરી. હે રાજન્ ! હે ન્યાયરૂપી વન માટે મેઘ સમા ! મારી પુત્રી કનકશ્રીને નક્કી ઈર્ષ્યાથી તેની પત્ની જિનદત્તાએ મરાવી છે.

એ સાંભળીને ક્રોધથી લાલ થયેલાં રાજાએ મહાસતી જિનદત્તાને બોલાવવા માટે સેવકોને મોકલ્યા. જિનધર્મની પ્રભાવના કરવાની ઈચ્છા-વાલા દેવતાઓએ તેઓને અર્ધા રસ્તામાંજ સ્તંભિત કર્યા. જેની અરિ-હંતને વિષે ઘણી ભક્તિ છે અને અંતરમાં અદ્ભુત શ્રદ્ધા છે તેને આપત્તિમાં પણ સંપત્તિ થાય છે તેમાં કોઈ સંશય નથી.

જેનાં અંતરમાં સમકિતરૂપી દીપકનો ઉદય છે તેના નામ માત્રથી પણ સિંહ શિયાળ જેવો, અગ્નિ પાણી જેવો થાય છે. ભીષણ નાગ વેલડીપણાને, દરિયો સ્થલપણાને વનની પૃથ્વી ઘરના આંગણપણાને અને ચોર સરળતાથી દાસપણાને પામે છે અને તે ગ્રહ શાકિની રોગો શત્રુઓ આદિ સર્વે પણ વ્યાધિઓ નાશ પામે છે.

તે વૃત્તાંત સાંભળીને જિનપૂજા માટે જિનમંદિરમાં પહોંચેલા દંપતીએ પોતાનાં ચિત્તમાં આ રીતે વિચાર્યું. કનકશ્રીનું આ રીતનું સ્વરૂપ કેમ સંભળાય છે ? અથવા તો પૂર્વે કરેલા કર્મોને અન્યથા કરવા કોણ સમર્થ છે ? ઘોર એવા સંસાર સાગરમાં ભમતા આ જીવોને સર્વ પ્રાણીઓ સાથે સદાને માટે ઘણી રીતે, સર્વ સંબંધો થાય છે કારણ જીવો પોતાનાં કર્મો વડે ઉત્પન્ન થાય છે અને મરે છે. આથી વિવેકીજનોએ પ્રયત્નપૂર્વક ધર્મનું ઉપાર્જન કરવું.

પછી જિનદત્તાએ પ્રગટ રીતે શ્રેષ્ઠીને કહ્યું. હે સ્વામિન્ ! કોઇ પણ કર્મથી આ મારો અપવાદ થયો છે. જ્યાં સુધી આપણો આ ઉપસર્ગ નાશ ન પામે ત્યાં સુધી મારે અરિહંતની સમક્ષ કાયોત્સર્ગ કરવો. આ રીતે પતિને કહીને શુભ ધ્યાનવાળી તે મહાસતી સારી રીતે જિનમંદિરમાં કાયોત્સર્ગમાં રહી, પાપોને નાશ પમાડનાર નમસ્કાર મહામંત્ર સ્વતંત્ર એવાં શ્રેષ્ઠીએ એકાગ્ર હૃદયથી જિનની સામે જપ્યો.

ત્યારે ધ્યાનના મહાત્મ્યથી ખેંચાયેલા સમકિતી દેવો વડે ઉપાડાઇને રાજા આગળ મૂકાયેલો તે યોગી બોલ્યો. હે રાજન્ ! બંધુશ્રીથી પ્રેરાયેલા મેં આ બધું કર્યું છે, લોભાંધ બનેલો પાપી માણસ શું શું પાપ ન કરે ? વૃત્તિનો અર્થી, ક્ષત્રિય, માર્ગ ભ્રષ્ટ, લિંગી (સાધુ), સુખનો અર્થી, સ્ત્રી અને લોભાંધ વણિક પાપ કરતા વિચારતા નથી.

તેથી જિનદત્તાનો અપવાદ દૂર થયો. જિનધર્મના જાણકાર કોઇની પણ હિંસા કરતા નથી. મોહરૂપી અંધકારથી યુક્ત મુઢાત્મા એવો મારો આ અપરાધ ક્ષમા કરો આવું કાર્ય હું ફરી કયારેય નહી કરું.

રાજા બોલ્યો, હે વેષધારી ! યોગીપણાનાં ઢોંગથી આ રીતે કુકર્મ કરતો ફોગટ નરકમાં જઇશ. ગૃહસ્થવ્રતને ત્યાગીને પાખંડથી યુક્ત પાપીઓ ધર્મકાર્યો કરતાં હોવાં છતાં, પ્રાયઃ દુઃખનાં ભાગી બને છે. નિષ્ઠુર હૃદયે અનેક પાપો કરીને જે તેનાથી પાછા હટતા નથી તેઓની શુદ્ધિ થતી નથી. બંને લોકમાં વિરુદ્ધ એવાં તમારા પાપની શુદ્ધિ પાછા હટવાં છતાં પણ, તપ વિના દેખાતી નથી.

મિત્રદ્રોહી, કૃતઘ્ન, સ્ત્રી ઘાતક અને ચાડી ખોરની શુદ્ધિ બુધજનોએ ચિતા કે ચરણ (ચારિત્ર) સિવાય કહી નથી.

આ રીતે કહીને રાજાએ ન્યાય ધર્મની રક્ષા માટે બંધુશ્રી સાથે તે દુરાચારીને દેશમાંથી કાઢી મૂકયો. અતિ ઉગ્ર પુણ્ય પાપને કરનારા જીવોને અહીંયાં જ ફલ પ્રાપ્ત થાય છે. એવું મહાપુરુષોએ કહ્યું છે.

ત્રણ મહિને, ત્રણ પખવાડીએ, ત્રણ વર્ષે, અથવા ત્રણ દિવસે અતિ ઉગ્ર પુણ્ય પાપનું ફલ અહીંજ થાય છે.

અહીં સમ્યગ્ ધર્મનાં પ્રભાવે ખુશ થયેલા દેવતાઓએ દંપતિ ઉપર પાંચ આશ્ચર્યો વ્યકત કર્યા. તે સાંભળીને આશ્ચર્ય પામેલા સ્પૃહા યુક્ત રાજાએ સભાને ઉદ્દેશીને કહ્યું કે ધર્મનું મહાત્મ્ય કેવું છે. ?

તે અવસરે તે જિનપ્રાસાદમાં સમકિતીઓની દૃષ્ટિ માટે અમૃતના અંજન સમા જ્ઞાનનાં ધણી, ક્ષમાયુકત અને નગરજનોનાં પુણ્યાનુબંધિ પુણ્યનાં ઉદયથી બોલાવાયેલાં સમાધિગુપ્ત નામના અણગાર પધાર્યા. ધ્યાન મૂકીને પરમાનંદને પામેલા દંપતીએ ભક્તિથી પ્રદક્ષિણા કરીને દુરિતને છેદતા મુનિવરને પ્રણામ કર્યા. પછી ધર્મલાભના આશિષને પામીને આનંદિત મુખવાળા તેઓ બંને હાથથી અંજલિ જોડીને, હૃદય નિર્મલ કરીને બેઠાં. મુનિનું આગમન સાંભળીને પુરજનોથી યુક્ત રાજાએ ત્યાં આવી વિધિથી વંદના કરી. મુનિએ સંસારરૂપી વનભ્રમણના તાપને દૂર કરવા માટે સાક્ષાત્ દ્રાક્ષરસથી યુક્ત એવી ધર્મદેશના આપી.

(અપાર એવા સંસાર અટવીમાં ભમતાં ઈચ્છિત સિધ્ધિપ્રદ જિનધર્મરૂપી કલ્પવૃક્ષ ભાગ્ય યોગે મળે છે. શ્રી સર્વજ્ઞ કથિત ધર્મમાં જેનું મન દૃઢ થાય છે તેનું દેવો પણ સદાકાળ સાન્નિધ્ય કરે છે. જીવા જીવાદિ વસ્તુઓને વિષે સમ્યક્ શ્રધ્ધારૂપ સદ્દર્શન એ તે ધર્મ કલ્પવૃક્ષનું મૂળ છે. જીવ-અજીવ-પુણ્ય-આશ્રવ-સંવર-નિર્જરા, બંધ અને મોક્ષ એ નવ તત્વો શાસનમાં છે.

ત્યાં જીવો મુક્ત અને સંસારી એમ બે પ્રકારે કહ્યાં છે અને મુક્ત જીવો તીર્થસિદ્ધાદિ ૧૫ ભેદે કહ્યાં છે. સ્થાવર અને ત્રસ એમ બે પ્રકારે સંસારી જીવો છે. એમાં પહેલા (સ્થાવર) જીવો પૃથ્વી, પાણી, અગ્નિ-વાયુ અને વનસ્પતિ એમ પાંચ પ્રકારે છે. તે પૃથ્વી આદિ પ્રત્યેક સૂક્ષ્મ અને સ્થૂલ (બાદર) એમ કહેલા છે. એમાં પહેલા (સૂક્ષ્મ) ત્રણે લોકમાં સર્વત્ર વ્યાપ્ત છે, તો બીજા (સ્થૂલ) તેનાં દેશભાગમાં રહેલા છે. વળી વૃક્ષો (વનસ્પતિ) પ્રત્યેક અને સાધારણ એમ બે રીતે છે. ત્રસ જીવો બે-ત્રણ-ચાર અને પંચેન્દ્રિયપણાથી ચાર પ્રકારે છે. ત્યાં પંચેંદ્રિય જીવો સંજ્ઞિ અને અસંજ્ઞિ બે પ્રકારે છે. શિક્ષાઉપદેશાદિ ક્રિયાને જે જાણે તે સંજ્ઞિ કહેવાય. મનરૂપી પ્રાણથી રહિત જીવો અહીં અસંજ્ઞિ છે. તે સર્વે પણ પર્યાપ્ત અને અપર્યાપ્ત ભેદથી બે રીતે છે. જીવને પરિપૂર્ણતા તરફ લઇ જતી આહાર-શરીર-ઇન્દ્રિય-શ્વાસોશ્વાસ ભાષા અને મન એમ છ પર્યાપ્તિ છે. એકેંદ્રિય વિકલેંદ્રિય (બે. તે. ચ) પંચેંદ્રિય. જીવોને ક્રમે કરીને ચાર-પાંચ-અને છ પર્યાપ્તિ હોય છે. શ્રી જિને કહેલાં અને મિથ્યાત્વીઓથી અજાણ એવાં આ ૧૪ જીવસ્થાનને પ્રયત્નપૂર્વક જાણવાં.

ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાય-આકાશાસ્તિકાય, કાળ અને પુદ્ગલો આ પાંચ અજીવો છે. જીવની સાથે આ પાંચે દ્રવ્યો કીધેલાં છે. ત્યાં કાળ સિવાયનાં બધાં પ્રદેશોના સમૂહરૂપ છે. જીવ વિનાનાં પાંચે અચેતન અને નિષ્ક્રિય મનાયા છે. પુદ્ગલ સિવાયનાં બધા અરૂપી છે અને કાળ સિવાય પુદ્ગલયુક્ત સર્વે પણ સ્થિતિ-ઉત્પત્તિ અને નાશ પામનાર છે. સ્પર્શ-રસ-ગંધ અને વર્ણ એમ ચાર રીતે પુદ્ગલો છે તે સ્કંધ અને અણુરૂપ છે. તેમાં સ્કંધથી જે છુટા હોય તે અણુ હોય છે. બંધાયેલા અણુઓ સ્કંધ હોય છે તે વળી સૂક્ષ્મ અને બહાર આકાર ધારક હોય છે. શબ્દ-ગંધ-અંધકાર-છાયા, ઉદ્યોત આદિ ભેદરૂપે પણ પુદ્ગલો છે. ધર્મ-કાયા-ભાષા, મન અને મહેનત અને શ્વાસોશ્વાસ આ સુખ દુઃખ જીવન અને મરણનાં ટેકારૂપ છે.

ધર્માસ્તિકાય આકાશાસ્તિકાય અને અધર્માસ્તિકાય એ જિનાગમમાં દ્રવ્યથી એક કહ્યાં છે. ધર્મ-અધર્માસ્તિકાય લોકાકાશને સર્વત્ર વ્યાપી રહેલાં છે. જલચરોને જેમ પાણી સહાયક બને તેમ સ્વયં જવા માટે પ્રવૃત્ત થયેલાં જીવોને માટે ધર્માસ્તિકાય સહાયક બને છે. છાયા પ્રવાસીને જેમ સહાયક બને છે તે રીતે સ્વયં સ્થિર રહેલાં જીવોને અને પુદ્ગલોને અધર્માસ્તિકાય સહાયક બને છે. લોકાલોકમાં વ્યાપ્ત થયેલું અનંત પ્રદેશવાળું આકાશાસ્તિકાય સ્વયં પ્રતિષ્ઠિત થયેલાં વિશ્વના જીવોને અવકાશ આપનાર થાય છે, લોકાકાશમાં રહેલા છતાં તેનાથી ભિન્ન એવાં જે કાળનાં અણુઓ છે તે કાળ જ ભાવોનાં પરિવર્તનમાં મુખ્ય મનાયેલો છે. જયોતિષશાસ્ત્રમાં જેનું પ્રમાણ સમયાદિથી મનાયેલું છે તે વ્યાવહારિક કાળ સર્વ સુજ્ઞ જનોએ માનેલો છે.

પ્રાણીઓને સુખ આપનાર શુભ કર્મનાં પુદ્ગલો **પુણ્ય** છે, તે તેથી વિપરીત વિવિધ દુઃખોને આપનાર પુદ્ગલો **પાપ** છે. મન વચન અને કાયાના ક્રિયાઓવડે જે કર્મ થાય તે આભવ શુભ હોય તો શુભનાં કારણભૂત અને અશુભ હોય તે અશુભનાં કારણભૂત થાય છે. સર્વ આભવોનાં નિરોધભૂત **સંવર** કહેવાય છે અને ભવભ્રમણનાં કારણભૂત કર્મોનાં ખરવાથી **નિર્જરા** કહેવાય છે. કષાય આદિને વશ પ્રાણી જે કર્મયોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરે છે તે **બંધ** જીવોને ચાર પ્રકારે થાય છે. બંધનાં કારણોનો અટકાવ થતાં ઘાતિ કર્મના ક્ષયથી કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે અને શેષ કર્મોનો ક્ષય થયે છતે **મોક્ષ** થાય છે.

ત્રણે લોકનાં સર્વ દેવાદિ જીવોનું સુખ કહેવાય છે. તે બધું સિદ્ધિસુખનાં અનંતમાં ભાગનું પણ થતું નથી. જે શુભ ચિત્તવાલો આ નવ તત્ત્વની શ્રદ્ધા કરે છે તેનું સમકિત શુદ્ધ થાય છે. અને શિવલક્ષ્મી હાથવેંતમાં થાય છે પાણી છાંટવાથી જેમ અંકુર પ્રગટે તેમ જિનાગમનાં શ્રવણથી જ સાચા તત્ત્વનું સર્વજ્ઞાન પ્રગટ થાય છે.

ખારા પાણીના ત્યાગથી અને મધુર પાણીનાં યોગથી જેમ બીજ વૃદ્ધિને પામે છે તે રીતે તત્ત્વની જાણથી મનુષ્ય વૃદ્ધિ પામે છે....

અહીં સર્વ સંસાર ખારા પાણી જેવો મનાયો છે. અને મધુર પાણીનાં યોગ જેવી તત્વશ્રુતિ મનાઈ છે, સજ્જનોએ આ શ્રુતિ બોધરૂપી પાણીનાં ઝરણાં જેવી માની છે તે સિવાયનું શ્રુત ભૂમિકૂપની જેમ નિરર્થક છે સમ્યગ્-દર્શન પૂર્વક જ્ઞાન અને ચારિત્રનો યોગ નિશ્ચિત મોક્ષ સુખનાં કારણ તરીકે મુનિઓએ કહ્યો છે.)

આ રીતે મુનિ પાસે સાંભળીને જાગૃત વૈરાગ્યવાલા ઋષભે પુણ્યસાર નામનાં પોતાનાં પુત્ર ઉપર ગૃહભારને સ્થાપીને, દાનદ્વારા લક્ષ્મીનાં ફળને પામીને, ઘણાં શ્રેષ્ઠિઓથી પરિવરેલાં તેણે પત્નીની સાથે સર્વ-પાપનાશક એવી તપસ્યાને (દીક્ષાને) ગ્રહણ કરી. સારી રીતે સમકિતની પ્રાપ્તિ કરાવનાર તત્ત્વ સ્વરૂપને જાણેલાં રાજાએ વિધિપૂર્વક ૧૨ વ્રતોનો સ્વીકાર કર્યો. અન્ય પણ નગરજનોએ સમકિત, અણુવ્રતો, પૂજાદિ નિયમોને ઈચ્છામૂજબ ગ્રહણ કર્યા.

આ રીતે પ્રત્યક્ષ જોઈને હે સ્વામી ! મેં પણ ગુરુની પાસે મુક્તિનાં કારણભૂત નિશ્ચલ એવાં સમકિતને ગ્રહણ કર્યું. ત્યારે ચારિત્ર્ય સંપત્તિને પામેલાં ઋષભ શ્રેષ્ઠિ આદિને તે મુનીન્દ્રે દ્રાક્ષાસ્વાદ જેવી મધુર હિત શિક્ષા આપી.

સંસારે જીવોને જે વસ્તુઓ સુખકારી છે તે'જ સર્વ યુક્તિથી દુઃખરૂપ જોવાય છે. ભોગમાં રોગનો ભય છે, સુખમાં ક્ષયનો ભય છે ધનમાં અગ્નિ અને રાજાનો ભય,, દાસપણામાં સ્વામીનો ભય, વિજયમાં શત્રુનો ભય, વંશમાં કલંકનો ભય, માનમાં મ્લનિનો ભય, ગુણમાં દુષ્ટનો ભય. દેહને કાળ ભીતીનો ભય. અરે, અહીં સર્વ કંઇ ભયરૂપ છે. કેવળ ચારિત્ર'જ અભયરૂપ છે.

ઘણાં ભાગ્યથી પ્રાપ્ત થયેલ આ પંચમહાવ્રતી તમારે રક્ષિતાદિના દૃષ્ટાંતથી પ્રયત્નપૂર્વક પાળવી.

આમ મિત્રશ્રી સમકિત પ્રાપ્તિનું કારણ કહે છતે અર્હદ્દાસ અને બીજી પત્નીઓ મધુર સ્વરે બોલી, તેં કહેલું આ બધું અમે

સત્ય માનીએ છીએ, કારણુ જિનધર્મનો મહિમા વિશ્વાદ્ભુત છે, ધર્મ પ્રભાવે જીવોનાં દુ:ખો જલદીથી નાશ પામે છે, સુખો વૃધ્ધિ પામે છે અને દેવો પણ સાહાય્યકર્તા થાય છે.

પૃથ્વી ઉપર સાક્ષાત્ પાપની લતા (વેલડી) સમી કુંદલતા બોલી કે આ વાતનો મારા મનમાં વિશ્વાસ નથી. કારણુ મિત્રશ્રીએ બુધ્ધિથી કલ્પનાનાં તરંગો ઉપર આરોપિત કરીને ધર્મના એકમાત્ર કપટથી આ બધું કહ્યું છે.

ત્યારે રાજાદિએ ચિંતવ્યું, અરે ! પ્રાય: સત્ય એવી પણ વસ્તુ- ઓને વિષે આ દુષ્ટાની કેવી અશ્રધ્ધા ! ગુણ માણિક્યથી સંપૂર્ણ એવાં સજ્જનને વિષે સત્યભાષી હોવાં છતાં, સામાન્ય માણુસ પ્રાય:- દોષને આપે છે.

(જળો એક જાતનો બેઇંદ્રિય જીવ) સ્તન ઉપર ચોટેલો જળો, રક્તને પીએ છે પણ અમૃતને નહીં, તેમ નિર્ગુણ માણુસ દોષને'જ ગ્રહણ કરે છે ગુણુને નહીં.

હે ભવ્ય જીવો ! સમકિતનાં મહિમાને જણાવતું એવું આ મિત્રશ્રીએ કહેલું કથાનક સાંભળીને તમે સદ્બોધિ લાભને પામો.

મંત્રીયુક્ત શ્રેણિક રાજા પણ જગતના ઉદયનાં કારણભૂત એવાં બોધિલાભનાં પ્રભાવને કર્ણપુટથી પામીને નિષ્પાપ એવા તે રાજા તાપને દૂર કરતાં હર્ષરૂપી પૂરનાં અભિષેકને પામ્યો.

## તૃતીય પ્રસ્તાવ સંપૂર્ણ

# ચતુર્થ પ્રસ્તાવ

## વીશસ્થાનક તપ વિશ્વમાં મોટો

હવે શ્રેષ્ઠીએ ગૌરવપૂર્વક ચંદનશ્રીને કહ્યું હે ભદ્રે ! તારા સદ્દર્શ- નની પ્રાપ્તિનું કારણ કહે.

સ્વામીનો આદેશ પામીને પુણ્યવતી સતીએ, સદ્ધર્મરૂપી બગી- ચાને માટે નહેર સમાન એવી કથાને આ રીતે કહી. (૨)

જિનમંદિરોથી પવિત્ર એવાં ભરતક્ષેત્રમાં કલ્પવૃક્ષની જેમ સંપદાના હેતુરૂપ કુરુ નામનો દેશ છે. તેમાં પૃથ્વી ઉપર તિલકની ઉપમાસમું અને જિનજન્મ ભૂમિપણાથી પ્રસિદ્ધ, એવું હસ્તિનાપુર નામનું ઉત્તમ તીર્થ છે.

જ્યાં સદાચારપણાથી પ્રસિદ્ધ, કલંકરહિત કલાઓથી યુક્ત ચંદ્ર જેવી કાંતિવાલા અને સાક્ષાત્ દયામૂર્તિ સમા લોકો છે.

તેમાં ઇંદ્ર જેવો પરાક્રમી અને ભોગીઓમાં પ્રથમ તેમજ સુજ્ઞજનોમાં શ્રેષ્ઠ એવો ભૂભોગ નામે રાજા હતો. તે બંને ધર્મમાં નિષ્ણાત, બંને રીતે ક્ષમાનાં ભારને વહન કરવામાં સમર્થ અને મિત્ર કે અમિત્ર વર્ગને સદા ઉન્નતિ કરનારો હતો.

જે રાજાનાં મનમાં રણમાં શત્રુઓનો સમૂહ અને દાનમાં સુવર્ણનો ઢગલો એ બંને તણખલા સમાન મનાય છે.

દીનજનોનાં દુઃખ દૂર કરવામાં સમર્થ, પૃથ્વીની જેમ સર્વ ભારને સહન કરતી અને સતીની પરંપરાને શોભાવતી ભોગાવતી નામે તેની રાણી હતી. જેણીનો જમણો હાથ નિરંતરપણે પાત્રદાન–અભયદાન અને જિન ચરણની સેવાથી ક્યારેય અટકતો નથી.

સર્વજીવોને માટે દયાળુ અને શુભાર્જનમાં તત્પર, ગુણથી ઉજ્જવલ અને સંપત્તિમાન એવો ગુણપાલ નામનો શ્રાવક હતો. જેણે જિનપૂજા–તીર્થયાત્રા અને સુપાત્રદાનથી પોતાના ન્યાયોપાર્જિત ધનને સફળ કર્યું હતું.

શુધ્ધ સમકિતનાં આરોપણથી વિશુદ્ધ ચિત્તવાળી અને સારા ગુણોથી યુક્ત એવી ગુણાવલી નામે તેની પત્ની હતી. કલ્પવલ્લી જેવી ગુણાવલીનાં સંગથી ગુણપાલ જિનશાસનરૂપી ઉદ્યાનમાં કલ્પવૃક્ષની ઉપમાને પામ્યો હતો.

ત્યાં ચંદ્રની જેમ નિર્મલ કલાઓથી યુક્ત, સદાચારી અને અત્યંત દરિદ્ર એવો સોમદત્ત નામે બ્રાહ્મણ હતો. તેની સુકોમળ અંગવાળી સોમિલા નામે પત્ની હતી અને તેમની સુંદર એવી સોમા નામે પુત્રી ચંદ્રમુખી હતી.

દુર્વાર એવા જ્વરરોગથી એકદા તે સોમિલા મૃત્યુ પામી તેથી સોમદત્ત નિરંતર ચિંતાયુક્ત અંતરવાલો થયો. જેમ ભૂમિ ઉપર છત્રનો (રાજાનો) નાશ, વૃક્ષને વિષે મૂલનો છેદ થાય. એમ ગૃહસ્થને વિષે ઘરનો (પત્નીનો) ભંગ સમય દુઃસહ થાય છે.

એકદા તે વિશ્વબંધુસમા સાધુની પાસે ગયો. સંસારતાપથી તપ્ત જીવોને મુનિઓ'જ સુધાસરોવર સમા છે. ભદ્રક ચિત્તવાળો છતાં શોકાવેશથી અતિવિવશ ચિત્તવાલો આ તેઓને બહુમાન પૂર્વક નમસ્કાર કરીને બેઠો ત્યારે સાધુઓએ કહ્યું હે ભદ્ર ! તું કેમ દુઃખી જેવો દેખાય છે ? તેણે પણ પોતાનાં દુઃખનું કારણ કહ્યું.

ત્યારે કૃપાયુક્ત ગુરુએ આ રીતે દેશના આપી. સંસાર માર્ગ વિષમ'જ છે. ઇન્દ્રો અને ઉપેન્દ્રોવડે પણ તે અપ્રતિકાર્ય છે તેથી દુઃખને ત્યાગી આત્મહિતને કરવું. જિનકથિત ધર્મમાંજ નક્કી પ્રાણિઓનું હિત છે. કારણ સૂર્યથી જેમ અંધકાર નાશ પામે છે તેમ સર્વ દુષ્કર્મો નાશ પામે છે.

ચારે ગતિનાં અનેક દુઃખોનો નાશ કરનાર આ ધર્મના દાન-શીલ-તપ અને ભાવ એમ ચાર ભેદ છે....સુપાત્રમાં દાન, સુંદર એવું શીલ, વિવિધ તપ અને શુભ ભાવનાં એ ચાર ધર્મ ભવ સમુદ્રને તરવા માટે નૌકા સમાન છે, એમ મુનિઓ કહે છે.

આ રીતે ગુરુની પાસે દેશના સાંભળીને તે બ્રાહ્મણ યથાયોગ્ય ધર્મકાર્યોથી સ્વજન્મને કૃતાર્થ કરતો શ્રાવક થયો. દરિદ્રી હોવા છતાં પણ તે નિરંતર સુપાત્રદાન આપે છે, કારણ વિવેકી લોકોએ શક્તિ અનુસાર દાન આપવું જોઇએ. કહ્યું છે કે-

થોડામાંથી પણ થોડું આપવું, મહોદયની અપેક્ષા રાખવી નહીં ઇચ્છાનુસારિણી શક્તિ કોની ક્યારે થશે ?

ધર્મોમાં પરમ ધર્મ અને બ્રાહ્મણનું પ્રથમ લક્ષણ એવા ઘોર બ્રહ્મચર્યને તેણે ત્રણે શુદ્ધિથી સ્વીકાર્યું.

જો કોઇ ક્રોડ સોનૈયાનું દાન આપે કે સુવર્ણ મંદિર બંધાવે તેણે તેટલું પુણ્ય થતું નથી જેટલું બ્રહ્મચર્યનાં ધારકને થાય છે...જેમ શિલ્પી શિલ્પથી તેમ બ્રાહ્મણ બ્રહ્મચર્યથી શોભે છે. અથવા તો તે ઇંદ્રગોપ કીડાની જેમ નામ માત્ર બ્રાહ્મણ છે.

હે યુધિષ્ઠર ! એક રાત્રિ પણ બ્રહ્મચર્ય પાલકની જે સ્થિતિ-ગતિ થાય છે તે ૧૦૦૦ યજ્ઞોથી પણ શકય નથી.

ધર્મની અન્ય વિધિઓમાં આનંદને ધારણ કરતા અને ભાવયુક્ત આ બ્રાહ્મણે વિવિધ તપો કર્યા. નિત્ય ઉભય ટંક આવશ્યક કરતાં કરતાં તેણે ત્રિકાળ જિન પૂજા પણ કરી. આવશ્યકમાં ઉપયોગવાળાની જે નિર્જરા થાય છે તેનું પ્રમાણ કહેવા માટે જિનેશ્વરોજ સમર્થ થાય... આ રીતે ધર્મપરાયણ એવાં તેની કીર્તિ નગરમાં થઇ, અકુલીન પણ જીવ ધર્મથી દેવતાઓ વડે પણ ગવાય છે.

એકદા સદાચારીઓમાં અગ્રેસર એવા તેને વિવેકીઓમાં શ્રેષ્ઠ એવાં ગુણપાલ શ્રેષ્ઠીએ કહ્યું..તારામાં જે રીતનું શ્રાવકપણું દયાળુપણું અને બ્રહ્મચારીપણું દેખાય છે તે મેં અન્યત્ર કયાંય પણ જોયું નથી તેથી હે સાધર્મિક મહાભાગ ! હે સંવેગ રંગ સાગર ! તું સર્વ ગૃહસ્થોમાં વંદનીય છે. હવે પછી તારે આરંભરહિતપણે રહેવું યોગ્ય છે. સજ્જનોએ સાવદ્યને ત્યાગી શ્રાવક સાધુની જેમ માન્યો છે. સતત ધર્મને અનુસરતા તમે જો મારા ઘરમાં રહીને પ્રાસુક અન્નનાં ભોજનથી સદા વ્યાધિરહિતપણાને પામો તો મને આનંદ થશે. કારણ તમારા જેવા સુપાત્ર પરમ પુણ્યોદયથીજ પ્રાપ્ત થાય છે.

સત્યપાત્ર, મહાન શ્રદ્ધા, કાળ યોગ્ય દાન, અને ધર્મ સામગ્રી અલ્પ પુણ્યવાલાઓ વડે પમાતી નથી....સદા શાંત અને બારવ્રતનાં પાલક સમકિતિને થોડું પણ આપેલું, પ્રાયઃ ક્રોડગણું. થાય છે...હજારો મિથ્યાત્વીઓમાં એક સમકિતિ શ્રેષ્ઠ છે. હજારો સમકિતીઓમાં એક અણુવ્રતી શ્રેષ્ઠ છે. હજારો અણુવ્રતઓમાં એક મહાવ્રતી શ્રેષ્ઠ છે અને હજારો

ઇત્યાદિ યુક્તિ યુક્ત વાતોથી ખુશ થયેલા તે શ્રેષ્ઠ બ્રાહ્મણે શ્રેષ્ઠીને ત્યાં ભોજનનો સ્વીકાર કર્યો. ગુણપાલ દ્વારા ગૌરવપૂર્વક સ્વગૃહે જમાડાતો બ્રાહ્મણ ધર્મશાસ્ત્રોનાં જ્ઞાનમાં અને શ્રાવક સમૂહમાં પણ શ્રેષ્ઠતાને પામ્યો. સજ્જનોના સંસર્ગથી નીચ માણુસ પણ પ્રાયઃ મોટાઈને પામે છે, રત્નરાશિમાં રહેલો કાચનો ટુકડો શું મણિપણાને પામતો નથી!

તેના સાનિધ્યથી, ત્રણે શુદ્ધિથી, શ્રાવક ધર્મને અનેક રીતે આરાધીને અંતે અનશન કરીને શુભધ્યાનવાળા અને સમાધિયુક્ત તે બ્રાહ્મણે ગુણવાન એવા ગુણપાલ શ્રેષ્ઠીને કહ્યું, આચારસંપન્નને જેમ વિદ્યા અપાય તેમ તારે આ મારી પુત્રી સોમા સમકિતી એવાં બ્રાહ્મણને આપવી. સમૃદ્ધ છતાં મિથ્યાત્વી એવા આત્માને નહી પણ સર્વશાસ્ત્રરૂપી સુધાસાગરના પારગામીને આપવી. કન્યા અપરિણીત સારી, કષ્ટથી જીવન ગુજારો કરનારી સારી, પરંતુ મિથ્યાદૃષ્ટિ પુરુષો સાથે સંગ કરનારી તો નહીં જ.

આ રીતે કહીને સર્વ આશ્રવોથી અટકેલો ધીર એવો તે બ્રાહ્મણ મરીને વૈમાનિક દેવલોકમાં અત્યંત તેજસ્વી દેવ થયો.

સ્વગૃહે શેઠ દ્વારા પુત્રીની જેમ પળાતી સૌમ્ય આશયવાલી તે સોમા ક્રમે કરીને યૌવનને પામી. શ્રી સુવ્રતા મહાસતીની સેવનાથી જિનધર્મની જાણુકાર એવી તે સમકિતીઓમાં આદર્શ રૂપ થઈ. તેથી તેણીનું મન ધર્મમાં જ રમે છે કિંતુ વિષયોમાં નહીં. શું વિવેકી રાજહંસ કાદવવાળા પાણીનો આશ્રય લે છે.

હવે આ જ નગરમાં ચોરીમાં નિષ્ણાત અને જુગારાદિ વ્યસનોના સાગર સમો રૂદ્રદત્ત નામે બ્રાહ્મણ હતો. મિથ્યાત્વથી મલિન ચિત્તવાળો અને નિરંતર જુગારમાં રત એવો તે ગુરુને–દેવને–ધર્મને–મિત્રને કે સ્વજનોને પણ માનતો ન હોતો.

એકવાર જુગારખાનામાં રમી રહેલા તે દુષ્ટને જિન પૂજા માટે જતી સોમા દૃષ્ટિગોચર થઈ. સુંદર રૂપવાળી; અલંકારોને ધારણ કરેલી અને પુણ્યરૂપી લાવણ્યનો અમૃતવાહિની સમી, તેણીને જોઇને. રૂદ્રદત્તે વિચાર્યું, અરે ! વિધિના નિર્માણનું જાણે સર્વસ્વ ન હોય એવી આ સ્ત્રી જેની પત્ની થાય તેનો ગૃહવાસ સફળ થાય.

પછી કપટનાં ધામરૂપ એવા તેણે તે જુગારીઓને પૂછયું કે આ કોની પુત્રી છે ? અને કોની પત્ની છે ? તેઓએ કહ્યું બ્રાહ્મણાગ્રણીની આ પુત્રી પરમવૃદ્ધિવાલાં ગુણપાલ દ્વારા વૃદ્ધિ પમાડાયેલી છે. પરલોક જતી વખતે આના પિતાએ કહેલું છે કે શુદ્ધ સમકિતથી શોભતા બ્રાહ્મણને આ આપવી. તેથી આની માટે એવો કોઇક સમક્તિથી યુક્ત અને રત્નત્રયીથી પવિત્ર, એવો કો'ક શ્રેષ્ઠ બ્રાહ્મણ જોવાય છે. આ રીતનાં ગુણવાળા પતિના અભાવે પ્રૌઢપણાને પામેલી આ સર્વ-સંપત્તિવાળા ગુણપાલના ઘરમાં (વધે છે.) મોટી થાય છે.

ત્યારે તાળી આપીને સસ્મિત એવા રૂદ્રદત્તે તેઓને કહ્યું, કે કપટથી પણ મારે આ સ્ત્રીને પરણવી છે. ત્યારે વિસ્ફારિત નયનવાળાં અન્ય જુગારીઓ બોલ્યા, હે દુષ્ટ, શું તું આ સ્ત્રીનું સ્વરૂપ જાણતો નથી ? કુલાચારથી પવિત્ર એવા યાજ્ઞિકો અને બ્રાહ્મણોએ આ પુત્રી પોતાના પુત્રો માટે યાચેલી છે. નવાં ઉદ્‌ગમ પામેલી યૌવનવાળી ઇચ્છિત આપનારી આ સ્ત્રી કોના વડે મંગાતી નથી ? પણ શ્રેષ્ઠી તેણીને શ્રાવક વિના કોઇનેય આપતો નથી ? શું ગાયનું માંસ ભક્ષણ કરનારને કોઇ કામધેનુ ગાય આપે છે? જે અધિક ધર્મધુરાને ધારણ કરે છે તે'જ પ્રાણી બુધજનો વડે ધનાઢયોમાં પણ અગ્રણી કરાય છે. જુગારી-ચોર અને પરસ્ત્રીનો અભિલાષી એવો તું સતી શ્રેષ્ઠ એવી તેણીને માટે કઇ રીતે યોગ્ય થઇશ ?

આ રીતે વચન સાંભળીને ફરી રૂદ્રદત્તે તેઓને કહ્યું કે, અહીં મારી આ રીતે પ્રતિજ્ઞા છે તે તમે સાંભળો. સ્ફુરાયમાન કંકણયુક્ત હાથથી, આ છોકરીને પરણીને, તે વેષે અહીં આવીને, લીલાથી હું

નવાં-નવાં દાવોથી તમારી સાથે જુગાર રમું ત્યારે જ તમારે મને બ્રાહ્મણ કહેવાતાઓમાં અગ્રેસર માનવો.

પછી જુગારખાનામાંથી નીકળીને માયાવી અને ધૂર્ત એવો તે અનેક ગામોમાં ભમતો, કોઇક મુનિ પાસે શ્રાવકાચારને જાણીને, શ્રાદ્ધ પ્રજ્ઞપ્તિ આદિ સૂત્રો, સ્તોત્રો સહિત ભણીને, ગુરુસેવામાં કુશળ, અરિહંતની સ્તુતિમાં નિપુણ, બ્રહ્મચારીપણાથી શ્રાવકોને વિષે પ્રસિદ્ધિપણાને પામતો, ભાષા અને શરીરથી ગુપ્ત એવો તે તીર્થો તીર્થોમાં જિનવરોને નમસ્કાર કરતો, પ્રતિગ્રામ જતો, એકદા તે આ ગામમાં આવ્યો. ગુણપાલ શ્રેષ્ઠી નિર્મિત જિનમંદિરમાં રહી, કપટયુક્ત દશે પ્રકારે ધર્મ કરતો, સદાચારના દંભવાળો એવો આ બ્રાહ્મણ જિનપૂજાર્થે આવેલા શ્રેષ્ઠીની નજરે ચઢે છે.

પ્રશસ્ત એવી જિનપૂજા કરીને, સજ્જનોમાં શ્રેષ્ઠ એવાં શ્રેષ્ઠીએ વંદનપૂર્વક તેને પૂછયું, હે શ્રાવકોત્તમ ! અહીં તમારું આગમન ક્યાંથી થયું છે? અને યૌવનમાં પણ તમે બ્રહ્મચર્યવ્રતનો સ્વીકાર કેમ કર્યો છે ? ત્યારે શ્રેષ્ઠીને વિધિપૂર્વક વંદના કરીને, પાપી એવા તેણે કલ્પનારૂપી શિલ્પીથી નિર્માણ કરેલું નિજવૃત્તાંત કહ્યું.

વારાણસી નગરીમાં ગૃહાચારમાં તત્પર અને આનંદદાયી એવી ગંગા નામે પત્નીથી યુક્ત સોમશર્મા બ્રાહ્મણ છે. નામથી રૂદ્રદત્ત એવો હું તેઓના પુત્ર તરીકે મનાયો. યૌવનમાં વિષયોથી વિહ્વલ એવો હું મદમત્ત થયો. પછી દુરાશયી એવા મેં નિત્ય વેગવતી નામની વેશ્યાને ત્યાં રહેતાં ઘરનાં સર્વ મુળ ધનનો નાશ કર્યો. નિર્ધનતાથી પાપી એવી તેણી વડે ત્યજાયેલો અને માત-પિતાનાં વિયોગથી દુઃખી દશાને પામેલો, હું એકલો જ પૃથ્વી ઉપર ભમતો અને ભિક્ષાથી નિર્વાહ કરતો, શુભ ઉદયથી કલ્પવૃક્ષની જેમ જિનચંદ્ર ગુરુને પામ્યો. બહુમાનથી પ્રણામ કરીને હું તેઓની પાસે બેઠો અને હર્ષામૃતને વરસાવતી આ રીતની ધર્મદેશનાં સાંભળી.

[ધર્મ એ માતા-પિતા-મિત્ર છે, સજ્જનોની ગતિ છે. ધર્મ એ દુઃખરૂપી અંધકાર માટે સૂર્ય છે અને કલ્યાણનો સાગર છે. જ્યારે કલ્યાણ થવાનું હોય અને પરમપદ નજીક હોય ત્યારે જ જીવ ભાવથી જિનધર્મને પામે છે. દેવતાથી પ્રેરાયેલ રવૈયાની જેમ, સારા મનથી પ્રેરાયેલ ધર્મયુક્ત આત્મા વડે ભવસાગરથી ઉદ્ધૃત થયેલ પ્રાણી. ચંદ્ર જેમ સમુદ્રને ઓળંગે તેમ મોક્ષમાં જાય છે.

આ ધર્મનો સ્વીકાર સર્વથી અને દેશથી થાય છે. એમાં પ્રથમ સાધુઓને અને બીજો ગૃહસ્થોને હોય છે. સ્થાવર અને ત્રસ જીવોને ત્રિવિધ, ત્રિવિધે સંકલ્પ અને આરંભથી જેઓ પીડા કરતા નથી,ક્રોધાદિ ચાર રીતે જૂઠનો ત્યાગ કરે છે, દ્રવ્યાદિ ચાર રીતે અદત્ત ગ્રહણ કરતાં નથી, નવગુપ્તિથી સદા શીલને પાળે છે, ઘરને ત્યાગી સર્વથા પરિગ્રહનો ત્યાગ કરે છે, દિવસે મેળવેલું''જ ખાવું આદિ ભેદોથી જે રાત્રિભોજનને ત્યાગે છે, દ્રવ્યાદિ અભિગ્રહોમાં તત્પર અને (૪૨) બેંતાલીસ દોષથી શુદ્ધ આહારને કરતાં સંયમીઓને જ મુક્તિ માર્ગનાં પ્રકાશક કહ્યા છે. તેનાં એક વિભાગના આચારને પાળનારને ભાવકો કહ્યાં છે જે શ્રાવક બ્રહ્મચારી પદ પર આરૂઢ થયેલો, વિશુદ્ધ આહારને આરોગતો પ્રતિમાધારી બને તો તે શ્રાવક સાધુ જેવો મનાયો છે. દેવો પણ જેઓને નમસ્કાર કરે છે, રાજાઓ પણ આજ્ઞાંકિત બને છે, ગ્રહો પ્રસન્ન થાય છે અને દુષ્ટો વશ થાય છે તે વાતો બ્રહ્મચર્યના મહિમાને જણાવે છે.]

ગુરુની પાસે આ રીતે સાંભળીને સંવેગ રસયુક્ત બનેલા મેં વિશ્વપૂજ્ય એવા બ્રહ્મચર્યને કંઇક પ્રમાણમાં સ્વીકાર્યું. પછી અનેક તીર્થોમાં જિનવરોને નમસ્કાર કરતો હું શાંતિનાથ આદિ પરમાત્માને નમસ્કાર કરવા માટે અહીં આવ્યો છું.

તે બ્રાહ્મણે કહેલ જૂઠી વાતને અમૃતની જેમ માનીને આશ્ચર્યથી રોમાંચિત શરીરવાલા શ્રેષ્ઠીએ ચિત્તમાં આ રીતે ચિંતવ્યું. એક તરફ સર્વે તીર્થો અને એક બાજુ પુંડરિકગિરિ છે. તેથી જેને યૌવનવયમાં

પણ અતિ દુષ્કર એવું બ્રહ્મચર્ય ગ્રહણ કર્યું છે તેવો આ મહાપુરૂષ વિશેષે કરીને સ્તવનાને યોગ્ય છે. તેથી જો ભક્તિથી આનું વાત્સલ્ય કરવાનું શકય બને તો મારું આ ગૃહાશ્રમરૂપી વૃક્ષ ફળીભૂત થાય. સાધર્મિક વાત્સલ્ય, જીવદયા, કષાયનિગ્રહ અને પુણ્યાનુબંધિ પુણ્ય એ જિનશાસનનાં સારરૂપ કહેલું છે.

શ્રેષ્ઠીએ તેને કહ્યું, હે શ્રેષ્ઠ બ્રહ્મચારી! પુણ્યશાળી એવાં તમે કોના ઉતારે રહેલાં છો? બ્રહ્મચારી એવા તમારું વાત્સલ્ય કરવા હું ઇચ્છું છું, કારણ નિઃશંક એવા અણુવ્રતીનો યોગ પુણ્યથી'જ થાય છે. તેથી કૃપા કરીને મારા ઘરે આવી ગૃહચૈત્યને વાંદી આજે પારણું કરો.

તે પણ બોલ્યો, છઠ્ઠ તપ કરેલો હું અહીંયાજ રહેલો છું. પાંચ કોળિયાથી વૃત્તિ કરતો હું દેહને ધારણ કરું છું. રાજાના ઘરની જેમ તમારા જેવાનું ઘર વિશ્વમાં શોભારૂપ દેવી જેવી સ્ત્રીઓથી યુક્ત હોય, તેથી જે તે રીતે પણ મારે ત્યાં જવું શકય નથી, પ્રાયઃસ્ત્રીઓનાં દર્શનનો ત્યાગ બ્રહ્મચારીઓને ગુણને માટે થાય છે. તો પણ અવસર પામીને તપના દિવસે ગૃહચૈત્યને નમવાની ઇચ્છાથી હું તમારી સાથે આવીશ.

પછી તેને અતિનિસ્પૃહ જાણીને ગુણપાલ અતિ આગ્રહથી તેને પોતાના ઘરે લાવ્યો. આ બ્રાહ્મણે શ્રેષ્ઠીનાં ઘરમાં રહેલ રત્નમણિ, સુવર્ણ નિર્મિત અરિહંતની પ્રતિમાને આનંદથી વિધિપૂર્વક નમસ્કાર કર્યા. શ્રેષ્ઠીએ તેને પોતાની સાથે ખૂબ ગૌરવથી જમાડયો, ધર્મમાં જેમ જીવદયા સાર છે તેમ ભોજનમાં આદર સાર છે.

ભોજનબાદ પૂષ્પાદિથી તેને પૂજીને, પોતાની ધર્મશાળામાં બેસાડીને આદરથી આ પ્રમાણે કહ્યું. હે મહાશય! આજે મારુ સર્વસ્વ સફળ થયું. કારણ ધર્મના સાગર જેવા તમો મને અતિથિ રૂપે મળ્યા. ગૃહત્યાગી, સમકિતી, બાર વ્રતધારી. જેનો પુણ્યોદય હોય તેના ઘરે અતિથિ થાય. ધર્મશાળામાં રહેલા ધર્મધ્યાનને કરતાં તમારે કેટલાક

દિવસો અહીંજ રહેવું. કોઇ બ્રહ્મચારી જ્યાં એક રાત્રિ પણ રહે છે, તે સ્થાનને તીર્થંકરોએ સ્થાવર તીર્થ તરીકે કહ્યું છે.

તેના આગ્રહથી ત્યાં રહેલાં નિસ્પૃહી એવા માયાથી ધર્મ કરતાં, તેણે સર્વ જીવોને પણ આશ્ચર્ય ચકિત કર્યાં.

એકદા શ્રેષ્ઠીએ ગુપ્ત રીતે શ્રાવકને કહ્યું કે તમારું બ્રહ્મચર્ય આજન્મ છે કે અવધિવાળું છે ? બ્રહ્મચારી એવાં તેણે પણ શ્રેષ્ઠીને થોડા શબ્દોમાં કહ્યું કે યૌવનમાં તો મુનિઓને પણ ઇંદ્રિયો દુર્જય હોય છે. તેથી એ વિભો ! તપસ્યામાં તુલના કરતા મેં ગુરુવચનથી અવધિયુક્ત બ્રહ્મચર્ય સ્વીકાર્યું છે. જે પ્રાણથી પણ અધિક મનાયું છે તે વ્રતને મહાપુરુષોએ પાળવું, કારણ વ્રત ભંગ કરનાર જીવોને સમકિત દુર્લભ થાય છે.

વ્રત ભંગ કરનાર જીવોને ઇષ્ટજનો સાથે વિયોગ. ઘણા પ્રકારની પીડાયુક્તપણું, ખરાબ સ્થાનમાં ઉત્પત્તિપણું, સતત રોગીપણું, અન્ય તરફથી પરાભવપણું અને કુરુપપણું ઇત્યાદિ ફળો કહ્યા છે.

સોમશર્માની પુત્રી માટે આ'જ વર યોગ્ય છે, સમાનવય અને સ્થિતિવાળો આ મને પુણ્યથી પ્રાપ્ત થયો છે. આ રીતે વિચારતાં કાર્યનાં અર્થાં શ્રેષ્ઠી બોલ્યા હે ભદ્ર ! કૃપા કરી મારી એક પ્રાર્થનાને સફળ કરો. સદ્‌ગુણોથી માનનીય સમકિતિઓમાં પ્રસિદ્ધ, બંને પક્ષથી શુદ્ધ અને ધન્ય, એવી આ સોમા નામની કન્યા છે. તમારે તેણીને પત્ની કરવી. અહીં બીજો કોઈ વિચાર કરવો નહીં. તેણીનાં પુણ્યથી'જ ખેંચાયેલા એવો તારો સમાગમ થયો છે. નારીઓને ધનહીન છતાં સદાચારી પતિ શ્રેષ્ઠ છે. સન્માર્ગથી ભ્રષ્ટ થયેલો ધનવાન પણ વિષ-રૂપ થાય છે. ક્ષમાથી યુક્ત સાધુ જે રીતે સ્વકાર્યમાં કુશળ બને છે તેજ રીતે ગૃહિણીથી યુક્ત ગૃહસ્થ પણ સ્વકાર્યમાં કુશળ થાય છે.

ઘણાં કષ્ટો રૂપી મારૂં વૃક્ષ આજે ફલીભૂત થશે. એમ વિચારીને લજ્જાથી નમ્ર મુખવાળો થઇને તે બોલ્યો, મૃગાક્ષી એ જીવોને

દુ:ખોની ખાણરૂપ, નરકદ્વારની દીપિકારૂપ, અને કર્મબંધનોનાં પ્રથમ કારણરૂપ છે. તેથી શત્રુઓની જેમ સ્ત્રીઓનો સંગ મને ગમતો નથી. અને તમારું વચન ઠેલવું પણ શક્ય નથી,

આ રીતે બોલતાં શુભ ભાવવાળા તેને શ્રેષ્ઠીએ પરાણે પણ સોમાનું પાણિગ્રહણ કરાવ્યું. સર્વ સગવડોથી શોભતાં ક્રોડ સોનૈયાથી યુક્ત એવાં જુદા ઘરમાં તેઓને રાખ્યાં.

નવી પરણેલી નવાં રાગથો ભીની, નવાં આનંદને વશ એવી પરિવારયુક્ત સોમાને મૂકીને બીજે દિવસે લગ્ન કંકણથી યુક્ત એવો આ કહેવાતો બ્રાહ્મણ, ક્રિયાઓને ત્યાગીને જુગારખાનામાં જઈને જુગાર રમવાને તૈયાર થયો.

તે (રીતનાં) વેષથી યુક્ત એવા તેને જોઈને, તેના દુષ્કાર્યને જાણીને, વિસ્મયયુક્ત જુગારીઓ બોલ્યા તેં કઈ રીતે, કપટ પ્રયોગથી તારી પ્રતિજ્ઞા પૂર્ણ કરી ? તેણે પણ પોતે જે રીતે કર્યું તે પોતાનું સ્વરૂપ કહ્યું.

તે સાંભળીને આશ્ચર્યચકિત ચિત્તવાળા જુગારીઓ બોલ્યા, અરે ! તારી કપટ રચના ઘણી અધિક છે.

મૌનદંભ, કળાદંભ અને શૌચદંભથી પણ ક્રિયાદંભ એ વિદ્વાનોને પણ દુર્ભેદ્ય હોય છે,

તેં ધર્મકપટથી મહા આસ્તિકને ઠગીને જો સુંદર ચિત્તવાળી સોમા નામની પત્નીને મેળવી છે; હવેથી સદાચારના મહાપથ ઉપર ચાલવું તારે માટે યોગ્ય છે. નીચ પ્રાણી પણ આચારસંપન્નતાથી પૂજનીય બને છે.

દુરાચારપણાથી દુષ્ટ એવો તે, તેઓની વાતને અવગણીને જુગાર ખાનેથી ઊઠીને વેશ્યાના ઘરે ગયો.

ત્યાં પૃથ્વી ઉપર સાક્ષાત્ રતિ જેવી, અત્યંત સૌભાગ્યવાન કલાઓનાં ક્રીડા ગૃહ સમી, વળી વસુમિત્રાની પુત્રી અને પૂર્વે તે બ્રાહ્મણે ઘણાં ધનથી વશ કરેલી એવી નામ અને કામથી બંને રીતે

કામલતા નામની વેશ્યા હતી તેની સાથે કામભોગમાં આસક્ત એવા તે પાપીએ કેટલાક દિવસો પસાર કર્યા.

તેનું વર્તન જાણીને વિલાપતા અંતરવાળી છતાં ધર્મમાં દક્ષ અને સતીઓમાં શ્રેષ્ઠ એવી સોમાએ વિચાર્યું.

અરે, દ્રવ્યક્ષેત્રાદિ સામગ્રીથી શુભાશુભ ફળને આપતું. કર્મનું પરિણામ દેવોને પણ દુર્લંઘ્ય છે. જીવે જે રીતનું કર્મનિર્માણ કર્યું હોય, તે રીતે તેણે પોતાનાં નિધાનની જેમ ભોગવવું પડે છે.

પ્રયત્ન વિના પણ જે થવાનું હોય તે થાય છે. અને ઘણાં પ્રયત્ન છતાં પણ જે ન થવાનું હોય તે થતું નથી. આ રીતે સ્વકર્મ વશવર્તી એવા જીવલોકમાં વિચક્ષણ પુરૂષને શોક કરવો શું યોગ્ય છે ?

ત્યારે શ્રેષ્ઠીએ સોમાને બોલાવીને ગદ્ગદ્તાપૂર્વક કહ્યું હે પુત્રી ! તારે દુઃખ ન કરવું કારણ કર્મસ્થિતિ દુર્લંઘ્ય છે. કલિકાળનાં મહિમાંથી કપટવાલા લોકોમાં ધાર્મિકો પણ ઘણાં પાપી બને છે.

જૂઠમાં હોશિયારી, ચોરીમાં ચિત્ત, સજ્જનોનું અપમાન, અવિનયમાં બુદ્ધિ, લુચ્ચાઈમાં ધર્મ, ગુરુઓની ઠગાઈ, પ્રત્યક્ષમાં સારાં વચન બોલવાં અને પાછળનિંદા કરવી. આ બધી કલિયુગ મહારાજ્યની સંપત્તિઓ છે."

ઘણી રીતે પરીક્ષા કરવા છતાં પણ ખોટા સોનાની જેમ જુગારી એવો આ ધર્મનાં કપટપણાથી મારાથી જાણી શકાયો નહીં. તેથી ધર્મને તારો કરવો.

ત્યારે શાંત મનવાળી સોમા બોલી હે પિતા ! સંતાપ પિયૂષ ! આપની કૃપાથી મને જરાપણ દુઃખ નથી. દુઃખ ઉત્પન્ન થતા કામભોગોમાં મૂર્ચ્છિત અધમ જન દુઃખને પામે છે, વિવેકી તો ત્યારે વિશેષ ધર્મને અનુસરે છે. વિયોગને પામીને મૂઢ જીવો શોક કરે છે પણ વિવેકી જીવો શોક જ ન થાય તેમ વર્તે છે.

તેથી હે પિતા ! ધર્મરૂપી કલ્પવૃક્ષ માટે નીકસમી જિનપૂજા અને મોક્ષદાયક એવી યતિભક્તિ મારે કરવી.

એ રીતે સાંભળીને હૃષ્ટ ચિત્તવાળા શ્રેષ્ઠી બોલ્યા, હે ભદ્રે ! તારે નિ:શંકપણે ધર્મકાર્યોને કરવાં. અજ્ઞાનથી મેં જે તને દુ:ખમાં પાડી તેની તારે મને ક્ષમા આપવી, આ મારું દુષ્કૃત સર્વથા મિથ્યા થાઓ,

અજ્ઞાનથી કે વિસ્મૃતિથી તે રીતનાં પાપને પામેલો જીવ ત્રિશુદ્ધિથી તે દુષ્કૃતને મિથ્યા કરતાં નિશ્ચયપણે શુદ્ધ થાય છે.

પુણ્ય વૃદ્ધિ માટે અને ચિત્તસ્થિરતાં માટે તારે આ જૈન સિદ્ધાંતના પુસ્તકો વાંચવા જોઇએ ત્યારે તે સાર્થક થાય.

આ રીતે કહીને તેણીને બહુમાન પૂર્વક સર્વ ધર્મકાર્યોમાં જોડીને શ્રેષ્ઠી પણ સમાધિવાળો થયો.

તે સમયે વિશ્વરૂપી કમળને માટે સૂર્ય જેવી કાંતિવાળા સુધર્મ આચાર્ય ત્યાં આવ્યા. તેઓને વાંદવા માટે સમકિતી જનોની સાથે જઇને, તેઓને વાંદીને, સોમાએ તેઓએ આપેલી આ રીતની ધર્મદેશનાને સાંભળી.

[અહીં વિધિપૂર્વક કરેલી, વીશ સ્થાનકની સાધનાથીજ, ઘણાં પુણ્યવાળા જીવ તીર્થંકરની લક્ષ્મીને પામે છે.

સોમાએ કહ્યું કે હે આચાર્ય ! આપે કહેલા તે વીસ સ્થાનકો કયા છે ? ત્યારે ગુરુ બોલ્યા,

જિનશાસનમાં મોક્ષનાં કારણભૂત અરિહંત, સિદ્ધ, આગમ આચાર્યની ભક્તિ આદિ વીસ સ્થાનકો છે.

અરિહંત, સિદ્ધ, પ્રવચન, સૂરિ, સ્થાવિર, ઉપાધ્યાય, તપસ્વી, જ્ઞાન, દર્શન વિનય, ચારિત્ર, બ્રહ્મચર્ય, ક્રિયા, તપ, ગોયમ, જિન, જિનવર ચારિત્ર અભિનવ જ્ઞાન, શ્રુતભક્તિ પ્રભાવના આ ૨૦ સ્થાનકો છે.

હે વત્સે ! પ્રથમ સ્થાનમાં દ્રવ્ય અને ભાવથી ત્રિકાળ પૂજન પૂર્વક અરિહંતની ભક્તિ કરવી, સર્વ પણ સ્થાનકોમાં સુગંધ, ધૂપ, દીપ આદિ આઠ પ્રકારે જિનની પૂજા કરવી.

વળી દ્રવ્ય ભક્તિ કરવાની ઇચ્છાવાળાએ રત્ન-સુવર્ણ પાષાણ કે લાકડાના જિનચૈત્યો કરાવવા જેઓએ સુવર્ણ-રત્ન-કાષ્ઠાદિથી દેરાસર નિર્માણ કરાવ્યું છે તેને કયું ઉત્તમ ફળ પ્રાપ્ત થાય?

લાકડાદિના જિનમંદિરમાં જેટલાં પરમાણુઓ છે તેટલા લાખ વર્ષ સુધી તેનો કર્તા સ્વર્ગનાં સુખોનો ભોક્તા બને છે.

એક આંગળીથી માંડી ૧૦૭ આંગળ સુધીની મોક્ષદાયક પ્રતિમા ભરાવે છે તે એક છત્રી સામ્રાજ્યને પામીને મોક્ષમાં જાય છે.

નવનિર્મિત જિન પ્રતિમાઓની પ્રતિષ્ઠા બ્રહ્મચારી ગુરુદ્વારા સૂરિમંમંત્રથી વિધિપૂર્વક કરાવવી. કહ્યું છે કે.

સૂરિમંત્રથી જે અરિહંતની પ્રતિષ્ઠા કરાવે છે. તે આગામી જન્મમાં નિશ્ચતણે અરિહંત પદને પામે છે.

જેટલાં હજાર વર્ષો સુધી લોકો જિનને પૂજે છે તેટલાં કાળ સુધી તેનો કર્તા તેનાં ફળનો ભાગી બને છે.

વળી ગૃહસ્થે અરિહંતના બિંબનાં રત્ન-સુવર્ણ-મણિકયથી યુક્ત અલંકારો કરાવવાં એક પણ જિન બિંબની કરેલી અલંકારની લક્ષ્મી મનુષ્યોને ત્રણે લોકની લક્ષ્મીના માલિક કરે છે.

સમકિતની શુદ્ધિ ઈચ્છતા ગૃહસ્થે વિવિધ પ્રકારે ભક્તિપૂર્વક શ્રી જિનપ્રતિમાને પૂજવી, જિન ચૈત્યોમાં વિધિપૂર્વક સ્નાત્રમહોત્સવ કરવો. અરિહંતના અભિષેકથી રાજાધિરાજપણું પ્રાપ્ત થાય છે.

જે મનુષ્યનો એક પણ પાણીનો કલશ જિનેશ્વરનાં સ્નાનોમાં ઉપયોગી બને છે તે અનંત જન્મમાં ઉદ્ભવેલી પાપરૂપી મળની રાશિને ત્યાગી અને ક્ષણમાં (મોક્ષ) પદને પામે છે.]

અરિહંતની ભાવભક્તિ માટે વિશેષ કરીને ગીત-નૃત્ય-નમસ્કાર સ્તોત્ર-પાઠાદિ ક્રિયા કરવી જોઈએ, મોક્ષ પ્રાપ્તિ સમ સુખદાયક એવી ભાવભક્તિને દ્રવ્યભક્તિ કરતાં અનંતગણી અધિક ફળદાયી કહી છે.

ભાવભક્તિની સુંદર આરાધનાથી મગધપતિ શ્રેણિક 'પદ્મનાભ' નામનાં તીર્થંકર થશે (આવતી ચોવીસીના પ્રથમ તીર્થંકર.)

જેઓએ ચાર અનંતા સિદ્ધ કર્યા છે, એકત્રીસ (૩૧) ગુણથી જેઓ યુક્ત છે. અને લોકાગ્ર ભાગે રહેનારા એવા જે (૧૫) પંદર પ્રકારનાં સિદ્ધો છે. તેઓનું ધ્યાન, પ્રતિમા પૂજન, સ્વરૂપની એકરૂપતા, અને તેઓનાં નમસ્કાર જાપથી બીજા સ્થાનમાં તેઓની ભકિત થાય છે. તેમજ-તેઓની પ્રતિકૃતિ કરવાથી, તેઓની તીર્થભૂમિની વંદનાથી, સિદ્ધાચલ, ગિરનાર આદિ તીર્થભૂમિની યાત્રાથી પણ ભક્તિ થાય છે.

સિદ્ધોને વિષે થોડી પણ કરેલી ગુણકારી એવી થોડી પણ ભકિત તીર્થંકર પદને આપે છે તે વાતમાં કાંઈપણ વિચાર ન કરવો.

સુજ્ઞ જનોએ ચતુર્વિધ સંઘને પ્રવચન તરીકે ગણાવ્યો છે. તો ત્રીજા સ્થાને તે પ્રવચનમાં ભકિત કરવી, શ્રી સંઘને માટે વિનય અને શુભ ભાવોથી વંદના કરી, તેને ફુલ-તાંબૂલ વસ્ત્રાદિથી વિશેષ સત્કાર કરવો. ફૂલ-તાંબૂલ-વસ્ત્રો-ચંદન પુષ્પોવડે જેણે સંઘને પૂજ્યો છે તેણે જન્મનું ફળ મેળવ્યું છે. જિન સિવાય બીજા દેવ, સુસાધુ સિવાયનાં ગુરુ અને સંઘથી અધિક બીજું પુણ્યક્ષેત્ર ત્રણેય લોકમાં નથી. અરિહંત પદાદિની પ્રાપ્તિ જેનું મુખ્યફળ કહેવાયું છે તે સંઘ-ભક્તિનાં મહાત્મ્યને કહેવાને કોઈપણ સમર્થ થતું નથી.

ચોથા સ્થાનમાં સદ્ગુરુની ભક્તિ કરાય છે જે પંચાચારના પાલક છે તે'જ ગુરુ તરીકે મનાયા છે. એક તરફ સર્વે ધર્મો અને એક તરફ ગુરુની ભક્તિ બંને સમાન ફળદાયી છે. જેમ એક તરફ સર્વે તપો અને બીજી તરફ શીલપાલન છે. કઠીન એવી પણ ક્રિયાને કરતાં અને ગુણી એવાં પણ જીવો ગુર્વાજ્ઞાની આરાધના વિના મોક્ષ પામતા નથી.

ગુરુ વચનમાં શ્રદ્ધા, ગુરુ ચરણમાં ભાવવંદના, વિનયપૂર્ણ સેવા શરીરની શુશ્રુષા, તેઓને યોગ્ય વસ્તુના દાનથી, તેઓના નમસ્કારની ધારણા અને ગુણગ્રહણમાં પ્રેમ, આ રીતે ગુરુભક્તિ કહી છે.

ગુરુભક્તિના પ્રભાવે વિશ્વાનંદકારી અને મોક્ષના એકમાત્ર કારણ-રૂપ તીર્થંકરની સંપત્તિની પ્રાપ્તિ મનાય છે.

વય-પર્યાય અને જ્ઞાન એમ ત્રણ રીતે સ્થવિર કહેવાયાં છે અથવા તો ધર્મકાર્યોમાં સીદાતાને સ્થિર કરનાર તે સ્થવિર છે. તત્ત્વથી તો તે જ્ઞાનાક્રિયામાં તત્પર યતિઓ છે અથવા તો માતા-પિતા કે ક્રિયા-ચુસ્ત શ્રાવક છે. શુશ્રુષા, અન્નપાનાદિ, દાન-સન્માન-ગૌરવાદિથી તીર્થંકર પદદાયક તેઓની ભક્તિ પાંચમાં સ્થાને કરવી.

ઘણાં શાસ્ત્રોમાં અને વિશેષ કરીને જિનાગમોમાં પ્રવીણ, શુદ્ધ આચારવાળા, કોષ્ઠ-બીજાદિ બુદ્ધિથી જ્ઞાનદાનમાં તત્પર ચિત્તવાળાં તે બહુશ્રુત કહેવાયાં છે. છટ્ઠા સ્થાને વિશુદ્ધ આશયપૂર્વક તેઓની ભક્તિ કરવી.

છટ્ઠ-અટ્ઠમ આદિ ઉત્કૃષ્ટ બાર પ્રકારનાં તપમાં સદા રહેલાં મહાસત્ત્વશાલી સાધુઓ તે તપસ્વીઓની ભોજન-પાણી-ઔષધવિશ્રામ-ણાદિ ભક્તિ સાતમા સ્થાને કરવી.

આઠમા સ્થાનમાં જીવોએ સતતપણે ઘણી નિર્જરાને કરનાર જ્ઞાનનો ઉપયોગ સતત અભ્યાસથી કરવો.

નવમાં સ્થાને વિશેષથી સંવેગાદિ ગુણોથી યુક્ત અને શંકા આકાંક્ષાદિ દોષોથી રહિત એવું સમકિત શુદ્ધ રીતે પાળવું.

વર્ણોમાં ૐકાર અને ધ્યેયમાં ચિન્મય આત્માની જેમ ગુણોમાં વિનય મુખ્ય છે. તે દશમાં સ્થાને કરવો.

સર્વ કર્મોનાં ક્ષય માટે શ્રી જિનવરોએ આવશ્યકો કહ્યાં છે શુભ એવા સામાયિકાદિ 'છ' તે અગ્યારમાં સ્થાનકે કરવા.

રાજાઓમાં ચક્રી, દેવોમાં ઇન્દ્ર, પૂજ્યોમાં જિનેશ્વર જેમ મુખ્ય છે. તેમ સર્વવ્રતોમાં બ્રહ્મચર્ય મુખ્ય છે. બુધ જનોએ બારમાં સ્થાને તેને સારી રીતે ધારવું જેથી વિશ્વપૂજ્ય એવી જિનપદવી પમાય.

તેરમાં સ્થાને ક્ષણે ક્ષણે પોતાના મનમાં સમતાનું આરોપણ કરીને ક્ષણે ક્ષણે શુભધ્યાન કરવું.

ચૌદમાં સ્થાને વિવેકોએ તપવૃદ્ધિ કરવી 'તપ' જ ચિકણા કર્મોને ભેદીને જિન પદવી આપે છે.

પંદરમાં સ્થાને ભક્તિપૂર્વક પાત્રદાન કરવું, સોળમાં સ્થાને જનાદિને વિષેક વૈયાવચ્ચ કરવી. સત્તરમાં સ્થાને તીર્થંકર પદવીન મુખ્ય કારણરૂપ સર્વ સંઘનાં લોકોને વિષે સમાધિ કરવી અઢારમાં સ્થાનમાં અપૂર્વ (નવાં) જ્ઞાનનું ગ્રહણ કરવું. ઓગણીસમાં સ્થાને શુભો-દયકારી શ્રુતભક્તિ કરવી. વીસમાં સ્થાનકમાં સ્નાત્રોત્સવો, સંઘપૂજા અને વિવિધ શ્રાવકોનાં સન્માનથી જિનશાસનની મહાન પ્રભાવના કરવી.

પૂર્વે સર્વે પણ તીર્થંકરોએ, તીર્થંકરપદને કરનારા આ સ્થા-નકો વિવિધ તપોવડે નિશ્ચિંતપણે આરાધાય છે.

પ્રથમથી માંડી અંતિમ સુધી દરેક તીર્થંકરો આ વીસ શુભ આશ્રવોમાં એક-બે-ત્રણ અથવા સર્વેને સ્પર્શ્યા છે.

ગુરુ પાસે આ રીતે સાંભળીને ત્યારે સૌમ્ય આશયવાળી સોમા સતીએ મહોત્સવપૂર્વક વીસ સ્થાનક તપનો સ્વીકાર કર્યો. અને સમગ્ર-વિશ્વનાં બંધુ સમા સુધર્મ ગણાધિપને નમીને તે પોતાના ઘેર આવી.

પછી સારી રીતે આરાધનાં કરતાં તેણીએ પ્રથમ પદમાં સુવર્ણ કલશયુક્ત જિનમંદિર નગરમાં કરાવ્યું. ઈન્દ્રપદનાં કારણરૂપ એવી સુવર્ણરત્નમય એવી શ્રી જિનપ્રતિમા કરાવી.

જે વીર પ્રભુ ઋષભદેવાદિ જિનવરોની એક અંગુલ પ્રમાણ પણ પ્રતિમા કરાવે છે તે ધીર પુરુષ સ્વર્ગમાં પ્રધાન કોટિનાં વિપુલ સુખોને ભોગવીને પછી મોક્ષગતિને પામે છે....

તે પ્રતિષ્ઠા સમયે થયેલા મહોત્સવમાં વસુમિત્રાની સાથે કામલતા નૃત્ય માટે આવી. તેં વેશ્યાઓની સાથે નિર્વિવેકીઓમાં અગ્રેસર એવો રૂદ્રદત્ત પણ તે ઉત્સવ જોવાની ઈચ્છાથી ત્યાં આવ્યો.

રૂપવાન, દષ્ટિથી જાણે અમૃત વર્ષા કરતી હોય એવી, વિકસતા વિવેકરૂપી લક્ષ્મીવાળી, રાજહંસી જેવી ઉજ્જવલ અને પાત્રોમાં પ્રમા-

ણાધિક દાનોને આપતી એવી સોમાને જોઇને અધમાધમ એવી વસુદત્તાએ વિચાર્યું.

અહો ! આનું રૂપ ! કાંતિ ! ઉદારતાં અને વિશ્વનાં સૌંદર્યને જીતતું એવું લાવણ્ય અદ્‌ભુત છે. આ સ્ત્રી મારી પુત્રીનાં ભવિષ્યમાં કલ્યાણકારી નથી; અમૃત વિદ્યમાન હોવા છતાં ખારા પાણીને કોણ ઇચ્છે છે ? કોઇક કારણથી મહાપ્રભાવવાળી રત્નમાલાને ત્યાગવા છતાં તેનો મહિમાં સાંભળીને મૂઢ માણસ પણ ફરી તેને લેવાને ઇચ્છે છે.

તેથી કોઈપણ કપટ પ્રયોગથી વિષવલ્લીની જેમ મૂળથી મારે આ સ્ત્રીનો નાશ કરવો ઇત્યાદિ કુવિકલ્પોને કરતી તે વેશ્યા સોમા ઉપર માયાવી પ્રીતિ કરીને સેવામાં તત્પર બની.

વિવિધ મહોત્સવ પૂર્વક તે પ્રતિમાની પ્રતિષ્ઠા કરીને અને સુંદર રીતે ધ્વજારોપણાદિ સત્ક્રિયા કરીને, વિશ્વનાં જીવો પ્રત્યે વત્સલ ચિત્તવાલી, સત્કૃત્યોમાં પરાકાષ્ઠા કરતી સોમાએ બહુમાનપૂર્વક સંઘવાત્સલ્ય કર્યું.

મહાન એવી જિનભક્તિ અને સંઘવાત્સલ્યથી સોમાએ તે'જ ક્ષણે તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું.

એકદા તેણીએ દયાથી વેશ્યાઓ સાથે રૂદ્રદત્તાદિને પણ ઘણી ઉદારતા પૂર્વક જમવા માટે ઘરે બોલાવ્યો.

નિર્ગુણ પણ જીવોને વિષે સાધુઓ દયા કરે છે. ચંદ્ર પોતાના પ્રકાશને ચંડાલનાં ઘરેથી પાછો લેતો નથી....

ત્યારે સહજ લાવણ્યવાલી તેણીને જોઇને ચલિત-ચિત્તવાલા રૂદ્રદત્તે કેટલોક પસ્તાવો કર્યો.

કપટ પ્રયોગથી સોમાને ઠગીને તે કુટ્ટિનીએ કોઇક સાપને પુષ્પનાં કરંડિયામાં નાંખ્યો. તે સર્પ પણ તેણીનાં પુણ્ય પ્રભાવે ફુલમાળા થયો, પુણ્યવાનોને વિપત્તિઓ પણ સંપત્તિરૂપ થાય છે.

ભોજન પછી પુષ્પાદિથી તેઓનો સત્કાર કરવાની ઇચ્છાથી નસીબયોગે તે પુષ્પમાળાને ગ્રહણ કરી, અને હર્ષપૂર્વક તે સતીએ તે પુષ્પમાળા કામલતાના કંઠમાં આરોપી.

ત્યાં રહેલી તે માળાએ ભીષણ એવા સર્પનું રૂપ ધારણ કરીને દુષ્ટ એવી કામલતાને ડંખ દીધો તેથી તે મૂચ્છિંત થઇ જમીન પર પડી.

તે રીતે તેણીને જોઇને કપટથી છાતી કુટતી કુટ્ટિનીએ તે સર્પ ઘડામાં નાંખીને રાજાની પાસે પોકાર કર્યો. પછી કારણ જાણી કોપિત થયેલ રાજાએ સોમાને બોલાવીને પર્ષદા સમક્ષ કહ્યું

સર્વ શુભ કાર્યોમાં રત અને વિષયોમાં વિરક્ત એવી હે ભદ્રે ! તેં આ કુકર્મ કેમ કર્યું.?

સોમા બોલી હે મહારાજા ! સર્વજ્ઞ ધર્મની જાણ વાળી હું દુર્ગતિ દાયક જીવહિંસાને પ્રાણાન્તે પણ ના કરૂં. સારી રીતે વિશ્વવલ્લભ એવા જિનધર્મને જાણે છે તે સૂક્ષ્મ કે સ્થૂલ જીવોની હિંસા કરતો નથી'જ.

મેં તો કૌતુકથી કંઠમાં પુષ્પમાળા નાખી હતી. પણ કોણ જાણે કયાં કારણે તે આ જમીન ઉપર પડી.

ત્યારે કરુણ સ્વરે રોતી તે કુટ્ટિનીએ ઘડો ઉઘાડીને રાજાને સાપ બતાવ્યો. યમ જેવાં ભીષણ મુખવાળા સાપને જોઇને રોષથી લાલ મુખવાળો રાજા પણ બોલ્યો કે જૂઠ વચન ના બોલ.

સોમા બોલી હે મહારાજા ! મને તો આ ઘડામાં સુંદર અને સુગંધી ફૂલમાળ'જ દેખાય છે.

રાજાએ કહ્યું, હે ભદ્રે ! જો આ સત્ય છે તો હાથમાં લઇ મને બતાવ.

એટલામાં જ નિષ્પાપ એવી સોમાએ ભીષણ એવા તે સર્પને ધારણ કર્યો તેટલામાં ધર્મપ્રભાવે રાજાદિ સર્વે ફૂલમાળાને દેખે છે. વળી વિસ્મિત થયેલા સર્વે એ વિચાર્યું કે નક્કી કાંઇક અદ્ભુત છે.

વસુમિત્રા બોલી કે હું સોમાને ત્યારે જ સાચી માનું જો તે પુત્રીને વિષમુક્ત કરે.

રાજાજ્ઞાથી સોમાએ પાપનાશક એવાં જિનનામનાં જાપથી તે વેશ્યાને તરત સારી કરી.

ત્યારે અભય આપીને રાજાએ કુટ્ટિનીને પૂછયું, હે ભદ્રે ! આ ઘટનામાં જે હોય તે સત્ય કહે.

ત્યારે પ્રસન્ન મુખવાળી સોમા બોલી, હે સ્વામી ! દુષ્ટ આશયવાળી મેં પુત્રીનાં મોહથી પોતાનાં માણસો પાસે મહાસર્પને લાવીને છુપી રીતે ફૂલભાજનમાં સોમાના મૃત્યુ માટે મૂકાવ્યો હતો. પરંતુ સોમાના પ્રભાવે આ નાગ ફુલમાળા બન્યો હતો, શુદ્ધ જનોને સર્વત્ર વિષમ પણ સમ બને છે.

પુણ્યપ્રભાવ જોઈને લોકોએ અને રાજાએ (સોમાને) વાંદીને સ્તુતિ દ્વારા મુખથી પૂજા કરી.

ત્યારે ગુણાકૃષ્ટ એવાં સમકિતી દેવોએ સોમા ઉપર કલ્પવૃક્ષનાં ફૂલોની વૃષ્ટિ કરી. ગુણપાલ શ્રેષ્ઠી પણ નગરીમાં પ્રશંસાપાત્ર બન્યો. અને વચનાતીત એવી રાજકૃપાને પામ્યો.

જિનધર્મથી, ઉદ્ભવેલા મહીમાને અહીંજ જોઈને રૂદ્રદત્ત બ્રાહ્મણ પણ ભદ્રક ભાવવાલો થયો. અને શ્રેષ્ઠીનાં ચરણકમળમાં પ્રણામ કરીને શ્રાવક પણાનો સ્વીકાર કરીને, સોમાને ખમાવી.

શ્રેષ્ઠીના કહેવાથી પતિની સાથે પદે પદે સન્માન પામતી સોમા પોતાનાં ઘરે આવી.

યોગી જેમ ક્ષમાથી મહાનંદને પામે તેમ સોમાની સાથે સતત કામભોગોને ભોગવતાં રૂદ્રદત્તો મહાનંદને પ્રાપ્ત કર્યો.

સુખ દુઃખમાં સમભાવવાળી અને ગૃહસ્થ ધર્મની જાણ એવી સોમા પણ પાત્રદાનને કરતી, છ આવશ્યકોમાં તત્પર રહી જિનશાસનની ઉન્નતિ કરતા સદાચારને આચરતા[૨] તે સર્વનગરમાં સમ્યગ્દૃષ્ટિઓને દૃષ્ટાંતરૂપ બની.

હવે શ્રુતધરોમાં અગ્રેસર, અનેક લબ્ધિસંપન્ન, પ્રભાવોથી પૃથ્વી ઉપર પ્રસિદ્ધ, નગરજનો વડે હું પ્રથમ[૨] એ રીતે નમાતા તેજસ્વી એવા કોક સાધુ મધ્યાહ્ન સમયે તેણીના ઘરે ભિક્ષાર્થે આવ્યા.

સોમાએ ઘણા આગ્રહપૂર્વક શુદ્ધ એવાં અન્ન-પાણીથી તે સાધુને ભક્તિથી પડિલાભ્યા, પરંતુ ગૃહસ્થનાં ઘરમાં રહેલ સર્વ પણ ભોજના દિને તે સાધુ તે જ ક્ષણે દિવ્ય માયાથી અલ્પપણાને લઈ ગયો.

તે વખતે નવદીક્ષિત, તપસ્વી, વિકૃત આકારવાળો ક્રોધાગ્નિથી બળતો, ચતુરતા રહિત, મૂઢ જનો માટે હીલનારૂપ અને કલારહિત ચંદ્રની કાંતિ જેવો કોક સાધુ ત્યાં આવ્યો.

તે સાધુની પણ તે'જ રીતે સ્વાભાવિક ભક્તિ કરતી સોમાએ આનંદપૂર્વક નવ કોટી શુદ્ધ આહાર આપ્યો.

તે રીતનો તેણીનો મનોભાવ જાણીને, તે મુનિ સાધુ રૂપનો ત્યાગ કરીને તેજસ્વી એવો દેવ થયો. ત્યારે સૂર્યની જેમ દુષ્પ્રેક્ષ્ય, પર બ્રહ્મ જેવું દુર્ગમ એવું આ રૂપ શું દેખાય છે? એમ સોમાએ વિચાર્યું.

ત્યારે હાથ જોડીને અદ્‌ભુતકારી એવી સોમાને દેવે કહ્યું. હે સોમે! હે ચંદ્રમુખી! આ ત્રિલોકમાં તું'જ ધન્ય છે. જે તારા સમકિત વ્રતની પ્રશંસા પ્રથમ દેવલોકનાં ઇંદ્રે હર્ષથી દેવોની પર્ષદામાં કરી. તેને સહન ન કરતાં મેં રત્નશેખર નામનાં દેવે અહીં આવી બે સાધુનું રૂપ કરી તારી પરીક્ષા કરી બંને મુનિમાં ભેદરહિત મનને ધારણ કરતી એવી તેં ઇંદ્રને સત્ય સાબિત કર્યો છે.

પ્રભાવ સંપન્ન એવા દેવ અને ગુરુ વિષે સહુ કોઇ ભક્તિભાવને ધારણ કરે છે પરંતુ ગુણવાન હોવા છતાં સામાન્ય ને માટે નહીં જ પરંતુ તે મુનિઓને વિષે નિશ્ચે ફરક બતાવ્યો નથી તેથી તું હમણાં સમકિતીઓમાં તિલકરૂપ બની છે, સંઘ-તીર્થંકરો આચાર્યો અને ગુણવાન ઋષિઓ વિષે જેનાં ચિત્તમાં બહુમાન છે તેઓનાં ચિત્તમાં શુદ્ધ સમકિત છે.

આ રીતે કહીને તેણીનાં ઘરાંગણે સુવર્ણની વૃષ્ટિ કરીને, ભક્તિથી સોમાને નમસ્કાર કરીને, તે જલ્દીથી દેવલોકે ગયો.

પગલે પગલે સમકિતીઓથી પ્રશંસા પામતી સોમાએ સાત-ક્ષેત્રોમાં વ્યય કરવા દ્વારા ધનને કૃતાર્થ કર્યું.

એકદા ત્યાંના વનમાં જીવોને જીવન માટે ઔષધરૂપ જેઓનું દર્શન છે એવાં જિનચંદ્રસૂરિ યતિયુક્ત એવાં પધાર્યા.

તેઓને નમવા માટે અંતઃપુરયુક્ત રાજા અને ગુણપાલાદિ શ્રાવકો સાથે શ્રદ્ધા પૂર્વક આવ્યા. મુનીન્દ્રનું આગમન સાંભળીને મેઘગર્જનાથી મોરલીની જેમ ઉત્કંઠિત હૃદયવાળી સોમા પણ પતિ સાથે વંદનાર્થે આવી.

તેઓ ઉપર કૃપા કરીને કરુણાસાગર ગુરુએ અમૃતમધુર વાણીથી ધર્મોપદેશ આપ્યો.

(કલ્યાણની પરંપરાના આવાસરૂપ, દેવ-રાજાની પદવીની સાક્ષી, સર્વ આપત્તિઓ દૂર કરવાં માટે પ્રત્યક્ષ પટ્ટ સમ, શિવલક્ષ્મીનાં કાર્મણરૂપ, જીવદયા-સત્ય-અચૌર્યાદિરૂપ જિનવરોએ કહેલ ધર્મ, પ્રાણી-ઓવડે મહાભાગ્યથી'જ પમાય છે.

તે ધર્મનાં દ્વારરૂપે બુધજનોએ દેવ-ગુરુ-ધર્મને વિષે દઢ સ્થિરતા યુક્ત સમકિતને કહ્યું છે, આ સંસારમાં જીવોએ સર્વ સંપત્તિ પ્રાપ્ત કરી છે પણ પ્રાયઃ શુદ્ધ સમકિત કયારેય મેળવ્યું નથી એકવાર પણ જો અમૃતનાં સ્વાદ જેવું સમકિત પ્રાપ્ત થાય તો વિદ્વાને ત્યાં ભવ્યપણાનો નિશ્ચય કરવો. સમકિતથી શુદ્ધ એવું જિનધર્મનું કરેલું થોડું પણ અનુષ્ઠાન ઘણી નિર્જરાનું કારણ થાય છે.

જે કર્મો અજ્ઞાની ક્રોડો વર્ષે ખપાવે છે. તે ત્રણ ગુપ્તિથી યુક્ત જ્ઞાની શ્વાસમાત્રમાં ખપાવે છે.

જો સમકિત હોવા છતાં પવિત્ર એવું ચારિત્ર પમાય તો તે ભવ્યોનો એક બે ભવમાં મોક્ષ થાય છે.

ઇત્યાદિ દેશના સાંભળીને બોધ પામેલાં રાજાએ ગુણપાળાદિની સાથે ગુરુ પાસે દીક્ષા ગ્રહણ કરી. વિષયસુખોથી વિમુખ થયેલી આનં-

દિત ચિત્તવાળી ભોગાવતી આદિ સ્ત્રીઓએ પણ સોમાની સાથે દીક્ષા ગ્રહણ કરી.

રૂદ્રદત્તાદિ બધાએ ૧૨ વ્રતોને ગ્રહણ કર્યા અને સમકિતમાં નિષ્ણાત એવો દૃઢ શ્રાવક થયો.

આ રીતે નજરે નિહાળીને સુખની ઈચ્છાથી મેં પણ ગુરુની પાસે શુદ્ધ સમ્યક્ત્વરૂપ માણિક્યને ગ્રહણ કર્યું.

આ રીતે પ્રિયાએ કહેલ સમકિતનાં ફળથી યુક્ત એવું બ્રાહ્મણ પુત્રીનું સુંદર ચારિત્ર સાંભળીને અંતરમાં સ્વીકારતાં એવાં જિનદત્તનાં પુત્રે (અર્હદ્દાસે) પત્નીઓ સાથે આનંદ મનાવ્યો.

અનાદિ મિથ્યાત્વરૂપી મદ્યથી મોહિત એવી કુંદલતા બોલી કે આ બધું કપોલ કલ્પિત છે.

રાજાદિએ વિચાર્યું અરે ! મિથ્યાત્વીઓમાં અગ્રેસર એવી આ સ્ત્રીનાં અંતરમાં કેવી અશ્રદ્ધા છે ?

જેઓ ધર્મીજનોનાં અછતા દોષોને જનસમક્ષ કહે છે તેઓ મિથ્યાત્વી છે.

ચંદનશ્રીની સમકિત પ્રાપ્તિને કહેતી આ કથાને સારી રીતે સાંભળીને સર્વકલ્યાણ માટે કલ્પવૃક્ષ સમાં સમ્યક્ત્વમાં મનને દૃઢ કરો.

### ત્રીજી કથા સંપૂર્ણ

# ચતુર્થ પ્રસ્તાવ

## ચમત્કાર ત્યાં નમસ્કાર

હવે તેણે વિષ્ણુશ્રીને કહ્યું, હે જિનમતની જાણકાર ! પોતાનાં શુદ્ધ સમકિત પ્રાપ્તિની કથા કહે. ત્યારે તેણીએ પણ પોતાના પતિના આદેશને પામીને ખુશ થતાં બોધિ બીજના કારણભૂત વૃત્તાંત કહ્યો.

તીર્થરાજોથી પવિત્ર એવાં ભરતક્ષેત્રમાં ભૂમિનાં વત્સરૂપ અને લોકોને કલ્યાણકારી એવો વચ્છ નામે દેશ છે.

ત્યાં પવિત્ર દૂધવાળી ગાયો, પવિત્ર પાણીવાળી નદીઓ, સુંદર

સ્તન વાળી સ્ત્રીઓ, પુણ્યશાલી રાજાઓ અને નાળિયેરનાં વૃક્ષોથી યુક્ત આંગણુંવાળાં ભવનો સતતપણે શોભે છે.

ત્યાં વિવિધ ચિત્રોથી શોભતાં ઘરોથી યુક્ત અને સ્ત્રીઓનાં મુખરૂપી ચંદ્રોથી સદા પ્રકાશમાન પૂર્ણિમા જેવી ઉજ્જવલ એવી કૌશાંબી નામે નગરી છે.

ક્ષમા (પૃથ્વી)ને ધારણ કરનારા રાજાઓ, અને પત્નીયુક્ત (સર્વજીવોની રક્ષારૂપ) મુનિઓ તેમજ સદાચારી એવાં ઘરો કૌતુક રૂપ જણાય છે. તો શુદ્ધ વંશનાં પુરુષો નિરંતરપણે દેવપૂજા–દયા–દાન, વિદ્યા અને સદ્ગુરુની ભક્તિમાં નિષ્પાપ એવાં વ્યસનવાળાં છે.

ત્યાં પરાક્રમી જયંત રાજાનો પુત્ર, જયલક્ષ્મીનાં ક્રીડાગૃહ રૂપ ક્ષાત્રવટથી શોભતો એવો અજિતંજય નામે રાજા હતો. જેના સારા એવા ન્યાય અને વ્યવહારનો પડઘો લોકોના વ્યવહારમાં પડતો હતો. યુદ્ધમાં અને સભામાં પ્રયત્નશીલ એવાં પણ જેનું અંતર અને હાથ ક્યારેય પણ સદ્ધર્મની સ્થિતિથી રહિત થતા નથી.

સુવર્ણરૂપ કાંતિવાળી સુપ્રભા નામે તેની પત્ની હતી. જેણીનાં શીલનાં પ્રભાવે સતીઓ સત્યપણે લાગતી હતી. અનેક ગુણોથી યુક્ત અને દાક્ષિણ્યરૂપી લક્ષ્મીનાં આવાસરૂપ જેણીનાં હૃદયકમળમાં વિવેકરૂપી રાજહંસ સતતપણે વિલસે છે.

તે રાજાનો સૂત્રધાર એવો સોમશર્મા નામનો મંત્રી બ્રાહ્મણ હોવા છતાં સજ્જનોમાં બ્રહ્મ લક્ષ્મીનો (મોક્ષતત્ત્વનો) ચોરનાર મનાતો હતો તે નિત્ય કુપાત્ર વિષે ત્યાગ કરવામાં રમે છે. ભુંડની પ્રીતિ પ્રાયઃ કાદવવાળા સરોવરમાંજ થાય છે. જે અબ્રહ્મચારી છે. મિથ્યા ઉપદેશ આપનાર છે. પરિગ્રહયુક્ત છે તેઓને વિષે નિત્ય ધનનો વ્યય કરે છે અને કુશાસ્ત્રથી પ્રેરાયેલો મૂઢ એવો તે ક્યારેય સમજતો નથી કે શું ઉજ્જડ ભૂમિમાં વાવેલું બીજ વૃદ્ધિ પામે ?

એકદા ત્યાં સમાધિ અને સમતાવાળા શાશ્વત આનંદદાયી એક કેશિદેવ નામે આચાર્ય પધાર્યા. તેમનાં કેટલાક ૧ મહિના–બે મહિના

ત્રણ મહિનાનાં તો કેટલાક ચાર મહિનાનાં ઉપવાસવાળાં તો કેટલાક ૧૪ પૂર્વ કે ૯-૧૦ પૂર્વ ભણેલાં ઘણા મહાભાગ એવાં શિષ્યો હતાં.

હવે કલ્યાણનાં રાશિ સમાં, દશ પૂર્વધર સમાધિગુપ્ત નામનાં રાજર્ષિ દૃષ્ટિથી પવિત્ર પૃથ્વી ઉપર પગલાં, મૂકતાં, ગુપ્તેંદ્રિય એવા તે માસઃક્ષમણનાં પારણે સોમશર્મા મંત્રીનાં ઘરે ભિક્ષાર્થે આવ્યા.

શ્રેષ્ઠ પાત્ર સમા તેઓને જોઈને. લઘુકર્મી મંત્રીએ ઊભા થઈને કહ્યું.

અરે ! આજે મારા ઘરે નિશ્ચિતપણે વગર વાદળાએ વૃષ્ટિ થઈ છે જે આ પુણ્યપાત્ર સમા તપસ્વી ભિક્ષા માટે અહીં આવ્યા છે. સત્ય-શીલ-દયાથી યુક્ત, સર્વ સંગથી રહિત સિદ્ધિદાયક પાત્ર ભાગ્યયોગે પ્રાપ્ત થાય છે.

પછી મસ્તકનાં વાળથી તે ગુરુનાં ચરણની રજને દૂર કરીને પ્રણામ કરી હાથ જોડીને મંત્રીએ આ રીતે વિનંતી કરી.

હે મુનિ ! ઘરમાં મારા માટે બનાવેલ ત્રણે રીતે શુદ્ધ એવાં પરમાન્નને (ખીર) મારી ઉપર કૃપા કરી ગ્રહણ કરીને આપ પારણું કરો.

શુદ્ધ આહાર અને મંત્રીની ઉત્કૃષ્ટ ભાવનાને જોઈને તેનાં પુણ્યથી આવેલાં સાધુએ પાત્ર પસાર્યું.

હું ધન્ય છું, એ રીતે બોલતાં રોમાંચિત શરીરવાળાં મંત્રીએ પણ ઘી અને સાકરથી યુક્ત પરમાન્ન મુનિને આપ્યું ત્યારે સુપાત્ર દાનથી ખુશ થયેલા સમકિતી દેવોએ તે સચિવ ઉપર શ્રેષ્ઠ એવાં પાંચ આશ્ચર્ય કર્યા.

ત્યારે તે ચિત્ર જોઇને મંત્રીએ ચિત્તમાં વિચાર્યું અરે ! થોડા પણ સુપાત્ર દાનનું ફળ જગતમાં અદ્ભુત છે. તે દાનોમાં (મિથ્યાત્વીઓનો, જો કયાંય પ્રભાવ જોયો નથી, આ મુનિદાનનું મહાફળ તો મને અહીં જ મળ્યું. વૈષ્ણવ ધર્મ માર્ગમાં જે દાનો કહેવાય છે તે બધાય મેં બ્રાહ્મણોને વિષે અનેકવાર આપ્યાં છે. (તેથી હવે) પાત્ર, દેય અદેયના વિચારને અને દાનનાં ફળને હું આ મુનિ પાસે પૂછું

હે ભગવન્ ! મને સર્વથા દાનનું સ્વરૂપ કહો, આ રીતે સચિવે વિનંતી કરાયેલાં મુનિ આ રીતે બોલ્યા.

(સર્વ સુખોનું કારણ અને પુણ્યનું પ્રથમ કારણ એવું દાન અભય, જ્ઞાન, સુપાત્ર અને અનુકંપા એમ ચાર રીતે છે.

અનુગ્રહ બુદ્ધિથી ભવ્ય જીવોને જે જિનાગમનું જ્ઞાન અપાય તે જ્ઞાનદાન કહેવાય. જેમ સર્વ ઇંદ્રિયોમાં ચક્ષુ પ્રધાન છે તેમ સર્વે દાનોમાં જ્ઞાનદાન શ્રેષ્ઠ મનાયું છે. લખીને અથવા લખાવીને જે શ્રુત મુનિઓને અપાય છે. તેનાં એક અક્ષરનાં દાનથી એક લાખ વર્ષનું દેવનું આયુષ્ય બંધાય છે. આ દાનનાં પ્રભાવે મનુષ્ય ભવાંતરમાં શ્રુત-જ્ઞાની અને કેવળજ્ઞાની બની વિશ્વપૂજ્ય બને છે. આરંભકારી શાસ્ત્રોમાં ધનનો વ્યય કરતાં જે મૂઢ અન્યને આપે છે તે પરલોકનાં ફળને પામતો નથી

જે યથાશક્તિ સ્થૂલ અને સૂક્ષ્મ જીવોનું રક્ષણ કરે છે તે ધર્મનાં એક માત્ર પ્રાણભૂત બીજું અભયદાન છે સ્વ પર સર્વ શાસ્ત્રો-માં બીજા સર્વ ધર્મો સાથે તુલના કરતાં આ દાનનાં ફળની ઉપમા મહર્ષિઓએ અન્ય ક્યાંય જોઈ નથી.

મેરુ પર્વત જેટલું સુવર્ણદાન આપે કે કરોડો ધનનાં ઢગલાં આપે પણ એક જીવ વધનાં પાપથી છૂટાતું નથી અન્ય શાસ્ત્રોમાં પણ કહ્યું છે.... એક બાજુ સર્વે યજ્ઞો અને સર્વ શ્રેષ્ઠ દક્ષિણાઓ છે તો એક બાજુ એક ભયભીત પ્રાણીના પ્રાણનું રક્ષણ છે. હે ભારત સર્વે યજ્ઞો કે વેદો તે કરતાં નથી જે પ્રાણીઓની દયા કરે છે.

દયાથી ઉત્પન્ન થયેલું ફળ કોડો ભવો સુધી ભોગવવાં છતાં અક્ષય કોશની જેમ ક્યારેય ક્ષય પામવાનું નથી.

ભવ સમુદ્રમાં ડુબતાં જીવોને માટે જે યાનપાત્ર સમું બને છે તે સત્ક્રિયા અને જ્ઞાનથી શોભતું સત્પાત્ર બુધજનોએ કહ્યું છે.)

જ્યાં જ્ઞાન અને ક્રિયા બને છે તે સત્પાત્ર કેવળીઓએ કહ્યું છે....શ્રદ્ધાનાં પ્રકર્ષથી તેમાં આપેલું દાન મોક્ષદાયક બને છે.

તે તે ગુણ પ્રકર્ષથી શુભ પુણ્યનાં ફળને આપતો ચતુર્વિધ શ્રી સંઘ સામાન્યથી પાત્ર તરીકે મનાયો છે.

ઉત્તમપાત્ર સાધુ અને મધ્યમપાત્ર શ્રાવકો કહ્યાં છે તેમ અવિરત સમ્યગ્-દૃષ્ટિ તે જઘન્યપાત્ર જાણવાં.

જેનાં ઘરને અહીં શ્રી સંઘે સહર્ષ સ્પર્શ કર્યો છે તેનાં ઘરાંગણે સુવર્ણધારા પડી છે, તેનાં ઘરમાં શ્રેષ્ઠ એવું મણિનું નિધાન પ્રવેશ્યું છે અને તેનાં ઘરમાં કલ્પવૃક્ષની વેલડીનો ઉદ્ગમ થયો છે.

વિશ્વમાં અદ્ભુત એવાં જ્ઞાન-ચારિત્ર અને તપોથી પવિત્ર એવાં સાધુઓને તત્ત્વજ્ઞોએ વિશેષ પાત્ર કહ્યાં છે. ધર્મને ટેકો આપતું વિશુદ્ધ આહાર પાણી જે ભક્તિથી અપાય છે તે ત્રીજું પાત્રદાન કહ્યું છે.

સમ્યક્ત્વ અથવાં બ્રહ્મચર્ય ગુણયુક્ત તેમ જ માર્ગાનુસારી પણ અન્ય જ્યાં દેખાય ત્યાં પણ પાત્રતાને જાણવી. શ્રદ્ધા અને આદરથી યુક્ત એવાં મોક્ષાર્થીએ બ્રહ્મચારી એવાં મુનિને કલ્પનીય વસ્તુનું દાન કરવું. અણુવ્રતીઓને વિષે પોતાની શક્તિ મુજબ ભક્તિથી જે વાત્સલ્ય કરાય છે તે કલ્યાણનું કારણ છે.

નિત્ય આર્ત-રૌદ્ર ધ્યાનવાળાં, સત્ય-શીલ અને દયાથી રહિત પુત્ર-પત્નીમાં આસક્ત, ઘણાં પરિગ્રહવાળાં, મિથ્યાત્વથી કલુષ અંતર-વાળાં અને ધર્મીઓનાં નિંદક પુરુષોને તત્ત્વજ્ઞોએ ક્યારેય પણ પાત્ર તરીકે માન્યા નથી. આવાઓને વિષે કુશાસ્ત્રથી મોહિત બુદ્ધિવાળા જે પુણ્યબુદ્ધિથી સુવર્ણ-ગાય આદિ આપે છે તે અનર્થદાયી છે.

ઉખર ભુમિમાં વાવેલ બીજની જેમ અપાત્રમાં આપેલું દાન ફલદાયી થતું નથી...એક'જ વાવડીનું પાણી જેમ શેરડીમાં મીઠાશને તો લીંબડામાં કટુતાને પામે છે તેમ પાત્ર-અપાત્રમાં જાણવું...

હે મંત્રી ! પાત્રદાનમાં પણ ફલને ભાવ આપે છે વિશુદ્ધ ભાવ-રહિત દાન અલ્પફલદાયી બને છે.

જીવોની દુઃખશાંતિ માટે દયાથી જે અપાય છે તે ચોથા દયાદાન તરીકે શ્રી જિનવરોએ કહ્યું છે.

દીનાદીકને વિષે પણ દયા પ્રધાન છે તેથી પ્રધાન ભોગ આદિનું આપણે દયાદાન આપવું. દીક્ષા અવસરે (દાન) આપતાં તીર્થંકરોએ પાત્રાપાત્રની વિચારણા કરી ન હતી.

ફરી મંત્રીએ પૂછયું, હે સ્વામિન્ ! આજે મેં જે સુપાત્રદાનનો મહિમા પ્રાપ્ત કર્યો તેવો પૂર્વે કોઈ પણ મેળવ્યો છે ?

સાધુ બોલ્યા. હે મહાભાગ ! મત્સ્યોદરાદિ અનેક જણાએ ભવાંતરમાં આશ્ચર્યદાયી એવાં પાત્રદાનનાં ફળને મેળવ્યું હતું. ચંદના-મૂળદેવાદિ અહીંજ મહોદયને પામ્યાં તો શ્રેયાંસાદિ રાજાઓએ બંને લોકની સુખસંપત્તિને મેળવી. તો પણ નજીકના સમયમાં થયેલું અને આશ્ચર્યકારી એવું સુપાત્ર દાનનું મહાત્મ્ય બતાવતું દૃષ્ટાંત સાંભળો.

દક્ષિણ દિશામાં પ્રખ્યાત એવાં વિજયપુરમાં સોમપ્રભ રાજા અને સોમપ્રભા રાણી હતી.

વેદથી મૂઢ મનવાળો તે રાજા નિત્ય બ્રાહ્મણોમાં જ શ્રેષ્ઠ પાત્ર તાને માને છે. સભાની અંદર તે કહે છે કે બ્રાહ્મણો પૂર્વજોને ખુશ કરે છે અને બ્રાહ્મણોથી જ આ વિશ્વ ધારણ કરાય છે તેથી ડાહ્યા માણસે બ્રાહ્મણોને પૂજવા જોઈએ.

ગાયો-બ્રાહ્મણો-વેદો-સતીઓ-સત્યવાદી અને દાન અને શીલમાં અસંતુષ્ટો એ સાત જણાથી વિશ્વ ધારણ કરાય છે.

પરંતુ વેદથી મૂઢ એવો તે રાજા બ્રાહ્મણો કેવા આચારવાળાં અને કેવાં સ્વરૂપવાળા કહ્યા છે. તે જાણતો નથી.

જિતેંદ્રિય, અલ્પ આરંભવાળાં સત્ય-શીલ અને દયા યુક્ત એવાં ગૃહસ્થપણાને વહન કરતાં જીવો આ લોકમાં બ્રાહ્મણપણાને યોગ્ય છે.

હે યુધિષ્ઠિર ! સત્ય-પવિત્ર અને જિતેંદ્રિય એવાં જે વિદ્વાનો

તપ કરે છે તેઓને હું બ્રાહ્મણ માનું છું બાકીનાને ક્ષુદ્ર માનું છું સત્ય-ક્ષમા-દયા-જિતેંદ્રિયપણું-ધ્યાન-શીલ-ધીરતાં કરુણાં, વિદ્યા વિજ્ઞાન અને આસ્તિકતા એ બ્રાહ્મણના લક્ષણ છે શીલસંપન્ન એવો ક્ષુદ્ર પણ બ્રાહ્મણ થાય છે તો ક્રિયાહીન એવો બ્રાહ્મણ પણ ક્ષુદ્ર બને છે. જેઓ શાંત છે દાંત છે. જિનવચનથી ભાવિત છે, જિતેંદ્રિય છે. પ્રાણિવધથી અટકેલા છે અને પરિગ્રહમાં સંકુચિત છે એવા ગૃહસ્થો તે બ્રાહ્મણો તારવાને સમર્થ છે.

એકદા તે રાજાએ સ્વર્ગની ઈચ્છાથી પુણ્ય પ્રાપ્તિ માટે ક્રોડ સોનૈયાનાં ખર્ચથી યજ્ઞ કરવાનો પ્રારંભ કર્યો. ત્યારે બોલાવાયેલા વિવિધ દેશનાં વેદવિદ્યાના જાણકાર બ્રાહ્મણો, પુરાણકારો, સ્મૃતિશાસ્ત્રજ્ઞો ત્યાં આવ્યાં. ત્યાં તેઓ રાજાજ્ઞાથી દેવપદની પ્રાપ્તિ માટે વેદોક્ત વિધિનાં ઉચ્ચારણથી યજ્ઞ કર્મોને કરે છે.

તે યજ્ઞશાળાની નજીકમાં જ્યાં અતિથિઓ દેવ તરીકે પૂજાય છે. અને જાણે પુણ્યનું નિવાસસ્થાન હોય તેવું. નિઃસ્પૃહ ચિત્તવાળાની નીતિપૂર્વક જીવન ગુજારો કરનાર ભોગોપભોગ વ્રતધારી અને જૈન ધર્મવાળાં વિશ્વભૂતિ બ્રાહ્મણનું ઘર છે.

શ્રેષ્ઠ એવાં જિનધર્મની ધુરાને ધારણ કરતી, સંતુષ્ટ ચિત્તવાળી અને સતીઓની પરંપરાનાં ભૂષણરૂપ એવી સત્યા નામે તેની પત્ની હતી.

અરિહંતને નૈવેદ્ય આપીને અતિથિ પૂજન કરીને, શેષ વધેલાં ભોજનથી તે બંને પોતાનાં પ્રાણની ધારણાં કરે છે.

એકદા તે સતીએ બ્રાહ્મણ દ્વારા પવિત્ર વૃત્તિથી મેળવેલાં ઘઉનાં ઘણા પુડલા કરીને તેનાં ત્રણ ભાગ કર્યા.

કોઇક દિવસે જેણે પાપને ત્યાગી દીધા છે એવાં કોઇક સાધુ પુણ્યયોગથી તેમનાં ઘરે આવ્યાં તેથી રાજાપણું મળ્યું હોય તે રીતે ખુશ થયેલાં તેઓએ શાસ્ત્રોક્ત વિધિથી પ્રણામ કરીને હાથ જોડી આ રીતે વિનંતી કરી.

આજે મારો જન્મ સફળ થયો અને ગૃહસ્થવાસ કૃતાર્થ થયો કે જે મુક્તિમાર્ગ પ્રકાશક એવાં તમે પાત્ર રૂપે પ્રાપ્ત થયાં છે તેથી આ ત્રણપિંડમાંથી એક પિંડ ગ્રહણ કરવાની કૃપા કરો. ત્યારે મુનિ બોલ્યાં તેં ત્રણ પિંડ શામાટે બનાવ્યાં છે ?

તે બોલ્યો કે દેવ અને અતિથિની ભક્તિ માટે બે પિંડ જુદા કર્યા છે અને ત્રીજો અમારા દેહ પોષણ માટે છે.

ત્રીજા પિંડને શુધ્ધ જાણીને સાધુએ તે ગ્રહણ કર્યો. દાતારનાં સાતે ગુણોને ધારણ કરતાં તેને પણ તે આપ્યો.

જ્યાં શ્રધ્ધા-તુષ્ટિ-ભક્તિ-વિજ્ઞાન-નિર્લોભતા-ક્ષમા-અને શક્તિ આ સાત ગુણો દાતારને પ્રશંસે છે.

તે મુનિને દાન આપીને કૃતાર્થપણાને માનતાં વિશ્વભૂતિએ પણ દાનનાં પાંચ ભૂષણોને ધારણ કર્યાં.

આનંદાશ્રુ આવે, રોમાંચ ખડા થાય, બહુમાન હોય, પ્રિય વચન બોલે અને પછી અનુમોદના એ પાત્રદાનનાં પાંચ ભૂષણ છે.

ત્યારે દેવોએ તેનાં મસ્તકે સુગંધી જળ અને કલ્પવૃક્ષનાં ફૂલોની વૃષ્ટિ કરી અને ઘરાંગણે રત્નો વરસાવ્યાં.

તેના આશ્ચર્યથી વિસ્મિત થયેલા નજીકમાં રહેલા યજ્ઞાચાર્યોએ ત્યાં આવેલાં રાજાને આનંદથી આ રીતે કહ્યું, હે રાજા ! આ યજ્ઞ-મંત્રોનો મહિમા અદ્ભુત છે કે જે પ્રત્યક્ષપણે પદે પદે રત્નવૃષ્ટિ થઇ. તેથી આનંદિત રાજાએ બ્રાહ્મણોને કહ્યું આ સાચું જ છે. અથવા તો મિથ્યાત્વથી મૂઢ પ્રાણી શું સત્યસ્થિતિને જાણે છે ?

જેટલામાં લોભવશ બ્રાહ્મણો રત્નોને ગ્રહણ કરે છે તેટલામાં તે રત્નો ભયંકર વિંછીપણાને પામે છે. તેઓથી કેટલાક હાથમાં તો કેટલાક પગમાં ડંખાયેલા બ્રાહ્મણો રંકની જેમ કરુણ પુકારો કરે છે. વિષનાં આવેગથી પીડિત એવા તેઓને માટે વિવિધ ઔષધિઓ અને વેદોક્ત મંત્રો અને યંત્રો રક્ષક બનતાં નથી.

તે સમયે આકાશમાંથી દિવ્ય વાણી થઇ કે આ યજ્ઞનું ફળ

નથી કે વેદમંત્રનો મહિમા નથી, પરંતુ વિશ્વભૂતિ બ્રાહ્મણે વિધિપૂર્વક આપેલાં સુપાત્રદાનનું આ ફળ છે. તેથી જો તમને કુશળની ઇચ્છા હોય તો આ દિવ્ય રત્નોને પ્રયત્નપૂર્વક માથા ઉપર લઇ તેનાં ઘરમાં મૂકો અને ભક્તિથી તેનાં ચરણોમાં પ્રણામ કરીને પાત્રાપાત્રની વિચારણા તેને પૂછો.

દૈવી વચન સાંભળીને જેટલામાં તેઓ તે રીતે કરવામાં તૈયાર થયાં તેટલામાં તે વીંછીઓ રત્નપણાને પામ્યાં અને તેઓની વ્યથા ક્ષીણ થઈ.

હવે વિચારની જાણ માટે વિશ્વભૂતિને બોલાવીને અને નમસ્કાર કરીને રાજા દાનનાં ભેદ અને ફલાદિને પૂછે છે, મધુપાનની જેમ આનંદકારી એવી રાજાની વાણી સાંભળીને પવિત્ર અને સર્વજ્ઞ ધર્મનો જાણ એવો વિશ્વભૂતિ બોલ્યો.

હે વિભો ! પાત્રાપાત્રની વિચારણા તો સમુદ્રની જેમ અગાધ છે. તો પણ તત્ત્વાનુસારે સંક્ષેપથી તે સાંભળો.

[પરમર્ષિઓએ આરંભ પરિગ્રહથી રહિત અને તપ-શીલ અને દયાવાળાં સંયમીઓને શ્રેષ્ઠ પાત્ર તરીકે કહ્યાં છે. સત્ય, શૌચ અને દયામાં નિષ્ઠાવાળા અણુવ્રતધારી અને સમકિત યુક્ત ગૃહસ્થો માધ્યમ પાત્ર તરીકે મનાયાં છે. અને ચોથા ગુણસ્થાનકે રહેલાં તત્ત્વની જિજ્ઞાસાવાળા ગૃહસ્થો તે પણ જઘન્યપાત્ર પણાને પામે છે. વળી જેઓ પીડાતા છે. હીન અંગવાળા છે. ક્ષુધાદિથી દુઃખી છે તેઓ પણ સજ્જનોને માટે સર્વથા દાન યોગ્ય છે. એમનાં વિષે યથાશક્તિ દાન આપતો ગૃહસ્થ તપ-શીલ વિનાનો હોવાં છતાં પણ સંસાર સમુદ્રને પાર પામે છે,]

જે ગૃહસ્થો સર્વથા શીલ પાળી શકતાં નથી અને તપ તપી શકતાં નથી, વળી આર્તધ્યાનથી જેઓની નિર્મળ બુદ્ધિ નાશ પામી છે, જેઓમાં સદ્ભાવના નથી એવાં ગૃહસ્થો માટે ભવકૂપમાંથી દાનનાં

આલંબન સિવાય ઉતારો નથી એવું મેં નિપુણ બુદ્ધિથી સારી રીતે નિશ્ચિત કર્યું છે....

(હે રાજન્ ! આપેલી જે વસ્તુ ધર્મના ટેકારૂપ થાય છે તે પુણ્યને માટે થાય છે. જે આપવાથી જીવોને અંતરમાં કલેશ થાય છે અને પાછળથી આરંભ વધે છે તે આપેલું પ્રશંસનીય થતું નથી.

હે રાજન્ ! તત્કાલ આનંદદાયી હોવાથી સર્વદાનોમાં અન્નદાન એ વિશેષથી સર્વત્ર થાય છે. ક્ષુધાથી પીડાતો દીન મુખવાળો ભિખારી હોય કે ચક્રવર્તી હોય સમાન કષ્ટવાળી દશાને પામે છે.

અન્નદાન સમાન હોવાં છતાં પણ ફળ તો પાત્રાનુસારે થાય છે. છીપમાં પડેલું પાણી મોતી બને છે તો સર્પનાં મુખમાં વિષપણાને પામે છે-

સંગ રહિત એવાં સાધુઓ વિષે સ્વભક્તિથી જે અપાય છે તે જીવોને નિધાનની જેમ મોક્ષ પ્રાપ્તિ સુધી સતત સુખ આપે છે. સમકિતી બારવ્રતધારી ગૃહસ્થોને વિવેકથી આપેલું દાન સ્વર્ગાદિ આપે છે.

પરશાસ્ત્રોમાં જે વિવેક રહિત દાનો છે તે આરંભની વૃદ્ધિ હોવાથી, પ્રાયઃ પાપને માટે થાય છે. ગૃહસ્થોએ પુણ્ય પ્રાપ્તિ માટે અથવા દુઃખ શાંતિ માટે દાન આપવું એવી તત્ત્વજ્ઞોની વાણી છે,

જેમ ઉંદરોનો વધ કરીને બિલાડો ખુશ કરાય છે એમ કહેવાય છે તેમ કામાંધને વિષે દાન આપતો દાતા સ્વર્ગમાં જતો નથી.

બ્રાહ્મણ શ્રેષ્ઠ પાસેથી આ રીતે સાંભળીને સોમપ્રભ રાજા બંને હાથે કપાળે અંજલી જોડીને બોલ્યો. કૃપા કરીને સુવર્ણના યજ્ઞથી ઉત્પન્ન થયેલું કરિયાણું તારે ગ્રહણ કરીને મુનિનાં દાનનું ફળ મને આપવું.)

રાજાના વચન સાંભળીને ફરી બ્રાહ્મણ બોલ્યો, જેનાથી સ્વર્ગ અને મોક્ષનાં સુખોને જીવો પામે છે તે ચિંતામણિ સમા પાત્રદાનનાં ફળને કાચરત્ન સમા યજ્ઞથી ઉત્પન્ન થયેલ પુણ્યને લઇને કઈ રીતે

અપાય. હે રાજન્! મુનિ દાનનું પુણ્ય કયાં અને યજ્ઞથી ઉત્પન્ન થયેલું ફળ કયાં? કયાં કલ્પવૃક્ષ અને કયાં બાવળિયાનું ઝાડ?

વળી હે રાજન્! સર્વજ્ઞ ધર્મજ્ઞ જીવો પોતાનાં પુણ્ય-પાપ કોઇને આપતાં નથી. બીજાને પાપદાનથી બીજાને પાપવૃદ્ધિ થાય અને પુણ્યદાનથી પરિણામે સ્વયં પુણ્ય રહિત બની જાય. જીવો પ્રાયઃ સ્વકૃત શુભાશુભ કર્મોને ભોગવે છે તો પણ પોતાનાં અંતરની ખુશી માટે જીવોને પુણ્ય-દાનનો વ્યવહાર છે. જે જીવને પૂર્વે અહીં ધર્મની અનુમોદના હોય તેણે જ પરલોકમાં તેની અનુમોદના પ્રાપ્ત થાય છે. બીજાને નહીં

હે દેવ નગરનાં ઉદ્યાનમાં મહર્ષિઓના સમૂહથી યુક્ત નિર્ગ્રંથ ગુરુ ધર્મસાર આચાર્ય ભગવંત છે. ત્યાં જઇને ગુરુની પાસે જો તમો સમ્યગ્-દાનનું સ્વરૂપ પૂછો તો વધુ લાભ થાય.

લોકોથી પરિવરેલા શ્રદ્ધાયુકત રાજાએ ત્યાં જઇ વિનયથી નમીને દાન અને દેય (આપવા યોગ્ય વસ્તુ) ની વિચારણા કરી.

તેજ રીતે ગુરુએ કહેલું સાંભળીને, સમકિત સ્વીકારીને, તે રાજા શુધ્ધ રીતે શ્રાવકનાં વ્રતોને વહન કરનારો થયો.

ત્યારે ફરી ગુરુએ કહ્યું હે રાજન્! તું જિનશાસનના વિચારમાં ચતુર એવો થા જે સુજ્ઞ માણસ જીવાજીવાદિ તત્ત્વોનાં વિચાર કરે છે તે ક્રમે કરીને અધિકાધિક શુદ્ધ થાય છે.

ત્રણ કાળ, છ દ્રવ્ય, નવપદ, છ જીવ-કાય-લેશ્યા, તેમ અન્ય પાંચ અસ્તિ-કાયો-વ્રત-સમિતિ-ગતિ-જ્ઞાન અને ચારિત્ર ભેદો આ રીતે ત્રિલોકપૂજ્ય અરિહંતોએ કહેલાં મોક્ષમાર્ગને જે બુદ્ધિમાન સર્વથા શ્રદ્ધાથી કરે છે. સ્વીકારે છે અને અંતરથી સ્પર્શે છે. તે શુદ્ધ દૃષ્ટિવાળો છે.

સારૂં એ રીતે ગુરુવચનને સ્વીકારીને તે રાજા વર્ણ શ્રેષ્ઠ એવાં વિશ્વભૂતિને વિષે ગુરુબુદ્ધિને ધારણ કરી પછી ગુરુ ચરણોમાં નમસ્કાર કરીને વિશ્વભૂતિથી યુક્ત રાજાએ ઘરે આવીને આનંદ પૂર્વક ધર્મોત્સવ કરાવ્યો.

નિત્ય જૈન પંડિતો સાથે ધર્મચર્ચા કરતો આ રાજા જૈન ધર્મમાં અગ્રેસર થયો.

ત્યારે ઘણાં યાજ્ઞિકો પણ સમકિતી થયા. સૂર્યનો ઉદય થતાં શું અંધકાર ક્યાંય પણ રહે છે ?

વળી સુપાત્રદાનનાં મહિમાંથી તે વિશ્વભૂતિ બ્રાહ્મણ તે જ ભવમાં દાની અને ધર્મીઓમાં માનનીય થયો. તેજ નગરમાં વિશ્વભૂતિએ સુવર્ણ પ્રતિમાયુક્ત જિનમંદિર નિર્માણ કરાવીને સંપત્તિના ફળને પ્રાપ્ત કર્યું શ્રાવક ધર્મને આરાધીને તે વૈમાનિક દેવ થયો. ક્રમે કરી સંયમ પાળી મોક્ષમાં જશે.

સોમશર્મા મંત્રી પણ તે સાંભળીને મિથ્યાત્વીઓના સંગને ત્યાગીને આસ્તિકોમાં શ્રેષ્ઠ બન્યો.

એકદા તેણે અનર્થદંડની વિચારણાને સાંભળી તેથી વ્રત ગ્રહણ કરવાની ઇચ્છાવાળાં તેને ગુરુએ આ રીતે કહ્યું

જિનધર્મમાં શ્રેષ્ઠ એવાં જીવને પ્રાણીઓના પ્રાણનો નાશ કરનાર એવાં શસ્ત્ર–અગ્નિ–વિષ કે યંત્રોને ધારણ કરવું યોગ્ય નથી કારણ પાપનાં અધિકરણોનાં સમૂહને ધારણ કરે છે તે પુરુષોનું મન અંતરંગ બળનાં ઉલ્લાસથી અનર્થ તરફ દોડે છે. આથી પોતાનાં શરીર ઉપર લોહમય શસ્ત્ર ધારણ કરવું નહીં આ સાંભળી મંત્રીએ પણ તે રીતે પ્રતિજ્ઞા કરી.

પછી દયાસાગર એવો આ રણમાં કે રાજસભામાં જતાં મણિઓથી ભૂષિત એવી કાષ્ઠમય તલવારને ધારણ કરે છે.

ફરી ગુરુ બોલ્યા હે મંત્રી ! બંને લોકમાં સુખકારી એવાં આ વ્રતને તારે પ્રયત્નપૂર્વક પાળવું.

આ રીતે વ્રતયુક્ત અને સત્કાર્યોને કરતાં સામ્રાજ્ય સુખથી યુક્ત એવા તેના ઘણા દિવસો વ્યતિત થયા. વિષમ સ્થિતિમાં પણ તે કષ્ટને પામતો નથી. તેમજ રાજાનાં અપમાનને કે અવકૃપાને પામતો નથી. અરે ! કેટલો વ્રતનો વૈભવ !

જિનધર્મમાં જીવદયા કરવાં માટે એક પણ સારો નિયમ જેઓ કરે છે, તેની વિપત્તિઓ દૂર થાય છે અને સ્થાને[2] સંપત્તિઓ પ્રાપ્ત થાય છે.

હવે કોઈક દુષ્ટ પાપાત્માએ જે દોષગ્રાહી હતો તેણે લાકડાની તલવાર રાખનારં મંત્રી ચરિત્ર રાજાને કહ્યું.

દુ:ખદાયક એવાં તે વૃત્તાંતને અંતરમાં સ્થાપીને એકદા તે રાજા વીર પુરુષોની સાથે શાસ્ત્રવાર્તા કરે છે.

હે સભાસદો ! ગુણનાં ઉત્કર્ષ અને અપકર્ષથી રત્નાદિ સર્વ વસ્તુઓનું મહાન અંતર શાસ્ત્રોમાં કહ્યું છે. ઘોડા–હાથી–લોઢું, લાકડું–પાષાણ–વસ્ત્ર, નારી–પુરુષ–પાણી આ બધામાં ઘણો મોટો ફરક છે.

તેથી જયલક્ષ્મીનાં આવાસરૂપ એવાં વીરોમાં મુખ્ય એવાં તમારા પ્રત્યેકની આ તલવારો મારે જોવી છે. આ રીતે કહીને રાજાએ સૂર્યનાં તેજની પણ વિડંબના કરતું એવું પોતાનું ખડ્ગરત્ન બતાવ્યું.

જ્યારે બીજાની પણ તલવારો રાજા દેખે છે ત્યારે લજ્જાથી નિસ્તેજ મુખવાળો પ્રધાન [સોમશર્મા] વિચારે છે. વિરોથી પવિત્ર એવી આ સભામાં મારે લાકડાની તલવાર કઈ રીતે બતાવવી ? આજે કોઈક દુર્જનનું કારસ્તાન છે કે જેથી ઉત્સુક થયેલો આ રાજા તલવાર જોવાની ઇચ્છાવાળો થયો છે.

મુર્ખતાભરી ચેષ્ટાવાળા બાલકો અબળાઓ અને રાજાઓ નિષેધ કરાયેલ વસ્તુઓમાં વિશેષ પ્રવર્તે છે.

જો વિવિધ અતિશયોથી શોભતાં દેવાદિ તત્ત્વો મારા અંતરમાં સર્વોત્તમ હોય તો આ તલવાર તુરત જ ધાતુમય બને સર્વજ્ઞે કહેલાં ધર્મની જરાપણ અવજ્ઞા ન થાય,

એ રીતે ચિંતવતાં તેનાં મ્યાનમાંથી જેટલામાં દ્વેષયુક્ત રાજાએ

પરાણે તલવાર ખેંચી કાઢી તેટલામાં દેવી પ્રભાવે ચંદ્રહાસ તલવારના તેજની વિડંબણા કરતી સૂર્યની જેમ તેજસ્વી રીતે તે દીપી ઊઠી.

તે રીતની તે તલવારને જોઇને આશ્ચર્યસાગરમાં મગ્ન બનેલા રાજાએ, કાળા મુખવાલા ચાડિયાને ક્રોધથી કહ્યું કે હે પાપી ! ઉછળતા દૂધવાળી કામધેનું જેવી આ તલવાર છે તો તેં આ રીતે ખોટું કેમ કહ્યું ?

ત્યારે ઉત્સાહ પૂર્વક પ્રધાન બોલ્યો હે રાજન્ આપને સાચું કહેનારનો કોઈ દોષ નથી કારણ આ તલવાર તો લાકડાની જ છે. પણ સારાં એવાં જિન ધર્મનાં પ્રભાવે તે લોહપણાને પામી છે.

સર્વજ્ઞ કથિત ધર્મ કર્મમાં નિયમની સ્થિરતાથી જીવોને વિષના મોજાઓ પણ અમૃત પણાને પામે છે,સર્પો હાર બને છે,સમુદ્રો ખાબોચિયાં થાય છે, પગલે-પગલે સંપત્તિઓ થાય છે, અગ્નિઓ શીતલ બને છે. રાજાઓ ભાઇની જેમ વર્તે છે, તો શત્રુઓ પણ મિત્ર બની જાય છે.

હે સ્વામી ! અંતરમાં દુષ્ટ અભિપ્રાય ઉત્પન્ન ન થાય તે માટે મેં સંયમી પાસે લોહાસ્ત્રનો નિયમ ગ્રહણ કર્યો હતો. જો ગુરુ પાસે જેણે જે રીતનો નિયમ ગ્રહણ કર્યો હોય તે રીતે તેની રક્ષા કરતાં અખંડ સુખ થાય છે.

હે રાજન્ ! શસ્ત્ર હાથમાં આવે છતે અનર્થદંડ એ પ્રાણીઓને લક્ષ્મણની જેમ જીવવધ માટે થાય છે. તેથી દયાળુએ પોતાની પાસે શસ્ત્ર ધારણ ન કરવું, પૂર્વભવમાં સંચય કરેલો ધર્મ જ પાલક છે.

આ રીતે બોલતાં તેનાં મસ્તક ઉપર મસ્તકની શિખાને દિવ્ય કરતી એવી દેવનિર્મિત પુષ્પ વૃષ્ટિ થઈ

આ રીતે ધર્મ પ્રભાવ જોઇને ખુશ થયેલો રાજા અજિતંજય ત્યારે સભાજનો સમક્ષ આ રીતે બોલ્યો. મણિઓનાં સમૂહમાં જેમ શ્રેષ્ઠ તરીકે ચિંતામણી પ્રસિદ્ધ છે તેમ સર્વ ધર્મોમાં સર્વજ્ઞ કથિત ધર્મ શ્રેષ્ઠ છે. કે જેની આ રીતે લીલા છે તેથી બચવા માટે મારા ચિત્તમાં બીજો કોઈ ધર્મ નથી.

રાજાદિનાં સંશયને દૂર કરવા માટે આકાશમાં રહેલ દેવતાઓએ એ મંત્રીની દઢતાની પ્રશંસા કરી.

પ્રાયઃ સર્વે જીવો પણ ધર્મનાં જ અર્થી હોય છે. પરંતુ સાચા ધર્મનું સ્વરૂપ ગુરુ વિના જાણી શકાતું નથી. વૃદ્ધિ પામતા મોહના અંધકારવાળાં સંસારરૂપી કૂવામાં પડતાં જીવોને ગુરુ જ દીપાવે છે.

આ ગાળામાં ભવ્ય જીવોરૂપી કમળોને વિકસાવવાં માટે ચંદ્ર સમા અને પરબ્રહ્મની સંપત્તિને વિસ્તારતા જિનચંદ્ર ગુરુ ત્યાં પધાર્યા તેઓનું આગમન સાંભળીને પ્રધાનાદિથી પુરસ્કૃત કરાયેલો જિનધર્મની જિજ્ઞાસાવાળો એવો રાજા ગુરુ પાસે ગયો. મંત્રીએ કહેલી વિધિથી તે ગુરુ ચરણમાં નમ્યો. કુલીન જનો વિનયને ચુકતા નથી પછી હાથ જોડીને બોલ્યા. રાજાએ ગુરુ ભગવંતને કહ્યું હે વિભો ! સ્વર્ગ અને મોક્ષને આપતુ ધર્મ તત્ત્વ મને કહો.

ગુરુ બોલ્યા. જિનેશ્વરે કહેલો સમ્યગ્દર્શન પૂર્વકનો નિરાકાર અને સાકાર ધર્મ સુખલક્ષ્મીનો ખજાનો છે. એમાં મોક્ષસુખદાયી એવો પ્રથમ ધર્મ સાધુઓમાં રહેલો છે. તો ગૃહસ્થોમાં રહેલો બીજો ધર્મ સ્વર્ગ સુખદાયી છે.

આ રીતે ગુરુવાણી સાંભળીને વિરક્ત થયેલાં રાજાએ શત્રુંજય નામનાં મોટા પુત્રને રાજ્ય ઉપર સ્થાપીને સંવેગ રસથી ભરપુર એવાં રાજાએ અંતઃપુર અને મંત્રીની સાથે સંયમલક્ષ્મીનો આશ્રય કર્યો. ત્યારે ગુરુએ હિતશિક્ષા આપી.

હે ભદ્ર ! કોઇક રીતે ક્રોડો ભવોમાં દુર્લભ અને શિવસુખના સાધનરૂપ ચારિત્રરત્નને ભાગ્ય યોગે પામીને ક્રિયાકાંડોમાં પ્રમાદ કરવો કયારેય ઉચિત નથી. પ્રમાદ કરતો પૂર્વધર સાધુ પણ નિગોદમાં જાય છે. જીવોએ અનંતીવાર દ્રવ્યચારિત્રીપણું પ્રાપ્ત કર્યું છે પણ ભાવ-લિંગ વિનાં નિશ્ચિત સ્વાર્થની સિદ્ધિ થતી નથી.

આ રીતે ગુરુની શિક્ષાથી નિર્મળ ચારિત્ર ધર્મને પાળીને

રાજાદિ સર્વે મોક્ષમાં ગયાં. ત્યારે તેઓનાં ગુણથી ખુશ થયેલા કેટલાકે શ્રાવકાચારને તો કેટલાકે સમકિતનો સ્વીકાર કર્યો છે વળી કેટલાક ભદ્રકભાવને પામ્યાં.

હે સ્વામિન્ ! આમ ધર્મનો મહિમા જોઇને મેં પણ ત્યાં જ ગુરુ પાસે શિવસુખદાયક સમકિતનો સ્વીકાર કર્યો. ત્યારે કૃપા સાગર આચાર્ય ભગવંતે સમકિતની સ્થિરતાં માટે મને ઉદ્દેશીને કહ્યું.

તપ શ્રુતાદિનું કારણ અને જ્ઞાન-ચારિત્રનાં બીજરૂપ સમ્યક્ત્વ ભવ્ય જીવો દ્વારા પુણ્યથી જ પમાય છે.

ચારિત્ર અને જ્ઞાન રહિત એવું પણ દર્શન પ્રશંસનીય છે પણ મિથ્યાત્વરૂપી વિષથી દુષિત (સમકિત રહિત) જ્ઞાન અને ચારિત્ર પ્રશંસનીય નથી.

સંભળાય છે કે જ્ઞાન-ચારિત્રથી રહિત એવો પણ શ્રેણિક રાજા સમ્યગ્-દર્શનનાં માહાત્મ્યથી તીર્થંકર પણાને પામશે. ચારિત્ર ધારણ ન કરતાં પણ જીવો જેનાં પ્રભાવે ઘણાં સુખનાં નિધાનરૂપ મોક્ષને મેળવે છે ભવજલમાં યાનપાત્રરૂપ અને કર્મરૂપી વનને માટે દાવાનલ રૂપ એક માત્ર સમકિત રત્નનો અહીં આશ્રય કરો.

આ રીતે ગુરુ મુખચંદ્રમાંથી નીકળેલાં શિક્ષા સુધાને પીને મેં પણ મારા મન ઘરમાં સત્ય તત્ત્વનું દર્શક અને મિથ્યાત્ત્વરૂપી અંધ-કારને દૂર કરતાં સમ્યક્ત્વરૂપ મહાદીપકને ઔચિત્યાદિ ગુણયુક્ત પણે પ્રાણથી અધિક પ્રિયપણે અને નિશ્ચલપણે ધારણ કર્યું"

આ રીતે વિષ્ણુશ્રીએ કહેલ જિનધર્મનાં પરમ પ્રભાવને સાંભળીને મિથ્યાત્ત્વરૂપ અંધકારને દૂર કર્યો છે એવી પ્રિયાઓ સાથે આનંદિત થયેલો શ્રેષ્ઠી બોલ્યો.

હે પ્રાણપ્રિયે ! તેં કહેલું આ જિનધર્મનું તત્ત્વ સત્ય છે, શું ચિંતામણિ પ્રાપ્ત થયે છતે લોકોને ઇચ્છિત થતું નથી ?

આઠમી પ્રિયા બોલી કે આ સર્વ અસત્ય છે, ધૂર્તનાં વચનોમાં

જેમ તેમ વિશ્વાસ કોણ કરે છે ? કુબુદ્ધિવાળાઓએ નકામા પુરાણાદિ શાસ્ત્રો નિર્માણ કરીને પિંડદાનાદિ પુણ્યો નિર્માણ કર્યા છે.

ત્યારે આ સાંભળીને વિસ્મિત થયેલાં રાજાદિએ વિચાર્યું કે નક્કી આ સ્ત્રી દૂર ભવ્ય અથવા અભવ્ય છે. દૈવી સંપત્તિ અને રાજલક્ષ્મી અહીં સુલભ છે પરંતુ જિનધર્મની શ્રદ્ધા દુર્લભ છે. જેમ જ્વરપીડિતને અન્નની રુચિ ન થાય તેમ મોહ વિમુઢ લોકોને સદ્‌ધર્મની રુચિ ન થાય જેમ રોગનો ભાર ક્ષીણ થતાં અન્નમાં રુચિ થાય છે તેમ ભાવ મળ ક્ષીણ થયે છતે તત્ત્વાર્થમાં રુચિ મનાઈ છે.

મહાત્મા એવા મંત્રી શ્રેષ્ઠનું કથાનક કર્ણમાં પધરાવીને સમ્યક્ત્વ તત્ત્વથી શ્રેષ્ઠ એવાં જિનધર્મમાં પોતાનાં મનને દૃઢ કરો.

## સિદ્ધચક્ર ધ્યાવો રે ભાવિકા

હવે તેણે નાગશ્રીને કહ્યું હે પ્રિયે ! તારાં સમકીતનાં ઉત્પત્તિની સૂચક એવી પોતે અનુભવેલી પુણ્યકથાને તું કહે.

પતિની અમૃત જેવી વાણીને કર્ણરૂપી અંજલિથી પી જઇને આનંદિત અંતઃકરણ વાળી તેણીએ વૃત્તાંત કહ્યો.

આજ ભરત ક્ષેત્રમાં વારાણસી મહાનગરીમાં જેણે શત્રુઓને જીતી લીધાં છે એવો સોમવંશીય જિતારી રાજા હતો. લાખોને આપતાં તેણે વિદ્વાનોની સભામાં સહજપણે ઉત્સવો કરાવ્યા તેણે યુદ્ધમાં પણ લક્ષવેધી બાણોથી સહજ રીતે શત્રુઓને ભયભીત કર્યા

ઘણાં ગુણોથી યુક્ત એવી કનકચિત્રા નામે તેની પત્ની હતી. તેમનો વિનયી એવો શીલ સુંદરી નામે પુત્રી હતી. ઘણાં પુત્રો ઉપર જન્મેલી હોવાથી અને અત્યંત રૂપવાન હોવાથી તે માતા-પિતાને પ્રાણથી પણ અધિક વહાલી હતી.

પરંતુ યૌવનનાં પ્રારંભમાં દાહજ્વર, શિરોવેદના આદિ રોગોનાં સમૂહથી પીડાયેલી, મુંડ થયેલાં માથાથી દુઃખી થયેલી, દીનતાનાં આવાસરૂપ તેણી મુંડિતા નામને પામી, અરે ! કર્મની વિચિત્રતા !

વૈદ્યોનાં સમૂહો દ્વારા રાત-દિવસ-મંત્ર-તંત્ર ઔષધિઓ આદિથી સાર સંભાળ કરાતી પણ કોઈ રીતે સમાધિને ન પામી.

એકદા સર્વજ્ઞ, ધર્મનાં જાણનારા અને સંવેગરસની વાવડી સમાં વૃષભશ્રી મહાસતિ તેણીનાં ઘરે આવ્યાં. કલ્યાણરૂપી વૃક્ષ માટે નીક સમા તે સાધ્વીને વંદના કરીને હાથ જોડીને, ભૂમિ ઉપર બેઠેલી મુંડિતાએ વિનંતિ કરી; હે સ્વામિનિ ! રોગરૂપી દાવાગ્નિની જ્વાલા મને અધિક પીડે છે. તેથી કૃપા કરીને મને ઔષધ કહો કે જેથી આ રોગ શાંત થાય.

હે સ્વામિનિ ! તમો જગતનાં જીવોની દયારૂપ, અમૃતની વાવડી સમા છો. કારણ આપ સ્વાભાવિક પણે વિશ્વોપકાર કરવામાં નિષ્ણાત છો. તેથી હે વિશ્વજીવિનિ ! વિવિધ રોગોનાં મહા આવેગથી, વિહ્વલ ચિત્તથી, તમારી પાસે કંઈક ઔષધને યાચું છું

તે સાધ્વી બોલ્યાં, પૂર્વભવમાં ઉપાર્જિત કરેલાં કર્મોનાં પરિપાકથી જીવો ભવવનમાં સુખ અને દુ:ખને પામે છે. ભૂખ્યાને જેમ ભોજન અને તરસ્યાને જેમ પાણી ઈષ્ટ છે. તેમ સર્વજ્ઞે કહેલ ધર્મ રોગોનું ઔષધ છે. સુદેવ-ગુરૂ-ધર્મ આદિ તત્ત્વોનો, શ્રદ્ધા પૂર્વકનો તે ધર્મ સાધુ અને શ્રાવક એમ બે ભેદે કહેવાયો છે.

ઈન્દ્રિયોને જીત્યા વગર સાધુધર્મ પાળવો દુષ્કર છે. શું પાંગળો માણસ મેરુ શિખર પર ચડવાની શક્તિને પામે છે ? દેશથી, પાપના ત્યાગથી, બાર વ્રતથી, ભૂષિત શ્રાવકધર્મ સુકર છે. તેથી હે વત્સે ! હમણાં તું આને સ્વીકાર. તેને સ્વીકારીને સમકિતયુક્તપણે કરતાં અષ્ટ કર્મનાં ક્ષયમાં સમર્થ એવી અરિહંતની અષ્ટ પ્રકારી પૂજાને કર. જિન સન્મુખ રહેલી એવી તું સારાં પુષ્પ નૈવેદ્યાદિ, પુણ્ય વસ્તુઓથી, ત્રણે સંધ્યાએ સિદ્ધચક્રની પૂજા કર. પદે પદે એ નામના માયાબીજના જાપપૂર્વક આદરથી આઠ હજાર નવકારને જપ. નિત્ય સુપાત્રમાં અને દીન દુ:ખીઓને અન્ન આપ અને સુખ-સિદ્ધિદાયક એવું સાધર્મિકોનું

વાત્સલ્ય કર વળી રત્નાભરણોથી ભૂષિત અને સુખકારી એવું સુવર્ણમય જિન બિંબ કરાવ. આ રીતે કરતાં સાધ્ય કરેલાં એવાં તારાં શરીર· રૂપી વેલડી ઉપરથી છ મહિને સર્વે પણ રોગરૂપ નાગણો જતી રહેશે.

ઋષભશ્રીએ કહેલ જિન ભક્તિયુક્ત ધર્મને કરતી, તે રાજપુત્રી છ મહિનામાં સર્વથા રોગમુક્ત બની મહાપ્રભાવવાળી થઈ તે અનુ- ષ્ઠાનનાં પ્રભાવે તે રાજકન્યા દિન પ્રતિદિન ત્રણે લોકને જીતતાં એવા સૌભાગ્યને પામી વિશ્વમાં અદ્ભુત એવું તેણીનું રૂપ જોઇને રાજાદિએ મંત્રો–ઔષધીઓથી અધિકપણે ધર્મને નિશ્ચિત કર્યો.

એકદા તે સાધ્વીજીઓએ કરેલા ઉપકારને સારી રીતે યાદ કરતી કૃતજ્ઞ અંતઃકરણવાળી, તે સાધ્વીસમૂહને નમવા માટે ગઇ. સર્વ સાધ્વીને વાંદીને પ્રસન્ન મુખવાલી તેણીએ માર્ગદાયક ઋષભશ્રીને કહ્યું. હે ભગ- વતી ! અમૃત સ્નાનની જેમ આપની કૃપાથી હું તેજ ક્ષણે રોગરહિત અને રૂપવાન થઇ. હવેથી હું જેની લીલાને કહેવા માટે દેવો પણ સમર્થ નથી એવા ધર્મને નિરતિચારપણે યથાયોગ્ય રીતે કરીશ. દેશ–કાલ ગૃહાદિને ઉચિત એવા વિશુદ્ધ અન્નપાનાદિથી હું આપનો સત્કાર કરવાને ઇચ્છું છું. જે ગૃહસ્થો જિનપૂજા ગુરુભક્તિ અને સર્વ- સંઘનાં લોકોનું વાત્સલ્ય કરે છે તેઓનો જન્મ સફળ થાય છે.

ઋષભશ્રી બોલ્યાં, હે ભદ્રે ! આમાં શી મહાનતા છે ? જિને કહેલ જે વ્રતોથી રૂપ અને નિરોગિતા થઇ. જે શુદ્ધ ભાવયુક્ત જીવ હોય તે આ ધર્મથી દુઃખે કરીને પામી શકાય એવાં સ્વર્ગ અને મોક્ષની લક્ષ્મીને પણ મેળવે છે.

સમકિત પૂર્વક જિનકથિત વ્રતોને જે પ્રયત્નપૂર્વક પાળે છે તે કૈવલ્ય લક્ષ્મીને પામીને સિદ્ધિ વધૂ સાથેનાં સતત વિલાસને પામે છે.

હવે પરિવારસહિત તેણીએ તે સાધ્વીને પોતાના ઘરે લાવીને શુદ્ધ વસ્ત્ર–અન્ન પાનાદિથી પડિલાભ્યાં.

પછી ધર્મપ્રભાવે તેણીનું રૂપસૌંદર્ય સર્વ રાજાઓનાં આવાસમાં

પ્રખ્યાત થયું. પિતાએ તેણીનાં વિવાહ માટે બંને પક્ષે વિશુદ્ધ, સમૃદ્ધ, રૂપવાન એવા અનેક રાજપુત્રોને જોયા. પરંતુ તેણીનાં સૌભાગ્યની સંપત્તિથી અધિક તો દૂર રહ્યું પણ થોડીક પણ સમાનતાવાળો કોઇ વર દેખાતો ન હોતો.

હવે તુરૂષ્ક દેશમાં ચક્કોટ નગરના, ઇંદ્ર જેવી કાંતિવાળા, ઉદ્ધત અને મહાદુષ્ટ એવા ભગદત્ત રાજાએ દૂત દ્વારા જિતારી રાજા પાસે વિશ્વોત્કૃષ્ટ રૂપવાલી, શીલસુંદરીની માંગણી કરી દૂતે પણ રાજા પાસે આવીને પ્રણામ કરીને આ રીતે નિવેદન કર્યું. કે પ્રખ્યાત, લાવણ્યરૂપ, પુણ્યામૃતની નદી સમી, વિષ્ણુની લક્ષ્મી જેવી, તમારી પુત્રીની સમર્થ હોવાં છતાં પણ સરળતાથી ભગદત્ત રાજા માંગણી કરે છે. વિનયી બનીને તે પુત્રી તેને આપો અને સુખકારી એવું આપનું સ્વજનપણું ચિરકાળ સુધી થાઓ. ગુણવાન એવી પુત્રી પણ કોઇને આપવાની હોય છે, પણ આ રીતે ગુણિયલ વર તો પુણ્યથી જ મળે છે. કુળ–શીલ શરીર–વિદ્યા–ધન–વય અને સનાથપણું આ ગુણો વરને વિષે ગ્રહણ કરવા જોઈએ. તે બધાં આ રાજામાં છે.

હવે રાજાએ પોતાનો વિચાર દૂતને કહ્યો. જો કે તમારા રાજામાં વરયોગ્ય ગુણો છે. તો પણ કુળ અને ધર્મવડે હીનતાથી કૂતરાને મણિમાળાની જેમ હું આ પુત્રી નહીં આપું. સર્વે ગુણોથી યુક્ત હોવાં છતાં પણ તે બે થી (કુલ–ધર્મ) રહિત જન વિદ્વાનોનાં અંતરમાં નિર્ગુણ તરીકે પ્રકાશે છે. આથી તારા રાજાને તારે કહેવું કે જો કન્યારત્નને તે ઇચ્છે છે તો પ્રથમ મારા રણસાગરને જુએ.

કહ્યું છે કે, સરોવર પાણીથી, સામર્થ્ય લક્ષ્મીથી, સેના સુસ્વામિથી, કલેવર જીવથી, વાદળાઓ વૃષ્ટિથી, પ્રાસાદ દેવપૂજાથી, કાવ્ય રસયુક્ત શોભે છે તેથી રહિત નહી. તેજરહિત રત્ન કે સુગંધ રહિત પુષ્પની જેમ ધર્મરહિત પ્રાણી મહાનતાને પામતો નથી.

દૂતની વાણીથી યમની જેમ ગુસ્સે થયેલો તે ભગદત્ત સંગ્રામની સામગ્રી એકઠી કરીને તે નગરમાં આવ્યો. ચતુરંગ સેનાથી યુક્ત, યુદ્ધની

બળજવાળા મજબૂત હાથવાળો જિતારી રાજા પણ હાથીની જેમ સામે આવ્યો.

સર્વ દિશાઓમાં એકમાત્ર આક્રમણ કરવામાં લંપટ અને કલ્પાંત કાળનાં અગ્નિની જ્વાલા જેવું, પૃથ્વીતલને કંપાવતું, ભગદત્ત રાજાનાં સૈન્યને જોઈને ન્યાય ઉપાયોના જાણકારોમાં અગ્રેસર અને પોતાનાં ગણની કલ્યાણ લક્ષ્મીને ચિંતવતા સુદર્શન મંત્રીએ રાજાને આ રીતે કહ્યું.

હે સ્વામિન્ ! પોતાની પુત્રી ભગદત્ત રાજાને આપીને આની સાથે સંધિ કરવી જોઈએ, કારણ આ દુર્જય જણાય છે. સંધિ અને વિગ્રહને વખતે બળાબળનો નિર્ણય કરવો અને સર્વ વાતની જાણકારી મેળવવી આ રાજનીતિનાં પ્રાણો છે. અતિ બલવાન રાજા સાથે સર્વ અનર્થના કારણભૂત એવા સંગ્રામને નીતિશાસ્ત્રકારો માનતા નથી.

અનુચિત કર્મનો આરંભ, સ્વજનનો વિરોધ, બળવાન સાથે સ્પર્ધા અને સ્ત્રીઓનો વિશ્વાસ આ ચારે મૃત્યુનાં દ્વાર છે........

પોતાની જાતને વિજયી માનતા, ભુજાબળના અભિમાનવાળા જિતારિ રાજાએ કિંચિત્ ક્રોધથી, ઉદ્ધત બુદ્ધિથી, પ્રધાનને કહ્યું. હે મંત્રિન્ ! દુરાચારીને પોતાની પુત્રી આપી રાજ્યને ભોગવવું એ ક્ષત્રિયોને માટે પોતાનાં કુળનાં લાંછન રૂપ છે. રણોત્સવ આવતાં જયલક્ષ્મીમાં લંપટ સૈનિકો જીવિતને થૂંક સમાન માને છે. હે મંત્રિન્ વીરપુરુષોને માટે રણસંગ્રામમાં મરણ થાય તો સ્વર્ગ લક્ષ્મીનું શરણું થાય છે. તો જીવન એ જય લક્ષ્મીનું કારણ છે.

જિતે છતે લક્ષ્મી મળે અને મરે છતે સુરાંગનાં પ્રાપ્ત થાય છે. કાયા ક્ષણમાં વિધ્વંસ પામનારી છે તો રણમાં મરવામાં ચિંતા શું કરવી ? યુદ્ધથી ભાગેલા ક્ષત્રિયો, ક્રિયાભ્રષ્ટ બ્રાહ્મણો અને શીલમુક્ત લિંગીઓ (સાધુઓ) આ ત્રણે મહાપાપી છે.

મંત્રીને આ રીતે કહીને રાજાએ યુદ્ધ સામગ્રી કરાવી. વિધિ વક્ર થયે છતે શું હિતકારી વચનને પણ જીવ માને છે ?

પછી ચારે બાજુ તે બંને રાજાનાં સૈન્યોનો પૃથ્વી ઉપર અતિ ભયંકર એવો સંગ્રામ થયો. દાવાનળની જેમ પ્રસરતાં ભગદત્ત રાજાનાં સૈન્યથી ભગ્ન થયેલું જિતારિ રાજાનું સૈન્ય જલદીથી ભાગી ગયું. અને દિવસે નક્ષત્રમાં સમૂહની જેમ સર્વ સૈન્યને નાશી ગયેલું જોઈને કાગડાની જેમ ધ્રૂજતો જિતારિ રાજા ભાગી ગયો.

ભગદત્ત રાજાવડે સર્વત્ર કદર્થના કરાતી તે નગરીએ નાથ વિનાની નારીની જેમ કરુણ આક્રંદ કર્યું. ભયવિહ્વલ બનેલી રાજરાણીઓ ક્ષોભ પામી. વળી ચોરોએ રત્ન–માણિક્યની વસ્તુઓ ગ્રહણ કરી.

ત્યારે પિતાનાં ચરિત્રને જાણીને, દુઃખનાં ભારથી સંતપ્ત થયેલી અને જીવનથી પણ ખેદ પામેલી મુંડિતાએ ઘણાં ભાવથી જિનપ્રતિમાઓને નમસ્કાર કરીને અને પોતાનાં ગુરુનાં ચરણોનું સ્મરણ કરી સમકિત યુક્ત ચિત્તવાળી તેણીએ, નિષ્કપટ મનથી સાગાર અનશન સ્વીકારીને નવકારને જપતી તેણી ઘરની વાવડીમાં પડી. ત્યારે સમ્યગ્ ધર્મના પ્રભાવે તે જળ ઉપર અદ્ભુત એવું સુવર્ણમય સિંહાસન પ્રગટ થયું અને નયનને આનંદ આપનારી તેમજ દેવતાઓથી પરિવરેલી ત્યાં બેઠેલી તેણીને નગરજનોએ વાંદી.

દેવોવડે લોખંડી ખીલાઓથી બંધાયેલા ભમતા શરીરવાળા ચોરો મોઢામાંથી લોહી વમતા થયા તે જોઇને ધ્રુજતા શરીરવાળો ભગદત્ત રાજા જમીન ઉપર કપાળ અડાડીને નોકરની જેમ તેણીનાં ચરણોમાં નમ્યો.

આનંદિત ચિત્તવાળાં દેવોએ પ્રગટ કરેલાં પુત્રીનાં મહાત્મ્યને સાંભળીને વિસ્મિત થયેલો રાજા જિતારી ત્યાં આવ્યો. પોતાના અપરાધને ખમાવીને પ્રણામ કરીને ભગદત્ત રાજાએ પણ તેને મોટા ભાઈની જેમ માન્યો, ત્યાં તે બંનેએ ઇંદ્રમહોત્સવ જેવો પ્રીતિ ઉત્સવ કર્યો. યુદ્ધશાંતિ આદિથી સર્વે પણ નગરજનો આનંદ પામ્યા.

તે અવસરે શ્રુતરૂપી અમૃતનાં સાગર સમાં અને જેઓએ પૃથ્વીને પવિત્ર કરી છે એવાં સાગર નામના ગુરૂ ત્યાં પધાર્યા.

વનપાલ દ્વારા તેઓનું આગમન જાણીને ખુશ થયેલા બંને રાજાઓ પરિવાર સાથે વંદનાર્થે ગયા. નમીને બેઠેલા તે બંનેને આશીર્વાદ આપતા તે તત્વાતત્ત્વનાં પ્રકાશ માટે ધર્મદેશનાં આપી.

(શ્રીધર્મ ઉદયથી એક પ્રકારે, જ્ઞાન–ક્રિયાથી બે રીતે, જ્ઞાનાદિ રત્નત્રયથી ત્રણ રીતે, દાનાદિ ભેદે ચાર રીતે, વ્રતોથી પાંચ રીતે, આવશ્યક પાલનથી છ રીતે, નયથી સાત રીતે, પ્રવચન માતાઓથી ૮ રીતે તત્વોથી નવ રીતે અને ક્ષમાદિ સદ્‌ગુણોથી દશ પ્રકારે છે. સમ્યગ્ એવાં જ્ઞાન અને ક્રિયાથી જેઓ સ્વઇચ્છિત માટે યત્ન કરે છે તેનાં તાદાત્મ્ય ભાવથી સર્વ ફળ પ્રાપ્ત થાય છે. સાધ્ય અર્થને સર્વથા ઓળખીને જો સારી રીતે વર્તન કરે છે તો સર્વત્ર તેના દર્શનથી તેને સાધે જ છે. તેથી અસાધ્યનો આરંભ કરનાર અને સાધ્યનો આરંભ ન કરનાર એ બંનેનું સમ્યગ્જ્ઞાન યોગ્ય નથી કારણ બંને પરસ્પરનાં આશ્રયી છે. આથી જ આગમજ્ઞની જે ક્રિયા તે જ સમ્યગ્ કહેવાય છે અને આગમજ્ઞ પણ તે જ છે જે યથાશકિત ક્રિયામાં પ્રવર્તે છે. દરિદ્રતાથી હણાયેલો કોક ચિંતામણીનાં સ્વરૂપનો જાણકાર તેની પ્રાપ્તિના ઉપાય હોવાં છતાં અન્યત્ર પ્રવર્તે છે. તો જે અન્યત્ર પણ પ્રવર્તે છે, તે તેનાં સ્વરૂપનો જાણકાર નથી. માલતીની સુગંધનો જાણકાર ભમરો ઘાસ ઉપર રમતો નથી. શાશ્વત સુખની પ્રાપ્તિ એ જ્ઞાન–ક્રિયાનું મુખ્ય ફળ છે. સ્વર્ગ અને મર્ત્યલોકનાં સુખો તો તેનાં આનુષંગિક છે.)

આ રીતે તેમની પાસેથી વાણી સાંભળીને સંવેગરસથી ભરપૂર એવાં જિતારિ–ભગદત્ત આદિ રાજાઓ મંત્રી આદિની સાથે સમકિતનાં એક માત્ર પ્રતિષ્ઠાનરૂપ અને શીલનાં અંગરૂપ ગુણભરપૂર એવા ચારિત્રરૂપ વાહન ઉપર આરૂઢ થઇને સંસાર સાગરને તર્યા. માતાથી પ્રેરાયેલ, કામભોગથી વિરક્ત થયેલ, શીલસુંદરી પણ ત્યાંથી દીક્ષા લઇને મોક્ષે ગઈ.

જિતારિ રાજાના પુત્ર જિતશત્રુ રાજાએ પોતાના પિતાના સંયમ પ્રાપ્તિ નિમિત્તે સર્વત્ર અદ્ભુત એવો ઉત્સવ કરાવ્યો. પ્રાસાદ-પ્રતિમા દીક્ષા-તપ દેવજાદિને વિષે ધન્ય પુરુષનું જ ન્યાયોપાર્જિત ધન કૃતાર્થતાને વરે છે.

હે સ્વામિન્! રાજાથી ઉત્પન્ન થયેલ મુણ્ડિતાનાં મહિમાને દેખીને મેં પણ ત્યારે સમકિત સ્વીકાર્યું સમ્યક્ત્વી વિશુદ્ધ ચિત્તવાળું પ્રાણી ક્રિયારહિત હોવાં છતાં પણ સિદ્ધિવધૂને હાથ વેંતમાં કરી નિત્ય આનંદને પામે છે.

જિનધર્મની ઉન્નતિમાં રાજધાની સ્વરૂપ એવું આ નાગશ્રીએ કહેલા કથાનકને હૃદયમાં ધારણ કરીને પત્નીઓ સાથે શ્રેષ્ઠી બોલ્યા કે ખરેખર, આ સત્ય છે. ત્યારે પ્રિયા કુંદલતા બોલી, હે દેવ! ધૂર્ત-વાક્યની જેમ કલ્પિત એવું આ સર્વ હું જરાપણ સાચું માનતી નથી.

ત્યારે રાજાદિએ વિચાર્યું અરે! મેઘધારાઓથી મગસેલિયા પથ્થરની જેમ સુવાક્યોથી આ સ્ત્રી અભેદ્ય છે. જે પ્રાણી શુક્લપાક્ષિક થઈ અહીં શ્રેષ્ઠપણાને પામે છે. તેનું જ અંતર અન્યની સ્તુતિ સાંભળી આર્દ્ર [પ્રસન્ન] બને છે.

આ રીતે રાજપુત્રીની જેમ જેઓ જિનકથિત વ્રતોને દૃઢ સ્થિરતાથી ધારણ કરે છે તે નિશ્ચય સમકિતી જીવો સિદ્ધનાં કે દેવનાં સુખોને પામે છે.

કર્ણ માટે શ્રેષ્ઠ પ્રેયરૂપ રાજપુત્રીનું આ રીતે ભુવનમાં અતિશય-વાળું કથાનક સાંભળીને જિનમતને જાણતાં પ્રધાનયુક્ત રાજાએ પણ આનંદ અનુભવ્યો.

### ચતુર્થ પ્રસ્તાવ સંપૂર્ણ

# પાંચમો પ્રસ્તાવ

## પ્રભુ નામની ઔષધિ

હવે કસ્તુરી, અગરુ, ધૂપાદિથી, વિશેષ રીતે ભક્તિથી જિન-પ્રતિમાઓની પૂજા કરીને શ્રેષ્ઠીએ પદ્મલતાને કહ્યું, હે પ્રિયે! તારા સમ્યક્ત્વનાં સૌભાગ્યની કથા તું કહે જે સાંભળીને હું પ્રીતિને વહન કરું.

અમૃતની મધુરતાને જિતતો સ્વામીનો આદેશ પામીને સદ્દર્શનની ઉત્પત્તિનું કારણ કહ્યું.

કામદેવની ઉપમાવાળા અનેક લોકોનાં ક્રીડાસ્થાનરૂપ સુખસંપન્ન અને પૃથ્વીના અલંકારરૂપ અંગ નામે દેશ છે.

ત્યાં પોતાની સંપત્તિથી સ્વર્ગ સંપત્તિને હરાવતી અને હીનજનો માટે આધારરૂપ એવી ચંપા નામે નગરી હતી. તેણીનાં સૌભાગ્યનાં ભારને કહેવાને કોણ સમર્થ થશે? જેના રાજા પૂર્વે વાસુપૂજ્ય ભગવાન હતા. અરે! જે હમણાં પણ સુભદ્રાનાં શીલરૂપી, કર્પૂરથી સુવાસિત છે. તેની સાથે ભોગાવતી (ઇંદ્રપુરી) થોડી પણ સમાનતા કંઈ રીતે કરે?

ત્યાં વિષ્ણુ જેવો પરાક્રમી, બ્રહ્મા જેવો તેજસ્વી અને ઇંદ્ર જેવી લક્ષ્મીવાળો નરવાહન નામે રાજા હતો. તે રાજા ગુણોથી ગુણવાનોમાં, પુણ્યોથી પુણ્યવાનોમાં, અને બળથી બળવાનોમાં પ્રથમ તરીકે પૃથ્વી ઉપર પ્રસિદ્ધ હતો.

લક્ષ્મી જેવી કાંતિવાળી, કમલ જેવી સુગંધવાળી (પદ્મિની) સૌભાગ્ય સંપત્તિનાં આવાસરૂપ અને કપટરહિત મનવાળી એવી પદ્માવાતી નામે તેણી રાણી હતી.

ત્યાં આસ્તિકતા ગુણોનાં સમૂહથી સુંદર, જિનભક્તિ પરાયણ અને સમકિતીઓમાં ભૂષણરૂપ એવો ઋષભદાસ નામે શ્રેષ્ઠી હતો ઘણાં એવાં ધનરૂપી પાણીથી સાતે ક્ષેત્રોમાં વરસતો અને યથાયોગ્ય રીતે દીનજનોને ખુશ કરતો તે આ લોકમાં મેઘનાં ઉદય જેવો થયો.

તેની પદ્માવતી નામે પ્રિયતમ પત્ની સતિ એવી હતી જે પુણ્ય કાર્યો કરતાં કયારેય અટકતી નહોતી.

પ્રગટ વિનય અને વિવેકવાળી અને પૃથ્વી ઉપર પ્રત્યક્ષ લાવણ્યરૂપ અમૃતનાં વાવડી સમી પદ્મશ્રી નામની તેમને પુત્રી થઈ. ત્રણે લોકની સ્ત્રીઓનાં સમૂહનાં સૌંદર્યને જિતતું એવું એકમાત્ર તેણીનું રૂપ જોઇને કોણ કોણ વિસ્મિત મનવાલાં થયાં નથી?

હવે ઋષભ શ્રેષ્ઠીએ દારિદ્રય, દુર્ગતિ અને દુઃખરૂપ દાવાનળને

માટે મેઘ સમાન, બોધિ બીજની વૃદ્ધિ માટે એક માત્ર કારણરૂપ, ભવતારક, અને માન-પ્રમાણ-વર્ણથી યુક્ત પ્રતિમાઓથી શોભતું જિન-મંદિર નગરીમાં બંધાવ્યું.

દિવ્ય આભૂષણોથી ભૂષિત અને સખીઓથી પરિવરેલી પદ્મશ્રી રોજે ત્યાં દેવપૂજા માટે જાય છે.

ત્યાં બૌદ્ધોમાં શ્રેષ્ઠ, ઘણાં યશવાળો બુદ્ધદાસ નામે શ્રેષ્ઠી હતો. બુદ્ધદાસી તેની પ્રિયા હતી. નવીન યૌવનના આરંભથી મદોન્મત્ત થયેલો બુધ્ધસંઘ નામે તેમનો પુત્ર હતો.

એકદા તે પુત્ર પ્રત્યક્ષ કામદેવ જેવા કામદેવ નામના મિત્ર સાથે જિનમંદિરે પહોંચ્યો. ત્યાં જિનપૂજામાં કુશળ જેવી આંખવાળી પદ્મશ્રીને જોઇને કુમારે વિચાર્યું.

અહો ! રૂપ અહો ! પુરુષોની આંખના થાકને દૂર કરતી શરીર કાન્તિ, અહો ! યુવાનોના ઉન્માદ માટે ઔષધરૂપ સર્વાંગનું સૌભાગ્ય કુંડલધારી, દિવ્યરૂપવાળી, અમૃતનાં ઝરણાં સમી, તેણીને જોતા તે ક્ષણ માટે યોગીની જેમ નિર્નિમેષ નયનવાળો થયો. આ રીતે જોતો તે કામબાણોથી એ રીતે પીડાયો કે જેથી ડગલું મૂકવા પણ સમર્થ ન થયો.

પછી મિત્ર પરાણે સમજાવીને કામબાણોથી વિંધાયેલા એવા પણ શ્રેષ્ઠીપુત્રને પોતાનાં ઘરે લઈ ગયો.

કામજ્વરથી જલતી કાયાવાળો તે પાણીથી ત્યજાયેલ માછલીની જેમ બિછાનાયુક્ત પલંગમાં પણ ધીરતા પામ્યો નહી.

કામદેવ દ્વારા તેની વાત જાણીને સંભ્રમયુક્ત ચિત્તવાળી માતાએ ત્યાં આવીને પુત્રને કહ્યું, હે વત્સ ! હમણાં તારા શરીરમાં કોઇ રોગ પીડા કરે છે ! તું ઊંઠ સાકરનું પાણી પી ભોજન કર ! અથવા સીતોપલાથી મિશ્રિત ઉકાળેલું દૂધ લે અથવા તને જે ચિંતા હોય તે તું મને કહે

કામ વિકારથી વિહ્‌લ ચિત્તવાળા કુમારે, લજ્જા મૂકીને નિશ્વાસ મૂકતા મૂકતા માતાને કહ્યું. ઋષભ શ્રેષ્ઠીની કન્યાના હસ્તમેળાપના

અભિષેકથી હે માતા ! મારા શરીરનાં તાપની પરંપરા જલદીથી શાંત થશે.

તે સ્વરૂપને જાણીને ઉત્સુક મનવાલી માતાએ જલ્દીથી પતિ બુદ્ધદાસને જણાવ્યું. ચિંતાયુક્ત મનવાળી તેણે પણ જલદીથી ત્યાં આવીને તાપની શાંતિ માટે પુત્રને વચનામૃત પાયું.

હે વત્સ ! નિર્મળ ચિત્તવાળો, સારા લોકોની પરંપરામાં શ્રેષ્ઠપણે રહેલો, તું આ અશક્ય વસ્તુને વિષે કદાગ્રહ કરે છે. ચાંડાળોની જેમ નિત્ય માંસભક્ષી, બૌદ્ધધર્મમાં ધુરંધર એવા આપણને સ્પર્શીને જેઓ સ્નાનની ઇચ્છા રાખે છે. તેથી હે સુજ્ઞ ! કહે કે ધન્યતમ એવી આ કન્યા, ચંડાળની કામધેનુની જેમ તને કઇ રીતે આપશે. પંડિતોએ સાધ્ય વસ્તુઓમાં પ્રયત્ન કરવો જોઈએ. શું બળવાન એવો પણ પાંગળો સુમેરું ચઢી શકે છે? બુધજનો સુપાત્રમાં દાનની જેમ સમાન ધર્માચારવાળા-ઓને સમાન ઋદ્ધિવાળાઓનાં કુલમાં કન્યા આપે છે.

જેઓનું ધન–જ્ઞાન અને ગુણોનું સામ્ય છે તેઓનો' યોગ પ્રશસ્ય છે

---

હે પિતા ! ઘણું કહેવાથી સર્યું હું તે કન્યા વગર જીવીશ નહીં. આ રીતે પોતાનાં પુત્રે કહ્યું છતાં બુદ્ધદાસે આ રીતે વિચાર્યું.

અરે ! દેવતાઓથી પણ માપી ન શકાય એવું આ કામનું મહાત્મ્ય છે. તેથી નષ્ટ પામેલ ચિત્તવાળો, ડાહ્યો માણસ પણ ગાંડાની જેમ વર્તે છે. ઇંદ્રથી માંડીને ભિખારી સુધી ત્રણે લોકનાં સર્વ જીવો કામ-દેવીરૂપી માછીમારે પાથરેલી સ્ત્રીરૂપી જાળમાં ક્ષણમાં પડે છે. તેથી હમણાં આને પ્રીતિવચનોથી સમજાવું. નહીતર પિત્તનાં દર્દીને કડવાં ઔષધની જેમ આ હમણાં મરી જશે.

આ રીતે વિચારીને શ્રેષ્ઠી બોલ્યો, હે વત્સ ! મન સ્થિર કરીને તું હમણાં સર્વકાર્યોને આનંદપૂર્વક યથાયોગ્ય રીતે કર. આ કાર્યની વિધિમાં હું પ્રયત્નથી ઉપાયને વિચારીશ, અતિ ઉત્સુકતાથી તો રાજાનું કાર્ય પણ થતું નથી.

પિતાના વચનો સાંભળીને તેણીની આશાથી તે પણ ખુશ થયો. કારણ લોકમાં આશાબંધ એ શ્રેષ્ઠ આલંબન છે.

તે કાર્ય સિદ્ધિ માટે સ્વજનો સાથે સર્વ વિચારણા કરીને પુત્ર અને કુટુંબની સાથે દંભયુક્ત ચિત્તવાળા બુદ્ધદાસે સાધુઓને પામી વિધિપૂર્વક નમન કરીને અનુત્તર ધર્મનું સ્વરૂપ પૂછયું. ગુરૂએ પણ વાસ્તવિક સ્વરૂપ કહ્યું.

(જીવદયા રૂપ, સત્યરૂપી પવિત્રતાથી પ્રતિષ્ઠાવાળો, ચૌર્યવૃત્તિથી રહિત, બ્રહ્મચર્યથી ભૂષિત, પરિગ્રહ ત્યાગથી સમર્થ, રાત્રિ ભોજનના ત્યાગ વાળો. દારુ-મધ-માંસના ત્યાગ પૂર્વકનો, વિનયથી ઉજ્જવલ, અનંતકાય, બહુબીજ-અભક્ષ્ય. ભક્ષણથી રહિત, કોમળ વચનવાળો, ક્ષમા પ્રધાન, અંતરની શુધ્ધિવાળો યથાયોગ્ય પાત્રદાનાદિ ગુણોની શ્રેણિથી શોભતો ધર્મ એ મોક્ષસુખની પ્રાપ્તિ સુધી શ્રેષ્ઠ સુખોની પરંપરાને આપતા કલ્પવૃક્ષ સમો છે.

ગુણોનાં વિનયની જેમ દેવાદિ તત્ત્વત્રયીની શ્રદ્ધાથી યુક્ત સમકિત એ તેનો આધાર છે. મન-વચન કાયાના યોગે જે મિથ્યાત્વને ત્યાગે છે તેનું જ શુધ્ધ સમ્યક્ત્વ પરમર્ષિઓએ કહ્યું છે.

જે જિન વચનથી વિરૂધ્ધ અજ્ઞાનથી વિડંબાયેલું અને લોકપ્રવાહરૂપ છે તે મિથ્યાત્વ અનેક રીતે છે. મિથ્યાત્વ લૌકિક અને લોકોત્તર એમ બે રીતે કહેવાય છે. દેવ-ગુરુના આશ્રયથી તે પ્રત્યેક બે રીતે થાય છે.

દેવ અને ગુરૂ સંબંધી લૌકિક અને લોકોત્તર એમ બે રીતે મિથ્યાત્વ સૂત્રથી યથાક્રમે જાણવાં.

વિષ્ણુ-બ્રહ્મા-હરિ આદિ દેવોની પૂજા કરવી, કાપાલિક બ્રાહ્મણાદિને ગુરુ બુધ્ધિથી નમસ્કાર કરવા. ઘરમાં લાભાર્થે લંબોદરાદિ દેવોનું પૂજન, વિવાહ વખતે ચંદ્ર-રોહિણી આદિના ગીતની નિર્મિતી, ષષ્ઠીએ માતાની પૂજા, ચંદ્ર પ્રત્યે તંતુનું પ્રસારણ સર્વે પણ ઉપચિતો તેમજ તોતુલા નામે ગ્રહનું પૂજન કરવું, ચૈત્ર આશ્વિન આદિ મહિનાઓમાં ગોત્ર-દેવીનું પૂજન, સ્નાન-દાનાદિ ઉપક્રમોથી માઘ ષષ્ઠીએ સૂર્યની યાત્રા, પિતૃઓને પિંડદાનાદિ, હોળિની પ્રદક્ષિણા, શનિની શાંતિ માટે

સ્નાનપૂર્વક તલ-તેલ આદિનું દાન કરવું, સંક્રાન્તમાં સ્નાનનું દાન, બુધ દુર્વાષ્ટમીનું વ્રત સૂર્યપુત્ર દેવની અર્ચના અને શિવરાત્રીનું જાગરણ કરવું, ખેતરમાં ધાન્યની અધિષ્ઠાયિકા દેવીની પૂજા કરવી, ભાદરવામાં બારસની પૂજા, સપ્તમીએ વૈદ્યનાથની પૂજા કણ કણ માંગવા જવું ફાગણમાં નાગ પૂજા, ચંદ્ર તથા સૂર્યનો તપ, કાર્તિકી, નવરાત્ર પૂજા, દેવજન્માષ્ટમી મહોત્સવ, સુવર્ણ-ચાંદી આદિનાં આભૂષણોથી મિથ્યાદેવોની પૂજા, ગંગા-ગોમતી-વાર્ધિ-માઘ સ્નાનાદિ ક્રિયા. મહા મહિને બ્રાહ્મણોને ઘી-સાથવાદિનું દાન, મિથ્યાત્વી દેવોની પૂજા, ખોળાભરણું કરવું, કજ્જલી દેવતાની પૂજા કરવી, પિતા દિને શ્રાદ્ધ અર્પણ કરવું, તલનું, દાભના ઘાસનું દાન કરવું, મૃતકને જલાંજલિ આપવી, ગાયની પૂંઠે હાથ આપવો, રવિ ચન્દન ષષ્ઠીનું તપ કરવું, ઉતરાણ વખતે વિશેષથી સ્નાન દાનાદિ કરવાં, આસો માસની ત્રીજને દિવસે હરિ પોઢિ તપ કરવાં, એકાદશી વ્રત કરવું, ગૌરી ભોજન કરવું, વૃક્ષ પૂજા, લૌકિક તીર્થયાત્રા કરવી, 'છ' માસિકાદિ કૃત્ય કરવું, કુમારીઓને જમાડવી, મૃતકને માટે પાણીનો ઘડો રાખવો, પંચમી આદિ તીથિને દિવસે દહીંને વલોવવું નહીં, ચૈત્રમાં ચીભડાનું દાન કરવું, શણ્ડવૃક્ષોનો વિવાહોત્સવ કરવો, વૈશાખની ત્રીજે મંડાદિકનું દાન કરવું, જેઠ સુદ તેરસે સાથવાદિનું દાન કરવું, વળી દરેક અમાવસ્યાએ જમાઇને જમાડવાં, કાગડાદિને બલિદાન આપવું, અનંત ચતુર્દશીનું વ્રત કરવું, પુણ્ય માટે કૂવાદિ ખોદાવવાં, ખેતરમાં ખાતરાદિ નાંખવું, ધનતેરસે-રૂપચૌદશે સ્નાન કરવું, વળી ભાદરવા વદ ચૌદશે પવિત્રીકરણ કરવું, પિપળો, આમ્રાદિના વૃક્ષો રોપવા, પાણી છાંટવું, બ્રાહ્મણોને ત્યાં દૂધનું દાન, ધર્મને માટે અગ્નિ પ્રગટાવવો, ગૌવ્રત કરવું, ગોધનની પૂજા કરવી, લક્ષ્મીનાં મુખની સ્થાપના કરવી, ધર્મને માટે 'રૂ'નું દાન આપવું, પાપકુંભાદિની ક્રિયા કરવી, મોક્ષ પ્રાપ્તિ માટે બ્રાહ્મણોને ગાય, જમીન, સ્વર્ણાદિનું દાન કરવું. મહામાયાની પૂજા કરવી, પુત્રાદિને માટે ક્ષેત્રપાલની પૂજા કરવી.

આ રીતે દીર્ઘ સંસારના દુઃખોના કારણભૂત એવું દેવ-ગુરુ સંબંધી લૌકિક મિથ્યાત્વ શાસ્ત્રોમાં કહ્યું છે.

કુતીર્થિકોએ ગ્રહણ કરેલ જિન બિંબોની પૂજા કરવી, જિનચૈત્યાદિમાં આશાતના કરવી. નિષિદ્ધમાં આદર કરવો અને અનિષિદ્ધમાં નિષેધ કરવો એ રીતે દેવ સંબંધી લોકોત્તર મિથ્યાત્વ કહ્યું છે. વળી ભવબીજના કારણભૂત ગુરુઆશ્રયી મિથ્યાત્વ તે શીલાદિથી ભ્રષ્ટ એવાં સાધુઓને વંદના, પૂજા અને આદર સત્કાર કરવો તે છે.

જેઓ લોકોત્તમ વેષ અને દેહવાળા હોવા છતાં પણ પુષ્પતાંબુલ આધાકર્મ તેમજ સર્વ જળ અને સચિત્ત ફૂલને ભોગવે છે. સ્ત્રીસંબંધી વ્યવહાર કરે છે, ઘણાં પરિગ્રહને રાખે છે. એકાકી વિચરે છે અને સ્વછંદપણે વર્તન કરે છે અને બોલે છે, ચૈત્ય કે મઠમાં રહે છે (નિષ્કારણ) એક સ્થાનમાં રહે છે, સ્વચારિત્ર્યની પ્રશંસા કરતાં હોય, પોતાની જાતને સુવર્ણ કમળો ઉપર ચલાવતા હોય (એવાં સાધુઓને વંદનાદિ કરવું (તે મિથ્યાત્વ છે) તે મિથ્યાત્વને દૂરથી જ ત્રિવિધે ત્રિવિધે ત્યાગે તે જ નિશ્ચયથી શ્રાવક છે અન્ય સર્વે નામ માત્ર છે.

આ રીતે મિથ્યાત્વથી રહિત જે સમકિતને ભજે છે તે બુધજનોમાં નિકટ મોક્ષગામી પણે પ્રસિદ્ધ થાય છે. ]

આ રીતે દેશના સાંભળીને, મદ્ય માંસાદિને ત્યાગતા બુદ્ધદાસે, કુટુંબ સહિત મિથ્યાત્વને ત્યાગીને દંભથી સમકિતપૂર્વક બાર વ્રતનો સ્વીકાર કર્યો. અને શ્રાવકપણાનો આશ્રય લીધો, અરે ! માયાનું નાટક પછી જિનપૂજા સાધુભક્તિ કરે છે અને ન્યયાર્જિત લક્ષ્મીને મુનિઓએ કહેલ સ્થાનોમાં વાપરે છે.

તે મિથ્યાત્વના રસ્તાથી મૂકાયેલા તેના જિનમાર્ગગામીપણાને જોઈને ઋષભે આ રીતે પ્રશંસા કરી. આ બુદ્ધદાસ લક્ષ્મીપતિ ધન્યાતિધન્ય છે, કે જેણે કુલક્રમથી આવેલા ગાઢ એવાં મિથ્યાત્વને ત્યાગીને વિશ્વવ્યામોહકારી કુશાસ્ત્રના બંધનોને મૂળથી છેદીને જિનશાસનનો

સ્વીકાર કર્યો. સર્વે કોઈ પણ પૂર્વજોએ આચરેલ રસ્તે સુખપૂર્વક જાય છે પણ વિવેકી જ તેને ત્યાગીને સમ્યગ્-ધર્મમાં રત બને છે. કહ્યું છે કે,

પડવાના ચંદ્રને સુરભિ કાચબીને કાચબો, દૂધને રાજહંસ ચિત્રક વલ્લીને-પક્ષી, અને સમ્યગ્-ધર્મને બુદ્ધિમાન જાણે છે....

તો હવે શુધ્ધધર્મયુક્ત એવા આને કુટુંબ સહિત ઘરે બોલાવીને ભક્તિ કરવી ઉચિત છે. લક્ષ્મીની સફલતા, ઘરની, પવિત્રતા, શાસનની ઉન્નતિ અને તીર્થંકર નામકર્મની પ્રાપ્તિ આ વાત્સલ્યનાં ગુણો છે.

પછી સુજ્ઞ એવો તે ધનવાન એવાં બુદ્ધદાસ સાથે નવા ધર્મની સ્થિરતાં માટે મૈત્રી કરે છે. પરસ્પર યથાયોગ્ય લેવડ દેવડ કરતાં પૂછતાં અને ગુપ્ત વાતો કરતાં તેઓની પ્રીતિ વૃદ્ધિ પામી.

એકદા ઋષભદાસે ધર્મ સ્થૈર્યને માટે બુદ્ધદાસની સમક્ષ અદ્ભુત ગુણોની પ્રશંસા કરી, આજે તમે ત્રણે લોકમાં પ્રશંસા પાત્ર થયા છો અને તમારું કુલ પવિત્ર થયું છે કે જે આપે આપણા ઘરે ધર્મરૂપી કલ્પવૃક્ષનું આરોપણ કર્યું છે. સ્વર્ગ સુખથી આશ્રિત એવી પણ સર્વે સંપત્તિઓ મળે છે પરંતુ સર્વજ્ઞે બતાવેલ ધર્મ પ્રાયઃ પમાતો નથી. તેથી તમારે આ ધર્મ સતતપણે સારા ભાવથી કરવો જેથી સિદ્ધિવધૂનાં સુખનો સંગમ થાય.

સારૂ એવું રાજ્ય મળે છે, સુંદર એવાં નગરો પણ મળે છે પણ "સર્વજ્ઞ કથિત વિશુધ્ધ ધર્મ મળતો નથી."

મનુષ્યપણાદિને પામીને જે દુર્બુદ્ધિ પુણ્ય માટે પ્રમાદ કરે છે છે તે વ્યક્તિ અમૃતપાન મળે છતે ઢંડો પડે છે. ચિંતામણિ રત્નની જેમ સમકિત પૂર્વક ધર્મને પામીને તેનાં આરાધન કાર્યમાં પ્રમાદ ન કરવો.

(ત્યારે) કપટનાં આવાસરૂપ પણ બુધ્ધદાસ આનંદથી બોલ્યો કે આજે મારાં ઘણાં ભાગ્યનો સાગર જાગ્રત થયો છે. જે મોહમૂઢ એવા

મે, દુખિયારો નિધિને પામે તેમ ક્રોડો ભવે દુર્લભ એવાં જિનશાસનને પ્રાપ્ત કર્યું છે. પૂર્વના પરમ પુણ્યનો આ મારો વિપાક ઉદયમાં આવ્યો છે, જેથી તમારા જેવાં પુણ્યવાન સજ્જન સાથે મૈત્રી થઇ. છે. વળી આ મૈત્રીને સ્થિર કરવાં માટે અને કાયમી ગૌરવની સિદ્ધિ માટે હું આપનાં બંનેનું હિતકારી એવું કંઇક સ્વજનપણું ઇચ્છુ છું.

આ રીતે બંનેએ ગુણપ્રશંસાથી પરસ્પરને ખુશ કરીને શ્રાવક તરીકે વાંદીને સ્વગૃહે ગયાં.

એકદા સાધાર્મિકોનું વાત્સલ્ય કરતાં ઋષભદાસે નવાં આસ્તિક એવાં બુદ્ધદાસ નામનાં શ્રેષ્ઠીમુખ્યને આનંદથી-સન્માનપૂર્વક ભોજનાદિ માટે નિમંત્રીને ઉચિત ભોજન સ્થાને બેસાડયો. તેટલામાં પોતાનાં ઘણાં ઉત્સાહથી શ્રાવકોનું સન્માન કરતા ઋષભને દુષ્ટ બુદ્ધિવાળા બુદ્ધદાસે કહ્યું.

તમારા ઘરમાં મને ભોજન ત્યારે'જ ભાવશે જયારે તમારી પુત્રીને સુખપૂર્વક મારા પુત્રનાં હાથમાં કરાશે. ધર્મ વિના કે નિમિત્ત વિના જે ધૂર્ત પ્રેતની જેમ પરાન્નને ખાય છે તે તેનાં ઘરે દાસપણાને પામે છે.

આ સાંભળીને ઋષભ શ્રાવકે વિચાર્યું કે બંને પક્ષે શુદ્ધ સંબંધવાળો અને મારાવડે'જ ભોજન માટે આમંત્રાયેલો બુદ્ધદાસ મારા ઘરે આવ્યો છે. તે ધની, માનનીય, અભિમાની, ઉદાર અને જ્ઞાતિવત્સલ છે, વળી તાજેતરમાં'જ જિનમાર્ગને સ્વીકાર્યો છે. તેથી મારાથી આ કાર્યનો નિષેધ કરાતો કયારેક પાછો જિનધર્મનો ત્યાગી ન થાય.

નવાં ધર્મ પામેલ સાધર્મિકની જે સતત સ્થિરતા કરે તેની'જ ચાતુરી પ્રશંસનીય છે. કયારેક ઘરે આવેલા સાધર્મિકની ભક્તિ સજ્જન પુરુષો સર્વસ્વદાનથી કરે છે.

વય પામેલી કન્યા વિશેષથી કયાંક આપવાની હોય છે પરંતુ સદાચારી ઘરની પ્રાપ્તિ તેણીને વિશેષ દુર્લભ હોય છે. કુલ-શીલ-વય વિદ્યા-ધર્મસંપન્ન, અને ન્યાયી વર જે નારીવડે પમાય છે. તે ઉગ્ર તપનું ફળ છે.

તો જગતમાં અદ્ભૂત એવાં સદ્ગુણોથી સમાનતાને ધારણ કરતાં આ બંનેનો સુવર્ણ અને મણિની જેમ યોગ થાઓ. આ રીતે ક્ષણભર પત્ની સાથે વિચારીને તમારા પુત્રને મારી પુત્રી આપવો એમ ઋષભ શ્રેષ્ઠી બોલ્યાં.

હવે આનંદયુક્ત ચિત્તવાળા તમે ભોજન કરો કારણ સર્વે પણ ગૃહકાર્યોમાં આ પ્રથમ ફળ છે. તેથી પ્રસન્ન મુખવાળા બુદ્ધદાસે ભોજન કર્યું. ઋષભે પણ ધર્મમહાત્મ્યને બતાવતી એવી ભક્તિ કરી.

ક્રમે કરીને શ્રેષ્ઠીમુખ્ય એવાં તે બંનેએ પરસ્પરનાં સંતાનોનો વિસ્મયકારી અને આનંદદાયી એવો લગ્નમહોત્સવ કર્યો. ઋષભે પત્નીયુક્ત પતિની ખુશી માટે અને ઘર કાર્ય માટે સર્વ પહેરામણી આપી વિવાહકાર્યમાં મનોહર એવાં ઉત્સવોથી નિવૃત્ત થયા બાદ વિચારવાન એવાં શ્રેષ્ઠીએ પદ્મશ્રીને આ રીતે શિખામણ આપી.

હે ભદ્રે ! અસ્થિર ધર્મવાળાં મિથ્યાત્વીઓનાં સંસર્ગવાળા અને કંઈક કલુષતાના આવાસરૂપ પતિનાં ઘરને તું પામી છો. પરંતુ તારે જિનોદિત ધર્મમાં મનને દૃઢ કરવું સ્વયં છ આવશ્યક કર્મમાં પ્રમાદ ન કરવો. યૌવન, પતિ તરફથી સન્માન, પ્રમાદી જનનો સંસર્ગ, અને સંપત્તિની પ્રાપ્તિ અવિવેકી જનને મદ કરાવે છે. લજ્જા–ઔચિત્ય–વિનીતપણું–દાક્ષિણ્યતા, પ્રિય ભાષીપણું આ ગુણો પતિગ્રહે ગયેલી સ્ત્રીઓને શોભાવે છે.

નારીઓએ શીલરક્ષણમાં લજ્જા–દયા–ઈંદ્રિયદમન–ધીરતાં કરવી અને પુરુષ સાથેની વાતોનો અને એકાકીપણાનો સર્વથા ત્યાગ કરવો જોઇએ.

પતિ આદિને વિષે નિષ્કપટ ભક્તિવાળી, સ્વજનને વિષે સ્નેહાળ અને બંધુ વર્ગમાં પ્રસન્ન વદનવાળી કુલવધૂ હોય છે.

તેથી તારે નિત્ય પ્રાણથી પણ અધિક શીલનું પાલન કરવું. અને વિષમ સ્થિતિમાં પણ જિનોક્ત ધર્મને મૂકવો નહીં.

આ રીતે પિતાની શિખામણ પામીને મુદિત મુખવાલી પદ્મશ્રી માત-પિતાનાં ચરણુકમલમાં નમીને પતિ સાથે ગઈ. મૂર્તિમંત લક્ષ્મી જેવી પદ્મશ્રીને પુરસ્કૃત કરીને પછી બુદ્ધસંઘ ઉત્સવ પૂર્વક પોતાનાં ઘરે ગયો. કલ્પવલ્લીની જેમ આનંદદાયી એવી વહુને જોઈને સસરાદિ સર્વે સ્વજનો આનંદ પામ્યા.

પછી વધૂવર્ગના દાક્ષિણ્યથી કેટલાક દિવસ સુધી કપટથી પોતાના ઘરમાં જિનધર્મનું આરાધન કરાવીને મિથ્યાત્વનાં ઉદયથી ધર્મનાં જાણપણાનો ત્યાગ કરીને બુદ્ધદાસે પોતાના ઘરે બૌદ્ધ ધર્મને સ્થાપ્યો. ત્યારે બૌદ્ધ ધર્મમાં તત્પર એવા ઘરનાં લોકોને જોઇને વિવેકી એવી પદ્મશ્રીએ પૂજ્યોના ચરણોમાં પડી વિનંતી કરી.

ક્રોડો ભવે પણ દુષ્પ્રાપ્ય, સુરાસુરગણુથી આરાધ્ય એવા સર્વજ્ઞ કથિત ધર્મને ચિંતામણિ રત્નની જેમ પામીને, નિપુણ છતાં પણ અસદ્દર્શનના રાગથી અંધ એવા તમો કુગુરૂએ કહેલ ઉન્માર્ગે તે તે ધર્મને ત્યાગીને કેમ જાઓ છો ? જે સત્ય-દયા-શીલયુક્ત જિન-માર્ગને ત્યાગીને વિવેકી જનોથી ત્યજાયેલ એવા બુદ્ધના માર્ગને સ્વીકારે છે તે મણિને ત્યાગીને કાચને લેવાને ઇચ્છે છે, કલ્પવૃક્ષને ઉખેડીને આકડાના વૃક્ષને વાવવા ઇચ્છે છે. તેથી હે આર્યો ! સર્વ વિચારીને માનસરોવરમાં રાજહંસની જેમ તમારા મનમાં ઉભયલોકમાં સુખકારી એવા સદ્ધર્મને વિષે ધીરતા ધારણ કરો.

નવા ઉત્પન્ન થયેલ જ્વરમાં તેની શાંતિનું ઔષધ જેમ દોષને માટે થાય તેમ પદ્મશ્રીએ આપેલી ધર્મશિક્ષા તેઓને વિષે નિરર્થક થઈ.

ભવ માર્ગમાં જીવે સર્વે સ્વજનો-લક્ષ્મી અને ભોગો અનંતીવાર પ્રાપ્ત કર્યા છે પણ જૈન ધર્મ ક્યારેય મેળવ્યો નથી. આ રીતે વિચારી તે પદ્મશ્રી જૈન ધર્મમાં દૃઢ થઇ કારણ કાચમાં રહેલ મણિ તેના ભાવને ત્યાગતો નથી.

એકદા ઋષભ શ્રેષ્ઠીએ તેના ગૃહાચારને સાંભળીને, ત્યાં આવી તે રીતે જોઈને આ રીતે વિચાર કર્યો. અરે ! માયાવી એવાં ધર્મ-કપટને કરતા આનાથી કુટુંબ સહિત હું ઠગાયો, લુંટાયો. કર્મોથી હણાયેલા એક માત્ર કાર્યની નિષ્ઠાવાલો પાપાત્મા, સર્વત્ર માયાને કરે છે પણ પોતાને નરકરૂપ ખાડામાં પડતો જોતો નથી.

જે દુષ્ટ આશયવાળો ધનની આશાથી માયાને–અવિશ્વાસને અને વિલાસના ઘરને કરે છે તે અનર્થના સમૂહમાં પડતાં નિજને જોતો નથી. જેમ દૂધ પીતો બિલાડો લાકડીને જોતો નથી.

અન્યત્ર પણ કરેલી ઠગાઇ નક્કી પાપને માટે થાય છે. બીજાને ધર્મથી વંચના કેવલ નરકને માટે જ થાય છે.

પછી ઋષભે પુત્ર સાથે બુદ્ધદાસને બોલાવી બહુમાનથી તેના કુટુંબને સત્કારીને આ રીતે શિખામણ આપી.

પૃથ્વી ઉપર પુણ્યવાનોમાં શ્રેષ્ઠ, ન્યાયી જનોમાં અગ્રેસર, વિશ્વમાં પ્રસિદ્ધિપાત્ર અને ધર્મ માર્ગમાં ધુરંધર એવા તમો જો સુખના એક માત્ર સાગર સમા જિન કથિત ધર્મને પામીને ત્યાગી દેશો તો પછી બીજાઓની તો શી વાત ? નીચ જનો પણ ગુરૂસાક્ષિક લીધેલા વ્રતને મૂકતા નથી તો પછી સત્ત્વશાલી અને તત્ત્વજ્ઞ એવા (કંઇ રીતે મૂકે ? ગુરૂ સાક્ષિક સ્વીકૃત વ્રતને પ્રાણાંતે પણ મૂકવું નહીં, વ્રત ભંગ એ જીવોને જન્મોજન્મ દુઃખનું કારણ થાય છે........પ્રથમ સ્વીકારેલ ધર્મને જેઓ કુસંગથી ત્યાગે છે તેઓ ભવસાગરમાં ભમતાં મહાદુઃખને પામે છે.

આ રીતે શ્રેષ્ઠીએ આપેલ હિતશિક્ષાને કુશિષ્યની જેમ ત્યાગીને ખરાબ ભવિષ્યવાળો બુધ્ધદાસ સ્વગૃહે ગયો. તેની કૃષ્ણ-પાક્ષિકતાને વિચારીને કોમલ વચનોથી પુત્રીને સંતોષીને ઋષભ શ્રેષ્ઠી સ્વગૃહે ગયો.

પછી નિત્ય જૈન ધર્મ કરતી પદ્મશ્રીને મિથ્યાત્વી એવા તેઓ પરાણે પણ અંતરાય કરે છે. તેઓ નિંદા કરે છે, અવહેલના કરે છે પરસ્પર હાંસી કરે છે તો પણ દૃઢ ધર્મીપણાથી પદ્મશ્રી પ્રમાદ કરતી નથી.

એકદા બહુશિષ્યથી પરિવરેલા બુધ્ધ ગુરૂ પદ્મસંઘસૂરિએ આવી પદ્મશ્રીને આ રીતે શિખામણ આપી.

હે ભદ્રે ! મણિઓમાં ચિંતામણિની જેમ સર્વે ધર્મોમાં બુધ્ધ-ધર્મ પ્રથમ મનાયો છે. હિતની ઇચ્છાથી સુગત [બુધ્ધ] ભગવાને આ સેંકડો ચમત્કારોના સ્થાનરૂપ અને ઉભય લોકમાં સુખકારી એવો ધર્મ કહ્યો છે. કોમળ શય્યાયે સૂવું, સવારે ઊંઠી પેજી પીવી, મધ્યાહ્ને ભોજન કરવું. બપોરે ચા-પાણી પીવાં અર્ધરાત્રે દ્રાક્ષ અને સાકરના તુકડા ખાવા, આમ કરતાં અંતે મુક્તિ થાય છે તેમ બુદ્ધ ભગવાને જોયું છે. તેથી ફોગટ દેહના એક માત્ર શોષક એવા આ ધર્મનો તું મૂક અને બુદ્ધ ગુરૂ કથિત માર્ગનો આશ્રય લે.

ત્યારે સુગતે અને જિને કહેલ ધર્મનો સાર અંતર ચિત્તમાં વિચારી પદ્મશ્રી બોલી. દૂધ-ધાતુ-પાણી-રત્ન-રાજા-પથ્થર-અનેક ઘરોમાં સમાન હોવા છતાં જેમ અંતર છે તેમ સમાન નામ હોવા છતાં વર્ણધર્મનું અંતર છે. જ્યાં ક્ષમા-સત્ય-તપ શૌચ-દયા-શીલ અને ઇંદ્રિયદમન વિશેષે કરીને દેખાય છે તે ધર્મ સાર્થકતાને પામે છે. અન્ય દર્શનોમાં સર્વત્ર નામ માત્રથી ધર્મ છે પણ વસ્તુતઃ તે ધર્મ જિનોદિત માર્ગમાં જ દેખાય છે. સમ્યગ્-દર્શનથી યુક્ત આ જિન ધર્મ મેં મુનિઓની પાસેથી સ્વીકારેલો છે તે કઇ રીતે મુકાય ? ધર્મનો ત્યાગ કરનારું પ્રાણી દુર્ભાગી, ધન ધાન્યથી રહિત નિંદનીય અને સતત દુઃખી થાય છે. તેથી શ્રી જિને કહેલ ધર્મ મારે પાળવો. તમારે પણ હમણાં તે જ કરવું યોગ્ય છે.

આ રીતે પદ્મશ્રીના કહેવાથી મ્લાન મુખવાળો થયેલો બુધ્ધદાસાદિ વડે વંદાયેલો માયાવી એવો પદ્મસંઘ મઠમાં ગયો.

સમ્મેતશિખરાદિ તીર્થોમાં યાત્રાને માટે પોતે ઉપાર્જેલ લક્ષ્મીને યથાયોગ્ય પાત્રમાં વાપરીને સારા રત્નો-સુવર્ણ અને પાષાણની જિન મૂર્તિઓ નિર્માણ કરાવીને વિધિથી ઉત્સવપૂર્વક તેની પ્રતિષ્ઠા કરીને પોતાનો અંતિમકાળ જાણીને વિવેકી એવા ઋષભ શ્રેષ્ઠીએ પુત્રના શિરે

ઘરનો ભાર સોંપીને દયા-દાન-ધ્યાન-દેવ-ગુરૂ પૂજાદિ સુયોગ્ય પુણ્યકાર્યોથી જન્મફળ ગ્રહણ કરીને, ત્રિવિધ-ત્રિવિધે પાપસ્થાનોને ત્યાગીને સર્વ જીવોને ખમાવીને સર્વ પરિગ્રહોનો ત્યાગ કરીને આનંદની જેમ યથાવત્ નિરતિચારપણે શ્રાવક ધર્મને આરાધીને આહારથી પરાઙ્મુખ શ્રેષ્ઠી આનંદથી ચાર શરણનો સ્વીકાર કરીને સમાધિપૂર્વક દેહ ત્યાગ કરી ઘણાં ઋદ્ધિવાળો તેજસ્વી એવો વૈમાનિક દેવ થયો.

તેનાં વિયોગના દુઃખથી પીડિત શ્રાવિકા પદ્મશ્રી પછી સર્વ-દુઃખના નાશમાં સમર્થ એવા પુણ્યને વિશેષથી કરે છે.

એકદા સમય પામીને દૃષ્ટિરાગાંધ બુધ્ધદાસે પદ્મશ્રીને કહ્યું હે ભદ્ર ! જિન ધર્મની વિરુદ્ધ એવો તારો પિતા મરીને જંગલમાં હરણ તરીકે જન્મ્યો છે. એવું મારા ગુરૂએ કહયું છે.

કાનને માટે કરવત સમાં તે વચનો સાંભળીને તેણીએ પણ વિચાર્યું જે પુણ્યાત્માએ સર્વદા ધર્મ કર્યો તે મારાં પિતા તો કંઈ રીતે અશુભ ગતિમાં ગયા ! શું ચિંતામણિને પામેલો પણ દારિદ્રયથી પીડાય છે ? તેથી મિથ્યાદૃષ્ટિઓનો કહેવાતો ગુરુ મિથ્યા બોલે છે જિન તત્વનો અજ્ઞાત પ્રાણી શું શું બબડતો નથી ?

પછી તેણીએ સસરાને કહ્યુ, હે પૂજ્ય ! જે આમ કહે છે તે તમારા ગુરુ સારી રીતે જાણતા જ નથી. જો તે ગુરુ જ્ઞાનથી જીવોનરી ગતિ આદિ જાણે છે પણ મારે છે બુધ્ધે કહેલ વ્રતને કરવું પરંતુ તેને પરિવાર સાથે આપણે ઘરે જમાડીને ઉત્સવ પૂર્વક તે ગુરુએ કહેલ ધર્મ સ્વીકારીને હું પાલન કરીશ.

પછી વધૂનાં ઘરે ભોજનની સર્વ સામગ્રી તૈયાર કરીને દુષ્ટ મનવાળા બુધ્ધદાસે બૌધ્ધોને બોલાવ્યા. તેથી પરિવાર સહિત ગુરુને પદ્મસંઘ ભોજનાદિ માટે આવ્યા કારણ તે વિશ્વવલ્લભ છે.

પછી બહુમાનપૂર્વક ક્રમે કરીને સ્વાદિષ્ટ રસો વડે ખવડાવતા પદ્મશ્રીએ તે ગુરૂના જમણા પગની મોજડી પ્રવાહી કરી મરચાદિથી વધારીને તે ગુરૂને ખવડાવી.

હવે ઇચ્છિત ભોજન કરીને શ્રેષ્ઠી વડે બહુમાનપૂર્વક ચંદનાદિથી પૂજાયેલા તેઓ ઉઠયાં ત્યારે હે સૌગતેશ્વર! ઘણાં કામથી હું હમણાં થાકેલી છું તેથી તમે કહેલો ધર્મ સવારે મહોત્સવપૂર્વક ગ્રહણ કરીશ હમણાં તમે જાઓ એ રીતે પદ્મશ્રીથી વ્યાકુલ કરાયેલાં તેઓ જવાની ઇચ્છાથી પોતાનાં મઠ તરફ નીકળ્યાં ત્યારે ગુરુની મોજડી ન જોતાં કોઇએ તે જોઇ છે એમ પરસ્પર કલબલ કરી.

જલદીથી તેનાં દર્શનોત્સુક સર્વે પણ સ્વજનો ભેગા થયા; ફરી હાથ જોડેલી પદ્મશ્રીએ પદ્મસંઘને કહ્યું, હે ભગવન્! જે જ્ઞાનથી મારા પિતાની ગતિ કહી તેથી જ પોતાના ગુરુના પગરખાને જાણો.

આ સાંભળીને ક્રોધયુક્ત ચિત્તવાળા ગુરુ બોલ્યા, હે ધર્મધૂર્તે! હે દુરાચારી! આવું જ્ઞાન મને નથી.

ત્યારે ઋષભ શ્રેષ્ઠીની પુત્રીએ સર્વ સમક્ષ કહ્યું, પોતાના પેટમાં પડેલાં પોતાનાં પગરખાને જે જાણતો નથી તે મારા પિતાની આ રીતની ગતિને કઇ રીતે જાણે છે? જલપાત્રનો અજ્ઞાત વ્યક્તિ નંદનવન કરવાને કઈ રીતે ઇચ્છે?

જો વિશ્વાસ ન થતો હોય તો મારા અન્નનું વમન કર ત્યારે ક્રૂર ક્રોધથી અંધ ચિત્તવાળા તેણે પણ તે રીતે કર્યું. ત્યાં નાના એવા ચામડાના તુકડાઓને જોઈને હાસ્યયુક્ત મુખવાળા લોકો બોલ્યા અહો! આ ગુરૂનું જ્ઞાન! પછી લજ્જિત અંતઃકરણવાળા તેને કોઇ પણ રીતે શાંત કરીને બુધ્ધદાસ શિષ્યો સાથે સ્વસ્થાને રવાના કર્યો.

એકદા કોપયુક્ત પદ્મસંઘે બુદ્ધદાસને બોલાવીને કહ્યું કે તારી પુત્રવધૂ મને નક્કી શાકિની લાગે છે. તેથી પાપપરાયણ એવી તેણીને ઘરથીમાં કાઢી મૂક નહીંતર થોડા'જ વખતમાં તારા કુળનો ધ્વંસ થશે.

ગુરુવાકય સાંભળીને શ્રદ્ધામૂઢ અને મૂઢ બુદ્ધિવાળા તેણે પણ તે દોષને સાંભળીને તેણીને ઘરમાંથી કાઢી મુકી, તેણીનાં દોષને કહેતાં પિતાદિથી નિવારવાં છતાં બુદ્ધસંઘ પણ તેણીનાં મોહથી તેની સાથે નીકળ્યો.

પદ્મશ્રીએ તેને કહ્યું. હે નાથ ! હમણાં સર્વસમૃદ્ધિથી ભરપૂર એવાં મારા પિતાનાં ઘરે જઇએ ત્યારે તે પણ ઉત્સાહપૂર્વક બોલ્યો. હે પ્રિયે ! આ યોગ્ય નથી. માની પુરુષોને સસરાને ત્યાં રહેવું શોભતું નથી પત્નીનાં ઘરે રહેતાં ધનવાન પણ પુરુષોની મહાનતા ક્ષય પામે છે તો ધનરહિતની તો શું વાત ?

વાઘ અને સિંહથી યુક્ત વન સારૂં, વૃક્ષોની વચ્ચે રહી ફલ પાંદડાનું ભોજન સારું, ઘાસ ઉપર સૂવું અને જીર્ણ વસ્ત્રો પહેરવાં પણ ધનહીન પણે સ્વજનો વચ્ચે જીવવું સારું નથી.

આ રીતે પત્નીને સમજાવીને અધિક ભાગ્યવાન લક્ષ્મીની જેમ તેણીને સત્કારીને તે નગરીથી બહાર નીકળ્યાં. કંઇક ચિંતાતુર અંતઃકરણવાળાં તે બંને દિશાનાં મુખને જોતાં નગરીની નજીક રહેલ વૃક્ષની છાયા નીચે થોડીવાર બેઠાં.

હે સ્વામિન્ ! આપણને પીડારહિત એવા જિનવરોનું શરણું હો, મુક્તિસીમન્તીનીમાં આસક્ત-મુક્ત-લાલ પત્થર જેવી કાંતિવાળા સિદ્ધોનું શરણું હો. સર્વજ્ઞ મત–માટે સૂર્ય સમા સર્વે સાધુઓ અને સુખનાં એકમાત્ર સાક્ષીરૂપ સર્વજ્ઞે કહેલ ધર્મનું આપણને શરણું હો.

જેટલામાં પદ્મશ્રી પતિની સામે આ રીતે કહે છે. તેટલામાં પવિત્ર અંગવાળો ત્યાં આવેલો ધનાવહ સાર્થવાહ વિશ્વમાં અદ્ભૂત એવી પદ્મશ્રીને જોઇને કામના શાસનયુક્ત એવો તે ક્ષણમાં સરાગી થયો. કોઇક પાસેથી તેઓનું સ્વરૂપ જાણીને સૌભાગ્યરૂપી અમૃતનાં નીક સમી તેણીને ગ્રહણ કરવાની ઈચ્છાવાળા કામાંધ એવાં તે શ્રેષ્ઠીએ કપટથી કૃત્રિમ સ્વાગતા કરીને પત્નીસહિત બુદ્ધસંઘને પોતાનાં સાર્થમાં લાવ્યો.

સાંજે તે ધનાવહે તેણે વિષાન્ન ખવરાવ્યું, કારણ કામાંધ જનો અકૃત્યને પણ કરે છે. વિષનાં જોરે ક્ષણમાં'જ મુર્ચ્છા પામીને જડથી છેદાયેલ વૃક્ષની જેમ તે શ્રેષ્ઠીપુત્ર પૃથ્વી ઉપર પડયો. મૃત્યુની દૂતી

સમી પતિની તે રીતની અવસ્થા જોઇને ઘણાં શોકનાં ભારથી સંતપ્ત એવી તેણી કરુણ સ્વરે રોઈ.

રડતી એવી તેણીને કોમળ વાક્યો કહેતાં સાર્થવાહે અટકાવી. હે ભદ્રે! ત્રણે લોક કર્મ–પરાધીન છે. હે કલ્યાણિ! તું શોકને ના કર. સંસારની સ્થિતિ'જ આવી છે. શત્રુની જેમ વિધિ પણ અકાળે તોડે'જ છે. હવેથી માંડીને વશવર્તી એવો હું ધનાવહ તારા સર્વ સુખોને પૂર્ણ કરીશ.

આ રીતે સાર્થવાહની ચેષ્ટા જાણીને શીલરક્ષા માટે તે સતીએ વિશેષ શોક કર્યો. હું દાસ છું અથવા સેવક છું આ રીતે વારંવાર બોલતાં તેણે સ્નેહશીતલ વચનોથી તેણીને સાંત્વન આપ્યું. સમ્યગ્-ધર્મમાં દૃઢ ચિત્તથી તેનાં વાક્યને તિરસ્કારતી પદ્મશ્રીએ ખરાબ સ્થાનની જેમ દુઃખદ એવી તે રાત્રિને પસાર કરી.

પદ્મશ્રીનાં શીલનાં સૌભાગ્યને જોવાની ઉત્સુકતાવાળા મનનો સૂર્ય જલદીથી ઉદયાચલના ચૂલા ઉપર આરૂઢ થયો.

પછી લોકો દ્વારા તે સ્વરૂપ જાણીને ખેદયુક્ત બુદ્ધદાસે તે રીતે પુત્રને જોઇને શોક પૂર્વક ગુસ્સાથી બોલ્યો, હે શાકિનિ! તત્ત્વાતત્ત્વનો ત્યાગ કરીને માંસની ઇચ્છાથી તેં મારાં પુત્રને માર્યો છે હે પાપિષ્ઠે! પુણ્યવાન એવાં પુત્રને તું. જીવાડ નહીં તો હું તને પણ ચાંડાળો દ્વારા મરાવીશ.

આ રીતે કોલાહલ સાંભળીને તેણીનો ધિક્કાર કરતાં સર્વે પણ નગરજનો ત્યાં આવ્યાં. આ રીતનું સ્વરૂપ જાણીને ત્યારે પદ્મશ્રીએ વિચાર્યું મારા પૂર્વે કરેલાં કર્મો ઉદય પામ્યાં છે. પરંતુ જે જીવથી જિનશાસનમાં મલિનતા થાય છે તેને આગામી જન્મમાં બોધિરત્ન દુર્લભ થાય છે. તેથી ધર્મપ્રભાવે હું જલ્દીથી પતિને જીવાડું, કારણ મંત્રાદિથી પણ સમ્યગ્-ધર્મનો પ્રભાવ અધિક છે.

ક્ષમાધારી એવી તેણી સર્વજનસમક્ષ બોલી, જો જગત્પૂજ્ય એવાં

સમકિતમાં મારું મન દૃઢ હોય અને જિનશાસનનું સત્ય સર્વ ધર્મોથી અતિશય હોય તો તેનાં પ્રભાવે જલદીથી મારો પતિ જીવિત પામો.

જેટલામાં પદ્મશ્રીએ હાથ દ્વારા તેને સ્પર્શ કર્યો તેટલામાં જય જયારવ સાથે તે પતિ ઊભો થયો. વળી તેણીનાં સમકિતની સુંદરતાથી સુગંધીભૂત ચિત્તવાલા દેવતાએ પુષ્પવૃષ્ટિ આદિ પાંચ આશ્ચર્યો કર્યા.

ત્યારે વિસ્મિત થયેલાં નરવાહન રાજાએ ત્યાં આવી પદ્મશ્રીનાં ચરણોમાં નમસ્કાર કર્યો. ઋષભ શ્રેષ્ઠીનાં પુત્રો સાથે સર્વ પણ સ્વજનો આનંદ પામ્યા, જિનશાસનની ઘણી ઉન્નતિ થઇ. સમકિતી દેવો, રાજાઓ શ્રેષ્ઠીઓ, વિદ્યાધરો, વિવિધ લબ્ધિયુક્ત આચાર્યો (સાધુઓ) અને સૌભાગ્ય-શીલ-ગુરૂભક્તિ યુક્ત સ્ત્રીઓ અહીં જિનશાસનની ઉન્નતિ કરે છે.

પછી ધર્મમાહાત્મ્યની સ્તવનાં કરતાં બુદ્ધદાસાદિએ ઉત્સવ-પૂર્વક પત્ની સહ પુત્રને ઘરે લાવ્યો.

તે વખતે ત્યાં યશોધર મુનિને લોકા લોકપ્રકાશક કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. નજીકમાં થયેલ આનંદયુકત દેવોનાં સમૂહે તે મુનીન્દ્રને નમસ્કાર કરીને ઉત્સવ ઉજવ્યો.

રાજા નરવાહન અને પદ્મશ્રીથી પરિવરેલાં બુધ્ધદાસાદિ નગરજનો તેઓને વાંદવા માટે ગયાં. સુવર્ણ કમળ ઉપર બેઠેલાં કેવલી ભગવંતે તેઓને વિશ્વહિતકર એવો સધ્ધર્મનો ઉપદેશ આપ્યો.

સમુદ્રમાં રત્નદ્વીપની જેમ દુષ્પ્રાપ્ય મનુષ્ય જીવનને પામીને સુખના અર્થિએ સુવિશુધ્ધ ધર્મ ચિંતામણિને ગ્રહણ કરવું. પ્રમાદથી ધર્મને તિરસ્કારીને જે પુરૂષાર્થમાં દોડે છે અને દુઃખની પરંપરાને પામેલાં તે પાછળથી જાતને નિંદે છે પ્રાયઃ સર્વે પણ દર્શનીયો સ્વધર્મને પ્રશંસે પરંતુ વિવેકીએ પરીક્ષા કરી શુધ્ધ રીતે તેને ગ્રહણ કરવો.

જેમ ઘર્ષણ, છેદ, તાપ અને ટીપવાથી ચાર રીતે સુવર્ણની પરીક્ષા થાય છે તે' જ રીતે વિદ્વાનો જ્ઞાન શીલ તપ અને દયાથી ધર્મની પરીક્ષા કરે છે.

મિથ્યાત્વીઓને અજ્ઞાત એવો આ દશવિધ ધર્મ ખરી રીતે જૈન શાસનમાં છે બીજે તો નામ માત્ર જ છે. કેટલાકને તત્ત્વાર્થ વચનમાં છે તો કેટલાકને તે અંતરમાં છે. પરંતુ ક્રિયાથી પણ તે જિનમત પામેલા ને જ સ્પર્શે છે. વેદ–સ્મૃતિ–પુરાણાદિ અન્ય મત-વાળાં બ્રાહ્મણો સાચા અર્થમાં ધર્મમાર્ગની ગંધને પણ જાણતાં નથી. દારુ માંસનાં ખાનરા બૌદ્ધાદિ ધર્મની સારતાને જાણતાં જ નથી. ઘર-પુત્ર–પત્ની આદિ પરિગ્રહમાં રત જીવો ગુરુપણાને ધારતા હોવા છતાં પણ ત્યાં ધર્મ લેશ પણ નથી જ અજમેધાદિ યજ્ઞોમાં વેદપાઠી પંડિતો અનેક જીવોને હણતાં યાજ્ઞિકો સદા ધર્મ પરાઙ્ગમુખ છે.

હે ભવ્યો ! ખરા અર્થમાં તો ધર્મ રાગ–દ્વેષથી રહિત અને સમ્યગ્ તત્ત્વોને કહેતા અરિહંતનાં શાસનમાં જ છે. આ ધર્મમાં એકચિત્તવાળાઓને ખુશ થયેલા દેવતાઓ અહીં પણ પદ્મશ્રીને કરી તેમ સહાય્ય કરે છે. વિશ્વાનંદકારી એવી આ ઋષભશ્રેષ્ઠીની પુત્રી ધન્ય છે. જેણીએ દુઃખમાં પણ ધર્મનો ત્યાગ ન કર્યો.

જો વેદશાસ્ત્રમાં નિપુણ એવો બ્રાહ્મણ પંડિત થાય, તેમાં શું આશ્ચર્ય છે. ન્યાય માર્ગમાં રત રાજા ધાર્મિક થાય તેમાંય શું આશ્ચર્ય છે. તે આશ્ચર્ય રૂપ યૌવનવાલી સ્ત્રી સાધ્વી થાય તેમાં છે અને દુઃખી પણ પુરુષ જરા પણ પાપ ન કરે તેમાં છે.

પછી અવસર પામીને પદ્મશ્રીએ ગુરુને કહ્યું હે વિભો ! મારા પિતા મરીને કઈ ગતિમાં ગયા છે. ત્યારે કેવલી ભગવંત બોલ્યા હે ભદ્રે ! તારા પિતા મરીને [૮ માં દેવલોકે] દેવ થયાં છે. અને ભવાંતરે તે મોક્ષગામી થશે. જે જેવી સારી એવી બીજની રાશિને પૃથ્વીમાં વાવે છે તે નિશ્ચિતપણે તે રીતનાં ફળને મેળવે છે. આ રીતે શુભમાં રત પ્રાણી શુભગતિને અને અશુભમાં રત જીવો નક્કી ઘણી દુર્ગતિને પામે છે.

મદ્ય–માંસ ભક્ષી હિંસા–જૂઠ આદિ પાપોમાં તત્પર મિથ્યોપ-દેશમાં તત્પર જીવો દુર્ગતિમાં જાય છે. સમતા–શીલ–દયાયુક્ત–જિનેં-

ન્દ્રિય-પરિગ્રહ રહિત અને સમ્યગ્ જ્ઞાન-ક્રિયામાં રત જીવો દેવલોકને પામે છે.

ઉન્માર્ગદેશક-માયા-આરંભ-આર્તધ્યાનમાં તત્પર અપ્રત્યાખ્યાન કષાયી મૂઢ જીવો તિર્યંચ ગતિગામી બને છે.

સારા-નમ્ર-સરળ-અલ્પ આરંભ પરિગ્રહવાળા-દેવપૂજા-દયા-દાન યુક્ત, શુક્લ ધ્યાનયુક્ત, સર્વ સંગ રહિત જીવો અક્ષય એવા મોક્ષને પામે છે.

પછી સંવેગથી રાજાએ મહોત્સવપૂર્વક પુત્ર નયવિક્રમને સ્વપદે સ્થાપીને સંયમનો સ્વીકાર કર્યો. રાણી પદ્મમાવતી, શ્રેષ્ઠીપત્ની પદ્મમાવતી તેમજ પદ્મશ્રી આદિ અનેક નારીઓએ સંયમ સ્વીકાર્યું.

બુદ્ધદાસાદિ સર્વે જીવાજીવાદિ તત્ત્વનાં જાણ અને જિન શાસનનાં પ્રભાવક એવાં દૃઢ આશયવાલાં શ્રાવકો થયા. પુણ્યરહિત એવાં પદ્મસંઘાદિ બૌદ્ધો લોકમાં અપભ્રાજના પામ્યાં. જૂઠ બોલનાર કોણ લઘુતાને પામતો નથી.

હે નાથ ! આ રીતે પ્રત્યક્ષ જોઇને મેં પણ ગુરુ પાસે પાંચે અતિચાર રહિત એવાં સમકિતને સ્વીકાર્યું છે.

આ રીતે પદ્મલતાનું સમકિતયુક્ત વચન સાંભળીને અર્હદ્દાસ બોલ્યો. હે પ્રિયે ! આ બધું સત્ય છે. આનંદિત ચિત્તવાળી સાથે સાતે પણ પ્રિયાઓ બોલી, હે સ્વામિન્ ! અમે આ બધું સત્યપણે સ્વીકારીએ છીએ કારણ મનનાં ઇચ્છિત પૂર્તિ માટે ચિંતામણિની જેમ લોકમાં જિન ધર્મનો મહિમા અચિન્ત્ય છે.

ફરી મિથ્યાત્વનાં અંધકારથી વાસિત ચિત્તવાળી કુંદલતા બોલી, પદ્મલતાએ આ કપોલ-કલ્પના પૂર્વક આ બધું કહ્યું છે.

રાજાદિએ પોતાનાં અંતરમાં વિચાર્યું અરે ! આ સ્ત્રીનું મિથ્યાત્વયુક્ત મૂઢપણું કેવું છે !

જે જિનવરે કહેલો છે તે જ ધર્મ છે. જે પ્રાણી સાંભળે છે,

માને છે અને નિત્ય કરે છે તે વિશ્વમાં અતિશયવાળા ધર્મના પ્રભાવે અનંતરૂપ પાપરાશિનાં ક્ષયને પામે છે.

સમકિતના નિર્મલતાના મહાપ્રભાવની સંપત્તિનાં વિલાસથી શોભતું આ પદ્મશ્રીનું વૃત્તાંત સાંભળીને સદ્દર્શનની એક માત્ર સ્થિરતાને ધારણ કરો.

છઠ્ઠી કથા સંપૂર્ણ

# શીયલ સમું વ્રત કો નહીં

હવે શ્રેષ્ઠીએ પ્રિયા સ્વર્ણલતાને કહ્યું હે ભદ્રે ! તું પણ સમકિતની કથાને મને કહે. ત્યારે પતિનાં આદેશને પામીને અમૃત ઝરતી વાણીથી પોતે અનુભવેલ સમકિતનાં દષ્ટાંતને તેણીએ કહ્યું

અવંતિ મહાદેશને શોભાવતી, પુરુષાર્થથી શોભતી, વિશાલા નામે નગરી છે.

ત્યાં ઈંદ્ર જેવો સુંદર સુંદર નામે રાજા થયો અરે ! જેનાથી દ્વિધા પમાડાયેલા શત્રુઓ મોતને વર્યા. ધર્મકાર્યમાં ચિત્તવાળી, યશસ્વી, સુંદર રૂપવાળી, કામદેવની વાવડી સમી મદનવેગા નામે રાણી થઈ. રાજ્યભારની ધુરાને ધારણ કરતો સર્વ બુદ્ધિઓનાં સાગર સમો જાગ્રત ગુણવાલો બુદ્ધિસાગર નામે તેનો મંત્રી થયો.

તે નગરીમાં હાથ અને સંપત્તિથી સમુદ્રપણાને ધારણ કરતો શુભકાર્યોમાં અપ્રમત્ત એવો સમુદ્ર નામે શ્રેષ્ઠી થયો. ગૃહસ્થિતિની અને ખાસ કરીને ધર્મની જાણકાર એવી સમુદ્રશ્રી નામની તેની પત્ની શીલની લીલાથી શોભતી હતી. તેઓને અદ્ભુત સૌભાગ્યવાલી જિનદત્તા નામે પુત્રી થઈ અને ઘણો તેજસ્વી એવો ઉભય નામે પુત્ર થયો.

શ્રેષ્ઠીએ તે પુત્રી કૌશાંબી નગરમાં રહેલાં ધર્મજ્ઞ અને કુલીન એવાં જિનદેવ સાથે પરણાવી.

યૌવનવયમાં ઉમય કુસંગથી વ્યસનપ્રિય થયો. કુસંગ પ્રાયઃ પુરુષોનાં અનર્થને માટે થાય છે.

સંજ્ઞી જીવોનાં સંગથી વૃક્ષોમાં પણ સારા-નરસા પણુ થાય છે. અશોક વૃક્ષ શોકનાશ માટે થાય છે. કલિવૃક્ષ જગડા માટે થાય છે.

પિતાદિ વડે યુક્તિઓથી દુષ્કૃત્યથી નિવારાતો છતાં આ પાછો ફરતો નથી કારણ વ્યસન દુઃસ્ત્યાજ્ય છે. વિશેષ રીતે પાપથી પ્રેરાયેલ જુગારી એવો ક્રૂરપણે નગરમાં ચોરી કરે છે. પરનારી-પરદ્રવ્ય પરમાં-સનો ભોગેચ્છુ જીવ ક્યારેય પણ કાર્યાકાર્યને જાણતો નથી.

સમગ્ર નગરમાં ચોરી કરતાં શ્રેષ્ઠી પુત્રને ડગલે ડગલે પકડીને નગર રક્ષક યમદંડે શ્રેષ્ઠી પુત્રપણાથી હિતશિક્ષા આપીને છોડી દીધો તો પણ ચોરી કરતાં એણે એકદા ગુપ્ત રીતે ઘણી એવી શિખામણ નગરરક્ષકે તેને આપી.

તારા માતા-પિતા સર્વત્ર ઉત્તમપણાથી ન્યાયમાર્ગમાં શ્રેષ્ઠ અને ધર્મીઓને માટે દૃષ્ટાંતરૂપ તરીકે પ્રખ્યાત છે હે ભદ્ર ! વિશ્વાનંદકારી સૌભાગ્યવાલી અને જિનશાસનરૂપી કમળનાં વિકાસ માટે સૂર્યસમી કાંતિવાળી તારી બેન છે. ઉચ્ચ એવાં સંબંધવાળો તેણીનો ભાઈ એવો પણ તું પાપભરપૂર એવાં ક્રૂર કર્મોમાં તત્પર એવો કઈ રીતે થયો ? ચોરીરૂપી વૃક્ષનાં વધ બંધાદિ ફળો અહીં જ થાય છે પરલોકમાં દુર્ગતિ અને દરિદ્રતા મળે છે. તેથી ચોરીને ત્યાગીને ન્યાયમાર્ગમાં હિતને દેખ જેથી પિતાની જેમ તારી પણ ઘણી પ્રતિષ્ઠા થાય.

તે યમદંડ વડે અટકાવવાં છતાં પણ આ જ્યારે અટકતો નથી. ત્યારે પકડીને રાજાને સોંપ્યો. તેની વાત સાંભળીને વિચારવાળો રાજા બોલ્યો અરે ચોર ! દુરાચારી ! તું કોનો પુત્ર છે.

તે બોલ્યો હે દેવ ! હું સમુદ્ર શ્રેષ્ઠીનો પુત્ર છું તેથી સમુદ્ર શ્રેષ્ઠીને બોલાવીને રાજાએ પૂછ્યું હે શ્રેષ્ઠિન્ ! આ તારો પુત્ર છે ? ત્યારે વિનયાવનત શ્રેષ્ઠીએ રાજાને કહ્યું સ્વામિન્ ! મારો પુત્ર પણ આ કુસંગથી ચોરપણાને પામ્યો છે તેથી કૃપા કરીને તેમ કરો જેમ આ સન્માર્ગનો આશ્રય કરે.

ત્યારે કૃતજ્ઞ અને સત્યપ્રિય રાજાએ વિચાર્યું કે સદાચારથી આ શ્રેષ્ઠી સદા મને પણ માનનીય છે. કર્મરત એવો પણ આ તેનો પુત્ર હોવાથી અવધ્ય છે. પણ દંડ વગરનો આ ફરી મારી નગરીમાં ચોરી કરશે.

રાજદંડના ભયે પાપ ન કરે તે અધમ, પરલોકનાં ભયે પાપ ન કરે તે મધ્યમ અને સ્વભાવથીજ પાપ ન કરે તે (શ્રેષ્ઠ) છે.

ત્યારે આ રીતે વિચારીને પૃથ્વી ઉપર ધર્મ રક્ષક એવાં રાજાએ ત્યારે સર્વસ્વ લઇને તેને દેશ નિકાલ કર્યો.

પછી સ્થાન ભ્રષ્ટ–અસહાય અને ધનહીન એવો આ દેશ દેશમાં ભમતો કૌશામ્બીમાં બેનનાં ઘરે પહોંચ્યો. માર્ગ ભ્રમણથી થાકેલાં તેજ રહિત એવા ભાઇનું તેણીએ આનંદ પૂર્વક વસ્ત્ર ભોજનાદિથી સ્વાગત કર્યું પછી તેણીએ માતપિતાદિનાં કુશળ પૂછયાં અને પૂછયું હે વત્સ, તારી આ રીતની દશા કઈ રીતે થઇ ?

કંઇક કલ્પના કરીને તેણે બેનને કહ્યું, પ્રાયઃ ચોરો–જુગારીઓ અને સ્ત્રીઓ ખરું બોલતા નથી. પરંતુ પરંપરાએ તેણીએ ભાઇની યથાવત્ વાત પૂર્વે જાણી હતી, કારણ વાર્તા વિશ્વગામિની કહેવાય છે.

કૌતુકવાળી વાર્તા, સારી એવી વિદ્યા, અને મૃગનાભિની લોકોત્તર સુગંધ આ ત્રણે પણ પાણીમાં તૈલબિંદુની જેમ દુર્નિવાર પણે અહીં પ્રસરે છે તેમાં શું આશ્ચર્ય છે.

હમણાં આ નગરીમાં મારાથી અપમાનિત થયેલો આ કદાચ દુઃખના ભારથી પીડાયેલો ન્યાયી થશે એમ વિચારીને તેણીએ ઘણાં અપમાનથી ભાઇને ઘરમાંથી કાઢી મૂકયો, સર્વે પણ જીવો ગુણ ગરિમાને ગ્રહણ કરે છે.

લક્ષ્મી અને સહાયથી રહિત બેનનાં ઘરમાથી નીકળેલા દુઃખી એવાં તેણે વિચાર્યું માતા–પિતા–રાજાવડે પણ તિરસ્કારાયેલો અહીં મારી બેન છે એમ વિચારી અહીં આવ્યો. તેણીએ પણ નિર્ધન

પણાથી મને ઘરમાંથી કાઢી મુકયો. મંદભાગ્યવાળાં પુરુષને સર્વાંગ આપત્તિ થાય છે.

સૂર્યના કિરણોથી માથે તપેલા તાપ રહિત પ્રદેશને ઈચ્છતો પ્રવાસી કર્મવશ બિલ્વ વૃક્ષની નીચે ગયો. ત્યાં પણ મહાફળ પડવાથી આનું માથું ભાંગ્યું, પ્રાયઃ દૈવથી હણાયેલો જ્યાં જાય છે, ત્યાં વિપત્તિ છે.

લઘુતાનાં એક માત્ર કારણરૂપ પરના ઘરમાં વગર કારણે શ્રીમંતે પણ ન જવું તો પછી ધન રહિતે તો કઈ રીતે જવું ?

તારા મંડલ અને ઔષધિઓનો પણ નાયક અમૃત યુક્ત દેહ કાંતિવાળો પણ ચંદ્ર સૂર્યમંડલને પામીને વિકલમૂર્તિ થાય છે. પારકાનાં ઘરમાં રહેલ કોણ લઘુતાને પામતો નથી.

પછી નિરાધારપણાથી દુઃખી એવો તે પાપકર્મના ક્ષયથી સંવેગને પામેલો જિનમંદિરે પહોંચ્યો. જગન્નાથની રત્નનિર્મિત પ્રતિમાને ભક્તિથી નમીને ચૈત્યની શોભાને નિરખતો તે અંતર આનંદને પામ્યો.

ત્યાં તેણે દર્શકને આનંદદાયી, શ્રુતના સારભૂત, શાશ્વત તપ-જ્ઞાનવાળા વિશ્વવત્સલ એવાં મુનીશ્વરને જોયાં. ક્રિયાયુક્ત તે ગુરુને ભાવથી નમસ્કાર કરીને વિનયી એવો તે યથાયોગ્ય સ્થાને બેઠો ધર્મના જાણકાર એવા ગુરુએ તેને ધર્મોપદેશ આપ્યો કારણ ગુરૂઓ નિષ્કારણ ઉપકારી હોય છે.

(ધર્મ એ સુખરૂપી વૃક્ષનો બગીચો છે. ધર્મ એ કલ્યાણનો સાગર છે. ધર્મ એ વિઘ્નોનો નાશક છે અને ધર્મ એ ત્રિલોકનો બાંધવ છે. જેમ સૂર્ય વિના દિવસ અને ચંદ્ર વિના રાત્રિ શોભતી નથી તેમ ધર્મ વિના પ્રાણી ક્યારેય શોભતો નથી. આરોગ્ય, અખંડ સુખ, અદ્ભુત સૌભાગ્ય, રમણીય રૂપ, સર્વે સંપત્તિઓ અને વિશ્વપૂજ્યપણું પુરુષોને ધર્મપ્રભાવે થાય છે.

સમ્યગ્ દર્શન પૂર્વકનો સાધુ અને શ્રાવકને યોગ્ય તે ધર્મ જિન-

વરોએ સર્વથી અને દેશથી એમ બે રીતે કહ્યો છે. સર્વ જીવોની દયા યુક્ત જિતેંદ્રિય, નિરાભિમાની, પરિગ્રહથી સર્વથા મુક્ત એવાં મહર્ષિઓ મુક્તિને આપનારા થાય છે.

સમ્યગ્ દર્શનથી યુક્ત-તપનિયમમાં રત-વિશુદ્ધ દઢ ભાવવાળાં શરીર પર પણ નિરપેક્ષ શ્રમણો સિદ્ધિ ગતિને પામે છે.

ત્યાં સદાચારી, ૧૨ વ્રતધારી ગૃહસ્થો સપ્તક્ષેત્રમાં દાનનો વ્યય કરનારા થાય છે. ઘણાં જીવોનો વધ કરનાર દારુ, માંસ, માંખણ બહુ-બીજ, અનંતકાય, પાંચ પ્રકારનાં ઉદુંબરો, ઘોર એવા નરકનાં ખાડામાં પાડતાં રાત્રિ ભોજનને દ્વિદલની સાથે છાશને તેમજ સર્વે પણ અભક્ષ્યોને શ્રાવક ત્યાગે.

ત્રિકાળ જિનપૂજામાં અને ઉભયટંક આવશ્યક કાર્યમાં તત્પર ગૃહસ્થ દેવગતિને પામે છે. ત્યાંથી પણ જનાનંદ કારી એવાં રાજકુલ આદિમાં જન્મ પામી રત્નત્રયોને સાધીને તે મુક્તિ સુખને પામે છે.

જે ગૃહસ્થધર્મમાં રત, દાનશીલથી સંપન્ન, અને શંકાદિથી રહિત ગૃહસ્થો તે મહર્દ્ધિક દેવ થાય છે.)

આ રીતે સાંભળીને ચારિત્ર-મોહનીયનાં ક્ષયોપશમના યોગે પુષ્પની જેમ ઉજ્જવલ ચિત્તવાળાં શ્રેષ્ઠિ પુત્રે સમકિત પૂર્વક બાર વ્રતોથી યુક્ત અને અનેક અભિગ્રહોથી દુષ્કર એવાં સુશ્રાવક ધર્મને ગ્રહણ કર્યો.

ત્યાં કરુણાવાન ગુરુએ તેને આ રીતે શિખામણ આપી. હે ભદ્ર ! ભાગ્યયોગે ઘણા ભાવમળનો ક્ષય થતાં, રોગમાં પથ્યની જેમ ઘણાં કલ્યાણોની હારમાળાની સાક્ષીરૂપ કલ્પવૃક્ષ જેવો ધર્મ તેં હમણાં પ્રાપ્ત કર્યો છે હે આર્ય ! જિન કથિત નવાં નવાં પુણ્ય કાર્યોથી સર્વ ઇચ્છિત ફળદાયી આ ધર્મને તારે ઘણો વધારવો જોઇએ.

તે રીતે સ્વીકારીને ગુરુ એવા મુનિને વાંદીને ધર્મની તન્મયતાને ધારણ કરતો શુભ્ર મુખ કાંતિવાળો જે ફરી ઉત્પન્ન થયેલાં સ્નેહ

વાળા બેનનાં ઘરે ગયો તેણીએ પણ ધર્મબંધુ પણાથી તેનું વાત્સલ્ય કર્યું તેની ધર્મ પ્રાપ્તિ જાણીને ખુશ થયેલ સમુદ્ર શ્રેષ્ઠીની પુત્રીએ નગરજનોને ખુશ કરતી ઉત્સવોની હારમાળા કરી.

ઉત્તમ રીતે વ્યવહાર કરતાં તે શ્રેષ્ઠી પુત્રને પુણ્ય પ્રભાવે અધિકાધિક લાભ થયો, પછી સર્વે આપત્તિઓ અળગી થઈ અને સંપત્તિ વૃદ્ધિ પામી અને તે નગરમાં તે સર્વને પૂજનીય થયો.

હાથનાં આઘાતોથી પીડાયેલો પણ દડો ઉપર ઉડે જ છે. સદાચરણવાળાઓને વિપત્તિઓ પ્રાયઃ અસ્થાયી હોય છે.

મજિઠિયાનાં રંગની જેમ અંતરમાં સંવેગના રંગને ધારણ કરતાં ધર્મી ઉમયે એકદા અંતરમાં વિચાર્યું મોહાંધિત એવા જગતમાં હમણાં સિદ્ધિ નિવાસ માટે પગથિયારૂપ એવું મનુષ્યપણું, આર્યદેશ, સુકુલમાં જન્મ, શ્રદ્ધાળુ પણું જિનવાણીનું શ્રવણ અને વિવેક આ સુકૃતિ [પુણ્ય] થી પ્રાપ્ત થયું છે. આટલાં કાળ સુધી વિવેક રહિત પણે દુખઃદાયી એવા વ્યસનો દ્વારા મેં મારા આત્માની કદર્થનાં કરી. ઘણાં પુણ્યોદયે વ્યસનરૂપી સાગરને તરીને ફરી ક્રોડો ભવે પણ દુષ્પ્રાપ્ય એવું શ્રાવકપણું મેં અંગીકાર કર્યું છે. તેથી મારે હવે ભાવ આસ્તિકપણે જિનમતમાં ભાવના કરવી. કારણ ભાવવિનાની ક્રિયા એ આકડાનાં ઝાડ જેવી છે. જે જિનશાસનમાં શ્રધ્ધાને ધારણ કરે છે, ક્ષેત્રમાં સતત ધનને વાવે છે, સુસાધુ સેવનાદિ પુણ્ય કાર્યોને પણ કરે છે તેને ઉત્તમ શ્રાવક કહ્યો છે. જે સમકિતી આત્મા વિધિપૂર્વક ગુરુનાં ચરણકમળમાં વ્રત ગ્રહણ કરે છે તેને જિનવરોએ શાસ્ત્રોમાં ભાવશ્રાવક તરીકે કહ્યો છે.

આ રીતે શુભ ભાવનાં કરીને ભદ્રકાત્મા એવા સમુદ્ર શ્રેષ્ઠીનાં પુત્રે જિનશાસનની ઉન્નતિ કરવાની ઇચ્છાથી સાધર્મિકોનું વાત્સલ્ય, સુસાધુઓની પૂજના, તેમજ જિન ચૈત્યોમાં પૂજા સ્નાત્રાદિ ઉત્સવોની હારમાળા કરાવી.

અન્યથા આ ઉમય ઘણાં કરિયાણાને લઇને ભક્તિથી સત્કારીને, પૂજ્યો

ને વિષે સન્માન કરીને પિતાને મળવાની. તીવ્ર ઝંખનાથી કેટલાક લોકોથી યુક્ત સાર્થ સાથે ચાલ્યો.

માર્ગમાં પણ છ આવશ્યકોને પાળતો, સ્વશક્તિથી દીન અનાથાદિ ઉપર ઉપકાર કરતો. સર્વે પણ જંગમ અને સ્થાવર ભાવતીર્થોમાં પણ વિધિથી પૂજા-સત્કાર દાનાદિને કરતો, પોતાનાં માણસોથી યુક્ત એવો જતાં જતાં માર્ગથી ભ્રષ્ટ થયેલો રાત્રિનાં વિષે મહા અટવીમાં પડયો, ધર્મરહિત જીવ સંકટમાં પડે તેમ સમગ્ર રાત્રિ વિકટ એવી તે અટવીમાં ભમવાં છતાં પણ ગુરુ રહિત જીવોની જેમ તે કયાંય પણ માર્ગને ન પામ્યો.

હવે સૂર્યોદય થતાં ક્ષુધાથી પીડિત સાર્થપુરુષો અજાણ્યાં ફળનાં ભક્ષણથી મૂર્ચ્છિત થયેલાં પૃથ્વી ઉપર પડયા. આથી જ ઉભય લોકનાં સુખાર્થીઓને અને તત્ત્વજ્ઞોને અજ્ઞાત ફલનો-ભોગ યોગ્ય નથી.

અજ્ઞાત ફલના ત્યાગથી જીવતાં રહેલાં ઉભયે ગુરુની સ્વાભાવિક કરુણતાને વિચારી પછી તે વિયોગનાં દુઃખથી દુઃખી અને પોતાની નગરીનાં પથને ન જાણતો ભયયુક્તપણે અટવીમાં અહીં તહીં ભમતા તેણે પુણ્યરૂપી લાવણ્યની વાવડી સમી પ્રત્યક્ષ દેવતાં જેવી એક સ્ત્રીને સ્વસન્મુખ આવતી દેખી.

સમીપ આવેલી તેણીને શ્રેષ્ઠીપુત્રે કહયું હે ભદ્રે ! વિશાલા નગરીમાં જવાનો માર્ગ તું હમણાં મને બતાવ.

સાત્ત્વિક ભાવોને ધારણ કરતી સ્મિતયુક્ત વદનવાલી તે સ્ત્રી બોલી હે મહાશય ! તમે કહેલ માર્ગને હું જાણતી નથી. પરંતુ પલ્લીપતિની પુત્રી એવી હું કામદેવનાં રૂપ જેવાં વનચારી એવાં તમને જોઇને સખીવર્ગને ત્યાગીને કામુકી એવી હું તારી પાસે આવી છું તેથી પ્રત્યક્ષ સુખને આપતાં ભોગોને તું મારી સાથે ભોગવ.

સ્વર્ગફળ જેવાં સ્વાદિષ્ટ ફળ ખાઇને તું સ્વસ્થ થા. કારણ આનાં ભક્ષણથી જીવ નવયૌવનને પામે છે. પ્રથમ હું નિસ્તેજ એવી ઘરડી હતી. હમણાં આ ફળથી યૌવનને પામી છું. વિષયથી વ્યાકુળ કરાયેલી હું હમણાં તારા અંગનાં સંગરૂપ અમૃતપાન વિના ક્ષણ પણ

રહેવાં સમર્થ નથી. હે કરૂણા પર ! મારા મનની ઇચ્છિત સંપત્તિથી સુવર્ણ રત્નાદિની ખાણોથી તારૂં ઈચ્છિત થશે.

આપત્તિમાં પણ દીનતાને ન પામેલો ઉમય ત્યારે બોલ્યો, હે ભદ્રે ! મેં અજાણ્યા ફળનો ત્યાગ કર્યો છે. ઇંદ્રાણી જેવા સૌભાગ્ય વાળી પણ પરસ્ત્રીને હું ત્રિવિધે ત્રિવિધે ઈચ્છતો નથી તો પછી તારા જેવીને તો શું ?

બુદ્ધિમાનો નરકનાં ચાર દ્વારો કહે છે. અનંતકાય-સંધાન-રાત્રિ ભોજન અને પરસ્ત્રીગમન. સ્વીકારેલા વ્રતને પ્રાણાંતે પણ ભંગ ન કરવો. વ્રતભંગથી જીવો નરકમાં જાય છે. પ્રાયઃ નીચ જન ધનને વ્રતથી પણ અધિક માને છે. મહાપુરુષો તો પ્રાણ કરતાં પણ વ્રતને મહાનપણું આપે છે.

આ રીતે ઉમયે કહેલું સાંભળીને ક્રોધયુક્ત તે વનચરી ગભરાવવા માટે ભીષણ રૂપ વિકુર્વીને આવી. જેમ જેમ કામાતુર એવી આ અધિક ક્ષોભ કરે છે તેમ તેમ તેનુ મન ધર્મમાં વધું દૃઢ બને છે.

હવે દૃઢ ધર્મવાળા તેને જાણીને પ્રશાંત થયેલ ચિત્તવાળા દેવીએ પ્રત્યક્ષ થઇને આ રીતે સ્તુતિ કરી. વિપત્તિમાં પણ જેનું મન ધર્મને વિષે દૃઢ થાય છે. એવો તુંજ આ લોકમાં ધન્ય છે. મોટાઓને પણ પ્રશંસનીય છે.

આ અટવીની સ્વામીની મૃગવાહનાં નામે હું દેવી છું. તારી સત્ત્વપરીક્ષા માટે મેં આ બધું કર્યું હતું. પરંતુ શ્રાવકોમાં ઉત્તમ એવો તું સત્વશાળીઓમાં શ્રેષ્ઠ છે, હે કલ્યાણકારી હમણા હું તારા ઉપર પ્રસન્ન છું. તું વરદાન માંગ.

તે બોલ્યો, જો તું વનદેવતા ખુશ થઈ હોય તો તારી કૃપાથી મારા આ મિત્રો જીવંત થાઓ.

આ રીતે કહેવાયેલી દેવીએ સર્વે પણ પુરુષોને જીવાડીને તેઓ સામે યથાવત્ સર્વ હકીકત જણાવી. પરિવાર સહિત તે શ્રાવકને ઉજ્જ-યિની નગરીમાં લઈ જઇને ઘરાંગણે ઘણી એવી સુવર્ણવૃષ્ટિ કરીને

જિનધર્મની ઉન્નતિકારક એવાં પાંચ આશ્ચર્યોને પ્રગટ કરી તેનાં ચરણમાં નમીને તે દેવી સ્વસ્થાને પહોંચી.

જીવિત પામવાથી પ્રસન્ન થયેલાં તે સાર્થપુરુષો સ્થાને સ્થાને શ્રાવકાગ્રણી ઉમયને વખાણે છે.

હે ઉમય ! હે કરૂણાસાગર ! પુષ્કળ પુણ્યનો ગુણસાગર ! તારી કૃપારૂપી અમૃતથી હમણાં અમે જીવ્યા છીએ, તને કંઈ પણ દુઃસાધ્ય કે દુઃષ્પ્રાપ્ય નથી કે જે તું દેવોની સહાયથી આવી સંપત્તિ પામ્યો.

અત્યંત દૃઢ ધર્મવાળા પુરુષને પૃથ્વી આંગણારૂપ, સમુદ્ર નીકરૂપ, પાતાલ સ્થલરૂપ અને સુમેરૂ પર્વત એક રાફડા રૂપ થઇ જાય છે.

ગર્વરહિત એવા શ્રેષ્ઠીપુત્રે તેઓને કહ્યું, હે સુજ્ઞો ! ધર્મનો મહિમાં મનથી પણ કળી શકાય તેમ નથી,

પુરુષોને ધર્મથી અહીં અને પરલોકમાં સુખ થાય છે, ધર્મ અંધકારમાં સૂર્ય સમો છે, દેવોને શાંત કરવામાં સમર્થ ધર્મ નામનો નિધિ છે. ભાઈ વિના માટે ધર્મ બંધુ છે, દીર્ઘ પંથમાં ધર્મ એ નિશ્ચિત મિત્ર છે. સંસારરૂપ મરૂ ભૂમિમાં ધર્મથી અન્ય કલ્પવૃક્ષ છે જ નહીં.

લક્ષ્મીયુક્ત, સદાચારીઓમાં શ્રેષ્ઠ, મિત્રો દ્વારા તે રીતનાં ગુણની સંગતિથી વખાણાતાં પુત્રને ક્ષણમાં પોતાનાં ઘરે આવેલો જોઈને સર્વત્ર ઉત્સવોને કરતાં માતા-પિતાદિ સ્વજનો હર્ષ પામ્યાં તેનું અદ્ભુત ચારિત્ર સાંભળીને ત્યાં આવીને રાજાએ તેને સન્માનીને શ્રેષ્ઠીપદે સ્થાપ્યો.

હવે સ્વસ્થાને સ્વ પુત્રોને સ્થાપીને શ્રેષ્ઠ ભાવનાવાળા રાજા પ્રધાન અને સમુદ્ર નામે શ્રેષ્ઠીએ અષ્ટાહ્નિકા મહોત્સવ કરીને અર્થિઓને દાન આપીને મુનિચંદ્ર ગુરુની પાસે સંયમલક્ષ્મી ગ્રહણ કરી.

નગરમાં શ્રેષ્ઠીપદ કરતાં સત્પક્ષપોષક અને ગર્વરહિત ઉમયે સર્વ લોકોને ખુશી કર્યા. ત્યાં ઋષભ-પ્રભુનું કૈલાસ પર્વત જેવું રમણીય સ્ફટિકનું દેરાસર બંધાવી સંપત્તિના ફળને મેળવ્યું.

પ્રતિવર્ષ ઘણાં જિનબિંબોની પ્રતિષ્ઠા કરીને તેણે જન્મના ફળને

ગ્રહણ કર્યું. હું ધન્ય છું! મારો જન્મ સફળ છે! એ રીતે આનંદને ધારણ કરતાં તેણે જગત્પૂજ્યો જે ભવભીરૂ આત્મા જિનશાસનમાં દીક્ષા ગ્રહણ કરશે તેનાં કુટુંબની ચિંતા હું કરીશ એવી ઉદ્ઘોષણા તેણે કરાવી, (અને) ક્રમે કરી તે જ ગુરુ પાસે સંયમ પામીને ઉભય પરમાનંદના સામ્રાજ્યને પામ્યો.

પુણ્ય પ્રભાવે મેં પણ ત્યાં સર્વવ્રતોનાં ભૂષણરૂપ તત્ત્વશ્રધ્ધાનાં લક્ષણવાળાં સમ્યક્ત્વને મેળવ્યું.

કનકલતાએ કહેલું જિનમતની દઢતાનાં અદ્ભુત મહાત્મ્યથી યુક્ત એવા શ્રેષ્ઠીપુત્રનું ચારિત્ર સાંભળીને કુંદલતા સિવાય રાજા–મંત્રી શ્રેષ્ઠી આ બધાએ તે સત્ય માન્યું.

અન્યનાં સદ્ભુત ગુણોને છુપાવવા નહીં અને પોતાનાં અછતાં ગુણોને પ્રશંસવા નહીં. એમ કરવાથી પુરુષ નીચ ગોત્રને યોગ્ય બને છે.

---

મોહરૂપી અંધકારનાં ક્ષય, માટે દીપક સમાન આ કથાને જે સહર્ષ અંતરમાં સ્થાપે છે તેને જિનધર્મનાં તત્વપ્રકાશરૂપ પ્રગટ લક્ષ્મી પ્રાપ્ત થાય છે.

# પાંચમો પ્રસ્તાવ સંપૂર્ણ

# છઠ્ઠો પ્રસ્તાવ પ્રારંભ

## જિન પૂજા દુઃખહરણી

હવે સર્વજ્ઞધર્મયુક્ત શ્રેષ્ઠીએ વિદ્યુલ્લતાને કહ્યું, હે શ્રેષ્ઠ ચિત્તવાલી! શુધ્ધ સમકિત પ્રાપ્તિનું કારણ તું કહે. અમૃતમધુર એવો પતિનો આદેશ પામીને બોધિનાં લાભને આપતું ઉલ્લાસપૂર્ણ દષ્ટાંત તેણીએ કહ્યું.

પુણ્યાવાસોથી પવિત્ર એવાં આ જ ભરતક્ષેત્રમાં સર્વ અદ્ભુત લક્ષ્મીઓનાં ધામરૂપ કૌશાંબી નામે નગરી હતી.

ત્યાં યુદ્ધની ખણુજ માટે દોર્દંડ સમો છ ખંડ પૃથ્વીનાં ભૂષણ

રૂપ જયલક્ષ્મીનાં પાત્ર સમો સુદંડ નામે રાજા હતો. દ્દઢધર્મની સ્થિતિ વડે સમિતિનાં પ્રયત્નથી જે બંને રીતે રાજાઓની અને સાધુઓની સભાને શોભાવતો હતો.

પતિનાં અંતરને હરી લેતાં સદાચારોથી યુક્ત એવી વિજયા નામની પ્રિયા અનેક ગુણોથી પરિવરેલી હતી.

પવિત્ર કર્મથી યુક્ત સારી મતિવાલો સુમતિ નામે તેનો મંત્રી હતો. અને તેમ'જ ગુણથી પણ ગુણશ્રી તેની પત્ની હતી,

ત્યાંજ પરમાર્હત શૂરદેવ નામે શ્રેષ્ઠી હતો અને સર્વાંગીન ગુણયુક્ત ગુણવતી નામે તેની પત્ની હતી. નિત્ય પાત્રદાન–જિનપૂજા-દીનોદ્ધારાદિ કાર્યોથી તે દંપત્તિએ પોતાનો જન્મ કૃતાર્થ કર્યો હતો.

એકદા વ્યાપાર કરી દેશાંતરમાંથી લાવેલા અશ્વરત્નો શુરદેવે રાજાને ભેટ ધર્યા. ખુશ થયેલ રાજાએ પણ ક્રોડ સુવર્ણના દાનથી સત્કારીને તેને નગર શેઠની પદવી આપી દેવોની અને રાજાઓની કથા રત્ન–સાગર ઘોડાનો વ્યાપાર– અને રસસિધ્ધિ તરત જ દરિદ્રતાને હણે છે.

શ્રેષ્ઠ એવા રાજસન્માનને પામીને ચતુર ચિત્તવાળો તે શ્રેષ્ઠી પરકાર્યોમાં જરા પણ વિચિત્રતા કરતો નથી.

એકદા તપસ્વી એવાં ગુણશેખર નામે મુનીન્દ્ર પારણાં માટે ભોજન સમયે તેનાં ઘરે આવ્યાં. આદરયુક્ત તેને આગમોક્ત વિધિથી પ્રણામ કરીને ઘણી ભક્તિથી પોતે'જ તેમને ખીર આપી. ત્યારે તે દાનથી ખુશ થયેલાં દેવોએ તેના ઘરે પાંચ આશ્ચર્ય કર્યા. અહો ! સાધુદાનરૂપ કલ્પવૃક્ષનો વૈભવ. સર્વ રસોથી યુકત પાત્રદાનનાં પ્રભાવે શૂરદેવે તે ભવમાં તીર્થંકર નામકર્મ બાંધ્યું.

ન્યાયથી ધર્મનાં ભેદોમાં 'દાન' શ્રેષ્ઠપણે રહેલું છે કારણ તેનાં પ્રભાવે સર્વે પણ સંપત્તિઓ મળે છે. ધર્મનાં સર્વ ભેદોમાં રાજા દાન ધર્મને માને છે. કારણ સર્વે પણ ધર્મવાદીઓ તેણે આગળ કરે છે.

તે'જ નગરીમાં સાગરદત્ત શ્રેષ્ઠીનો પુત્ર, ગુણવાનોમાં પ્રસિદ્ધ

એવો સમુદ્રદત્ત નામે શ્રેષ્ઠી રહેતો હતો. ધન મેળવવાં માટે પ્રયત્નશીલ છતાં પણ અત્યંત નિર્ધન એવા તેણે દાનના મહિમાને જોઈને ત્યારે અંતરમાં વિચાર્યું. સજ્જનોને પણ ગ્રાહ્યગુણવાળો આ શૂરદેવ શ્રેષ્ઠી ધન્ય છે જેણે આવો ચિત્ત-વિત્ત અને સુપાત્રનો યોગ થયો.

કેટલાકને ચિત્ત હોય છે તો કેટલાકને વિત્ત હોય છે તો વળી કેટલાકને બંને હોય છે. પણ ચિત્ત-વિત્ત અને પાત્રનો યોગ ધન્ય એવાં પુણ્યશાળીને'જ હોય છે.

સુપાત્રમાં શ્રદ્ધાપૂર્વક શુદ્ધ વસ્તુઓનું જે દાન, તે પૂર્વપુણ્યનો વિપાક છે. એવું સજ્જનોનું માનવું છે. નિર્ધન એવાં મને આ રીતનાં શુભનો ઉદય ક્યારે થશે ? જેથી પાત્રદાનથી ઉત્પન્ન થતાં આ રીતનાં ફળને હું મેળવું. પરંતુ ધન વિનાં દાનધર્મ શક્ય નથી કારણ ગૃહસ્થોની સર્વ સ્થિતિઓ ધનને આધીન કહેલી છે.

સન્માન ધનથી'જ છે સુકુળથી નહીં, કીર્તિ ધનથી'જ છે પરાક્રમથી નહીં. કાંતિ (રૂપ) ધનથી'જ છે યૌવનથી નહીં, અને ધર્મ પણ ધનથી'જ છે જીવિતથી નહીં....સ્વપક્ષ વિના વાદને, યૌવન વિના વિલાસોને અને ધન વિના દાનને કરતો હાંસીપાત્ર બને છે....

તેથી દેશાંતર જઇને ધનોપાર્જન કરીને પાત્રદાનથી જીવનને સફળ કરીશ.

પછી ધનાવહ સાર્થવાહને લઈને નાયક કરીને આ સજ્જન, ધન માટે ભગલ નામનાં દેશ તરફ ચાલ્યો. સાર્થવાહની સાથે જતાં ક્રમે કરીને તે સુંદર એવાં ગુણોનાં સમૂહરૂપ પલાસક નામના ગામે પહોંચ્યો

તે'જ ગૃહસ્થો પ્રશંસનીય છે, તેઓનો'જ જન્મ સફળ છે કે જેઓ શુધ્ધ વસ્તુઓવડે ભક્તિથી પાત્રદાન કરે છે, તે પાત્રદાનની સ્તવના કરવાં કોણ સમર્થ છે, જેથી સંસારી બંને લોકમાં સુખી થાય. આ રીતે ચિંતવતાં નિદ્રાને પામેલા તેને રાત્રિમાં ગ્રામાધિષ્ઠાયિકા દેવીએ સ્વપ્નમાં આનંદથી આ રીતે કહ્યું.

હે વત્સ ! જો તું ધન અને ધર્મને ઇચ્છે છે, તો તું અહીં'જ રહેજે ક્રમે કરીને તારો મનોરથ નિઃશંક પણે સિધ્ધ થશે. હે મહા ! ભાગ તું'જ પ્રશંસનીય લોકોમાં શ્રેષ્ઠ છે જે તારી સત્યકાર્યમાં દૃઢ અનુંબંધવાળી સુવાસના (ઇચ્છા) છે.

આ સત્ય'જ છે એ રીતે માનતાં જાગ્રત થયેલાં આ મહામતિએ સાર્થવાહને જણાવીને ત્યાંજ રહેવાનું કર્યું. માર્ગશ્રમિત વિદેશી એવો તે સમુદ્ર ત્યારે સર્વસુખદાયી ધર્મને'જ કરે છે.

ત્યાં કીર્તિ અને ધનથી બીજા કુબેર જેવો. અશોક નામે ઘોડાનો વ્યાપારી રહે છે. જગતને આનંદદાયીપણાથી સર્વે પણ દાનોમાં મુખ્ય જાણીને. તે નિત્ય અન્નદાનને આપે છે.

તેની સૌભાગ્યનાં સ્થાનરૂપ વીતશોકા નામે પત્ની હતી. તેમની લક્ષ્મીની જેમ કમલ જેવાં આંખવાળી પદ્મશ્રી નામે પુત્રી હતી. તેનાં ઘરમાં વ્યાપાર માટે ૧૪૦૦ (ચૌદસો) ઘોડાઓ અને ૧૦૦૦૦ દસહજાર દિવ્ય અશ્વો હતાં.

એકદા પાસે આવેલાં યથાર્થ નામવાળા અને સજ્જનોમાં ભૂષણરૂપ સમુદ્રને જોઇને તેણે આનંદથી કહ્યું. હે ભદ્ર ! સુંદર આકારવાળો તું કોણ છે ? અને કયા કારણે અહીં આવ્યો છે ? તે સર્વ વાત મને કહે.

વિનયથી લઘુતાને ધારણ કરતાં તેણે તેની આગળ યથાવત સ્વરૂપ કહ્યુ. છતાં તેણે પણ સમુદ્રને કહ્યું. યથાયોગ્ય કામ કરતા તારે મારા ઘરે રહેવું અને મારે પણ તારા વસ્ત્ર–ભોજનાદિની વ્યવસ્થા કરવી. હે વિદ્વાન્ સ્વસ્થાન તરફ જતાં તારે મનને ગમે તેવા, દોષરહિત અને તેજસ્વી એવાં બે અશ્વો લેવા.

આ વાતમાં ગ્રામપ્રમુખ આદિને સાક્ષી કરીને સર્વકાર્યમાં જાગૃત એવો સમુદ્ર તેનાં ઘરે રહ્યો. ત્યાં તે ઘોડાઓની રક્ષા કરે છે, સ્વયંચારો આપે છે સારી રીતે માખી આદિને દૂર કરે છે. વળી ઉચિતતાથી ઘરના લોકોનું સન્માન કરે છે.

શ્રેષ્ઠી આદિ સર્વને સમુદ્રે યુક્તિપૂર્વક તત્ત્વથી સર્વજ્ઞધર્મ સમજાવ્યો. પરંતુ યૌવનોન્માદના આવેગથી યુક્ત એવો તે તેની પુત્રી પદ્મશ્રીને વશ કરવાની ઇચ્છાવાળો થયો. તેણીનાં મનોભાવની પરીક્ષા કરવા માટે વનમાંથી વિવિધ સ્વાદિષ્ટ ફળોને લાવીને રોજે તેણીને આપે છે. ફલદાનથી ખુશ થયેલી અને શરીરની શોભાથી મોહિત થયેલી પદ્મશ્રી પણ ત્યાં ઘણાં સ્નેહવાળી થઈ તે પણ છુપી રીતે સ્વાદિષ્ટ મોદક આદિથી બહુમાન કરે છે. કારણ બધાને સ્વાર્થ જ પ્રિય હોય છે. આ રીતે તેઓની પરસ્પર પ્રીતિ એટલી વૃદ્ધિ પામી કે તેઓ પરસ્પર દર્શન વિના રહી શકતા નથી.

હવે બે વર્ષ બાદ પોતાના દેશ તરફ જતો ધનાવહ સાર્થવાહ ત્યાં પાછો આવતાં સ્વનગરે જવાની ઇચ્છાવાળા સ્નેહયુક્ત સમુદ્રે એકાંતમાં પદ્મશ્રીને આ રીતે કહ્યું.

હે ભદ્રે ! સ્વસાર્થની સાથે હું ઘર તરફ જવાં ઇચ્છુ છું. પણ પરમ પ્રીતિપાત્ર એવી તને ક્ષણ પણ ત્યાગવાને હું સમર્થ નથી. વિદેશમાં પણ તારાં સહવાસથી અહીં સતત સુખપૂર્વક રહ્યો છું, ઉપકાર વાળવાને અસમર્થ એવો હુ દુઃખી છું.

અનુરાગવાળી તે બોલી કે પિતાનાં આદેશથી તમને પરણીને હમણાં તમારી સાથે આવીશ પરંતુ પાણિગ્રહણનો ઉપાય તું સાવધાનતાથી સાંભળ. કારણ દુઃસાધ્ય કાર્ય ઉપાય વિના સાધ્ય થતુ નથી.

કૃશ શરીરવાળા હોવા છતાં પણ સ્નિગ્ધ અને મૃદુ રોમરાજીવાળા લાલ અને સફેદ કાંતિવાળા બે અશ્વો ઘોડાનાં સમૂહમાં છે. શ્વેત વર્ણવાળો આકાશગામી છે. અને લાલ વર્ણવાળો જલગામી છે. બન્ને જેને ત્યાં રહે છે. તેના ઘરમાં સર્વે સંપત્તિઓ થાય છે. પિતાજી પાસે તારે આ બે ઘોડા માંગવા કારણ તેનાથી મોહિત એવી મને કષ્ટ વગર તને આપશે.

તે સાંભળીને વિસ્મિત થયેલા શ્રેષ્ઠીપુત્રે વિચાર્યું કે નક્કી આ

સ્વપ્નનો પ્રભાવ છે જે આ કન્યાની આવી પ્રીતિ છે. વળી પૂર્વે ઉપાર્જેલ પુણ્યથી મારી આજ ઉલ્લાસિત થઇ છે. જે અશ્વરત્નોની જાણકારી મને વળી.

મૃદુ વાકયોથી તેણીને આનંદ પમાડી, તે વાતને અંતરમાં રાખીને રોમાંચિત થયેલાં સમુદ્રે શ્રેષ્ઠીને કહ્યું, હે વિભો ! સ્વદેશ પહોંચાડતો અહીં આવેલો સાર્થ બહાર રહ્યો છે. તેની સાથે હું પોતાનાં ઘરે જવાં ઇચ્છુ છું આટલાં દિવસ હું આપને ત્યાં સુખપૂર્વક રહ્યો. હવે પોતાનો સાર્થ મારી રાહ જુએ છે. તેથી હમણાં બે ઘોડાનું દાન કરી મારી ઉપર ઉપકાર કરો. ત્યારે અશોકે કહયું ઘોડાના સમૂહમાંથી યથા–રુચિ ગ્રહણ કરો.

આ રીતે કહેવાયેલાં સમુદ્રે પુરાધ્યક્ષની સાક્ષીએ વિનય વચનોથી તે બે ઘોડા માંગ્યા.

માયાવી છતાં મુખે મીઠા એવાં અશોકે કહ્યું, હે સમુદ્ર ! સારાસારના અજ્ઞાત ચિત્તવાળો તું દુર્ભાગી છે. કે મુરખની જેમ શ્રેષ્ઠ એવા અશ્વોને મૂકીને અતિ દુર્બલ અને મંદગતિવાળા ઘોડાઓને માંગે છે. આ મૂકીને દૃષ્ટિને સુખદાયી શ્રેષ્ઠ એવાં અશ્વયુગલને ગ્રહણ કર જેથી તને લાભ થાય.

પછી સ્વદેશનાં લોકોથી પરિવરેલાં સમુદ્રદત્તે તેને કહ્યું કે આ બે અશ્વો ગ્રહણ કરીશ અન્ય અશ્વોનું મારે કોઈ કામ નથી, જે તને ગમે તે બે ઘોડા ગ્રહણ કરવાં એવું વચન તમે પૂર્વે લોકોની સમક્ષ આપેલું છે. કદાચ કલ્પાંતકાળનાં પવનથી મેરૂ શિખર કંપે છે.

પણ મહાપુરુષોએ સ્વીકારેલું વચન કયારેય નિષ્ફળ જતું નથી.

ગ્રામ જનોએ કહ્યું હે અશોક સજ્જનોમાં શ્રેષ્ઠ એવો તું કુબેરની જેમ ધનવાનોમાં અગ્રેસર છે. તેથી તું તારું વચન પાલન કર.

પછી અશોકે ઘરે જઇને પત્નીને કહ્યું કે દુષ્ટ એવા તેણે ઘોડાનો ભેદ કઈ રીતે જાણ્યો. જ્યારે શોક રહિત પદ્મશ્રીએ તે સર્વ વાત જણાવી ત્યારે અશ્વપતિએ હાથમાંથી ગયેલ વાતથી વિચાર્યું.

સ્વકાર્યની એકમાત્ર ઈચ્છાદાયી સ્ત્રીઓ માતા-પિતા-પુત્ર-ભાઈ તેમજ સસરાને પણ ઠગે જ છે. ખસનો રોગ દેહને શોષે તેમ ખરાબ ચિત્તવાલી સ્ત્રીઓ સુખની ઇચ્છાથી સતત નિઃશંકપણે પિતાનાં ઘરને શોષે છે. સર્વ ઇચ્છિતને આપેલાં પણ પિતાનાં ઘરને પુત્રી પ્રાયઃ ચોરની જેમ નિત્ય ઉદ્વેગ કરનારી થાય છે.

સદાચારમાં તત્પર એવાં તેણે પણ મારી પુત્રીને કઇ રીતે વશ કરી ? અથવાં તો કામ એ દુર્જય છે. યૌવનોન્માદથી યુકત રૂપવાન સ્ત્રીને જોઈને યોગી પણ મોહ પામે છે તો સામાન્ય માણુસ તો શું ?

પછી શ્રેષ્ઠીએ પત્ની સાથે વિચારણા કરી પ્રાયઃ મહાન કાર્યમાં ગૃહસ્થને સ્ત્રી આંખરૂપ હોય છે. પછી પત્નીની અનુમતિથી બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ એવાં શ્રેષ્ઠીએ જલદીથી અશ્વરત્નોથી યુક્ત પોતાની પુત્રી સમુદ્રને આપી. લક્ષ્મી જેવી પદ્મશ્રીને પરણીને અશ્વોને મેળવી સમુદ્ર વાસુદેવની જેમ ખુશ થયો.

કેટલાક દિવસો ત્યાં રહીને સાર્થની સાથે સ્વદેશ તરફ જતો સ્ત્રીયુક્ત એવો તે દરિયા કિનારે પહોંચ્યો. ત્યાં અશોકથી પ્રેરાયેલો નાવિક તેની પ્રત્યે બોલ્યો. જો આપ આ બે ઘોડા મને આપો તો' જ હું પત્નીયુક્ત એવાં તમને યાનપાત્રમાં ચઢાવીને બુદ્ધિમાન એવો હું પ્રાણીઓથી ભયંકર અને દુઃખે કરીને અવગાહી શકાય એવાં સાગરને પાર ઉતારીશ જેમ સાધુઓ ચારિત્રરૂપી યાનપાત્રમાં ચઢાવીને ભવ્ય લોકને સંસારસાગરને પાર ઉતારે તેમ. અન્યથા ભવની જેમ આ સમુદ્રથી તારો ઉદ્ધાર નથી અથવા તો ચારિત્ર કે યાનપાત્ર સિવાય કોઈ આને તારે છે !

ક્રોધિત થયેલ શ્રેષ્ઠીપુત્રે કહ્યું કે સોનામહોરને છોડીને હું તને વધું કંઈજ આપવાનો નથી.

નાવિકો સાથે ઘણો વિવાદ થયો, છતાં વિદુષી એવી પદ્મશ્રીએ પ્રાણવલ્લભને કહ્યું. નીચ પુરૂષો સાથે નકામો વિવાદ શું કામ કરો છો ? મહાન પુરુષો કયારેય નીચ જનો સાથે ઝગડો કરતા નથી.

હે સ્વામિન્ ! નભોગામી એવા આ ઘોડા ઉપર આરૂઢ થઈ જલદીથી સમુદ્ર પાર કરીને હે આર્યપુત્ર ! જલદી આપણાં પિતા પાસે જઈએ. નક્કી અશ્વરત્ન ગ્રહણ કરવાની ઈચ્છાથી મારા પિતાથી પ્રેરાયેલાઓ નાવિકો અહીં સમુદ્ર કિનારે વિવાદ કરે છે. હે સ્વામિન્ ! આ રીતે તમારા જવાથી વિવાદ નાશ પામશે પછી સાર્થજનો સાથે સર્વ માલ આવી જશે

પ્રિયાનાં પ્રિયવચનોથી પ્રેરાયેલાં તેણે તે રીતે કર્યું ઉપાય પ્રાપ્ત થયા પછી પ્રિયાસહિત સારભુત વસ્તુઓથી યુક્ત શ્રેષ્ઠી પુત્ર તે ઘોડા ઉપર આરૂઢ થઈને બીજા ઘોડાને હાથમાં ધરીને તે નાવિકોનાં દેખતાં છતાં સુખ પૂર્વક ઘરે પહોંચ્યો, કારણ સર્વત્ર જીવોનો પુણ્યોદય કામ કરે છે.

પછી ન્યાયોચિત દ્રવ્યથી સર્વ સાર્થને ખુશ કરીને સાગર પાર કરીને સાર્થ આવ્યો.

ક્ષમાથી યુક્ત યતિની જેમ, પ્રિયાથી યુક્ત એવો સમુદ્ર ઉન્નત એવાં ગર્વની જેમ તે ઘોડા ઉપરથી ઉતર્યો. ગુરુઓનાં ચરણકમળથી પવિત્ર જન્મગૃહને આનંદથી નમ્યો, કારણ કુલીન જનો સદાચારને ક્યારેય ચૂકતાં નથી.

પત્ની અને લક્ષ્મીયુક્ત પુત્રનું આગમન થયું ત્યારે પિતાદિએ અતિ અદ્ભુત એવી ઉત્સવોની હારમાળા કરાવી તે બે ઘોડાનાં માહાત્મ્યથી તેનાં ઘરે રોજ રોજ સર્વે સંપત્તિઓ વૃદ્ધિ પામી, વસ્તુનો વૈભવ અચિન્ત્ય છે.

પદ્મશ્રીએ ખુશ કરેલ ચિત્તવાળો ધન મેળવવામાં તત્પર ચિત્ત વાળો સમુદ્ર સર્વ નગરમાં ધનવાન અને પૂજનીય થયો.

એકદા સમુદ્રે ઈંદ્રનાં અશ્વ જેવો તે નભોગામી ઘોડો સુદંડ રાજાને ભેટ આપ્યો તેથી ચમત્કૃત થયેલાં રાજાએ કામરાજાની સેનાં સાથે ઘણા ઉત્સવોપૂર્વક ઘણાં ગામ નગરોનો અધિપતિ તરીકે તેને સ્થાપ્યો રૂષ્ટ અને તુષ્ટ થયેલો રાજા મહાપદને (મહા-આપદ) આપે છે.

પુણ્યયોગે સામ્રાજ્ય પામેલાં સાગરદત્તે નિત્ય ધર્મકાર્યોથી જિન શાસનને દીપાવ્યું,

તેનાં શુભોદયથી એકદા ભોજન સમયે પ્રગટ એવા સો (૧૦૦) લબ્ધિઓના સ્વામી સુવર્ણથી પણ અધિક દેહકાંતિવાળાં, દર્શનજ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રયીથી પવિત્ર એવાં ગુણશેખર મુનિ પારણાર્થે તેનાં ઘેર આવ્યાં.

તરતજ આનંદનાં ઝરણામાં ડુબેલાં ચિત્તવાળાં તેણે સ્વયં નવ પ્રકારે સર્વથા શુદ્ધ અન્નપાનાદિથી શાસ્ત્રવિહિત વિધિથી તે સંયમીને પડિલાભ્યાં, સત્પાત્રનો અવસર આવે છતે શું વિવેકી પ્રમાદ કરે છે ?

ત્યાં સુવર્ણ-સુગંધી જલાદિની વર્ષા કરતાં દેવોએ સમગ્ર જનતાને આનંદકારી એવો દાનનો મહિમા કર્યો. તે મહિમાની સાથે શ્રેષ્ઠી તે રીતે અત્યાનંદને પામ્યો. જાણે છ ખંડના સામ્રાજ્યની પ્રાપ્તિ થઇ હોય ?

વિધિથી પુંડરિકગિરિ પર યાત્રા, સત્પાત્રમાં લક્ષ્મીનો વ્યય, સજ્ઞાન અને સમ્યક્ત્વયુક્ત ક્રિયાઓ પુણ્યયોગે પ્રાપ્ત થાય છે

યોગી પરમાત્માને અને અયોગી પરમપદને પામીને જે આનંદને મેળવે તેવો આનંદ રાજાએ ઘોડાને પામીને મેળવ્યો. અરે ! પછી તે અશ્વપ્રભાવે રાજ્ય સંપત્તિનાં સાતે અંગોમાં વૃદ્ધિ થઈ

એકદા જયયાત્રાએ જતાં રાજાએ તે ઘોડો બાલ મિત્ર એવાં ઋષભશ્રેષ્ઠીને આપ્યો. અને કહ્યું કે રાજયનાં સર્વસ્વ જીવિતરૂપ આ ઘોડો ઘરમાં તારે પોતાનાં આત્માની જેમ સાચવવો.

રાજાનાં આદેશને વશ શ્રેષ્ઠીએ તે ઘોડાને ઘરમાં લાવીને જિન-ધર્મની જેમ પ્રીતિથી પાળ્યો. ઋષભસેને અંતરમાં વિચાર્યું કે પુણ્યો-દયથી આ નભોગામી ઘોડો મને મળ્યો છે તેથી હમણાં આની સહાયથી કંઈક પુણ્યને કરું, અવસર પામી ધર્મ કરે તે વિવેકી છે.

જ્યાં સુધી આ શરીર સ્વચ્છ અને નિરોગી છે. ઘડપણ દૂર છે,

શક્તિ નાશ પામી નથી. આયુષ્ય ક્ષય પામ્યું નથી ત્યાં સુધીજ સજ્જને આત્મ કલ્યાણમાં મહાન પ્રયત્ન કરવો, ઘર બળે છતાં કૂવો ખોદવાનો પ્રતિકાર કઈ રીતનો છે. ?

પછી ઇચ્છિત સ્થાને પહોંચાડતાં ઘોડા ઉપર બેસીને શ્રેષ્ઠી રોજે જંબુદ્વીપમાં રહેલ શાશ્વતી પ્રતિમાને વાંદે છે, કયારેક અષ્ટાપદગિરિ પર જઈને તો કયારેય સર્વ તીર્થોત્તમ એવાં શત્રુંજય પર્વત તીર્થે જઇને તેમજ શ્રી સમ્મેતશિખર, ઉજ્જયન્ત (ગિરનાર) પર્વત, સિદ્ધ કૂટ પર્વતાદિ પર જઈને જિનવરોને નમસ્કાર કરી કરીને તેણે જન્મ ફળ મેળવ્યું

ત્રિલોકનાથની પૂજા કરતાં સંઘની અર્ચનાં કરતાં, તીર્થવંદનાં કરતાં. જિનવાણી સાંભળતાં, સુપાત્રદાન આપતાં, તપ કરતાં અને જીવોની અનુકંપાથી ભરેલાં જેઓનાં દિવસો જાય છે તે પુણ્યાત્માઓનો જન્મ સફળ છે...

તે અશ્વનાં મહિમાને સાંભળીને લોભાંધ થયેલા પલ્લિપતિ પુરમાં રહેલાં જિતશત્રુ રાજાએ આ રીતે કહ્યું જે કોઈ શ્રેષ્ઠ સુભટ સમકિતની જેમ દુષ્પ્રાપ્ય એવાં આ અશ્વરત્નને લાવીને મને આપે તેને મહોત્સવ પૂર્વક પુત્રી ધનપ્રભાને પરણાવીને રાજ્ય લક્ષ્મીનાં વિભાગથી જલદીથી હું સત્કારીશ.

રાજાની વાત સાંભળીને ત્યારે કુટીલ આશયવાળો કુંડલ નામે સુભટ બોલ્યો કે મારે તે ઘોડો લાવવો. રાજાજ્ઞાથી જતાં માર્ગમાં મુનિ ચંદ્ર ગુરૂપાસેથી ધર્મ તત્ત્વને જાણીને કપટથી શ્રાવક થયો. પોતાનાં હાથમાં પુસ્તક રાખેલો; બ્રહ્મચારીપદને ધારતો, ધર્મશાસ્ત્રોને ભણતો તે ક્રમે કરીને કૌશાંબીમાં ગયો.

એકદા જિનગ્રહને પામેલાં, એકમાત્ર ધર્મધ્યાનમાં નિષ્ણાત એવાં તેને જોઇને પ્રણામ કરીને ઋષભે કહ્યું. ઓ બ્રહ્મચારીઓમાં અગ્રેસર ! તમે અહીં કયાંથી આવ્યાં છો ? શું તપ કરો ? આ શાસ્ત્રને કેમ ભણો છો ? તમારાં ધર્મગુરુ કોણ છે ? નિવાસ કયાં કર્યો છે ? યૌવનમાં પણ તમે આવાં બ્રહ્મચારી પણાને કેમ સ્વીકાર્યું છે ?

અત્યંત ધૂર્ત એવા તેણે દંભથી કલ્પના કરીને પોતાની સર્વ વાત જણાવી. તેની વાત સાંભળીને વિસ્મિત થયેલો ગર્વ રહિત હૃદયવાળો શ્રેષ્ઠી બોલ્યો, બ્રહ્મચારી એવાં તમે મોટાઓને પણ માનનીય છો તેથી હમણાં હું તમારી ભક્તિ કરવાને ઈચ્છું છું, સમકિત વ્રતધારી બ્રહ્મચારી શ્રાવક દુર્લભ હોય છે. તેથી કૃપા કરીને તમો અહીં મારા ઘરે આવો. ભોજન સમયે સુપાત્ર પુણ્યોદયથી પ્રાપ્ત થાય છે.

કાલે સુપાત્રદાન, વિશુદ્ધ બોધિ લાભ વાળું સમ્યકૃત્વ અંતે તે સમાધિમરણ અભવ્ય જીવો પામી શકતા નથી.

આ રીતે બહુમાનથી કહીને શ્રેષ્ઠીએ તેને પોતાના ઘરે લાવીને અમૃત મધુર ભોજનોથી સારી રીતે ભક્તિથી જમાડયો. ખવડાવતાં સર્વ ભોજ્યોમાં નિરીહતાંથી તેણે જોઇને અધિક વિસ્મયવાળા શ્રેષ્ઠીએ તેને પોતાની શાળામાં રાખ્યો.

ત્યાં નિઃસ્પૃહ વૃત્તિથી શ્રેષ્ઠીને ખુશ કરતાં કપટથી ધર્મનિષ્ઠાત્મા એવા તેણે તે અશ્વને જોયો. (અને) એકદા નિદ્રા યુક્ત શ્રદ્ધાળુ એવા શ્રેષ્ઠીને ઠગીને રાત્રિમાં તે ઘોડા ઉપર આરૂઢ થઈને આકાશ માર્ગથી ગયો.

પૂર્વાભ્યાસથી સતે હજરી આકાશમાં જતાં તે ઘોડાને પણ દુષ્ટાત્મા એવા તેણે ચાબુકથી મર્મ ભાગમાં પ્રહાર કર્યો ઘોડાએ પણ દુરાચારી એવા તેને પૃથ્વીતલ ઉપર પાડીને વેગથી અષ્ટાપદે જઇને તે ચૈત્યની સામે તે ઊભો રહ્યો. વિદ્યામાં, વ્યવહારમાં અને ધર્મકાર્યમાં જીવનો જેવો અભ્યાસ હોય છે તેવી તેની ભાવના થાય છે.

દરેક જન્મે જે દાન-જ્ઞાન-તપ અભ્યાસેલું હોય તે'જ અભ્યાસ નાં યોગે ફરી તે'જ રીતે પ્રારંભાય છે.

ધર્મ સર્વસ્વને હરતી અને સર્વેન્દ્રિયને મોહ પમાડતી એવી નિદ્રાને સ્ત્રીની જેમ અવસરે ત્યાગીને શ્રેષ્ઠી છ આવશ્યક કાર્ય કરવા માટે ધર્મશાળામાં આવ્યાં. ત્યાં તીર્થવત્ સ્થાપેલાં બ્રહ્મચારીને ન જોઇને શંકાથી આકુળ થયેલાં જેટલામાં ઘોડાથી રહિત તબેલાને

જોઇને વિચાર્યું કે ધર્મ ધૂર્તતાથી ઘોડાને લઈ જતાં તેણે સર્વ લોકોને ધાર્મિકોનો અવિશ્વાસ કરાવ્યો છે.

પ્રાણીઓનું અન્યનાં ઉપદેશથી થયેલું પાપ સુગુરૂપદેશથી પવિત્ર તપ-જાપ-ક્રિયાઓથી નાશ પામે છે. પુણ્યના કપટથી કરેલું પાપ વજ્ર લેપની જેમ હજારો ભવમાં ઘણાં દુઃખની નિર્મિતી માટે થાય છે.

હું સકુટુંબ પણે રાજનિગ્રહનું કારણ બન્યો છું અને ધર્મ લઘુતા કરવામાં નિમિત્તભૂત બનવાથી આત્માને મેં દુઃખમાં પાડયો છે. અથવા તો સમ્યગ્-ધર્મનાં પ્રભાવે બધું સારૂં જ થશે. સૂર્યોદય થયા પછી જગમાં અંધકાર રહેતો નથી.

પછી સમાધિથી પ્રાભાતિક ક્રિયા કરીને અષ્ટ પ્રકારે ઘર દેરાસરના જિનબિંબોને પૂજ્યાં. વિધિપૂર્વક દ્રવ્યપૂજા કરીને વિશેષે કરીને દૃઢ રીતે પંચ-પરમેષ્ઠીની સ્મૃતિમાં પ્રભુની સન્મુખ રહ્યાં

વિશુદ્ધ ભાવથી કરાતી જિનપૂજા કલ્યાણ-સમૃદ્ધિ, સકલ અર્થની સિદ્ધિ સામ્રાજ્યલીલાં અને વિપત્તિ વિનાશ કરે છે.

તે વખતે જયયાત્રાથી આવેલાં રાજાને કોક ચાડિયાએ અશ્વ અપહરણાદિ કહ્યું, (ત્યારે) ક્રોધાંધપણાથી રાજાએ પુરંરક્ષકને કહ્યું કે મયૂરબંધથી બાંધીને દુષ્ટ એવા ઋષભને લાવ

રાજાદેશને પામીને ક્રૂર-લોકોથી યુક્ત એવો તે પણ શ્રેષ્ઠિનાં ઘરે ગયો તેથી કુટુંબીઓ ક્ષોભ પામ્યા. જેટલામાં તે શ્રેષ્ઠીને બંધાદિ-ક્રિયા કરવાની ઇચ્છાવાળો થયો તેટલામાં દિવ્ય પ્રભાવે ખીલાથી ઠોકાયેલાની જેમ તે ઊભો રહ્યો. એ સમય દરમિયાન અતિ તેજસ્વી એવાં કોક વિદ્યાધર પતિએ ઘોડાની સાથે આવીને શ્રેષ્ઠીને ખુશ કર્યા પરંતુ ધર્મધ્યાનની એકતાથી અદ્ભુત એવાં પરમાનંદથી યુક્ત શ્રેષ્ઠીએ ત્યારે સુખ-દુઃખને જાણ્યું નહીં.

ઘોડા સહિત આવેલાં વિદ્યાધરને દેખીને ધ્યાનમુદ્રાને ત્યાગીને ત્યાં ચૈત્યવંદન કરીને બહાર આવીને તે નભચારોને સુવર્ણ બેઠકે બેસાડીને ઘોડાની વાત પૂછી. ત્યારે દીનતારહિત મુખવાળા શ્રેષ્ઠીને

વિદ્યાધરે કહ્યું હે ધર્મીઓમાં-શ્રેષ્ઠ ! ઘોડાનું સર્વ વૃત્તાંત સાંભળો.

આજે વિદ્યાધરોનાં સમૂહ સાથે જિનવરોને નમસ્કાર કરવાં-અષ્ટાપદ તીર્થે આવેલાં મેં જિનાધીશને જાણે વાંદતો હોય તે રીતે જિનમંદિરના દ્વારમાં યોગીન્દ્રની જેમ સ્થિર રહેલાં આ ઘોડાને જોયો ત્યાં તરત'જ મેં ચારણશ્રમણને પૂછયું હે સ્વામિન્ ! આ અશ્વ કોનો છે ? અહી પર્વત ઉપર કઈ રીતે આવ્યો ? ત્યારે દાંતની કાંતિથી શુકલ-ધ્યાનની વર્ણિકાને બતાવતાં ચાર જ્ઞાનનાં ધારક ઋષિએ ત્યારે આ રીતે કહ્યું.

કૌશાંબી નામે નગરમાં આસ્તિકોમાં અગ્રેસર, ધનવાન એવો ઋષભ શ્રેષ્ઠી રાજાનો, બાળમિત્ર છે. તત્ત્વ-ધર્મ-ગતિ-જ્ઞાન વિચાર આદિ ગુણોથી સદા જેનું સમકિત વિશુદ્ધ કોટી પર આરૂઢ થયેલું છે.

બુદ્ધિમાનોએ સદા તત્ત્વો (૯) વ્રતો (૧૨) ધર્મ (૧૦) સંયમ (૧૭) ગતિ (૪) જ્ઞાન (૫) સદ્ભાવના (૧૨) પચ્ચક્ખાણ (૧૦) પરીષહ (૨૨) ઈંદ્રિય (૫) મદ (૮) ધ્યાન (૪) રત્નત્રયી (૩) લેશ્યા (૬) આવશ્યક (૬) કાય (૬) યોગ (૩) સમિતિ (૧૦) પ્રમાદ, (૫) તપ (૧૨) સંજ્ઞા (૪) કર્મ (૮) કષાય (૪) ગુપ્તિ (૩) અતિશયો (૩૪) ને જાણવાં જોઇએ.

શુદ્ધ લોક વ્યવહારથી શોભતાં તે શ્રેષ્ઠિને રાજાએ નભોગામી એવો આ અશ્વ નિધાનની જેમ સાચવવાં આપ્યો. આ ઘોડાની સહાયથી તે શ્રેષ્ઠીએ અનેક તીર્થોમાં જિનવંદન કરી કરીને સમ્યક્ત્વને નિર્મળ કર્યું. જન્મનું ફળ મેળવ્યું ઉચ્ચગોત્ર બાંધ્યું અને શિવલક્ષ્મીને વશ કરી.

પલ્લીપતિ રાજાના પામાત્મા સેવકે ધર્મધૂર્તતાથી આવીને આ ઘોડો તેનાં ઘરમાંથી હરી લીધો. ઘોડાનાં સ્વરૂપને ન જાણતાં મર્મમાં પ્રહાર કરનાર તે દુષ્ટને જલદીથી પૃથ્વી ઉપર પાડીને આ ઘોડો અહીં આવીને રહ્યો છે. પૂર્વાભ્યાસનાં વશથી પશુ પણ આ પર્વત ઉપર આવ્યો આથી જ જીવોએ સતત સારો અભ્યાસ કરવો.

આ નિમિત્તે હમણા રાજા નગર રક્ષકાદિ પુરુષો દ્વારા શ્રેષ્ઠીને પીડા કરાવી રહ્યો છે. તેની સહાયમાં હમણાં તમારે જવું તે યોગ્ય દેખાય છે, સાધર્મિકને વિષે વાત્સલ્ય સર્વ ધર્મોમાં શ્રેષ્ઠ મનાયું છે. છતી શક્તિએ સાધર્મિકને વિષે વાત્સલ્ય કરતો નથી તેને ખરી રીતે સર્વજ્ઞ ધર્મનાં સારને જાણ્યો જ નથી,

તેજ અર્થ છે, તે જ સામર્થ્ય છે. અને વિશિષ્ટ જ્ઞાન છે. જે શ્રાવકોને સાધર્મિકનાં કાર્યમાં (સહાયરૂપે) જાય છે.

તમારા પ્રશંસારૂપી અમૃતને મુનીશ્વરની વાણીને પી જઇને ઘોડો લઇને વેગથી હું અહીં આવ્યો છું.

વિદ્યાધરે કહેલુ સાંભળીને પ્રશાંત મનવાળા થયેલા પુરરક્ષકાદિ લોકો શ્રેષ્ઠીના ચરણમાં નમ્યાં. તેઓએ જઈને રાજાને આ સ્વરૂપ કહ્યું તેથી વિસ્મયયુક્ત ચિત્તવાળો રાજા ત્યાં આવ્યો. ઋષભે પણ સ્વગૃહે આવેલા રાજાની મનશુદ્ધિથી વિનયપૂર્વક ભક્તિ કરી.

પછી કૃતજ્ઞ એવો તે રાજા વિદ્યાધરને નમસ્કાર કરીને શ્રેષ્ઠીએ આપેલાં શ્રેષ્ઠ એવાં સુવર્ણાસન પર બેઠો. નમતા એવા તે રાજાને આનંદથી આલિંગન કરીને અર્ધાસન આપીને સુંદર એવા સ્નેહાળ વચનોથી સ્વસ્થ કર્યો.

પછી વિદ્યાધરપતિએ ચારણ શ્રમણે કહેલો સર્વવૃત્તાંત કહ્યો. પછી તે બંનેએ યથાયોગ્ય ઉચિત વ્યવહાર કર્યો. મહાપુરુષો ક્યારેય પણ ઉચિતતાને ઓળંગતા નથી.

શ્રેષ્ઠીએ ઘણી શ્રેષ્ઠ વસ્તુઓ સાથે તે ઘોડો સુદંડ રાજાને ભેટ ધર્યો. તે વખતે કૃતજ્ઞ શ્રેષ્ઠીને ખમાવીને-સત્કારીને વડીલ બંધુની જેમ સ્નેહાળ ચિત્તવાળો વિશ્વમાં એક માત્ર વિજયવંત એવા જિનશાસનનાં મહિમાને જાણતો, કૃતજ્ઞ એવો રાજા ઘોડાં સાથે પોતાના મહેલે પહોંચ્યો.

ભક્તિથી શ્રેષ્ઠીને સર્વાર્થસાધક રત્ન આપીને તેજસ્વી એવો તે વિદ્યાધર અષ્ટાપદ પર્વતે ગયો. પછી સર્વ રીતે શુભકાર્ય કરતાં શ્રેઠીએ સૂર્યની જેમ જિનશાસનને દિપાવ્યું.

એકદા ચારિત્રરૂપી લક્ષ્મીથી પવિત્ર અને કલ્યાણરૂપી વેલડીને માટે અમૃતવર્ષા સમાં જિનદત્ત ગુરૂ ત્યાં પધાર્યા. ઋષભ શ્રેષ્ઠી આદિ પ્રમુખ નગરજનોથી યુક્ત રાજા તેઓનાં ચરણકમળને નમવાને ત્યાં આવ્યો. પછી આ મુનિ ભવ્યરૂપી ખેતરમાં પુણ્યરૂપ વૃક્ષોનાં બગીચાને સિંચતા પ્રશંસનીય ભારથી યુક્ત દેશનારૂપ પાણીનાં પ્રવાહવડે વરસ્યા.

(તીર્થંકરનો જે કલ્યાણકારી ચ્યવનનો સમય છે. સ્વપ્ન દર્શન છે જન્મોત્સવ છે, ઈંદ્રનિર્મિત રત્ન વૃષ્ટિ છે, રૂપ-રાજ્યલક્ષ્મી છે-દાન છે અતિઉજ્જવલ વ્રત સંપત્તિ છે. કૈવલ્યલક્ષ્મી અને તીર્થંકરોનાં જે અન્ય અતિશયો છે તે સર્વ ધર્મનો મહિમા છે,

ધર્મરૂપ કલ્પવૃક્ષનું મૂળ રૂચિ છે, દાન મુખ્ય (શીલ-તપ-ભાવ) એ ચાર શાખાઓ છે, નિયમો અને વ્રતો એની પ્રશાખાઓ છે. પ્રકૃષ્ટ એવી સંપત્તિઓ તે ફૂલો છે. અને સિદ્ધિ તેનું ફળ છે

જેનાં અંતરમાં સમકિતરૂપી મૂળ દૃઢપણે ઉલ્લસિત થાય છે. તેને'જ ધર્મરૂપી કલ્પવૃક્ષ સર્વથા ફલદાયી થાય છે. જે બુદ્ધિમાન સમકિતની સાથે સર્વવિરતિનો આશ્રય કરે તે જલ્દીથી ભવસાગરને તરીને સિદ્ધિપદને પામે છે.

દેશવિરતિનાં ઉત્કૃષ્ટ સ્થાનથી સર્વવિરતિનું જઘન્ય સ્થાન અધિક-શ્રેષ્ઠ છે આ જન્મ આરાધેલ દેશવિરતિનું ફળ અંતર્મુહુર્ત માત્ર સર્વ સંયમથી મળે છે.

અનન્ય મનથી એક દિવસ પણ પ્રવ્રજ્યાને પામેલો જીવ જો મોક્ષને ન પામે તો અવશ્યપણે વૈમાનિક દેવ થાય છે. )

ઈત્યાદિ દેશના સાંભળીને સમુદ્ર-વૃષભ-શૂરદેવ આદિ શ્રેષ્ઠિઓથી પરિવરેલાં સુદંડ રાજાએ શ્રી જિનચૈત્યોમાં અષ્ટાહ્નિકા મહોત્સવ કરાવીને સાધાર્મિકો વિષે વાત્સલ્ય કરીને અને દીનાદિને વિષે ધનવ્યય કરીને ભવસમુદ્રનો પાર કરવામાં નૌકા સમાન ગુણસમૃદ્ધ એવી સંયમ લક્ષ્મીને તે'જ ગુરુની પાસેથી સ્વીકારી.

રાણી વિજયા, મંત્રીપત્ની ગુણશ્રી અને પદ્મશ્રી પ્રમુખ સ્ત્રીઓએ પણ ત્યાંજ વ્રતને સ્વીકાર્યું કેટલાકે સમકિત સહિત બાર વ્રતને સ્વીકાર્યા તો કેટલાક ભદ્રક ભાવવાલાં થયા.

આમ જિનધર્મનો અદ્ભુત મહિમાં જોઇને મેં પણ ત્યાં સુસ્થિર એવું સમકિત સ્વીકાર્યું. ત્યાં હિતકાંક્ષી એવાં ગુરુએ પણ સમકિતની સ્થિરતા માટે તત્ત્વોનો પ્રકાશ આપતી આ રીતની હિતશિક્ષા આપી.

(અત્યંત દુઃખે કરીને પામી શકાય એવી મોક્ષ લક્ષ્મીની પ્રાપ્તિનું સમ્યક્ત્વ એ'જ મુખ્ય કારણ છે. અને અત્યંત દુઃખે કરીને નાશ કરી શકાય એવાં દુઃખમય સંસારનાં માટે સમ્યક્ત્વ'જ સમર્થ છે જે વિશુદ્ધ સમકિત હોવા છતાં જીવ નરકમાં અને તિર્યંજમાં જતો નથી સારા એવા સુખદાયી દેવપણાને અને મોક્ષ સુખને અનુકૂળ એવા મનુષ્ય પણાને પામે છે, જો પામીને આનો ત્યાગ કરે તો પણ સર્વથા કે ઉત્કૃષ્ટથી પણ અંતઃપુદગલ પરાવર્ત કાળથી અધિક સંસારવાસ રહેતો નથી.

જે રીતે વૃક્ષમાં મૂળ, ધનરાશિમાં અક્ષયનિધિ–મકાનમાં પાયો–શરીરમાં મુખ–મંદિરમાં દ્વાર–ધૈર્યમાં આધાર–જગતને માટે પૃથ્વી અને ભોજનને માટે ભાજન પ્રથમ છે તે રીતે પૂજ્યોએ ધર્મમાં પ્રથમ તરીકે સમ્યક્ત્વ કહેલું છે.

સંવેગ–નિર્વેદ–શમ (સમતા) આસ્તિકય અને શ્રેષ્ઠ એવી જીવ-દયારૂપ સમ્યક્ત્વનો જે ભવ્ય જીવો આશ્રય કરે છે તે વિશ્વમાં પ્રસિદ્ધ થાય છે. મોક્ષપ્રાપ્તિની ઇચ્છા તેનું નામ છે સંવેગ અને સંસારથી વૈરાગ્ય તે છે નિર્વેદ, અપરાધી ઉપર પણ સમભાવ તે છે શમ અને જીવોને વિષે સદા કરુણા તે છે દયા.

જિન કથિત જીવાદિ તત્ત્વોને'જ જે માને છે પણ બીજાને નહીં તે એક માત્ર શુભ ચિત્તવાળો જીવ અહીં આસ્તકતા યુક્ત મનનો છે)

હે ભદ્રે ! ઘણાં પાપકર્મનાં ક્ષયથી તેં આ બોધિરત્ન મેળવ્યું છે નિઃશંકિતાદિ આઠ ગુણોથી શ્રેષ્ઠ એવું સકલ ઇચ્છિતને આપતું. તે તારે પ્રયત્નથી પાળવું, તે રીતે ગુરૂપ્રદત્ત હિતશિક્ષાને સ્વીકારીને

સમકિત યુક્ત ચિત્તવાળી એવી હું ઘરે પહોંચી.

વિદ્યુલ્લતાએ કહેલું વિશ્વમાં અતિશયવાળું જિનધર્મનું સ્વરૂપ સાંભળીને શ્રેષ્ઠી આદિ બધાં બોલ્યાં કે સમકિતનાં સારભૂત તારું કહેલું બધું સત્ય છે.

આ રીતે સમકિતથી ઉદ્ભવેલું યથાર્થ એવું અદ્ભુત આનંદકારી દૃષ્ટાંત સાંભળીને દંભયુક્ત કુંદલતા બોલી. કે વિદ્યુલ્લતા કથિત આ બધું અસત્ય છે, શું પાણીનાં મંથનથી કોઇએ કયારેય ઘી જોયું છે!

અરે! મહાક્રૂર એવી આ સ્ત્રીને સવારે મારે દંડવી એમ રાજાએ વિચાર્યું.

રાજા મંત્રી આદિ સર્વે યથાસ્થાને ગયાં શ્રેષ્ઠીએ પણ પૂજા કરી. નિદ્રાનો આશ્રય કર્યો.

આ રીતે પુણ્યામૃતની વાવડી સમુ ઋષભ શ્રેષ્ઠીનું ચરિત્ર સાંભળીને હે ભવ્યલોકો! સકલ ભુવનની લક્ષ્મીનાં ભૂષણરૂપ અને અનેક હર્ષથી ભરેલા સમ્યક્ત્વને વિષે સ્વચિત્તને રમાડો.

## છઠો પ્રસ્તાવ સંપુર્ણ

# સાતમો પ્રસ્તાવ

## વહો પડિમાં અગિયાર

હવે સૂર્યોદય થતાં જેનાં મળ દૂર થયાં છે એવા જાગેલા મગધપતિએ પરમેષ્ઠી ધ્યાનને કર્યું. વિધિપૂર્વક એ રીતે દેહ વિશુદ્ધિ કરીને તેણે સર્વપાપનાશક એવી જિનપૂજાને કરી.

સવારે દેવપૂજા, પાત્રદાન, દીનાનુકંપા, માત-પિતાની ભક્તિ, અને દયાળુંપણું આ પાંચે પુણ્યને માટે થાય છે....સુજ્ઞજનોએ આવશ્યકો દેવપૂજા અને પરમેષ્ઠી પદની સ્તુતિ એ પ્રાતઃકૃત્યો જીવોનાં કલ્યાણને માટે કહ્યાં છે.

જેણે પ્રજાને ખુશ કરી છે એવાં શ્રેણિક રાજા પણ સચિવની સાથે શકાવતાર ચૈત્યમાં રહેલ જિનપ્રતિમાને નમોને. સદાચારી આત્મા શરીરમાં આવે તે રીતે શ્રેષ્ઠ એવાં લક્ષણોથી યુક્ત શ્રેષ્ઠીના ઘરે આવ્યો.

ધર્મની વિધિથી સર્વ પ્રાભાતિક ક્રિયા કરીને અર્હદ્દાસે પણ કલ્પવૃક્ષની જેમ આંગણામાં આવેલાં સચિવયુક્ત રાજાને આવેલા જોઇને તે રીતે સત્કાર કર્યો કે જે કહેવાને શકય નથી.

સજ્જનોની પ્રસન્ન દૃષ્ટિ, શુદ્ધ મન, સુંદર વાણી અને નમેલું મસ્તક એ સહજાર્થિને વિષે પૂજા વિના પણ સંપત્તિરૂપ છે.

સ્વપિતા નિર્મિત સહસ્રકૂટ ચૈત્યમાં રહેલ ચંદ્રકાંત મણિની જિન પ્રતિમાને નમસ્કાર કરાવીને કાર્યજ્ઞાની એવાં શ્રેષ્ઠીએ શ્રેષ્ઠ એવાં સુવર્ણ સિંહાસને રાજાને બેસાડીને સન્મુખ રહી હાથ જોડીને આ રીતે વિનંતી કરી.

હે દેવ ! આજે સેવક જનોમાં મેં અગ્રણીપણું મેળવ્યું છે, કારણ કે આપે સ્વયં ઘરે આવીને મને દૃષ્ટિગોચર કર્યો છે. પર્વતોનાં સમૂહથી શોભતી સર્વે સંપત્તિઓ પ્રાપ્ત થાય છે પરંતુ સ્વામીની મધુર દૃષ્ટિ મળતી નથી.

હે દેવ ! પૂણ્યવાનોમાં અને ગુણવાનોમાં તે સેવક અગ્રણી ગણાય છે જે સ્વામી વડે પ્રસન્ન વદન કમળથી મધુર દૃષ્ટિથી દેખાય છે....

પ્રસાદયુક્ત વદનવાળા રાજાની દૃષ્ટિઓ જ્યાં જ્યાં વિલસે છે ત્યાં ત્યાં પવિત્રતા કુલીનતા દક્ષતા અને સુભગતા વ્યાપે છે.

હે દેવ ! આજે સેવકનાં આવાસમાં અમૃત વર્ષા થઈ છે, જે હમણા આપનાં ચરણકમળથી પવિત્ર થયું છે.

ઠંડીમાં અમૃત, ખીરનું ભોજન અમૃત, રાજસન્માન અમૃત અને પ્રિયદર્શન એ અમૃત છે

તેથી કૃપા કરીને પ્રભો ! નિજના આગમનનો હેતુ કહો ! કારણ જગત્પૂજ્ય એવાં હે સ્વામિન્ ! આપ નિષ્કારણ કાંઈ કરતા નથી.

આ રીતે શ્રેષ્ઠી વચનોથી ખુશ થયેલ ચિત્તવાળા રાજાએ સુધા-રસને મૂકતી વાણીથી પવિત્ર આચારવાળાં તેને સિંચ્યો.

તું જ પ્રશંસનીય છે. મહાત્માઓને પણ પૂજનીયમૂર્તિ તું'જ છે. અને તારી જ જાગૃતિ વિશ્વમાં માનનીય છે. વિષયોથી વિમુક્ત એવા કુટુંબથી યુક્ત જેની જિનશાસનમાં આવી ભક્તિ.

વળી પરમ પુણ્યશાળી રાજાએ તેને કથા કથનયુક્ત રાત્રિનો સર્વ વૃત્તાંત કહ્યો. હે શ્રેષ્ઠી ! તમે બધાએ કહેલી સર્વ કથાઓ છુંપી રીતે સચિવની સાથે રહેલાં એવાં મેં સાંભળી છે. જે તારી પત્નીએ સત્ય પણે તેની શ્રદ્ધા કરી નથી કારાગારને ઉચિત દુરાચારી એવી તેણીને બતાવો પતિ અથવા સસરાએ કહેલ ધર્મયુક્ત વચનમાં જે સ્ત્રી શ્રદ્ધા કરતી નથી તે સ્ત્રીને બુધજનોએ દુરાચારી તરીકે માનેલી છે.

દુષ્ટ પત્ની, લુચ્ચો મિત્ર, ગુહ્ય જાણકાર [ઉદ્ધત] નોકર અને સર્પયુક્ત ગૃહમાં વાસ એ મૃત્યુને માટે થાય છે તે નિઃસંશય છે.

તે ગાળામાં લજ્જાથી નમ્ર થયેલ શરીર રૂપી વેલડીવાળી કુંદલતાએ આવીને રાજાને કહ્યું, હે રાજન્ ! હું તે શ્રેષ્ઠીની મહાદુષ્ટ એવી આઠમી પત્ની છું, જે આઠે કર્મનાં નાશક માર્ગને જરાપણ જાણતી નથી.

તત્ત્વાતત્ત્વનાં બોધથી પરાઙ્મુખ એવા આ બધાં માતાના મોહકની જેમ કુળ ક્રમથી આવેલા ધર્મને અંતરમાં શ્રદ્ધાથી રાખે છે. પૂર્વે મિથ્યાત્વીનાં વંશમાં જન્મેલી, તે ભાવથી ભાવિત હું કોઈ રીતે સમકિતથી પવિત્ર એવાં ધર્મને માનતી નથી.

અવિવેકી જીવ ધર્મના સ્વરૂપને ન જાણવાં છતાં પણ બાહ્ય ચમત્કાર દેખીને બળદ બુદ્ધિની જેમ ગમે તે રીતે તેમાં રમે છે પણ વિવેકી અંતરમાં કંઈક સારા લક્ષણને જાણીને વિચારયુક્ત મન કરીને માર્ગનો સ્વીકાર કરે છે. હે રાજન્ ! ધર્મનું આંતરિક લક્ષણ પણ એ'જ સંભળાય છે જે શ્રેષ્ઠ એવાં પણ વિષયોમાં વૈરાગ્ય અને ક્રિયાઓમાં સારૂ પ્રવર્તન.

જ્યાં વિષય વિરાગ, કષાય ત્યાગ–ગુણાનુરાગ અને ક્રિયામાં અપ્રમત્તતા છે તે ધર્મ શિવસુખને આપનાર છે.

ફલથી વિશિષ્ટ એવું ધર્મ માહત્મ્ય દેખીને જે ધર્મ કરે છે પણ સારી રીતે પ્રશાંત મનવાળો થતો નથી તે કૃત્રિમ ધર્મવાળો છે. રાજન્ જેનું ચિત્ત પ્રશાંત છે અને સર્વ જીવોને વિષે અદ્‌ભુત દયા ભાવ જેમાં છે તેણે'જ સાચી રીતે ધર્મના સર્વસ્વને જાણ્યું છે.

ધર્મમાં બુદ્ધિ થાય પછી ઘણાં શ્રુતથી શુ? જીવને વિષે દયા થયા પછી ઘણાં દાનોથી શું? મન શાંત થયા પછી ઘણાં તપોથી શું? લોભક્ષય થયાં પછી ઘણાં યજ્ઞોથી શું? (અર્થાત ધર્મ બુદ્ધિવાળું જ્ઞાન જીવદયાયુક્ત દાનસમતાયુક્ત તપ-અને લોભક્ષયકારી યજ્ઞો એ'જ કલ્યાણકારી છે.)

તાપ–છેદાદિ વડે જેમ શુધ્ધ સોનું ગ્રહણ કરાય છે. તેમ સારી યુક્તિઓથી પરીક્ષા કરીને ડાહ્યો માણસ ધર્મને સ્વીકારે છે.

તાપ–છેદ–કષથી સુવર્ણની જેમ યુક્તિ સિધ્ધાંત અને સિધ્ધિથી તત્ત્વ જાણી શકાય છે.

આ સમકિતથી વાસિત કથાનકોનાં શ્રવણથી મેં મનથી જિન માર્ગનો સ્વીકાર કર્યો છે. પરંતુ આમનાં મનો ભાવની પરીક્ષા માટે હે વિભો! મેં વારંવાર તેઓએ કહેલ કથામાં ખંડન કર્યું છે. કુતીર્થિકોનાં આક્ષેપ અને કૃતર્કરૂપી પ્રલયવાયુથી જેનું સમકિતની સ્થિરતારૂપ વૃક્ષ જરા પણ કંપતુ નથી તે'જ જીવ મહાપુરુષોને પણ તમારી જેમ માનનીય બને છે. અને તીર્થંકર પદવીને નજીક કરે છે. જેમ અગ્નિમાં સોનાની કાળાશ અથવા વિશુધ્ધિની પરીક્ષા થાય છે. તેમ પ્રાણીનાં સમકિતની પરીક્ષા પણ મહા આપત્તિમાં થાય છે.

હે મહેશ્વર! વિષયથી વિરકત એવું મારું મન હમણાં સંયમ રૂપી બગીચાને પામવાને ઇચ્છે છે ક્રોડો ભવે પણ દુષ્પ્રાપ્ય સર્વ દુઃખહાર

એવાં જિન વચનને પામીને જે વિષય સુખને ભોગવે છે. અરે!

તત્ત્વા–તત્ત્વનો અજાણ એવો તે ગટરનાં ભૂંડની જેમ અમૃતપાનને ત્યાગીને વિષયમાં આનંદ પામે છે. હે રાજન્! સજ્જનોએ વિજ્ઞાન ફળ પણ એજ માન્યું છે જે તત્ત્વજ્ઞ, વિષયરૂપી સાપોથી ડંખાય નહીં, હે પૃથ્વીશ! જ્ઞાની એવો પણ જો વિષયોથી પીડાય છે તો ત્યારે બુધ જનોએ તેને કર્મનું કલિષ્ટપણું જાણવું. તેથી હે ભૂપાલ ! ચારિત્રરૂપ યાન-પાત્ર ને પામીને જિનધર્મની જાણ એવી હું જલદીથી ભવસાગરને પાર પામવાને ઈચ્છું છું.

આ ગાળામાં અસીમ મહિમાસાગર એવા પાંચમા ગણધર સુધર્મા સ્વામી ત્યાં સમવસર્યા તે વૃત્તાંતરૂપી અમૃતના સારથી સ્વસ્થ થયેલા રાજાએ શ્રેષ્ઠી આદિની સાથે આનંદને મેળવ્યો.

પછી મિત્ર શ્રેષ્ઠીની સાથે આ શ્રેણિક જલદીથી ગણધરને વંદન કરવાં ચાલ્યો, સુજ્ઞ જનો શુભકાર્યમાં પ્રમાદ કરતા નથી. પંચાગ નમ-સ્કારપૂર્વક પ્રણામ કરેલા શ્રેષ્ઠી યુક્ત રાજાને ગણધર ભગવંતે દેશના આપી.

જિનવરોએ મુક્તિ માટે સદ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ માર્ગ કહેલો છે. તેમાંનો પ્રથમ [સદ્દર્શન] માર્ગ મિથ્યાત્ત્વ મોહનીયનાં ક્ષયોપશમાદિથી પાંચ પ્રકારે કહેલો છે.

ત્યાં હે રાજનૂ ! જિનવરોએ ઔપશિમક, ક્ષાયોપશિક, ક્ષાયિક, મિશ્ર–અને સાસ્વાદન એમ પાંચ ભેદો કહ્યાં છે.

સમ્યગૂ માર્ગનું પ્રકાશન કરતું જ્ઞાન મતિ–શ્રુત–અવધિ મનઃ પર્યવ અને કેવળજ્ઞાન એમ પાંચ પ્રકારે કહ્યું છે.

સર્વસાવદ્યનાં ત્યાગરૂપ ચારિત્ર પાંચ રીતે કહેલું છે. ત્યાં પ્રથમ સામાયિક અને બીજું છેદોપ સ્થાપનીય, ત્રીજું પરિહાર વિશુદ્ધિ, નામનું અને સૂક્ષ્માદિ સંપરાય નામનું ચોથું, પાચમું યથાખ્યાત ચારિત્ર સકળ કર્મનાં ક્ષયથી થાય છે: સર્વદુઃખમાં સમર્થ જિનોક્ત એવું ચારિત્ર ચિંતા મણિરત્ન જેવું મહામૂલું તે ભાગ્યયોગે પ્રાપ્ત થાય છે.

ધર્મરૂપી સ્થપતિ (સુથાર) એ નિર્માણ કરેલાં મનુષ્ય જન્મરૂપી પ્રાસાદ ઉપર કોક ધન્ય પુરુષ જ સદ્ગુણી અને વિશદ એવાં દીક્ષાધ્વ-જનું આરોપણ કરે છે.

દુઃખે કરીને તરી શકાય એવાં ભવસાગરને જો જલદીથી તરવાની ઈચ્છા હોય તો તેણે ગુણયુક્ત એવી તપસ્યા તરણીનો આશ્રય લેવો. સમકિતથી યુક્ત પણ જીવ ચારિત્રની સંપત્તિ વિના મુક્તિરૂપી લક્ષ્મીને હોથવેંતની ઉપમાવાળા કેવળજ્ઞાનને પામતો નથી.)

ગણધરનાં મુખકમલમાંથી આ રીતે દેશનાને પી કરીને ગુરુભક્તિ યુક્ત કુંદલતાએ નમીને ગુરુને કહ્યું. હે ભગવન્ ! હરણીની જેમ વિષય સુખરૂપી મૃગતૃષ્ણાથી વિમોહિત પણે ભવવનમાં ભમતાં ભમતાં હું થાકી છું. હે સ્વામિન્ ! આપની કૃપાથી અદ્ભુત એવાં વૃત્તરૂપી ભાતું મેળવીને હમણાં હું ભવવનને ઓળંગવાં ઈચ્છું છું.

સંવેગનાં તરંગવાળી તેણીને ગણધરે કહ્યું, હે ભદ્રે ! સેંકડો કલ્યાણોથી શ્રેષ્ઠ એવાં મનોરથને પામીને હે વત્સે ! તેના માટે અટકાવ કરવો યોગ્ય નથી. કારણ વિવેકી જન અમૃતપાન માટે ક્યારેય પ્રમાદ કરતો નથી.

પગનાં રજની જેમ સામ્રાજ્યને ત્યાગીને ચક્રવર્તી પણ યતિપણાથી યુક્ત સંયમરૂપી બગીચાને સેવે છે....આંધળો માણસ રત્નોનાં મહાનિધિને પામે નહીં તેમ ઇચ્છવા છતાં પણ દેવો જિનોક્ત ચારિત્રને પામતાં નથી.

પછી સાતે ક્ષેત્રોમાં સર્વ-સંપત્તિને કૃતાર્થ કરીને જિનમંદિરોમાં વિવિધ અષ્ટાહ્નિકા મહોત્સવ કરાવીને પ્રિયાયુક્ત પતિને તેમજ મગધપતિને બહુમાનથી ખમાવીને, સર્વ પરિગ્રહોથી મુકાયેલી વૈરાગ્યરસથી યુક્ત એવી કુંદલતાએ સંયમને ગ્રહણ કર્યો શ્રેષ્ઠીએ પણ આનંદથી મહોત્સવ કર્યો. નિર્ધન માણસ ચિંતામણિ રત્નને મેળવીને જેમ આનંદને પામે તે રીતે તે પણ વિશ્વપૂજ્ય એવાં ચારિત્રરત્નને પામીને આનંદને પામી.

ત્યારે આનંદયુક્ત એવાં અર્હદ્દાસે કૃતકૃત્યોમાં અગ્રેસર એવાં ગણધરને પંચાંગ-પ્રણિપાત પૂર્વક નમીને આ રીતે કહ્યું. હે વિભો !

હમણાં હુ યતિધર્મનાં ભારને વહન કરવામાં સમર્થ નથી, ગજરાજને યોગ્ય ભાર વહન કરવાં શું ગળિયો બળદ સમર્થ થાય છે ! હમણાં મને ઉત્કૃષ્ટ શ્રાવકાચાર કરવાની ઇચ્છા છે તો ક્ષમાપતિ ! કૃપા કરીને મને તે કહો !

આ રીતે શ્રેષ્ઠીની વાત સાંભળીને ગણધર બોલ્યાં, હે સકર્ણ ! તું ભાવશ્રાવકનાં લક્ષણોને સાંભળ.

(સુરાસુરોના સમૂહથી અક્ષોભ્ય એવાં સમકિત વ્રતથી ભૂષિત ૧૨ વ્રતોને પાળતો, વિશુદ્ધ વ્યવહારથી પ્રાપ્ત થયેલ લક્ષ્મીને શ્રી જિનગૃહાદિ ક્ષેત્રોમાં વ્યય દ્વારા કૃતાર્થ કરતો, ત્રિકાળ જિનપૂજા કરતો, ઉભય ટંક આવશ્યકમાં તત્પર, સુપાત્ર દાનનાં યોગથી નિરવદ્ય એવાં અન્નને ખાતો, ઉપધાન તપથી પવિત્ર એવાં સિધ્ધાંતને ભણતો, સાધુ સેવાના રસવાળો તીર્થયાત્રાથી જેણે આત્માને પવિત્ર કર્યો છે એવો અતિ વિષયાસક્તિ નો ત્યાગી, ધર્મોન્નતિ કારક, સચિત્ત આહાર ત્યાગી, સંવાસાનુમતિથી (કુટુંબીઓ સાથે રહેતાં તેઓનાં પાપની અનુમોદનાથી) પણ ગભરાતો જે બુદ્ધિમાન અગિયારે પ્રતિમાઓને પણ આરાધે છે તે શ્રાવકને તત્ત્વવેદીઓએ સાધુ જેવો કહ્યો છે.

પ્રતિમાનો વિધિ પૂર્વ મહર્ષિઓએ આ રીતે કહ્યો છે, આ પ્રતિમાઓની આરાધનાથી ગૃહસ્થ. દેવોને પણ વંદનીય થાય છે. ધર્મને સ્વીકારીને ભવસંબંધી દુઃખથી ખેદ પામેલો વિવેકી અને સંવેગથી શ્રમણધર્મનાં સ્વીકારની ઇચ્છાવાળો ગૃહસ્થ તેને સારી રીતે જાણી આ રીતે વિચારે કે હું આ કરવાને માટે સમર્થ છું જો શકિતમાન હોય તો શ્રમણધર્મ તરફ જાય–જો અસમર્થ હોય તો પછી જિન કથિત અગિયારે પ્રતિમાને દર્શનાદિ શાસ્ત્રોક્ત વિધિથી કરે.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
દર્શન–વ્રત–સામાયિક-પૌષધ–પરા–બ્રહ્મચર્ય–સચિત્ત ત્યાંગ-આરંભ
૮ ૯ ૧૦ ૧૧
ત્યાગ–પ્રેષ્ય ત્યાગ–ઉદ્દિષ્ટ ત્યાગ–શ્રમણરૂપપણું આમ ગૃહસ્થ ધર્મમાં

અગિયાર પ્રતિમા સંક્ષેપથી કહી. હવે એકેકનું સ્વરૂપ બતાવવામાં આવે છે. તેનું સ્વરૂપ જાણ્યા બાદ અને વિધિથી તેનું પરિશીલન આચરણ કરવા છતાં તે યતિ–ધર્મની શક્તિવાળો છે કે નહીં તે સારી રીતે જાણે છે.

જિન પૂજામાં સતત રત, ગુરુસેવામાં તત્પર અને ધર્મમાં દઢ એવો (શ્રાવક) **દર્શન** નામની પ્રથમ પ્રતિમાને વિધિથી સ્વીકારે છે. આ પ્રતિમાનો સ્વીકાર કર્યા છતાં શુભ અનુબંધવાળો અને નિરતિચાર એવો તે ધર્મમાં અનાભોગવાળો કે વિપર્યાયપવાળો ન થાય.

તે'જ રીતનો તે અતિચાર રહિત અને પાંચ અણુવ્રતોથી યુકત એવી બીજી **વ્રત** પ્રતિમાને સ્વીકારે છે. )

આ કહેલી વૃતપ્રતિમાથી જેનાં દુષ્કર્મો નાશ પામ્યાં છેએવો તે પરમ પ્રશમતાથી પૂજિત ત્રીજી (સામાયિક) પ્રતિમાને સ્વીકારે છે. પૂર્વે જે અનિયત કાળનું સામાયિક કહ્યું તે બંને સમય શુદ્ધ પણે ત્રણ માસ સુધી કરવું.

પર્વ દિવસે જે ચાર પ્રકારનો પૌષધ [ત્યાગ] અહોરાત્ર માટે કહ્યો છે. ચાર મહિના સુધી શાસ્ત્રોક્ત વિધિથી તે કરવો. પૂર્વ પ્રતિમાની વિધિથી યુક્ત એવો તે પાંચમી પ્રતિમામાં પાંચ મહિનાં સુધી પર્વ દિવસોમાં સર્વ રાત્રિની પ્રતિમા કરે. નિત્ય દિવસે અબ્રહ્મનો સર્વથા ત્યાગ કરે અને રાત્રે પણ નિયત કરેલાં વારવાળો બને. વળી સ્નાન ન કરે, દિવસે જ ખાય, મસ્તકનાં વાળની શોભા ન કરે અને જ્ઞાનયુક્ત એવો તે નિશ્ચલ એવાં ધર્મ ધ્યાનને સારી રીતે કરે.

પૂર્વોક્ત ગુણયુકત મોહરહિત એવો તે છઠ્ઠી પ્રાતિમામાં 'છ' મહિના સુધી અંગવિભૂષાનો ત્યાગી એવો તે રાત્રિમાં પણ સર્વથા બ્રહ્મચર્યનું પાલન કરે.

વિધિ પાલનમાં તત્પર એવો તે સાતમી પ્રતિમામાં સાત મહિના સુધી સચિત્ત આહારનો ત્યાગ કરે. આઠમી પ્રતિમામાં આઠ મહિના

સુધી સ્વયં સાવદ્ય વ્યાપારનો ત્યાગ કરે પરંતુ પૂર્વે આરંભેલાં કાર્યો બીજા પાસે કરાવે.

અલ્પ મમત્ત્વથી પરિણુત બુધ્ધિવાળો લોક સ્થિતિથી નિરપેક્ષ થયેલો અને સંવેગથી ભાવિત વાળો સંતુષ્ટ એવો પુત્રાદિ ઉપર સર્વ ગૃહ ભારને મૂકેલો આ નવમી (પ્રેષ્ય) ત્યાગ પ્રતિમામાં નવ મહિના સુધી નોકરો દ્વારા પણ સાવદ્યનો આરંભ કરાવતો નથી.

પૂર્વોક્ત ગુણોમા રહેલો તે દસમી (ઉદ્દિષ્ટ વર્જન) પ્રતિમામાં દસ મહિના સુધી સર્વ આરંભને ત્યાગે છે પોતાને ઉદ્દેશીને કરેલા આહારને ત્યાગે છે. સંપૂર્ણ મુંડનવાળો કે માથે ચોટલીવાળો તે સ્વજનોએ પૂછેલાં કાર્યમાં જાણુતો હોય તો કહે અને ન જાણુતો હોય તો મૌન રહે.

અગ્યારમી પ્રતિમામાં શસ્ત્રથી કે હાથથી માથાનાં વાળને દૂર કરેલો સાધુની જેમ ધર્મને સ્પર્શતો સર્વથા મમત્ત્વ રહિત ન થયેલો તે પાત્રા અને ઓઘાં સહિત સ્વજનોનાં સ્થાનમાં તેમને જોવાની ઇચ્છાથી જાય છે અને નિર્દોષ આહાર હોય એટલો ત્યાંથી જરૂર પ્રમાણે ગ્રહણ કરે છે.

આ રીતે ઉત્કૃષ્ટથી ૧૧ મહિના સુધી તેમાં રહે છે. સર્વે પણ પ્રતિમાઓમાં જઘન્યથી એક અહોરાત્રિ કાલ પ્રમાણ છે.

ધર્મનાં મહિમાનો જાણકાર ગૃહસ્થ આપત્તિમાં આવવા છતાં પણ કામદેવની જેમ સમ્યગ્‌ એવાં દર્શન-શીલ-અને વ્રતોને પાળતો તે વ્રતોને ત્યાગતો નથી.

આ રીતે ગુરૂ પાસે સાંભળીને ખુશ થયેલાં જિનદત્ત પુત્રે (અર્હદ્દાસે) ઘણા સંવેગથી મહોત્સવપૂર્વક પ્રતિમાઓ સ્વીકારી. ગણધરને નમસ્કાર કરીને શ્રેણિક પણ શ્રેષ્ઠી સાથે સ્વગૃહે આવ્યો અને ગુરુએ પણ વિહાર કર્યો.

હવે ગૃહસ્થ ધર્મમાં ધુરંધર એવાં શ્રેષ્ઠીએ ઘરે જઇને વિશાલ ભૂમિભાગ ઉપર સમકિતી જીવોની દૃષ્ટિ માટે સર્વદા ઉત્સવને આપતું

સુવર્ણ–માણિક્ય–વૈડુર્ય આદિ શ્રેષ્ઠ રત્નોથી નિર્મિત બિંબોથી યુક્ત સુવર્ણ કલશોની હારમાલા અને ઝુલતી ધજાઓથી શોભતું જાણે બીજો સુવર્ણ (મેરૂ) પર્વત હોય એવું કનકકૂટ જેવું જિન ચૈત્ય વિધિથી કરાવ્યું.

પછી ધર્મ અને ન્યાયનાં મોટા માર્ગમાં રાજા અને મંત્રીથી પુરસ્કૃત કરાયેલાં અર્હદ્દાસ નામનાં મોટા પુત્ર ઉપર ગૃહભારને સ્થાપીને મેરૂની જેમ નિશ્ચલ ચિત્તવાલા શ્રેષ્ઠીએ વિધિપૂર્વક સુંદર રીતે અગિયારે પ્રતિમાઓને આરાધી.

એક ક્રોડ સુવર્ણને યથાયોગ્ય રીતે પાત્રમાં વાપરીને અને દીન અનાથ જનોને ખુશ કરીને પ્રિયાઓથી યુક્ત એવા શ્રેષ્ઠીએ પાંચમાં ગણધર (સુધર્મા સ્વામી) પાસે કષ્ટ નાશક એવી સંયમ લક્ષ્મીને સ્વીકારી.

નિરતિચારપણે પાંચે મહાવ્રતોને પાળતાં તત્વજ્ઞ એવાં આ મુનિ અગિયાર અંગોને સૂત્ર અને અર્થથી ભણ્યાં.

અપ્રમત્ત ગુણસ્થાનને ધારણ કરતાં એકાંકી વિચરતાં, નિસ્પૃહ ચિત્તવાળા મનોહર એવાં સમતારૂપી સાગરમાં ક્રીડા કરતાં ચિત્તવાળાં રાજહંસ સમાં, નિશ્ચય અને વ્યવહારમાં ગૌણ અને પ્રધાનપણાને જાણતાં, અપવાદ અને ઉત્સર્ગ વિધિને સર્વત્ર સારી રીતે પાળતાં ત્રણે ગુપ્તિથી જેઓએ આત્માને પવિત્ર કર્યો છે એવાં, સમિતિ પાલનમાં નિષ્ણાંત, ૧૨ પણ પ્રકારનાં તપોમાં સતત વિકસિત ચિત્તવાળા શુભ ધ્યાનવાળાં, ત્રણ જ્ઞાનવાળા મમત્વરહિત એવા તે અર્હદ્દાસ મહામુનિ સમેતશિખર ઉપર માસિક અનશનથી સમાધિપૂર્વક કાળ કરીને સર્વાર્થ સિધ્ધ [પમાં અનુત્તર] વિમાનમાં સતત ઉદયવાલાં દેવ થયા.

ચારિત્ર રત્નના મહિમાથી સંસારરુપી તાપથી રહિત ચિત્તવાલી શ્રેષ્ઠી પત્નીઓ પણ વૈમાનિક દેવીપણાને પામી ત્યાંથી પત્નીઓ સહિત આવીને અર્હદ્દાસ દેવ પ્રશંસનીય એવી રાજ્યલક્ષ્મીને પામીને શિવલક્ષ્મીનો આશ્રય કરશે.

હે રાજન્ ! સમકિતવ્રતમાં મહિમારૂપ સુવર્ણ માટે કસોટીનાં પથ્થર સમુ પત્નીયુક્ત અર્હદ્દાસ શ્રેષ્ઠીનું પૃથ્વીતલ ઉપર પ્રસિધ્ધ એવું સમગ્ર વૃત્તાંત સદ્દર્શનની સ્થિરતાના હેતુથી મેં કહ્યું છે.

આ રીતે સમ્યકૃત્વ કૌમુદીને સાંભળીને બુદ્ધિમાન એવાં સંપ્રતિ રાજાએ મોહમુક્તિથી અંતરને ચંદ્રની જેમ નિર્મળ કરીને પછી શિવ-લક્ષ્મીને સ્વવશ કરવામાં કારણરૂપ એવું સમકિતરૂપી મહારત્ન ગુરુ-રૂપી રત્નાકરમાંથી ગ્રહણ કર્યું. ત્યારે સમકિતી એવા તેની સ્થિરતા માટે પૂ. આર્યસુહસ્તિસૂરિએ ધર્મદેશના આપી.

(જીવના અનંતા ભવો થયાં છે પરંતુ આ મનુષ્યભવ જ ખરેખર પ્રશંસનીય છે કે જેનાથી સ્વર્ગ અને મોક્ષની લક્ષ્મી પ્રાપ્ત થાય છે. મહિમાથી પુરુષાર્થો વડે આ'જ શ્રેષ્ઠ છે તે પુરુષાર્થોથી રહિત માત્ર આત્માનાં ભવોની ગણુના કરનારાં ભવોથી શું કરવું છે ?

તે'જ પુરુષ પ્રશંસનીય છે કે જેમાં બાધારહિતાપણે પુરુષાર્થો કરાય છે. તે'જ વૃક્ષ સેવવા યોગ્ય છે જે પાંદડા, ફૂલ અને ફલોથી યુક્ત હોય.

સજ્જનોને વિષે પ્રસિદ્ધ એવાં તે પુરુષાર્થો ધર્મ-અર્થ-કામ અને મોક્ષ એમ ચાર પ્રકારે છે. પરંતુ અર્થ-કામ અને મોક્ષની પ્રાપ્તિમાં કારણ રૂપ ધર્મ જ છે. તેથી સર્વે પુરુષાર્થોમાં નિશ્ચિંતપણે ધર્મ એ જ બીજ છે એ રીતે માનતા નિર્મળ જ્ઞાનવાળા લોકોએ આ ધર્મ આદરપૂર્વક સેવવો જોઇએ કારણ કે

પુરુષાર્થોની સાધના વિનાનું મનુષ્યોનું આયુષ્ય એ પશુની જેમ નિરર્થક છે. ત્યાં પણ ધર્મને શ્રેષ્ઠ કહેવાય છે કારણ કે તે વિના અર્થ-કામની પ્રાપ્તિ થતી નથી.

ગૃહસ્થોએ આ ધર્મની વૃદ્ધિ માટે શુદ્ધ બુદ્ધિથી જાણીને બારે વ્રતોને પણ પાળવા જોઇએ જે રીતે ગુણોમાં ઔચિત્ય અને તપમાં ક્ષમા શ્રેષ્ઠ છે તેમ સર્વે વ્રતોમાં પણ પ્રાણભૂત સમકિત છે.

વસ્તુના યથાવસ્થિત સ્વરૂપને સારી રીતે જણાવવામાં કારણ રૂપ દૃષ્ટિઓ મિત્રા-તારા, આદિ આઠ ભેદોથી કહી છે.

મિત્રા-૧, તારા-૨, બલા-૩, દીપ્રા-૪, સ્થિરા-૫, કાન્તા-૬, પ્રભા-૭, અને પરા-૮, એ તત્વદષ્ટિનાં નામો છે લક્ષણો વિશેષથી (જાણવા)

યથાપ્રવૃત્ત કરણનાં અંતમાં સ્વલ્પ મલની સ્થિતિમાં ગ્રંથિભેદની નજીક રહેલાં પ્રાણીને પ્રથમ [મિત્રા] દૃષ્ટિ થાય છે.

અલ્પ વ્યાધિવાળાને અન્નમાં રૂચિની જેમ તત્વની વાતોમાં સારી એવી રૂચિને આપતી અપૂર્વકરણ જેવી (આ દૃષ્ટિ છે)

લોકમાં જેમ અલ્પવ્યાધિવાળો જીવ વિકારોથી પીડાતો નથી અને ઇષ્ટસિદ્ધિમાં પ્રવર્તન કરે છે. તેમ એ દૃષ્ટિમાં રહેલો જીવપણ ઈષ્ટ સિદ્ધિમાં પ્રવર્તન કરે છે.

સદ્દર્શન જરાક સ્પષ્ટ થયા છતા ધર્મકાર્યમાં ઉદ્યમવાળા આત્મામાં તત્વજિજ્ઞાસાથી આશ્રયેલી તારા નામની દૃષ્ટિ થાય છે.

જરાક સ્પષ્ટ અને તે પ્રકારનાં નિયમવાળી તારા દૃષ્ટિમાં, હિતકર કાર્યમાં ઉદ્વેગ થતો નથી અને તત્ત્વાનુલક્ષી જિજ્ઞાસા થાય છે.

જ્યારે સમકિત દૃઢ થાય, તત્ત્વશુશ્રુષા વૃદ્ધિ પામે અને વ્યાક્ષેપ રહિત પણે ક્રિયાયોગમાં પ્રવર્તન થાય ત્યારે બલા દૃષ્ટિ થાય છે. આમાં રહેલો જીવ અમને ઘણી બુદ્ધિ કે વિશેષ શાસ્ત્રજ્ઞાન નથી પરંતુ જિનવચન મને સર્વથા માન્ય છે એ રીતે માને છે.

ઇંદ્રિયો સારી રીતે સ્થિર થાય, સર્વ પ્રવૃત્તિઓમાં સમતા આવે સર્વે પણ કાર્યોમાં સ્થિરતા આવે, ગુણીજનોને વિષે મહા આદર પ્રગટ થાય, તત્ત્વ શુશ્રુષાની તીવ્ર તમન્ના જાગે અને સૂક્ષ્મ બોધથી રહિત એવા પણ જેને નિત્ય ધર્મમાં ઉદ્યમ થાય તેને આ દીપ્રા દૃષ્ટિ થાય.

સ્થિરા દૃષ્ટિમાં સંશય રહિતપણે પ્રાણસંકટમાં પણ ધર્મને ન ત્યાગે તેમજ આ દૃષ્ટિમાં રત્ન જ્યોતિ જેવો નિર્મળ કષાયરહિત અને સમ્યગ્ જ્ઞાન અને ક્રિયાનાં સારભૂત તત્ત્વશ્રદ્ધા માનવામાં આવી છે

તારાનાં ઉદ્યોતનાં ઉપમાવાળી ઘણા અર્થને બતાવતી સમ્યક્ત્વનાં અણુઓનાં રસનાં આસ્વાદવાળી તત્ત્વશ્રદ્ધા તે કાન્તા દૃષ્ટિ કહેવાય છે.

આ દૃષ્ટિમાં રહેલો જીવ સ્વયં શક્તિમુજબ સત્કૃત્યોમાં પ્રવર્તે છે અને અસદ્ગ્રંથિથી મુક્ત થાય છે.

તત્ત્વમાં નિશ્ચલ શ્રદ્ધાવાલી, સૂર્યપ્રકાશ જેવી કુમતના અંધકારને દૂર કરતી પ્રભા દૃષ્ટિ અહીં કહી છે.

ચંદ્રના ઉદયથી જેમ સર્વથા વિષય કષાયોથી રહિત એવી સત્ તત્ત્વની રૂચિ તે પરા દૃષ્ટિ કહી છે.

જેમ ધર્મ કરણીના વિનિયોગથી મહામુનિ કૃત્ય કૃત્ય થાય છે. તેમ આ દૃષ્ટિના સ્થાપનથીમહાત્મા કૃત્યકૃત્ય થાય છે.

બીજા અપૂર્વકરણમાં મુખ્યત્વે આ ઉદય પામે છે તેથી સતત ઉદયવાળી કૈવલ્ય લક્ષ્મી પ્રાપ્ત થાય છે. તેની વિશુદ્ધિ માટે સજ્જન પુરુષો સત્કૃત્યોનેજ કરે છે. નિમિત્તની નિર્મલતાથી કાર્ય નિર્મલતાનો આશ્રય કરે છે.

જિનવરોનાાં રમણીય એવાં ચૈત્યો, સુંદર વર્ણોથી મનોહર એવાં બિંબો, પૂજા પ્રતિષ્ઠાનાં મહોત્સવો કરાવવા, સાધર્મિક વાત્સલ્ય કરવું, ગુણાનુરાગ કરવો, સુસાધુની ભકિત, કુમતથી વિરકિત અને જિનશાસનમાં પ્રભાવના કરવી. સમકિતની નિર્મલતાનાં કારણભૂત આનાથી તીર્થંકરોની પણ સંપત્તિ થાય છે. આના પ્રભાવે મનુષ્યોની દેવો પણ સેવા કરનારા થાય છે. અને સતત ઉદયમાન એવી વિશ્વપૂજ્ય સંપત્તિઓ સ્વાધીન થાય છે.

આ રીતે સાંભળીને સ્વર્ગનાં રાજ્યને વહન કરતાં ઈંદ્રની જેમ વિશાલ રાજ્યને વહન કરતા ત્રિખંડાધિપતિએ (સંપ્રતિ મહારાજાએ) કૃપાવર્ષી અદ્ભુત એવી જિનપ્રતિમાઓથી યુક્ત જિન પ્રાસાદોથી ત્રણ–ખંડ પૃથ્વીને અલંકૃત કરાવી.)

ધર્મમહિમાગર્ભિત લક્ષ્મીથી વિવિધ પ્રકારોનાં ઉપદેશરૂપ અમૃત વર્ષાથી પાપ (દુઃખો) નો નાશ કરતી નિરૂપમ એવી આ અર્હદ્દાસની કથાને સાંભળીને, હે શ્રાદ્ધજનો ! વિવિધવતોની હારમાળાઓની સફળતામાં એકમાત્ર કારણભૂત હર્ષનાં પ્રકર્ષને આપતાં સમ્યક્ત્વને વિષે પોતાનાં અંતરમાં નિશ્ચલ એવી શ્રદ્ધાને કરો.

## સાતમો પ્રસ્તાવ સંપૂર્ણ

તપાગચ્છમાં મહિમાંથી પૃથ્વી ઉપર પ્રસિદ્ધ અને સમ્યગ્જ્ઞાન અને ક્રિયાનિધિ શ્રીમાન્ જગચ્ચન્દ્ર ગુરુ થયાં. તેઓની પાટે પ્રકટ પ્રભાવવાળાં દેવેન્દ્રસૂરિ થયાં જેઓના કાળમાં વસ્તુપાલ મંત્રી થયા. તેઓના શિષ્ય પૃથ્વી ઉપર વિખ્યાત એવાં વિદ્યાનંદસૂરિ શ્રેષ્ઠ એવાં જ્ઞાન અને ક્રિયાનાં ગુણોથી વિશ્વપૂજ્ય થયાં. તેઓની પાટનો વિકાસ કરનાર પુષ્કળ તેજનાં રાશિવાળા અને સજ્જનોને આનંદદાયી વાણી-વૈભવવાળા ધર્મઘોષ ગણિ થયાં મહાપુરુષોમાં સર્વશ્રેષ્ઠ યુગમાં ઉત્તમ એવાં સોમપ્રભસૂરિ થયાં જેઓએ વિશ્વમાં સર્વત્ર જિનશાસનને શ્રેષ્ઠ કર્યું. પછી ઈંદ્રથી સ્તવાયેલા, ઘણા યશવાળા, વિદ્વદ્જનોમાં અગ્રેસર અને પ્રસિદ્ધ એવાં સોમતિલકસૂરિ થયાં તેઓનાં પાટરૂપી કમલનાં વિકાસ માટે સૂર્યસમાં ઈંદ્ર જેવાં તેજસ્વી, રાજાઓથી વંદાયેલાં ચરણ કમળવાળા શિવમાર્ગનાં દર્શક, મહિસાગર, શત્રુઓને ત્રાસ પમાડનારા અને ભુવનમાં અતિશયવાળા એવા દેવસુંદરસૂરિ થયાં. તેઓની પાટે પરમ ભાગ્યશાલી અને યુગમાં શ્રેષ્ઠ એવાં સોમસુંદરસૂરિ થયાં સર્વાંગીન ગુણોથી યુક્ત એવાં જેમને સજ્જનો સુધર્મા ગણધરની સાથે સરખાવે છે. તેઓનાં પ્રથમ શિષ્ય સમર્થ મહિમાસંપન્ન, સમર્થવાદી એવાં મુનિસુંદરસૂરિ થયાં. તેઓ સ્વપ્રજ્ઞાથી પૃથ્વી ઉપર બૃહસ્પતિ તરીકે વિખ્યાતી પામ્યાં, ત્યારે બીજા શ્રેષ્ઠ પ્રભાવશાળી સર્વ અંધકારોને (અજ્ઞાનરૂપી) દૂર કર્યા છે એવાં સર્વત્ર સફળતાને પામેલાં બીજા જયચન્દ્રસૂરિ છે. શ્રી જયચન્દ્રસૂરિ સદ્ગુરુનાં શિષ્ય શ્રી જિનહર્ષ ગણિવરે સ્વ–પરનાં કલ્યાણ માટે શ્લોક રૂપે આ સમ્યક્ત્વ કૌમુદીને સં. ૧૪૮૭ નાં વર્ષે કરી છે. મારી ઉપર કૃપા કરીને શ્રેષ્ઠ એવાં આચાર્ય ભગવંતોએ આનું સંશોધન કર્યું છે.

આ સમ્યક્ત્વ કૌમુદીમાં શ્લોકોની સર્વસંખ્યા ૨૮૫૮ છે.

સર્વજીવોનું કલ્યાણ થાઓ !

## ॥ સમ્યક્ત્વ કૌમુદી ભાષાંતર સંપૂર્ણમ્ ॥

## સમકીત!

- જિન વચન પ્રત્યેની અટલ શ્રદ્ધા.

- તે સિવાયની તપ-જપ-ચારિત્ર આદિ સર્વ સાધનાઓ એકડા વિનાનાં મીંડાંની જેમ નિષ્ફળ છે.

- સમકીતપૂર્વકની અલ્પ સાધના અનલ્પ ફલદાયી બને છે.

- અનાદિ કાળનું ભવભ્રમણ પરિમીત બને છે.

- આત્મા પરમાત્મપદ તરફ પ્રગતિ કરે છે.

- અંતે સકળ કર્મનો ક્ષય કરી સિદ્ધ-બુદ્ધ-મુક્ત બને છે.